ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# તત્ત્વાવલોકન-સમીક્ષા

સમીક્ષક
મુનિ અભયશેખર વિજય

પ્રકાશક
શા. કાન્તિલાલ છગનલાલ (K. C.)
૧૧૧, બાલુભાઈ નિવાસ, દફ્તરી રોડ,
મલાડ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૭
દોશી રમેશચન્દ્ર અમૃતલાલ
૯, જિનેશ એપાર્ટમેન્ટ, સાંઈનાથ રોડ,
મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# તત્ત્વાવલોકન-સમીક્ષા

સમીક્ષક

મુનિ અભયશેખર વિજય

પ્રકાશક

શા. કાન્તિલાલ છગનલાલ (K. C.)

૧૧૧, બાલુભાઈ નિવાસ, દફતરી રોડ,

મલાડ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૭

દોશી રમેશચન્દ્ર અમૃતલાલ

૯, જિજ્ઞેશ ઍપાર્ટમેન્ટ, સાંઈનાથ રોડ,

મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪

**Tatvāvlokan Samikshā** *[Critical Comments]*
*by* Muni Abhayshekhar Vijay

- પ્રકાશક :

શા. કાન્તિલાલ છગનલાલ
દોશી રમેશચન્દ્ર અમૃતલાલ
મલાડ (ઇ) મુંબઈ-૯૭

■

- © કૉપીરાઇટ :

શ્રી શ્રમણપ્રધાન જૈન સંઘ

■

- પ્રથમ આવૃત્તિ :

ડિસેમ્બર, ૧૯૯૨
વિ. સં. ૨૦૪૯

■

- મૂલ્ય : રૂા. ૩૫/-

પાંત્રીસ રૂપિયા

■

- ટાઇપ-સૅટિંગ :

પ્રા. રાજન એમ. કડિયા, એમ.એ.
અક્ષર ટાઇપોગ્રાફિકલ સેન્ટર
'સેવા', ૭ / અંબિકા નગર
મહેસાણા-૩૮૪ ૦૦૨

■

- મુદ્રણસ્થાન :

હેમાંગ પ્રિન્ટર્સ
૩૦૩, અમિત ઇન્ડસ્ટ્રિયલ ઍસ્ટેટ
ડૉ. એસ. એસ. રાવ રોડ,
પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨
ફોન : ૪૧ ૨૦ ૪૬૭

# પ્રકાશકીય

શ્રી જયવીયરાયસૂત્રના 'ઇષ્ટફલસિદ્ધિ' પદની વ્યાખ્યાના સંબંધમાં સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમ સૂરીશ્વરજી મહારાજાના બે પ્રભાવક શિષ્યરત્નો સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ અને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ વચ્ચે વિચારભેદ ઉપસ્થિત થતાં તે બન્ને પક્ષ તરફથી સ્વમતના સમર્થક શાસ્ત્રપાઠો રજૂ કરવાપૂર્વક ઘણો વિચાર-વિનિમય ચાલ્યો. આખરે શ્રીસંઘના પ્રચંડ પુણ્યોદયે દીર્ઘ વિચારણાઓના અંતે બન્ને પૂજ્યો વચ્ચે સમાધાન થયું. તે સમાધાનને બન્ને પૂજ્યોની સહી સાથેના શાસ્ત્રીય માર્ગદર્શક પરિપત્રરૂપે ઘોષિત કરવામાં આવ્યું. તે સાથે જ જૈનસંઘના એક ચર્ચાસ્પદ બનાવેલ પ્રશ્નનો સુખદ અંત આવ્યો, જે સમાધાનકારી માર્ગદર્શક પરિપત્ર આ પુસ્તકમાં મુદ્રિત કરવામાં આવ્યો છે.

બન્ને પૂજ્યો વચ્ચે વિચાર-ઐક્ય થયાને ચાર-ચાર વર્ષ વીતી ગયા પછી, પુનઃતે વિષયને સ્પર્શતા આ પુસ્તકને પ્રકાશિત થતું જોઈને સહુ કોઈને આશ્ચર્ય થશે. પણ, તે આશ્ચર્યનો અંત લાવવા તે અંગેનો ટૂંકો ઇતિહાસ જાણવો ખૂબ જરૂરી છે.

વિ.સં. ૨૦૪૭માં જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ જૈન ઉપાશ્રય, મલાડમાં પૂ. આ. દે. શ્રીમદ્ વિજયજગચ્ચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ચાતુર્માસ બિરાજમાન હતા. રત્નપુરી, મલાડમાં વસતા સુશ્રાવક બાબુભાઈના નિવાસસ્થાને તપશ્ચર્યા નિમિત્તે પૂજ્ય આચાર્ય ભગવંતનાં પગલાં થયાં. તે પ્રસંગે સુશ્રાવક બાબુભાઈની વિનંતીથી રત્નપુરી અંતર્ગત ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિરાજશ્રી નયવર્ધનવિજય મ.સા. પણ પધાર્યા. પૂજ્ય આચાર્ય ભગવંતના પ્રસંગોચિત પ્રવચન બાદ ભાગ્યશાળી પૂ. મુનિરાજશ્રી નયવર્ધનવિજયજીએ ૧૦-૧૫ મિનિટ પ્રવચન કર્યું, જેમાં શાસ્ત્ર તથા સમાધાન ૮કની ઉપરવટ જઈને અનેક ચોંકાવનારાં પ્રતિપાદનો કર્યાં, જેવાં કે –

- મોક્ષનો અભિલાષ ન હોય તેને દેરાસરનાં પગથિયાં ચડવાનો પણ અધિકાર નથી.

• મોક્ષના આશય વિનાની દ્રવ્યક્રિયાની ફૂટી બદામ જેટલી પણ કિંમત નથી. વગેરે...

પોતાની નિશ્રામાં આવાં જિનવચન-નિરપેક્ષ પ્રતિપાદનો થયેલાં જાણીને પૂ. આચાર્ય ભગવંતશ્રીને ખૂબ દુઃખ થયું. ત્યાંથી છૂટા પડ્યા પછી પૂ. આચાર્ય ભગવંતે પત્ર લખીને મુનિશ્રી પાસે તે પ્રતિપાદનો અંગે લેખિત સ્પષ્ટતા મંગાવી. મુનિશ્રી તરફથી લેખિત સ્પષ્ટતા તો ન મળી; પણ રૂબરૂમાં આ અંગે બે કલાક વિચાર-વિનિમય થયો. પૂજ્યપાદ આચાર્ય ભગવંત વગેરે વિદ્વાન મહાત્માઓએ અનેક શાસ્ત્રપાઠો રજૂ કરીને મુનિશ્રીને સાચો શાસ્ત્રાર્થ સમજાવ્યો અને તેમનાં એકાન્તિક પ્રતિપાદનોમાં શાસ્ત્રવચનો, યુક્તિઓ અને પ્રયુક્તિઓથી દોષો બતાવ્યા. બન્ને પૂજ્યપાદ આચાર્ય ભગવંતો વચ્ચે થયેલા સમાધાનવાળો માર્ગદર્શક પરિપત્ર તેમને બતાવવામાં આવ્યો. આમ, તે ચર્ચા-પ્રકરણ ત્યાં પૂર્ણ થયું.

પણ, આ રીતે, સમાધાનપટ્ટકથી વિવાદાસ્પદ પ્રશ્ન ઊકલી ગયા પછી પણ, તે જ વિષયને હજુ વારંવાર છંછેડીને શાસ્ત્રવચન તથા માર્ગદર્શકપત્રથી નિરપેક્ષ એવાં પ્રતિપાદનો હજી પણ કેટલીક જગ્યાએ થતાં રહે છે. તથા, 'જૈનશાસન' જેવાં કેટલાંક સાપ્તાહિક કે માસિક મુખપત્રોમાં પણ તેવાં શાસ્ત્રનિરપેક્ષ લખાણો અવારનવાર પ્રગટ થતાં રહે છે. તેમ થવાથી અલ્પજ્ઞ અને ભદ્રિક જીવો ભ્રમમાં પડી જવા અને ગેરમાર્ગે દોરવાઈ જવા સંભવ છે. તેથી, મધ્યસ્થ બુદ્ધિવાળા જીવો તટસ્થપણે સત્યને સમજી શકે તે માટે આવા પુસ્તકનું પ્રકાશન કરવું અત્યંત જરૂરી બન્યું.

આ પુસ્તકનું લખાણ નવું નથી. બે પૂજ્યો વચ્ચે આ સંબંધમાં વિચારભેદ ચાલુ હતો ત્યારે સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. સા.ના 'ધર્મસ્વરૂપદર્શન' નામના પુસ્તકની ભાગ્યશાળી પૂ. મુનિરાજશ્રી કીર્તિયશવિજયજી લિખિત 'તત્ત્વાવલોકન' નામની ૩૦૦ થી વધુ પાનાંની વિસ્તૃત પ્રસ્તાવનામાં સ્વમતના સમર્થન માટે શાસ્ત્રવચનોના અર્થકથનની શાસ્ત્રીય મર્યાદાને અભરાઈએ ચડાવીને અનેક વાતો રજૂ કરાઈ હતી. આમાંની શાસ્ત્રવિપરીત ઘણી વાતોનો શાસ્ત્રપાઠો, યુક્તિઓ અને તર્કોથી રદિયો આપતી એક વિસ્તૃત સમીક્ષા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન પ્રશિષ્યરત્ન પૂજ્ય મુનિરાજશ્રી અભયશેખર

વિજયજીએ તૈયાર કરેલી. તેના ઉપરથી ૯૨ ફુલસ્કેપ પેજનું એક સંક્ષિપ્ત લખાણ કરીને તેની નકલ વિ. સં. ૨૦૪૨ માં લાલબાગના ઉપાશ્રયે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાને પણ હાથોહાથ પહોંચાડવામાં આવેલી, જેનો કોઈ પ્રત્યુત્તર મળેલો નહીં. ત્યાર બાદ, વિ. સં. ૨૦૪૩ માં તેનું સમાધાન થઈ જવાથી આ સમીક્ષાને પ્રકાશિત કરવાનું કોઈ પ્રયોજન નહોતું.

પણ, ઉપરોક્ત કારણોસર આ સમીક્ષાના પ્રકાશનની હવે આવશ્યકતા ઊભી થતાં 'તત્ત્વાવલોકન સમીક્ષા' નામનું આ પુસ્તક અમે પ્રકાશિત કરી રહ્યા છીએ. આ પુસ્તકમાં પૂર્વગ્રહરહિતપણે અને શાસ્ત્રસાપેક્ષ રહીને વિદ્વદ્વર્ય પૂ. મુનિરાજશ્રી અભયશેખરવિજય મહારાજે, તત્ત્વાવલોકનકાર ભાગ્યશાળી પૂ. શ્રી કીર્તિયશવિજયજી મહારાજે શાસ્ત્રપાઠોનાં કરેલાં વિસંગતિભરેલાં અર્થકથનોમાં રહેલી વિસંગતિઓ દર્શાવીને, શાસ્ત્રાધારો સહિત યથાર્થ શાસ્ત્રાર્થ બતાવીને તથા સચોટ તર્કો અને યુક્તિઓ આપીને, તત્ત્વાવલોકનનાં અનેક વિપરીત પ્રતિપાદનોની અત્યંત સૂક્ષ્મ અને સચોટ સમીક્ષા કરી છે. કોઈ પણ તટસ્થ વ્યક્તિ સરળતાથી સત્યને સમજી શકે તેવી અદ્ભુત છણાવટ પૂ. મુનિરાજશ્રીએ કરી છે.

મધ્યસ્થ અને ભદ્રિક જીવો પ્રત્યેના ભાવઉપકારની બુદ્ધિથી અમે આ પુસ્તક પ્રકાશિત કરી રહ્યા છીએ. પ્રસ્તુત વિષયનો જિનવચનમાન્ય નિર્ણય કરવાના ઇચ્છુકને તો ખરી જ, પણ બુદ્ધિને શાસ્ત્રવચનોના યથાર્થ અર્થ પકડી આપે તેવી અને કોઈએ કરેલા અયથાર્થ અર્થમાં શા દોષો રહેલા છે, તે પકડી આપે એવી સૂક્ષ્મ તાર્કિક બનાવવાના ઇચ્છુકને પણ આ સમીક્ષાનું મધ્યસ્થતાપૂર્વક ચીવટથી અધ્યયન કરવા ખાસ ભલામણ છે.

આ પુસ્તકનું સૂક્ષ્મતાથી અધ્યયન કરી, સહુ કોઈ જિનવચનનું હાર્દ સમજે અને બન્ને પૂજ્યો વચ્ચે થયેલા સમાધાનવાળા માર્ગદર્શક પત્રને શિરોમાન્ય કરે, એ જ અભ્યર્થના !

**મલાડ (પૂર્વ)** — **લિ.**

**મુંબઈ-૪૦૦ ૦૯૭**

**શાહ કાન્તિલાલ છગનલાલ**

**દોશી રમેશચન્દ્ર અમૃતલાલ**

ऐँ नमः

## પ્રસ્તાવના

સ્યાદ્વાદસિદ્ધાન્તમય શ્રી જિનપ્રવચનનાં શાસ્ત્રોમાં જુદી જુદી ભૂમિકાને આશ્રયીને જુદી જુદી અપેક્ષાએ બોલાયેલાં વિવિધ વચનો ઠેરઠેર જોવા મળે છે. માટે એક જ બાબત અંગેનાં શ્રી જિનપ્રવચનનાં કેટલાંક વચનો ઉપલક દૃષ્ટિએ વિરોધાભાસવાળાં હોવાં પણ જણાય છે. એમાંથી અમુક ચોક્કસ ભૂમિકાવાળા જીવો અંગે -અમુક ચોક્કસ અપેક્ષાએ બોલાયેલાં તે તે વચનોને, એકાન્તવાદમાં તણાઈ ગયેલા કેટલાક મહાનુભાવો, જાણે કે એ વચન સર્વ અપેક્ષાએ બોલાયેલાં ન હોય ? એમ સમજે છે. પણ આ એમની ગેરસમજ છે.ઊભી થયેલી આ ગેરસમજના કારણે 'આ બધાં વાક્યો જુદી જુદી ભૂમિકા અંગે જુદી જુદી અપેક્ષાએ બોલાયેલાં છે. અને તેથી અહીં કોઈ વાસ્તવિક વિરોધ નથી.' ઇત્યાદિ રીતે... ઉક્ત ઉપલકિયા વિરોધનું તેઓ સમાધાન કરી શકતા નથી અને તેથી 'ઉક્ત વિરોધ ન રહે એવું દેખાડવા' અને 'અન્ય અપેક્ષાએ બોલાયેલાં તે વચનો પણ પોતે પકડેલી અપેક્ષાને અનુસરનારા અર્થને જ દેખાડનારાં છે' એવું ઠસાવવા તેઓને તે અન્ય અપેક્ષાએ બોલાયેલાં વચનોને કેટકેટલાં તાણવાં પડે છે, સ્વવચનનો વિરોધ થાય કે અન્ય શાસ્ત્રના વચનનો વિરોધ થાય એવુંય કેટકેટલું લખવું પડે છે, એ **'ધર્મસ્વરૂપ-દર્શન'** પુસ્તકની વિસ્તૃત પ્રસ્તાવનારૂપે લખાયેલા **'તત્ત્વાવલોકન'**માં જોવા મળે છે..

એક બાજુ 'કર્મનિર્જરા સિવાય બીજા કોઈ ઉદ્દેશથી તપ (ધર્મ) કરાય નહીં' એવાં શાસ્ત્ર-વચનો મળે છે; જ્યારે બીજી બાજુ 'જો તું શ્રેષ્ઠ વિષયસુખ વગેરેને ઇચ્છે છે, તો તું ધર્મમાં જ ઉદ્યમ કર.' ઇત્યાદિ જણાવનારાં શાસ્ત્રવચનો મળે છે. અર્થાત્, શ્રેષ્ઠ વિષય-સુખાદિની ઇચ્છાથી પણ ધર્મ જ કરવાનું જણાવનારાં શાસ્ત્રવચનો નથી મળતાં એમ નહીં, પણ મળે જ છે. ઉપરછલ્લી નજરે પરસ્પર વિરોધવાળાં જણાતાં આવાં વચનોનું સીધું, સરળ અને સાચું સમાધાન એ છે કે 'આ બન્ને વચનો જુદી જુદી અપેક્ષાએ બોલાયેલાં હોઈ વસ્તુતઃ પરસ્પર વિરુદ્ધ નથી.' જેમ કે લોકમાં એકની એક વ્યક્તિનો પણ જુદી જુદી (સ્વપુત્ર-સ્વપિતાની) અપેક્ષાએ પિતા તરીકે અને પુત્ર તરીકે ઉલ્લેખ કરનારાં વચનો મળે છે, જે વસ્તુતઃ પરસ્પર વિરુદ્ધ હોતાં નથી. આશય એ

છે કે અમુક અપેક્ષાએ (પુત્ર લવ-કુશની અપેક્ષાએ) 'આ પિતા છે' એ રીતે પિતા તરીકે ઉલ્લેખાયેલી વ્યક્તિનો (રામનો) પુત્ર તરીકે ઉલ્લેખ કરનાર 'આ પુત્ર છે' એવો અન્ય વચનપ્રયોગ જોઈને 'આ અન્ય અપેક્ષાએ કહેવાયેલું છે' એટલી સરળ વાત પણ જેઓ સ્વીકારવા તૈયાર થતા નથી અને ઉપરથી પુત્ર તરીકેના થયેલા ઉલ્લેખથી, 'આ પિતા છે' એ જ વાત સાચી, એ રીતે પોતે એકમાત્ર પકડેલા 'પિતા' તરીકેના ઉલ્લેખનો વિરોધ ન થાય એ માટે પછી, 'આ પુત્ર છે' એવું વાક્ય પણ 'આ પિતા છે' એવા અર્થને જણાવે છે; એવું સિદ્ધ કરવા પ્રયત્ન કરે, તો તેઓએ કેટકેટલા કુતર્કો લડાવવા પડે !?

આ રીતે પ્રસ્તુતમાં પણ, 'ધર્મ મોક્ષ માટે કરવો' એવી રીતે ઉલ્લેખ પામેલા ધર્મ અંગે જ 'વિષયસુખની ઇચ્છાથી પણ ધર્મ જ કરવો' એવું ઉત્તરાધ્યયન સૂત્રનું ટીકાવચન જોઈને જેઓ 'આ બન્ને જુદી જુદી અપેક્ષાએ બોલાયેલાં વચનો છે' એટલી સરળ વાત સમજી શકતા નથી અને 'વિષય-સુખની ઇચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' એવા શાસ્ત્રવચનથી, પોતે જે એકમાત્ર પકડેલી વાત છે કે 'ધર્મ મોક્ષ માટે જ થાય' એવો અર્થ તાણવા કોઈ વ્યક્તિ પ્રયત્ન કરે, તો તેણે કેટકેટલા કુતર્કો લગાડવા પડે તેની અહીં થોડીઘણી વિચારણા પ્રસ્તુત કરવામાં આવે છે.

'પિતા' તરીકે ઉલ્લેખ કરનાર વચનપ્રયોગ ઉપલબ્ધ હોવા છતાં અન્ય અપેક્ષાએ પુત્ર તરીકે ઉલ્લેખ કરનાર વચન-પ્રયોગ પણ જેમ કરી જ શકાય છે તેમ 'ધર્મ કર્મનિર્જરા સિવાય અન્ય પ્રયોજનથી ન કરવો' એવો વચન-પ્રયોગ ઉપલબ્ધ થતો હોય, તોપણ અન્ય અપેક્ષાએ 'વિષય-સુખાદિની ઇચ્છાથી પણ ધર્મ જ કર.' એવો વચનપ્રયોગ પણ કરી જ શકાય છે.

બાકી 'વિષયસુખ, શરીરસુખ, ધનવૈભવ આદિ માટે ધર્મ કરવો એ મહાભૂંડો છે.' એવું જેઓ માને છે, તેઓના મતે નીચે જણાવેલી જે બાબતો ફલિત થાય છે તેમાં શું તેઓ સંમત છે ખરા ?

(૧) 'બજારમાં પેઢી જામી જાય અને લાખોની આવક થાય, તે માટે પણ નીતિ-પ્રામાણિકતા તો જાળવવી જ જોઈએ.' આવા વિચારથી નીતિ-પ્રામાણિકતા જાળવવારૂપ માર્ગાનુસારી કક્ષાનો કરાતો ધર્મ એ મહાભૂંડો છે. એટલે કે લાખો કમાવા માટે કરાતી અનીતિ, ભેળસેળ, લૂંટફાટ વગેરે મહાપાપ કરતાંય એ વધુ ભૂંડો છે ! (?)

(૨) ઈંડાં વગેરે કરતાં મગફળી વગેરેમાં પ્રોટિન-કૅલરી વગેરે વધારે છે; તેથી જો મારે વધારે શારીરિક શક્તિ જોઈતી હોય તો ઈંડાં ન ખાવાં જોઈએ' આવા સંસારના સુખના વિચારથી ઈંડાનો ત્યાગ કરાય એ ભૂંડો, એના કરતાં તો ઈંડાનો ત્યાગ ન કરવો. ઈંડાં ખાવાં એ ઓછું ભૂંડું છે !! (કેમ કે આ ઈંડાત્યાગ એ પણ શારીરિક શક્તિરૂપ ભૌતિક પદાર્થ માટે કરાયેલ એક ત્યાગધર્મ છે.) વળી, આવી સમજ આપીને જેઓ લોકો પાસે ઈંડાનો ત્યાગ કરે-કરાવે છે તેઓ પણ લોકોનું ભૂંડું કરી રહ્યા છે !! (?)

(૩) 'જે પશુનું માંસ હોય, તે પશુમાં રહેલા રોગો પણ માંસ ખાનારામાં સંક્રાંત થાય છે. માટે જો આરોગ્ય જાળવવું હોય તો માંસ ન ખાવું.' આવા શરીર-આરોગ્યના સુખ માટે માંસના ત્યાગનો ધર્મ કરવો એ મહાભૂંડો, એટલે કે એના કરતાં તો માંસ-ભક્ષણનો અધર્મ વધારે સારો !!!

શું આ બધી બાબતો સાચા ધર્મીને સંમત હોય ?

**સાવધાન** - આ આખી પ્રસ્તુત વિચારણા પરથી કોઈ રખે ને એવું સમજી બેસતાં કે (૧) મોક્ષના આશયથી કરાતા ધર્મને ગૌણ બનાવાઈ રહ્યો છે અથવા આવું પણ કોઈ માની ન લેશો કે (૨) 'મોક્ષના આશયની કાંઈ જરૂર નથી, મોક્ષના આશય વિના કરાયેલો ધર્મ જ યાવત્ મોક્ષ સુધીનો બધો અભ્યુદય સાધી આપશે' એવું કોઈ સ્થાપવા માગે છે. અથવા તો (૩) એવી રીતે કોઈ કલ્પના ન કરી બેસશો કે 'ચાલો ! આ રીતે ધન વગેરેની ઇચ્છાથી પણ ધર્મ કરવામાં વાંધો નથી, તો આપણે જે ધર્મ કરીએ છીએ તેના ફળ તરીકે ધન વગેરે માગીએ... (આવું બધું સિદ્ધ કરવાની અમારી ઇચ્છા છે, એવું કોઈ માનશો નહીં...)

એવું તો જરૂર માનવું અને કહેવું જોઈએ કે મોક્ષનો આશય પ્રધાન છે જ... ધન વગેરે મેળવવાની ઇચ્છાથી, તે ઇચ્છાપૂર્તિના સાધન તરીકે અન્ય ઉપાયો ન અજમાવતાં ધર્મ જ જે કરવામાં આવે છે; તેના કરતાંય નિરાશંસ ભાવે (મોક્ષેચ્છાથી) કરાયેલો ધર્મ ઘણો ઊંચો છે જ... (માટે જ એવી પણ ભલામણ છે કે ભૌતિક ચીજની ઇચ્છા ઊભી થાય, ત્યારે સૌ પ્રથમ તો એને દૂર કરી દેવાનો પ્રયાસ થાય તે જ રૂડું છે. એ ઇચ્છાપૂર્તિ માટે પણ જે ધર્મ કરવાનું મન કર્યું હોય તે ધર્મને પણ, એ ઇચ્છાને દૂર કરી નિરાશંસ ભાવે કરાય એ વધુ સારું પણ છે; પરંતુ એ ઇચ્છાને પૂર્ણ કરવા માટે જે તે ભૌતિક પાપ-

ઉપાયો અજમાવવાના જ હોય, તો એ ભૌતિક પ્રયત્નો કરતાં તો ધર્મ કરવો વધુ હિતાવહ છે.). **પ્રસ્તુત વિચારણામાં તો ખાસ એટલો જ પ્રયાસ છે કે 'ધન વગેરેની ઊભી થયેલી ઇચ્છાની પૂર્તિ માટે કરેલો ધર્મ મહાભૂંડો છે' એવા જે એકાન્તનું જોરશોરથી પ્રતિપાદન થઈ રહ્યું છે તે યોગ્ય નથી, એવું શાસ્ત્રવચનોથી સિદ્ધ કરવું.** એમ 'ઊભી થયેલી આવશ્યકતાની પૂર્તિ માટે ધર્મ તો કરાય જ નહીં, એ માટે કરેલો ધર્મ પરિણામે ભયંકર દુ:ખો જ આપે' એવી પણ જે ગેરસમજ લોકોના મનમાં ઊભી કરવામાં આવી છે તે અયોગ્ય છે, એવું સાબિત કરવાનો આ પ્રયાસ છે. વળી, જેઓના મનમાં આવી માન્યતા ઘર કરી ગઈ છે; તેઓએ પણ નિષ્કપટપણે પોતાનું આચરણ તપાસવાની જરૂર છે કે સાંસારિક આપત્તિ આવવાની સંભાવના ઊભી થઈ જાય, ત્યારે તેને ટાળવા માટે શું તેઓ નવકાર ગણવા માંડતા નથી ?

વળી સુજ્ઞ વાચકોને આ પણ ભલામણ છે કે આ પ્રતિપાદન પરથી એવી બુમરાણ કોઈ ન મચાવી મૂકશો કે 'તમે સંસાર માટે જ ધર્મ કરવાનું કહો છો.' અમારા પ્રતિપાદનનો તાત્પર્યાર્થ બધાએ બરાબર સમજી લેવા જેવો છે. સામાન્યથી, 'ધર્મ સંસાર માટેય કરાય' એવું અમે કહેતા જ નથી... તો શું કહીએ છીએ ? આ... કોઈ પૂછે કે **'ધર્મ શા માટે કરવો ?'** તો એનો જવાબ અમે આ જ આપીએ કે **'ધર્મ મોક્ષ માટે જ કરવો.'** હવે કોઈ એમ પૂછે કે 'ધન વગેરે સાંસારિક ચીજ માટે શું કરવું ?' 'સાંસારિક ચીજ માટે પણ ધર્મ જ કરવો.' 'ધર્મ સાંસારિક ચીજ માટેય કરાય' એવું અમે જે નથી કહેતા, અને 'સાંસારિક ચીજ માટે પણ ધર્મ જ કરવો' એવું જે કહીએ છીએ, તેમાં કોઈ વિરોધ નથી, એ સમજવા માટે એ બે વચનોનો સૂક્ષ્મ તફાવત સમજી લેવા જેવો છે.

બેહોશી એ બિમારી છે. ભાનમાં હોવું એ આરોગ્ય છે. ડૉક્ટરને કોઈ પૂછે કે 'દવા શા માટે લેવાની ?' ડૉ. એમ જ કહે કે 'દવા આરોગ્ય માટે જ લેવાય.' 'દવા બિમારી (અનારોગ્ય) માટેય લેવાય' એવું ન કહે. હવે, કોઈ માણસ આવીને ડૉ. ને શરીર બતાડે છે. મેજર ઑપરેશન કરવું આવશ્યક છે. એ માટે બેહોશી આવશ્યક છે. દર્દી ડૉક્ટરને પૂછે છે, 'બેહોશી માટે શું કરવાનું (કરશો)?' ત્રીજે માળથી ભૂસકો મારવાથી પણ બેહોશ થઈ શકાય, માથાના પાછળના ભાગમાં કોઈની પાસે ફટકો મરાવવાથી પણ બેહોશ થઈ શકાય.

તેમ છતાં, ડૉ. એને બેહોશી માટેના ઉપાય તરીકે પણ ક્લૉરોફોર્મ સૂંઘાડવાની કે ઇંજેક્શન મારવાની દવાનો ઉપાય જ દર્શાવશે.

આમ, 'દવા અનારોગ્ય માટેય લેવાય' એવું ન કહેવાતું હોવા છતાં 'અનારોગ્ય (બેહોશી) માટે પણ દવા જ લેવી' એવું જેમ કહી શકાય છે, એમાં કોઈ વિરોધ કે અસંગતિ નથી, તેમ 'ધર્મ સાંસારિક ચીજ માટેય કરાય' એવું કહેવાતું ન હોવા છતાં 'સાંસારિક ચીજ માટે પણ ધર્મ જ કરાય' એવું કહી જ શકાય છે, એમાં કોઈ વિરોધ કે અસંગતિ નથી. ઉપરના દૃષ્ટાન્તનો ઉપનય - ડૉ. = ગીતાર્થ સદ્ગુરુ. પેલો માણસ = સંસારી જીવ. બેહોશીરૂપ અનારોગ્ય = ધન વગેરેરૂપ સાંસારિક ચીજ. ભૂસકો મારવો વગેરે = આરંભ-સમારંભના ધંધા - લૂંટફાટ વગેરે. ક્લૉરોફોર્મ વગેરે દવા = ધર્મ. આ દૃષ્ટાન્તના ઉપનય પરથી અમારા પ્રતિપાદનનું તાત્પર્ય સમજી લેવું જોઈએ.

'પણ ડૉ. બેહોશી માટે દવા લેવાનું જે કહે છે, તે દર્દીને બેહોશ કરી, ઑપરેશન કરી વધુ આરોગ્ય બક્ષવા માટે જ કહે છે' આવી દલીલનું સમાધાન એ જાણવું કે 'ગીતાર્થ સદ્ગુરુ અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવાનું જે કહે છે તે સામો જીવ ધર્મ દ્વારા અર્થ-કામ પામી એમાં જ ફસાઈ જાય એવી ઇચ્છાથી નહીં, પણ આ રીતે એની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા - રુચિ વગેરે પેદા કરી - વધારી એને મોક્ષમાર્ગમાં આગળ વધારવા માટે જ.'

વળી 'બેહોશી માટે પણ દવા જ લેવાય' એવા વચનનું તાત્પર્ય જેમ આવા વિધાનરૂપે નથી કરી શકાતું કે 'દવા અનારોગ્ય માટેય લેવાય', (આવું તાત્પર્ય જેઓ કાઢે તેઓની એ અજ્ઞાનતા છે અથવા વક્રતા છે) તેમ 'સાંસારિક ચીજ માટે પણ ધર્મ જ કરવો' એવા અમારા પ્રતિપાદનનું 'ધર્મ સંસાર માટેય કરાય' એવું તાત્પર્ય ફલિત કરી શકાતું નથી. માટે અમારા પ્રતિપાદન પરથી "અમે, 'ધર્મ સંસાર માટેય કરાય' એવું કહીએ છીએ" એવું તાત્પર્ય કાઢીને લોકોને જે ભડકાવવામાં આવે છે એ તેવું તાત્પર્ય કાઢનારાઓનું શું અજ્ઞાન નથી ? માટે જ અમારા પ્રતિપાદનમાં કોઈ ઉત્સૂત્ર વગેરે છે નહિ, એ દરેક સુજ્ઞ વાચકો સમજી લે. અને તેથી પછી, સંઘહિતચિંતક ન્યાયવિશારદ સંવિગ્ન-ગીતાર્થ બહુશ્રુતપૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજયભુવનભાનુ સૂરીશ્વરજી** મહારાજા વગેરે અંગે જે મનઘડંત ખોટી કલ્પનાઓ અને કથનો કરવા દ્વારા મહાભયંકર પાપકર્મો ઉપાર્જિત કરાઈ રહ્યાં છે તેમાંથી બચી જવાય.

વળી, એક મહત્ત્વની વાત એ પણ છે કે આમાં ઘણી સૂક્ષ્મ બુદ્ધિગમ્ય વિચારણાઓ છે, માટે અમારા મગજમાં બેસે એવી નથી... ઇત્યાદિ વિચારથી કોઈ આ પ્રતિપાદનની ઉપેક્ષા ન કરશો. અન્ય સૂક્ષ્મ બુદ્ધિગમ્ય તાર્કિક વિચારણાઓ કદાચ ન સમજી શકાય, તોપણ કેટલીય બાબતો એવી છે કે જ્યાં 'તત્ત્વાવલોકન' કરનારે શાસ્ત્રપાઠોનો સરાસર ખોટો અર્થ કર્યો છે.... બહુ ઊંડો વિચાર ન કરીએ તોપણ - માધ્યસ્થ્યથી જરાક વિચારવામાં આવે તોપણ - એવાં સંખ્યાબંધ સ્થાનો 'તત્ત્વાવલોકન' પ્રસ્તાવનામાંથી જડી આવે છે. **'પ્રથમ દૃષ્ટિએ પકડાતી ભૂલો'** એવા શીર્ષક સાથે કેટલીક ભૂલો આ પુસ્તકમાં દર્શાવેલી છે. જે વ્યક્તિએ માનેલી અને પ્રરૂપેલી વાતો જો ખરેખર સાચી હોય, તો તે વ્યક્તિએ પોતાની તે માન્યતાઓને સિદ્ધ કરવા માટે શાસ્ત્રપાઠોનો ડગલે ને પગલે મનઘડંત અયોગ્ય અર્થ કરવાની જરૂર ઊભી ન થાય, એ દરેક સજ્જને મનમાં સ્થિર કરી લેવા યોગ્ય બાબત છે.

## મારા દિલની વાત

ગૃહસ્થપણામાં, મુંબઈ ઝવેરીબજારમાં નિવાસસ્થાન હતું. એટલે જ્યારે ક્યારેક પણ વ્યાખ્યાન સાંભળવાનું થાય, તો લગભગ ભૂલેશ્વર લાલબાગના ઉપાશ્રયે જ જવાનું થતું. એટલે સ્વ, આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂ.મ.સા.**ના કે તેઓશ્રીના મહાત્માઓનાં પ્રવચનો સાંભળેલાં. વળી, ઉપધાન તપ તથા અન્ય પણ જે કાંઈ ઓછીવત્તી આરાધના કરેલી; એ પણ લગભગ તેઓશ્રીની નિશ્રામાં જ. અને, "તેઓશ્રી શાસ્ત્રવચનોના ખાસ આગ્રહી છે, સિદ્ધાન્તસંરક્ષક છે, જરાય બાંધછોડ કરે નહીં, ... કોઈની શેહશરમમાં તણાવું નહીં, કોઈ પણ નિર્ણય કરવો હોય તો શાસ્ત્રોને નજર સામે રાખીને જ કરવાનો, જ્યાં જિનાજ્ઞા ત્યાં હું, ને જ્યાં જિનાજ્ઞા નહીં ત્યાં હું પણ નહીં... આવી બધી સાત્ત્વિક વિચારધારાવાળા છે અને તેથી, સામે ગમે એટલા વિદ્વાનો પણ હોય, તોપણ ઝૂકી પડે એવા નથી..." વગેરે માન્યતા તો, અનેકવિધ તેવી તેવી વાતો સાંભળીને મારા દિલમાં ઘડાયેલી હતી (જેવી આજે પણ અનેકોના દિલમાં ઘડાયેલી છે). એટલે તેઓ શ્રીમદ્નું મારા દિલમાં એક વિશિષ્ટ પૂજ્યસ્થાન હતું જ.

બીજી બાજુ, પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યભગવંત **શ્રીમદ્ વિજયભુવનભાનુ સૂ.મ.સા.**નો મને ચારિત્રજીવનની પ્રાપ્તિમાં અનન્ય ઉપકાર છે. ચારિત્ર

જીવનનાં પ્રારંભિક વર્ષોમાં તેઓ શ્રીમદ્ની નિશ્રામાં જ રહેવાનું સૌભાગ્ય સાંપડ્યું, જેથી તેઓ શ્રીમદ્ના બાહ્ય અને આભ્યન્તર વિશાળ ગુણવૈભવની કંઈક ઝાંખી થઈ. **બહુરત્ના વસુંધરા...** આજે પંચમકાળમાં પણ, અન્યાન્ય આરાધનાઓમાં સારી રીતે આગળ વધેલા મહાત્માઓનાં દર્શન થાય છે. કો'ક ત્યાગી છે, કો'ક તપસ્વી છે, કો'ક વિદ્વાન છે, કો'ક પરમાત્મભક્ત છે, કો'ક પ્રભાવક પ્રવચનકાર છે, કો'ક લેખક છે, કો'ક બહોળો શિષ્ય-પરિવાર ધરાવે છે. પણ પૂજ્યપાદશ્રીમાં તો બધી જ સાધનાઓનો સરવાળો થયો છે; જે આ વિષમકાળમાં ઘણી જ વિરલ ઘટના છે. પંચાચારના પાલનમાં અત્યંત અપ્રમત્તતા, અર્થ-કામની વૈભવી છોળો વચ્ચે રહેલા કૉલેજિયન યુવકોને પણ વૈરાગ્યભીના કરી, સંયમમાર્ગ સુધીની ભાવનામાં ઉલ્લસિત કરી દે એવી પ્રવચનધારા, તપ-ત્યાગ અને તિતિક્ષા તો ખરાં જ. વળી, તેઓશ્રી પાસે ઘણા ગ્રન્થોનું અધ્યયન પણ કરવા મળ્યું. ન્યાય-પરિકર્મિત સૂક્ષ્મ પ્રજ્ઞાના કારણે શાસ્ત્રોનાં યથાર્થ રહસ્યો કાઢવાની ભારે સૂઝ... ને સાથે સાથે સર્વજ્ઞનાં શાસ્ત્રો પ્રત્યેની પ્રબળ શ્રદ્ધાપ્રયુક્ત પરિપૂર્ણ વફાદારીનાં પણ તેઓશ્રીમાં દર્શન થયાં... આ બધાના કારણે તેઓ શ્રીમદ્નું પણ એક વિશિષ્ટ પૂજ્યસ્થાન મારા દિલમાં આકાર પામ્યું.

હવે, આ બન્ને પૂજનીય ધુરંધર મહાપુરુષો વચ્ચે 'ઇષ્ટફળસિદ્ધિ' વગેરે શાસ્ત્રીય વાતો અંગે મતભેદ થવાથી ચર્ચાઓ ચાલી. પહેલાં પત્રવ્યવહાર દ્વારા વિચારણાઓ ચાલી, પછી સામયિકો વ૦માં પણ પોતપોતાના અભિપ્રાયોનું જાહેર પ્રતિપાદન થવા માંડ્યું. વિદ્વદ્વર્ય પૂજ્યપાદ **જયસુંદરવિજય મ.સા.**ના પણ આ વિષયક લેખો પ્રકટ થયા. અનેક પ્રકરણ, આગમ, ન્યાય-શાસ્ત્રોનાં અધ્યયન-અધ્યાપનમાં તથા મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી મહારાજ**ના અધ્યાત્મમતપરીક્ષા વગેરે ગ્રન્થોનો ભાવાનુવાદ કરવામાં કરેલા પરિશ્રમના કારણે દેવગુરુની કૃપાથી મારો પણ કંઈક ક્ષયોપશમ ખીલેલો. તેથી, હું પણ આ વિષયમાં કંઈક લખું એવી કેટલાકની અપેક્ષા પણ હતી. તેમ છતાં, નીચેનાં કારણોએ હું આ બાબતમાં પડવા માગતો નહોતો – પડ્યો નહોતો : (૧) પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના ગ્રન્થોના ભાવાનુવાદ-સંપાદન વગેરે કાર્યોમાં વ્યસ્તતા.... (૨) બન્ને આચાર્ય ભગવંતો સમર્થ વિદ્વાન્ છે, છતાં નિર્ણય નથી થઈ શકતો એટલે આ વિષય વધુ ગહન-સૂક્ષ્મ હશે. મારું એમાં ગજુ નહીં એવી થોડીઘણી ધારણા.. (આ વિષયનો નિર્ણય નથી આવતો તે આ વિષયની

સૂક્ષ્મતા કે દુર્બોધતાંના કારણે નથી આવતો એવું નથી, એવી એ વખતે કલ્પના પણ નહોતી.) તથા (૩) બન્ને મહાપુરુષોનું દિલમાં ઉચ્ચ સ્થાન હતું.

એ અરસામાં 'ધર્મસ્વરૂપદર્શન' પુસ્તક પ્રકાશિત થયું. મારા હાથમાં આવ્યું. એમાં શો વિષય છે, એની પણ એ વખતે કોઈ કલ્પના નહોતી કે એને વાંચવાનો પણ કોઈ વિચાર નહોતો. પણ પુસ્તક હાથમાં આવ્યું એટલે સહજ રીતે ઉપરછલ્લી નજર કરવા માટે ખોલ્યું.

કો'ક સારી ભવિતવ્યતાના યોગે, કુદરતી જે પૃષ્ઠ (નં.૧૩૦) ખૂલ્યું, તેના પર હેડિંગ વાંચવા મળ્યું કે **'ભગવાન શ્રી નેમનાથના નામે અસત્ય વાત'** એટલે જિજ્ઞાસા જાગી કે શું અસત્ય વાત છે ? ને જ્યાં નીચેનું લખાણ વાંચ્યું કે તરત ખબર પડી ગઈ કે આ વર્તમાનકાલીન ચર્ચા અંગેનું પુસ્તક છે. શ્રી નેમનાથ ભગવાને દ્વારિકાના લોકોને નગરદાહથી બચવા માટે ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો છે એ વાત શાસ્ત્રસિદ્ધ હોવા છતાં એને અહીં 'અસત્ય' તરીકે જાહેર કરાઈ રહી છે એ જાણીને; તેમજ, દ્વારિકાના લોકોએ નગરદાહથી બચવા જે આયંબિલ વગેરે કર્યા એનાં પ્રશંસાત્મક વાક્યો શાસ્ત્રોમાં વાંચ્યાં હોવા છતાં, ને ખુદ **પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરિ મ. સા.**ના મુખે પણ વ્યાખ્યાનમાં એનું પ્રશંસનીય રૂપે જ વર્ણન સાંભળ્યું હોવા છતાં, **'વિષાનુષ્ઠાન કેમ ન કહેવાય ?'** એવું હેડિંગ મારીને (પૃ. ૧૩૧ પર) દ્વારિકાના લોકોનાં એ ધર્માનુષ્ઠાનોને વિષાનુષ્ઠાન તરીકે નિરૂપેલાં જાણીને સખેદ આશ્ચર્ય થયું.

પછી તો આગળ-પાછળ પણ પાનાં ઉથલાવવાનું મન થયું. જેમ જેમ નજર કરતો ગયો, તેમ તેમ ઠેરઠેર શાસ્ત્રપાઠોનો સીધો અર્થ કરવામાં પણ ગરબડ થયેલી અને તાત્પર્યાર્થ કાઢવામાં પણ ભ્રાન્તિ થયેલી નજરમાં આવી. આનાથી તો ભારે અનર્થ થશે, એ જાણીને દુઃખ થયું. જોકે મારે માટે તો 'ધર્મસ્વરૂપદર્શન'ની પ્રસ્તાવના તરીકે લખાયેલું તત્ત્વાવલોકન અનર્થકર નહીં; પણ અર્થકર = લાભકર્તા જ નીવડ્યું છે; કારણ કે એમાં જે ઠેરઠેર ઊંધું-ચત્તું જોવા મળ્યું, એનાથી મહદંશે મને એ નિર્ણય થઈ ગયો કે જે અભિપ્રાયની સિદ્ધિ કરવા માટે આટલી બધી ગરબડ કરવી પડે છે એ અભિપ્રાય સાચો ન હોઈ શકે !

તેમ છતાં, પરિપૂર્ણ નિર્ણય કરવા માટે, બન્ને પક્ષનાં પ્રતિપાદનોનો, અનેક ગ્રન્થ-સન્દર્ભોના અનુસંધાન સાથે વિચાર કરતો ગયો. જેમ જેમ વિચાર

કરતો ગયો તેમ તેમ કયો અભિપ્રાય શાસ્ત્રાનુસારી છે અને કયો અભિપ્રાય શાસ્ત્રસંમત નથી એ વધુ ને વધુ સ્પષ્ટ થતું ગયું. વળી, તત્ત્વાવલોકનમાં કરાયેલાં અમુક અમુક વિપરીત પ્રતિપાદનોમાં ક્યાં ક્યાં ભૂલ થયેલી છે, જે તાત્પર્યાર્થો દર્શાવેલા છે તે કેમ અસંગત છે, સંગત તાત્પર્યાર્થ શું હોઈ શકે વગેરેનું શાસ્ત્રાનુસારી તર્કસંગત લખાણ પણ ચાલુ કર્યું.

બંને પક્ષનું વ્યવસ્થિત અધ્યયન કર્યા પછી નિષ્કપટપણે મારા દિલની વાત કહું, તો મને નિઃશંકપણે આ નિર્ણય થઈ ગયો છે કે 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એવો ઉપદેશ અંશમાત્ર પણ જિનાજ્ઞાબાહ્ય નથી કે 'ધર્મ મોક્ષ માટે જ કરાય' એવા શાસ્ત્રસિદ્ધ પ્રતિપાદનથી વિરુદ્ધ નથી.

આમ, આ જિનવચન-સંમત નિર્ણય થવામાં, 'તત્ત્વાવલોકન' એક મહત્ત્વનું નિમિત્ત બન્યું છે. અને તેથી જ, સાચું કહું તો તત્ત્વાવલોકનના રચયિતા **શ્રીકીર્તિયશવિજય મહારાજને**, આ રીતે તો હું ઉપકારી જ માનું છું... અન્યથા, કદાચ આજે પણ હું આ બાબતમાં અનિર્ણીત અવસ્થામાં જ રહ્યો હોત !

દરમ્યાનમાં, ઉપર જણાવેલું લખાણ લગભગ ૧૬૦ ફુલસ્કેપ જેટલું થયું. બધુંય લખાણ પૂજ્યપાદ **જયસુંદરવિજય મહારાજ** વગેરે વિદ્વાનો સાદ્યંત તપાસી ગયા. જે કાંઈ સુધારા વગેરેની સૂચનાઓ મળી, એ મુજબ સુધારા વગેરે કર્યા. તત્ત્વાવલોકનમાં થયેલાં કેટલાંક અનુચિત પ્રતિપાદનોની સમીક્ષા આમાં આવી નથી, પણ આશા છે કે આમાં જેટલી સમીક્ષા થયેલી છે એટલાથી પણ જિજ્ઞાસુઓને જરૂર તત્ત્વ-નિર્ણય થઈ જશે.

મારાં સંસારી માતુશ્રીની અમદાવાદમાં દીક્ષા નિશ્ચિત થઈ, એટલે અમારે મુંબઈથી વિહાર કરીને અમદાવાદ જવાનું હતું. વળી, પૂ.આ.શ્રી રામચન્દ્ર સૂ.મ.સા. આદિ અમદાવાદથી મુંબઈ પધારી રહ્યા હતા. એટલે વિચાર રાખેલો કે વિહારમાં ઉચિત સ્થળે ભેગા થઈને રૂબરૂમાં ચર્ચા કરીશું. વડોદરામાં ભેગા થવાનું પણ થયું. પણ, સાહેબજીનું સ્વાસ્થ્ય કથળેલું હતું. તેઓશ્રી બે-અઢી કલાક બેસી શકે એવી પરિસ્થિતિ પણ નહોતી કે તેઓશ્રીને ચર્ચાનો એવો પરિશ્રમ આપવો એ ઉચિત પણ નહોતું; એટલે વાત મનની મનમાં રહી ગઈ.

પછી અમે અમદાવાદ પહોંચ્યા. આ બાજુ સાહેબજી મુંબઈ પહોંચ્યા. મારાં ૧૬૦ પાનાં જેટલા લખાણ પરથી થોડો સંક્ષેપ કરીને એક બીજું લગભગ ૯૨ ફુલસ્કેપ જેટલું લખાણ તૈયાર થયું અને તેની એક કૉપી સાહેબજીને લાલબાગમાં હાથોહાથ પહોંચાડવામાં આવી. (જેનો આજે છ વર્ષ સુધીમાં કોઈ જવાબ પ્રાપ્ત થયો નથી.) તેમ છતાં જો એવો પ્રચાર થતો હોય કે 'આવું કોઈ સમીક્ષાનું લખાણ અમને મળ્યું નથી' તો તે પ્રચાર સદંતર ખોટો છે એમ જાણવું.

પછી તો, વિ. સં. ૨૦૪૩ માં 'ઇષ્ટફળસિદ્ધિ' વગેરે અંગે બન્ને આચાર્ય ભગવંતોની એકમતી સધાઈ અને બન્નેની સહી સાથેનો એક માર્ગદર્શન આપતો પરિપત્ર પણ તૈયાર થયો. અન્યાન્ય સ્થળે ચાતુર્માસ બિરાજમાન બધા મહાત્માઓને એની કૉપી મોકલવામાં પણ આવી. આ સમાધાનપટ્ટક 'જિનવાણી' પાક્ષિક અને 'દિવ્યદર્શન' સાપ્તાહિક એ બન્નેમાં છપાવવાનું નિશ્ચિત થયું હતું. 'દિવ્યદર્શન'માં તો એ છપાઈ ગયો, પણ કોઈ અકળ કારણસર 'જિનવાણી' પાક્ષિકમાં એ પ્રકાશિત થયો નહીં (આ પુસ્તકમાં અંતભાગે એ છપાયેલો છે).

તેમ છતાં, બધા મહાત્માઓને એની કૉપી મળી ગઈ છે. તેથી, આ બાબત જ્યારે નીકળશે ત્યારે આ માર્ગદર્શનને અનુસરીને જ વિધાનો થશે એવી આશા હતી. પણ આ આશા ઠગારી નીવડી. કેટલાક મહાત્માઓ તો જાણે કે ઉપદેશ આપવા માટે બીજો કોઈ વિષય જ ન હોય, એમ આ વિષયને જ જ્યાં ને ત્યાં છેડ્યા કરે. (જોકે છેડે ત્યાં સુધી વાંધો નથી, પણ) એ વિષય પર, શાસ્ત્રોથી અત્યંત પ્રતિકૂળ એવી મનઘડંત પ્રરૂપણાઓ પણ આડેધડ કર્યા કરે, એ ખરેખર ઘણી જ આઘાતજનક વાત છે. તેથી એ મહાત્માઓને પણ માધ્યસ્થ્યપૂર્વક શાસ્ત્રવચનોના તાત્પર્યાર્થનો નિર્ણય કરવા મળે, તેમજ ચતુર્વિધ શ્રીસંઘના જિજ્ઞાસુઓને પણ સાચા-ખોટાનો નિર્ણય કરવા માટે કંઈક માર્ગદર્શન મળે, એ હેતુથી મારું લગભગ ૧૬૦ પૃષ્ઠ જેટલું તૈયાર કરેલું આ લખાણ થોડા વધારા સાથે પ્રકાશિત થઈ રહ્યું છે.

હું એટલું જરૂર કહીશ કે 'અમે આ કહી રહ્યા છીએ' માટે સાચું છે; આમ વિચારીને આ પ્રતિપાદનોને સ્વીકારવાની જરૂર નથી. જ્યારે આવી બે પક્ષની જુદી જુદી વાતો જાણવા મળતી હોય, ત્યારે 'ફલાણાએ કહ્યું છે, માટે સાચું

છે' ને 'ફલાણાએ કહ્યું છે માટે ખોટું છે' આ રીત સુજ્ઞ જિજ્ઞાસુઓએ તત્ત્વ-નિર્ણય માટે અપનાવવી ન જોઈએ. એવો નિર્ણય **સૂરિપુરંદર શ્રીહરિભદ્ર સૂરિ** મહારાજાએ નીચેનાં કથન દ્વારા કર્યો છે –

**पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥**

**અર્થ :** મને, (જૈનદર્શનના પુરસ્કર્તા) શ્રીવીરપ્રભુ પર કોઈ પક્ષપાત નથી કે સાંખ્ય વગેરે દર્શનોના પ્રણેતા કપિલ વગેરે પર કોઈ દ્વેષ નથી. (એટલે શ્રીવીરે કહ્યાં છે માટે સાચાં, ને કપિલાદિએ કહ્યાં છે માટે ખોટાં,-એમ રાગ-દ્વેષથી હું નિર્ણય કરતો નથી. તો તમે, કપિલાદિનાં વચનોનો અસ્વીકાર અને શ્રીવીરપ્રભુનાં વચનોનો સ્વીકાર આવો ભેદ કેમ કરો છો ? તો કે ) જેનું વચન યુક્તિસંગત લાગે તેનો સ્વીકાર કરવો જોઈએ (એ ન્યાયે મને શ્રીવીરનાં વચનો તર્કસંગત લાગ્યાં છે અને તેથી અમે એને સાચાં માનીએ છીએ.)

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે **'ધર્મપરીક્ષા'** ગ્રંથમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે છતી સંયોગ-સામગ્રીએ પણ તત્ત્વ કે અતત્ત્વનો નિર્ણય કરવા કોઈ પ્રયાસ ન કરવો, અને 'ફલાણાએ કહ્યું છે, માટે સાચું' આવું વિચારીને નિર્ણય કરી લેવામાં સમ્યક્ત્વ સંભવતું નથી. એટલે હું એવું પણ જરૂર ઇચ્છીશ કે દરેક જિજ્ઞાસુ, **'તત્ત્વાવલોકન'**ને પણ સાથે જ રાખીને આ **'તત્ત્વાવલોકન સમીક્ષા'**નું અધ્યયન કરે. આ બન્નેનું મધ્યસ્થ દષ્ટિપૂર્વક કરવામાં આવેલું નિરીક્ષણ સત્ય તત્ત્વનિર્ણય તરફ વાચકને લઈ જશે. આ જ એક મહત્ત્વનું કારણ છે કે આ સમીક્ષામાં મેં જે કાંઈ પ્રતિપાદન કર્યું છે એના પર સંભવિત પ્રશ્નો-શંકાઓ ઉઠાવી ઉઠાવીને એનું સમાધાન આપવાનો પ્રયાસ કર્યો છે. સંભવ છે કે એવા પ્રશ્નો-શંકાઓનો (સામા પક્ષ તરફથી પોતાના પ્રતિપાદનરૂપે) ઉલ્લેખ 'તત્ત્વાવલોકન'માં મળતો ન પણ હોય.

આ પણ હું અત્યંત નિખાલસપણે જણાવવાની રજા માગી લઉં છું કે મેં આ આખી સમીક્ષા સામા પક્ષને તોડી નાખી, અમારા પક્ષનો વિજય થઈ જાય એ ઉદ્દેશથી નથી કરી. એટલે જ સામા પક્ષના પ્રતિપાદનમાં કેવી ભૂલ થઈ છે; માત્ર એ દર્શાવીને જ હું અટકી નથી ગયો; પણ એ ભૂલ દર્શાવવા માટે ઉપયુક્ત દલીલથી સ્વપક્ષસંભવિત આપત્તિને પણ પ્રશ્નરૂપે ઉઠાવી એનું શાસ્ત્રીય સમાધાન આપવા પ્રયાસ કર્યો છે. પક્ષપાતશૂન્ય વાચકને આ વાતની

પ્રતીતિ ઠેર ઠેર થશે અને એનો આનંદ થશે. જે દલીલ-પ્રયુક્ત આપત્તિનું શાસ્ત્રીય સમાધાન નથી મળ્યું, એવી દલીલથી પણ સામા પક્ષની વાત તૂટી જતી હોય, તો એક વાર તોડી નાખવી ને સ્વપક્ષમાં સંભવિત આપત્તિ અંગે આંખમીંચામણાં કરવાં; આવી પદ્ધતિ ક્યાંય અપનાવી નથી. કારણ તરીકે પુનઃ જણાવી દઉં કે મારો આ આખો પ્રયાસ તત્ત્વનિર્ણય માટે છે, હારજીત માટે નહીં. અને મને એ વાતનો ખૂબ જ આનંદ છે કે આ સમગ્ર સમીક્ષા દરમ્યાન ઉક્ત અનુચિત પદ્ધતિને વર્જવામાં હું સફળ રહ્યો છું.

હજુ પણ, ધર્મવાદની મર્યાદાને અનુરૂપ કોઈ પણ શંકા કે દલીલ વ્યક્ત કરવામાં આવશે, તો હું, ભાવના રાખું છું કે એનું પણ શાસ્ત્રાનુસારી સમાધાન આપવા પ્રયાસ કરીશ... મારે ખુદ કંઈક વિચાર કરવા જેવો હશે કે ફેરફાર કરવા જેવો હશે તો જરૂર કરીશ. પણ માત્ર આડેધડ - સાવ તર્કશૂન્ય - માત્ર પથરા ફેંકવા જેવી વાતો કોઈ પોતાના સામયિક વગેરેમાં પ્રકાશિત કરશે, તો હું એના જવાબો આપવા ઉચિત માનતો નથી; કારણ કે એવી વિતંડાઓનો કોઈ છેડો હોતો નથી કે એવી વિતંડાઓ તત્ત્વનો નિર્ણય કરવાની ઇચ્છાથી થઈ હોતી નથી, બલકે તત્ત્વનિર્ણયમાં અવરોધ થાય એ માટે થઈ હોય છે.

જેમકે - 'શ્રીનેમનાથ ભગવાને દ્વારિકાના લોકોને નગરદાહ અટકાવવા માટે ધર્મ કરવાનું કહ્યું નથી, આવું જે પ્રતિપાદન 'તત્ત્વાવલોકન'માં થયું છે એની સામે ભગવાને પણ એ ઉપદેશ આપ્યો છે એવું જણાવનારો પાંડવચરિત્રનો પાઠ આપવામાં આવે ત્યારે, કોઈ જો એમ કહે કે 'આ તો શ્રીકૃષ્ણ જરાકુમારને બધો વૃત્તાન્ત કહી રહ્યા છે. અને શ્રીકૃષ્ણ તો અસત્ય પણ બોલી શકે છે... જેમ કે પોતે સૃષ્ટિના કર્તા કે હર્તા કાંઈ જ ન હોવા છતાં એવું હોવાની વાત ફેલાવવાનો દેવ બનેલા બળદેવને અનુરોધ કર્યો છે; તેમ પ્રસ્તુતમાં પણ, તેઓ અસત્ય બોલ્યા છે. બાકી ભગવાને કાંઈ તેવો ઉપદેશ આપ્યો નથી.' તો આ, ગમે તે રીતે પણ પોતે પોતાનો બચાવ કરી લેવો.... એ માટે કરેલો કુતર્ક છે.

જોકે આવા કુતર્કોના પણ, –'પોતે આટલા સમર્થ હોવા છતાં પોતાની દ્વારિકાને બચાવી શક્યા નહીં' એવી લઘુતા લોકોમાં ન થાય, એ માટે દેવ બનેલા બળદેવને ખોટી વાત ફેલાવવા જણાવ્યું હતું; એવું ગ્રન્થકાર આ પ્રસંગના ઉલ્લેખ વખતે જેમ સ્પષ્ટ કરી દે છે, એમ શ્રીકૃષ્ણે જો પ્રભુના ઉપદેશ-

કથનની આ અસત્ય વાત કહી હોય, તો શા પ્રયોજને ? એનો કોઈ ખુલાસો ન મળે ? ક્ષાયિક સમકિતી અને શલાકાપુરુષ એવા શ્રીકૃષ્ણ નિષ્પ્રયોજન અસત્ય બોલ્યા હતા એવું માનવામાં તો એમની આશાતના જ છે એ સ્પષ્ટ છે. પરમાત્માએ ધારો કે ઉપદેશ આપ્યો ન હોય, તો 'ભગવાને ઉપદેશ આપ્યો હતો' એમ કહેવાથી શો ફેર પડવાનો હતો કે લાભ થવાનો હતો કે જેથી શ્રીકૃષ્ણ અસત્ય બોલે ? અને હવે જ્યારે મોત નજર સામે દેખાઈ રહ્યું છે અને પોતે શુભ ભાવનાઓમાં ચડવાના છે, ત્યારે નિષ્પ્રયોજન જૂઠ બોલ્યા હોય એવું માનવું એ (કુતર્કોની) હદ થઈ ગઈ ને !' - આવા જવાબ શક્ય હોવા છતાં પરિણામ કંઈ આવતું નથી, કારણ કે જેઓએ કુતર્ક કરવા હોય તેઓ તો આ જવાબ પર પણ કંઈ ને કંઈ કુતર્ક કરી શકે છે. એટલે આવા કુતર્કોનો જવાબ આપવો ઉચિત નથી.

વળી, આજકાલ જેમણે ગુરુગમથી વિવિધ શાસ્ત્રોનું અધ્યયન-પરિશીલન કર્યું નથી એવા ગૃહસ્થો પણ, કોઈ ચોપાનિયા કે એવામાંથી થોડુંઘણું વાંચ્યું-જાણ્યું હોય, એટલામાત્રથી જાતને બહુશ્રુત ગીતાર્થ માની ચર્ચાસ્પદ બનેલા વિષયો પર કલમ ચલાવવા બેસી જાય છે. આ તેઓની સ્વ-પરને દુર્ગતિઓની ઘોર ગર્ત્તા તરફ ધકેલી જનારી પ્રવૃત્તિ છે, કારણ કે જ્ઞાની પુરુષોએ અગીતાર્થોને એક શબ્દની પણ પ્રરૂપણા કરવાનો અધિકાર આપ્યો નથી. જો શ્રીજિનવચનની આરાધના કરવી હોય તો સ્વ-પર-હિતેચ્છુ વ્યક્તિએ અધિકારબાહ્ય પ્રવૃત્તિથી જરૂર વિરમવું જોઈએ. આત્મહિતેચ્છુ ભાવુકોને પણ હું એવી ભલામણ કરવા ઇચ્છું છું કે અગીતાર્થકૃત પ્રતિપાદનોને વાંચવાં પણ નહીં.

છેલ્લે, દરેક જિજ્ઞાસુને હું, બીજા કોઈ જ ભાવને મનમાં લાવ્યા વિના, માત્ર કરુણાભીના દિલે એક વિનતિ કરું છું કે એકદમ મધ્યસ્થ ભાવે ધ્યાનપૂર્વક આ વિચારણાઓને વાંચશો... 'અમે જે વિચારતા આવ્યા છીએ, માનતા આવ્યા છીએ, પ્રરૂપતા આવ્યા છીએ... એને હવે શી રીતે છોડી શકાય ?' આવા કોઈ જ ભાવોને, હું એકદમ હાર્દિક ભાવે અપીલ કરું છું કે વચ્ચે લાવશો નહીં, માત્ર આત્માને... પરલોકને... પુણ્ય-પાપને.... અને મોક્ષપ્રાપ્તિને જ નજરમાં રાખશો. છેવટે, પોતાની માન્યતાઓ કરતાં પણ 'આત્મા' જ વધુ મહત્ત્વનો છે. એ મહત્ત્વની વાતને સતત નજર સામે રાખવી અત્યંત આવશ્યક છે. માન્યતાને સાબૂત રાખવા માટે આત્માને ગુમાવી દેવાનું વલણ એક ભયંકર

જુગાર થઈ પડે છે. આવા જુગારમાં ફસાઈ ન જવાય એ માટેની સાવધાની રાખવાની દરેક આત્મહિતેચ્છુને પુન: પુન: ભલામણ કરું છું....

શાસ્ત્રાનુસારી વિચારણાઓ મળે, એને મધ્યસ્થતાથી વિચારતાં વિચારતાં પોતાને પણ પોતાની માન્યતાઓ અંગે મનમાં શંકાઓ ઊભી થવા માંડે, એ માન્યતાઓ ગલત હોવી ભાસવા માંડે... અને એ જ વખતે... નહીં, નહીં... આ તો મારી માન્યતા ઊડી જશે.. આવા કોઈ ભાવના કારણે એ શાસ્ત્રાનુસારી વિચારણાઓને જ પડતી મૂકી દેવી... આને જ્ઞાનીઓ દૃષ્ટિરાગ કહે છે. કામરાગ અને સ્નેહરાગથી પણ અત્યંત ભયંકર એવા આ દૃષ્ટિરાગથી બચવા સહુ કોઈ પ્રયાસ કરો અને એમાં સફળતા પામો એવી મંગલકામના હું વ્યકત કરું છું..

શાસ્ત્રપાઠોનો સરાસર અયોગ્ય અર્થ કરનાર વ્યક્તિ પર પણ દ્વેષબુદ્ધિ, તિરસ્કારભાવ કે દુર્ભાવ ન આવી જાય, એની આ લખાણ દરમ્યાન પૂરેપૂરી કાળજી રાખી છે. અને એ માટે જ એ વ્યક્તિનો વારંવાર **'મહાત્મન્ !'** **'મુનિવર !'** વગેરે શબ્દોથી આ વિચારણામાં ઉલ્લેખ કર્યો છે. પૂજ્યપાદ પરમોપકારી ગુરુદેવોની અસીમ કૃપાના બળે તેઓ પ્રત્યેના મૈત્રી વગેરે ભાવોને જાળવી રાખવામાં-લેખક ઘણુંખરું સફળ બન્યો છે.

તેમ છતાં, આ વિચારણાથી કોઈનાં પણ દિલને દુ:ખ થાય તો તેનું **મિચ્છામિ દુક્કડમ્....**

સ્વક્ષયોપશમ મુજબ જિનાજ્ઞાને અનુસરીને કરેલી આ વિચારણાથી જે પુણ્યબંધ થયો હોય, તેના પ્રભાવે ભવ્ય જીવો મિથ્યા માન્યતાઓને તિલાંજલી આપી સ્વ-પર હિત સાધો એવી શુભેચ્છા... તેમજ, છદ્મસ્થતા, અજ્ઞાન, અનાભોગ વગેરેના કારણે આ વિચારણામાં, જિનાજ્ઞાને પ્રતિકૂળ હોય એવું જે કાંઈ પણ પ્રસ્તુત થઈ ગયું હોય, તેનું વારંવાર મિચ્છામિ દુક્કડમ્. તેમજ મધ્યસ્થ બહુશ્રુત ગીતાર્થ મહાત્માઓને તેની શુદ્ધિ કરવા વિનમ્ર ભાવે વિનતિ છે.

પૂ. આ. શ્રીમદ્ **વિજયભુવનભાનુ સૂ.મ.સા.**ના પટ્ટાલંકાર
સ્વ. આ. શ્રીમદ્ **વિજયધર્મજિત સૂ.મ.સા.**ના શિષ્યરત્ન
પૂ. આ. શ્રીમદ્ **વિજય જયશેખર સૂ.મ.સા.**નો શિષ્યાણુ
**મુનિ અભયશેખરવિજય**

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| • પ્રકાશકીય | 3-5 |
| • પ્રસ્તાવના | 6-19 |
| • અનુક્રમણિકા | 20 |
| • પ્રથમ દૃષ્ટિએ પકડાતી ભૂલો | ૧ |
| ૧. 'વરવિસયસુહં' શ્લોકનો રહસ્યાર્થ | ૫ |
| ૨. કુમારપાળ ભૂપાલને આપેલો આશીર્વાદ | ૧૨ |
| ૩. મનોરમા કથાના વિધાનનું રહસ્ય | ૨૩ |
| ૪. દૃષ્ટાન્ત એ સિદ્ધાન્ત નથી. | ૪૮ |
| ૫. દ્વારિકાના દાહનો વૃત્તાન્ત | ૬૧ |
| ૬. અનામિકાના નિયાણાની વાત | ૬૭ |
| ૭. 'લજ્જાતો ભયતો' શ્લોકનો તાત્પર્યાર્થ | ૭૪ |
| ૮. કયો ધર્મ કિંપાક ફળતુલ્ય ? | ૧૦૩ |
| ૯. વિષયાભિલાષી માટે પણ ધર્મ જ કર્તવ્ય | ૧૧૦ |
| ૧૦. તપપંચાશકનું રહસ્ય | ૧૧૮ |
| ૧૧. 'વિસેસઓ' પદની વિશેષતા | ૧૩૩ |
| ૧૨. સતતાભ્યાસાદિ વિચાર | ૧૫૧ |
| ૧૩. 'ધનાર્થિનાં' શબ્દથી સૂચિતાર્થ | ૧૫૩ |
| ૧૪. દ્રવ્યપચ્ચક્ખાણ વિચાર | ૧૫૭ |
| ૧૫. ચાર પુરુષાર્થો | ૧૬૪ |
| • પરિશિષ્ટ ... ... ... ... | ૨૧૧ |

॥ श्री अर्हं नमः ॥

श्री भुवनभानुसूरीश्वर सद्गुरुभ्यो नमः ।

॥ ऐं नमः ॥

# પ્રથમ દૃષ્ટિએ પકડાતી ભૂલો....

**નોંધ :** શાસ્ત્રપરિચિત વાચકોને એક ભલામણ કરું છું કે અહીં આપેલા શાસ્ત્રપાઠોનો પ્રથમ સ્વબુદ્ધિપ્રતિભાથી સ્વયં અર્થ વિચારી લેવો અને પછી 'યથાર્થ અર્થ' તરીકે મેં લખેલો અર્થ વાંચવો. ત્યાર બાદ 'તત્ત્વાવલોકન'માં કરેલો અર્થ વાંચીને બે વચ્ચેનો ફરક તપાસવો. પછી આ સમીક્ષામાં એ અંગેનું પ્રતિપાદન જોવું.

**(૧) साध्यश्च मुख्यवृत्त्या मोक्षार्थः तत्कारणतया धर्मार्थः प्रसंगतश्चेतराविति....**

(પંચાશક ૬-૮, વૃત્તિ)

**યથાર્થ અર્થ :** મુખ્યવૃત્તિએ મોક્ષપુરુષાર્થ સાધ્ય છે, તેના કારણ તરીકે ધર્મપુરુષાર્થ સાધ્ય છે અને પ્રસંગ (પરિસ્થિતિ-વિશેષ)ને પામીને ઈતર = અર્થ-કામ પુરુષાર્થ સાધ્ય છે.

**તત્ત્વા૦માં અર્થ :** (પૃ. ૩૨) "મુખ્યરૂપે મોક્ષરૂપ પદાર્થ સાધ્ય છે, ધર્મરૂપ પદાર્થ મોક્ષના કારણરૂપે સાધ્ય છે અને અર્થ, કામ પ્રાસંગિક/આનુષંગિક છે.'

**અર્થમાં ફેરફાર** - અર્થ-કામ પ્રસંગતઃ સાધ્ય છે, એમ ગ્રન્થકારનો આશય છે, જ્યારે તત્ત્વાવલોકનકારે પ્રાસંગિક/આનુષંગિક એમ લખીને 'અર્થ-કામ આનુષંગિક ફળરૂપ છે' એવો અર્થ ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે.

**(૨) तत्रातः परमस्ति वस्तु किमपि स्वामिन् ! यदभ्यर्थये...**

(શ્રીકુમારપાલ-ભૂપાલવિરચિત સાધારણ જિનસ્તવનની ૩૩મી ગાથાનું ત્રીજું પાદ.)

**યથાર્થ અર્થ :** હે નાથ ! (બહુ પુણ્યથી પ્રાપ્ત થયેલ તું અને ગુરુ શ્રીહેમચન્દ્રપ્રભુ....) **अतः परं = આ બેથી વધીને** એવી બીજી કોઈ વસ્તુ નથી જેની હું પ્રાર્થના કરું !

**તત્ત્વા૦માં અર્થ :** (પૃ. ૪૨) તેથી હે નાથ ! હવે કોઈ એવી વસ્તુ નથી કે જેની હું માગણી કરું !

**અર્થમાં ફેરફાર** - **'अतः परं'** આટલા અંશનો અર્થ ઉડાડી દીધો છે.

(३) **जम्मि न संसारभयं जम्मि न मोक्खाभिलासलेसोऽवि ।**
**इह धम्मो सो णेओ विणा कओ जो जिणाणाए ॥२६३॥** (उपदेशपद)

**યથાર્થ અર્થ :** જેમાં સંસારનો ભય નથી અને જેમાં મોક્ષની લેશ પણ અભિલાષા નથી તથા જે જિનવચન વિના કરાયો હોય છે; તે ધર્મને અહીં પરિણામે અસુંદર કિંપાકફળ જેવો કહેલો જાણવો.

**તત્ત્વા૦માં અર્થ :** (પૃ. ૫૪) તેઓ શ્રીમદે (શ્રીવ્રજસ્વામીએ) તો સ્પષ્ટ વ્યાખ્યા આપી કે "જેમાં સંસારનો ભય ન હોય, જેમાં મોક્ષાભિલાષનો લેશ પણ ન હોય અને જે શ્રીજિનેશ્વરદેવની આજ્ઞા વિના કરાતો હોય એવો ધર્મ; **પછી ભલે તે બાહ્યાકારથી દેખાતો જૈનધર્મ હોય કે જૈનેતર ધર્મ હોય,** તે પરિણામે કિંપાક ફળ જેવો જ છે.

**અર્થમાં ફેરફાર** - આમાં, **પછી ભલે તે...** ઈત્યાદિ વાત પોતાની ઘુસાડી છે.

(૪) **उपादेयश्च संसारे धर्म एव बुधैः सदा ।**
**विशुद्धो मुक्तये सर्वं यतोऽन्यद् दुःखकारणम् ॥** शास्त्रवार्ता० ११॥

**યથાર્થ અર્થ :** આ સંસારમાં પંડિત પુરુષોએ હમેશાં મોક્ષ માટે **વિશુદ્ધ ધર્મ જ** આદરવો જોઈએ; કારણ કે બીજું બધું દુ:ખનું કારણ છે.

**તત્ત્વા૦માં અર્થ :** (પૃ. ૫૮) આ સંસારમાં બુધ પુરુષોએ સદા માટે કોઈ પણ જાતની આશંસા વિના એક માત્ર **મુક્તિ માટે જ** વિશુદ્ધ ધર્મ આચરવાયોગ્ય છે. આ સિવાય પ્રિયસંયોગ, સંપત્તિઓ વગેરે બધું દુ:ખનું જ કારણ છે.

**અર્થમાં ફેરફાર** - 'મોક્ષ માટે વિશુદ્ધ ધર્મ જ'ના બદલે 'મુક્તિ માટે જ વિશુદ્ધ ધર્મ' – એમ 'જ'કારનું સ્થાન બદલીને અર્થ કર્યો છે.

(૫) **भयवं ! पासंडिणो नियनियधम्मं सोहणं संगिरंति, कहिं लग्गामो ?** (मनोरमाकथा)

**યથાર્થ અર્થ :** ભગવન્ ! પાખંડીઓ પોતપોતાના ધર્મને સુંદર કહે છે, તો **અમે** કયા ધર્મમાં જોડાઈએ ?

**તત્ત્વા૦માં અર્થ** (પૃ. ૭૨) : ભગવન્ ! દરેક પાખંડવાળાઓ પોતપોતાના ધર્મને સારો કહે છે, તો **મારે કયો ધર્મ** કરવો ?

**અર્થમાં ફેરફાર** - 'અમે (કે અમારે) એમ બહુવચનના સ્થાને 'મારે'

એમ એકવચનનો અર્થ કર્યો છે. (આવો ફેરફાર પણ સપ્રયોજન છે, એ આગળ સમીક્ષામાં જણાશે.)

(૬) **तत्प्रीतिभक्तिवचनासङ्गोपपदं चतुर्विधं गीतम् ।**
**तत्त्वाभिज्ञैः परमपदसाधनं सर्वमेवैतत् ॥** षोडशक १०.२॥

**યથાર્થ અર્થ :** તત્ = તે = સદ્-અનુષ્ઠાન, પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચન-અનુષ્ઠાન અને અસંગ-અનુષ્ઠાન એમ ચાર પ્રકારનું તત્ત્વના જાણકારોએ કહ્યું છે. એતત્ સર્વમેવ= આ બધું જ **અનુષ્ઠાન મોક્ષનું કારણ** બને છે.

**તત્ત્વા૦માં અર્થ :** (પૃ.૧૬૫) પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચન-અનુષ્ઠાન અને અસંગ-અનુષ્ઠાન. આ રીતે **મોક્ષના કારણભૂત** સદનુષ્ઠાન ચાર પ્રકારનું છે, એમ તત્ત્વના જાણકારોએ કહ્યું છે.

**અર્થમાં ફેરફાર** -ગ્રન્થકારનો આશય ચારેય પ્રકારના અનુષ્ઠાનને ઉદ્દેશ્ય બનાવી, એમાં મોક્ષકારણતાનું વિધાન કરવાનો છે. જ્યારે તત્ત્વાવલોકનકારે મોક્ષના કારણભૂત સદનુષ્ઠાનને ઉદ્દેશ્ય બનાવી, એમાં ચતુર્વિધત્વનું વિધાન કર્યું છે. આમ ઉદ્દેશ્ય-વિધેય ભાવ બદલી નાખ્યો છે.

(૭) – **मुग्धजनानां = अव्युत्पन्नबुद्धिलोकानां हितं खलु = पथ्यमेव** – (पंचा. १९-२३ वृत्तौ)

**યથાર્થ અર્થ :** મુગ્ધ જીવોને = અવ્યુત્પન્ન બુદ્ધિવાળા જીવોને **હિતકર જ = પથ્ય જ** છે (અર્થાત્ અહિતકર નથી).

**તત્ત્વા૦માં અર્થ** (પૃ. ૨૧૩) : – તે ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે આ રોહિણી વગેરે તપોનું વિધાન મુગ્ધ જીવો માટે છે, નહીં કે મુગ્ધેતર માટે.

તત્ત્વાવલોકનકારે આ પ્રમાણે જણાવી એવો અર્થ ઉપસાવ્યો છે કે આ રોહિણી વગેરે તપ મુગ્ધજીવોને જ હિતકર છે, મુગ્ધેતર જીવોને નહીં. આમ, 'મુગ્ધ જીવોને હિતકર જ છે' એવા ગ્રન્થકારના પ્રતિપાદનથી વિપરીત 'મુગ્ધ જીવોને જ હિતકર છે' એવો અર્થ **'જ'કારનું સ્થાન બદલીને** કર્યો છે.

(૮) – **युक्तं = सङ्गतं प्रार्थनागर्भमपीदं तप : कुतः ? इत्याह - आरोग्यबोधिलाभादीनां = आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु इत्येवंरूपा या प्रार्थना = याञ्चा तत्प्रधानं यच्चित्तं = मनस्तेन तुल्यं = समानं यत्तदारोग्यबोधिलाभादिप्रार्थनाचित्ततुल्यमिति कृत्वा । इति गाथार्थः ॥**

(पंचाशक १९-४३ वृत्तौ)

**યથાર્થ અર્થ :** આ પ્રાર્થનાગર્ભિત એવો પણ તપ સંગત છે; કારણ કે એ **'આરુગ્ગબોહિલાભં સમાહિવરમુત્તમં દિંતુ'** આવા પ્રકારની આરોગ્ય-બોધિલાભાદિની જે પ્રાર્થના હોય છે, તેનાથી ગર્ભિત ચિત્તતુલ્ય છે.

**તત્ત્વા૦માં અર્થ** (પૃ.૨૩૬) :આથી આ તપ પ્રાર્થનાપૂર્વકનો હોવા છતાં પણ સર્વથા સંગત છે; કારણ કે આ **તપમાં કરાતી પ્રાર્થનાથી યુક્ત ચિત્ત** એ આરોગ્ય-બોધિલાભાદિની પ્રાર્થનાયુક્ત ચિત્ત જેવું જ છે.

**અર્થમાં ફેરફાર** - ગ્રન્થકારે તપને ચિત્તતુલ્ય કહ્યો છે; જ્યારે તત્ત્વાવલોકનમાં તપમાં કરાતી પ્રાર્થનાથી યુક્ત ચિત્તને ચિત્તતુલ્ય કહ્યું છે. પંચાશક મૂળ કે વૃત્તિ કશામાં તપસંબંધી ચિત્તને જણાવનાર કોઈ શબ્દ-પ્રયોગ છે નહીં, સીધી તપની જ વાત છે.

(૯) **जिनोक्तमिति सद्भक्त्या, ग्रहणे द्रव्यतोऽप्यदः ।**
**बाध्यमानं भवेद् भावप्रत्याख्यानस्य कारणम् ॥** अष्टक प्रकरण ८-८॥

**યથાર્થ અર્થ :** દ્રવ્યથી ગ્રહણ કરાતું પણ આ પચ્ચક્ખાણ 'આ શ્રી જિનેશ્વરદેવે કહેલું છે' એવી સદ્ભક્તિના પ્રભાવે **બાધ્યમાન** હોય છે (એની દ્રવ્યરૂપતા બાધા પામે છે) અને તેથી એ ભાવપચ્ચક્ખાણનું કારણ બને છે.

**તત્ત્વા૦માં અર્થ** (પૃ. ૨૮૪-૨૮૫) : દ્રવ્યથી ગ્રહણ કરાતું પચ્ચક્ખાણ પણ 'આ જિનનું કહેલું છે' - એ પ્રકારની સદ્ભક્તિના યોગે તેની દ્રવ્યરૂપતા **બાધિત** થઈ જાય છે અને તેથી બાધિત થયેલું એ દ્રવ્યપચ્ચક્ખાણ, ભાવ-પચ્ચક્ખાણનું કારણ બને છે.

**અર્થમાં ફેરફાર** - ગ્રન્થકારે 'બાધ્યમાન' એવા કર્મણિ વર્તમાન કૃદન્તનો ઉપયોગ કર્યો છે; જ્યારે તત્ત્વાવલોકનમાં અર્થ કરવામાં 'બાધિત' એમ કર્મણિ ભૂતકૃદન્તનો ઉપયોગ કરાયો છે. અનર્થ કેવો થઈ જાય છે કે જો પચ્ચક્ખાણનું દ્રવ્યપણું બાધિત થઈ ગયું હોય, તો એ 'ભાવપચ્ચ૦' જ બની ગયું હોય છે, પછી એને ભાવપચ્ચ૦નું કારણ બનવાનું રહેતું નથી.

■

श्रीशंखेश्वरा पार्श्वनाथाय नमः

# વિષય - ૧

## वरविसयसुहं શ્લોકનો રહસ્યાર્થ (તત્ત્વા૦ પૃ. ૧૯૬)

'ઉપદેશમાળા - પુષ્પમાળા'માં જણાવ્યું છે કે, **किञ्च यदि विषय-तृप्त्यादीनि सुखानि वाञ्छसि तथापि धर्म एवोद्यमं कुर्वित्युपदिशन्नाह –**

**वरविसयसुहं सोहग्गसंपयं पवररूव-जसकित्तिं ।**
**जई महसि जीव ! निच्चं ता धम्मे आयरं कुणसु ॥४१५॥**

બંધાઈ ગયેલા ખ્યાલને સિદ્ધ કરવા તમોએ અપનાવેલી વ્યાખ્યા-પદ્ધતિમાં રહેલી ભૂલો વિચારીએ :

(૧) અહીં અવતરણિકામાં **'विषयतृप्त्यादीनि'** શબ્દ જે કહ્યો છે તેનો મુનિવર ! તમે સાચી તૃપ્તિ = સંતોષ, અર્થ કર્યો છે. પણ એવો અર્થ કરીએ તો એ જ અવતરણિકામાં 'તથાપિ' શબ્દ જે રહ્યો છે તે અસંગત બની જાય છે. શી રીતે ? આ રીતે - સાચી તૃપ્તિ, સંતોષ એ મોટો સદ્ગુણ છે. જેમ મોક્ષ એ ધર્મપ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ છે; તેમ કર્મક્ષય, જ્ઞાનાદિ ગુણો, ક્ષમા, સંતોષ આદિ ગુણો એ પણ મુખ્ય ઉદ્દેશરૂપ જ છે. એ કાંઈ ગૌણ ઉદ્દેશરૂપ નથી. તેથી મોક્ષ માટે ધર્મ કરવો એ જેમ પ્રથમ નંબરે છે, તેમ ગુણ-પ્રાપ્તિ માટે ધર્મ કરવો એ પણ પ્રથમ નંબરે જ છે. એ કોઈ આપવાદિક પ્રવૃત્તિરૂપ કે હીનત્વયુક્ત ઉદ્દેશવાળી પ્રવૃત્તિરૂપ નથી. કેમ કે મોક્ષ સંપૂર્ણ ગુણમય અવસ્થારૂપ હોવાથી સંતોષાદિ ગુણ માટેની પ્રવૃત્તિ એ વસ્તુતઃ મોક્ષ માટેની પ્રવૃત્તિરૂપ બની જાય છે. તેથી 'જો તમે મોક્ષને ઈચ્છો છો તો ધર્મ કરો' એવા વચનની જેમ 'જો તમે સંતોષગુણને ઈચ્છો છો તો ધર્મ કરો' એ પણ મુખ્ય વૃત્તિએ જ બોલાતું વચન છે, અને તેથી 'જો તમે મોક્ષને ઈચ્છો છો **તો પણ** તમારે ધર્મમાં જ ઉદ્યમ કરવો જોઈએ.' એવું કહેવું જેમ યોગ્ય નથી, તેમ 'જો તમે સંતોષાદિ ગુણોને ઈચ્છો છો **તો પણ** તમારે ધર્મ કરવો જોઈએ.' એવું કહેવું પણ યોગ્ય ઠરતું નથી. કારણ કે એવી કઈ XYZ ચીજ છે, જે વક્તાના મનમાં મોક્ષ કરતાં પણ વધારે મહત્ત્વની ધર્મસાધ્ય ચીજ તરીકે રહેલી હોય, અને એની મહત્તાને અક્ષત રાખવા વક્તા 'જો તમે મોક્ષ ઈચ્છો છો તોપણ...' ઈત્યાદિ પ્રયોગ કરે?

મુખ્યવૃત્ત્યા ધાન્ય માટે કરાતી ખેતીની ક્રિયા અંગે 'તોપણ' શબ્દના પ્રયોગવાળું 'જો તમે ધાન્ય મેળવવા ઈચ્છો છો, તોપણ તમારે ખેતી કરવી

જોઈએ' એવું વચન કાંઈ સંગત ઠરતું નથી. હા, મુખ્યવૃત્ત્યા જેને માટે ખેતી કરાતી નથી તેવી ઘાસપ્રાપ્તિ માટે કરાતી 'ખેતી' ક્રિયા અંગે એ શબ્દ-પ્રયોગવાળું વચન યોગ્ય રહે છે; જેમ કે 'જો તમે ઘાસ ઈચ્છો છો, તોપણ તમારે ખેતી કરવી જોઈએ.'

**શંકા :** મોક્ષ માટે ધર્મ કરવો એ જ મુખ્યવૃત્તિએ છે, કર્મક્ષય-ગુણાદિ માટે કરવો એ ગૌણવૃત્તિએ જ છે.

**સમાધાન :** આવી શંકા યોગ્ય નથી; કેમ કે તો પછી 'કર્મક્ષય માટે તપ કરવો જોઈએ' ઈત્યાદિ જે જે વચનો શાસ્ત્રોમાં ઠેર ઠેર જોવા મળે તે બધાં ગૌણવૃત્તિએ હોવાં બની જાય, અને તો પછી અહીં જેમ 'તથાપિ' શબ્દ વપરાયો છે; તેમ ત્યાં પણ સર્વત્ર તથાપિ કે અપિ જેવો શબ્દપ્રયોગ આવશ્યક બની જવાની આપત્તિ આવે...

'મોક્ષને ઉદ્દેશ તરીકે કહેવામાં આવે, એટલે આ સંતોષ વગેરે ગુણ, કર્મક્ષય વગેરે પણ ઉદ્દેશ તરીકે આવી જ જાય છે.' આ તમે પણ માનો જ છો, એ વાત તમે પૃ. ૨૦૮ પર લખેલી વાત પરથી જાણી શકાય છે : 'જિનેશ્વર દેવે દર્શાવેલ સાધુધર્મ અને શ્રાવકધર્મ સિવાય બીજો કોઈ મોક્ષનો ઉપાય નથી. આથી જે સાધુધર્મ અને શ્રાવકધર્મથી ભ્રષ્ટ બન્યો છે, તે ધર્મવિષયક પ્રત્યેક પ્રકારથી ભ્રષ્ટ થયો છે.' ૪૭૦ મી ગાથાનો આ અર્થ જણાવ્યા બાદ, તમે ત્યાં લખ્યું છે કે ... ... આ ગાથા દ્વારા પણ ગ્રન્થકારશ્રી એ વાત સ્પષ્ટ કરે છે કે શ્રાવકધર્મ અને સાધુધર્મ સિવાય મોક્ષનો બીજો કોઈ ઉપાય નથી. જ્યારે આ ધર્મ સિવાય મોક્ષનો બીજો કોઈ ઉપાય જ ન હોય, ત્યારે તે ધર્મનો ઉપયોગ શા માટે કરવો જોઈએ ? એ શું સ્પષ્ટ કરવું જરૂરી રહે છે કે 'ધર્મ મોક્ષ કે મોક્ષ સાધવામાં સહાયક શક્તિ સંયોગ કે સામગ્રી મેળવવા સિવાય બીજા – મોક્ષસાધનામાં બાધક થાય તેવા – કોઈ હેતુથી ન કરવો ?'

વળી, આમાં 'જ્યારે આ ધર્મ સિવાય...' ઈત્યાદિ કહેવાનું સાહસ તો, મુનિવર ! તમે જ કરી શકો ! 'દૂધ સિવાય બીજો કોઈ શુદ્ધ ઘીનો ઉપાય નથી.' એ બાબત પરથી 'ઘી જોઈતું હોય તો દૂધ અંગે જ પ્રયત્ન કરવો જોઈએ.' એવા ફલિતાર્થના બદલે, જો આવો અર્થ ફલિત કરવામાં આવે કે 'જ્યારે આ દૂધ સિવાય શુદ્ધ ઘીનો બીજો કોઈ ઉપાય જ ન હોય ત્યારે તે દૂધનો ઉપયોગ શા માટે કરવો જોઈએ ? એ શું સ્પષ્ટ કરવું જરૂરી રહે કે દૂધનો ઘી કે ઘીની

સહાયક સામગ્રી મેળવવા સિવાય બીજા શુદ્ધ ઘીની પ્રાપ્તિમાં બાધક થાય તેવી ચા વગેરે મેળવવા માટે ઉપયોગ ન કરવો' તો તે ફલિત વચનને મૂર્ખાઓ સિવાય બીજા કોણ સ્વીકારે ? કેમ કે સુજ્ઞ પુરુષો તો ચા વગેરે પામવા પણ દૂધનો ઉપયોગ કરે જ છે.

મહાત્મન્ ! એક બીજો પણ ખુલાસો... દૃષ્ટાન્ત એકદેશી હોય છે એ વાત ધ્યાનમાં રાખશો. અન્યથા, દૃષ્ટાન્ત પરથી, દાર્ષ્ટાન્તિક સિવાયની વાતને આગળ કરી અસદ્ દોષારોપણ કરવાની પ્રવૃત્તિ પણ ઘણી જોવા મળતી હોય છે. પ્રસ્તુતમાં પણ, 'ધર્મ સિવાય બીજો કોઈ મોક્ષનો ઉપાય નથી' આટલી ગ્રન્થકારશ્રીની વાત પરથી તમે જે 'જ્યારે આ ધર્મ...' ઈત્યાદિ ફલિતાર્થ જણાવ્યો છે એ કેટલો ભૂલભરેલો છે એ જણાવવા માટે જ આ દૂધ વગેરેની વાત જાણવી. અસ્તુ.

આપણી મૂળ વાત અહીં એ હતી કે ગૌણ ઉદ્દેશ માટે કરાતી પ્રવૃત્તિને જણાવનાર વાક્યમાં આ રીતે **'તથાપિ'** શબ્દ પ્રયોગ થાય છે, જે મુખ્ય ઉદ્દેશ માટે કરાતી પ્રવૃત્તિનો સમુચ્ચય કરી આપે છે. એટલે કે 'જો તમે ઘાસને ઈચ્છો છો, તોપણ તમારે ખેતી કરવી જોઈએ.' એવો વાક્યપ્રયોગ આ વાતને ખેંચી લાવે છે કે જો તમે ધાન્યને ઈચ્છો છો તો તો તમારે ખેતી કરવી જ જોઈએ. પણ જો તમે ઘાસને ઈચ્છો છો તોપણ તમારે ખેતી જ કરવી જોઈએ. સંતોષગુણની પ્રાપ્તિ 'કર્મક્ષય' વગેરે ધર્મના મુખ્ય ઉદ્દેશરૂપ જ છે. આપવાદિક - ગૌણ ઉદ્દેશરૂપ નથી, માટે તે અંગેના વાક્યપ્રયોગમાં 'તથાપિ' શબ્દ સંગત ઠરે નહીં.

વળી, શ્લોકની અવતરણિકામાં **'किञ्च यदि'** શબ્દો જે રહેલા છે તે પણ આ વાતને જણાવે છે... કેમ કે એની ઉપરની ૪૧૦, ૪૧૧મી ગાથામાં મોક્ષ, મોક્ષસહાયક સામગ્રી માટે ધર્મમાં ઉદ્યમ કરવાનું કહી ગયા છે. તેથી **किञ्च यदि** અર્થાત્ 'વળી જો' એમ કહીને જે અવતરણિકા વૃત્તિકારે આપી છે તે પાછું એમ જ જો જણાવતી હોય કે 'વળી જો તમે સંતોષાદિને ઈચ્છો છો... તો એ અવતરણિકા અસંગત બની જવી સ્પષ્ટ છે જ... પહેલાં 'મોક્ષ, મોક્ષ સહાયક સામગ્રીભૂત સંતોષાદિ ગુણો માટે સાધુધર્મ અને શ્રાવકધર્મ એ બે ધર્મમાં દૃઢચિત્તવાળા બનવું જોઈએ.' એમ કહી ગયા પછી 'વળી જો તમે સંતોષાદિને ઈચ્છો છો તોપણ ધર્મમાં જ ઉદ્યમ કરો' એવું કહેવું એ શું અસંગત નથી ?

**किञ्च** (વળી) શબ્દનો પ્રયોગ જ જણાવે છે કે અહીં, પૂર્વે કહી ગયા એના કરતાં કોઈ ભિન્ન ઉદ્દેશથી ધર્મ કરવાની નવી વાત કરવી છે...

**પ્રશ્ન :** ૪૧૦-૪૧૧ મી ગાથામાં મોક્ષ માટે ધર્મ કરવાનું કહ્યું છે અને અહીં તેના સાધન-સામગ્રીભૂત સંતોષગુણ માટે તે કહ્યું છે. તેથી અહીં કહેવાની વાત પૂર્વોક્ત વાત કરતાં જુદી છે જ... અને તો પછી '**किञ्च**' વગેરે શબ્દપ્રયોગને અસંગત કહેવો શી રીતે સંગત બને ?

**ઉત્તર :** હવે જો તમે આવું કહેશો તો તમારે 'પૂર્વાપર વિરોધ' થવાનો દોષ આવશે.... કેમ કે ૪૧૦મી ગાથામાં કહેલી મોક્ષની વાત પરથી તમે તેની સામગ્રીની પણ ભેગી જ વાત હોવી સ્વીકારીને તો પૃ. ૨૦૮ પર 'ધર્મ મોક્ષ કે મોક્ષ સાધવામાં સહાયક શક્તિ સંયોગ કે સામગ્રી મેળવવા સિવાય....' ઈત્યાદિ લખ્યું છે. અને હવે કહો છો કે '૪૧૦ મી ગાથામાં માત્ર મોક્ષની વાત છે', 'અહીં તેની સામગ્રીની વાત છે' ઈત્યાદિ....

માટે અહીં '**विषयतृप्त्यादीनि**' શબ્દ જે વપરાયો છે તેનો સાચી તૃપ્તિ = સંતોષગુણ એવો અર્થ થઈ શકતો નથી, કિન્તુ તત્કાળપૂરતી થતી તૃપ્તિરૂપ વિષયભોગ જ થઈ શકે છે.

આમ, '**विषयतृप्त्यादीनि**' શબ્દના અર્થરૂપ પાયો જ તમારો ખોટો હોવાથી, પછી પાનાંનાં પાનાં ભરીને તમે એના ઉપર જે પત્તાંનો મહેલ ચણ્યો છે, તે પ્રસ્તુતમાં વ્યર્થ ઠરે છે.

(૨) હવે '**वरविसयसुहं**' શબ્દના તમે કરેલા અર્થનો વિચાર કરીએ. 'વર' શબ્દ શ્રેષ્ઠતાસૂચક છે... વિષયોમાં શ્રેષ્ઠતા બે રીતે થાય છે : સ્વરૂપતઃ અને પરિણામતઃ. એમાં સ્વરૂપતઃ શ્રેષ્ઠતા એટલે જે વિષયો સ્વરૂપથી ઉદાર-સુંદર હોય તે. જેમકે ઈન્દ્ર-ચક્રવર્તી વગેરેને મળેલા વિષયો સ્વરૂપથી શ્રેષ્ઠ છે અને ભિખારી વગેરેને મળેલ એંઠુંજૂઠું અન્ન વગેરે વિષયો સ્વરૂપથી અશ્રેષ્ઠ-હીન છે. પરિણામતઃ શ્રેષ્ઠ વિષયો એટલે જે વિષયો જીવને આસક્તિ-દુર્બુદ્ધિ વગેરે ન કરાવે, પણ ઉદાર આશય પ્રવર્તાવવા દ્વારા અનાસક્તિથી ભોગવાય અને ઉત્તરોત્તર આત્માનો અભ્યુદય સાધી આપે તે. એનાથી વિપરીત કોટીનાં હોય તે અશ્રેષ્ઠ-હીન ...આમાં એ ખ્યાલ રાખવો કે સ્વરૂપતઃ શ્રેષ્ઠ એવા પણ ચક્રવર્તી વગેરેના વિષયો **परिणामतः** હીન પણ હોઈ શકે છે. અને સ્વરૂપતઃ હીન એવા પણ ભિખારી વગેરેના ભોગો **परिणामतः** શ્રેષ્ઠ પણ બની શકે છે.

હવે પ્રસ્તુતમાં 'વર' શબ્દથી જે શ્રેષ્ઠતા જણાવી છે, તે આ સ્વરૂપત:અને પરિણામત: એ બેમાંથી કઈ લેવાની છે ? એ વિચારીએ તો જણાય છે કે તમે જે **परिणामतः** શ્રેષ્ઠતાનો અર્થ લઈને, તમારા અભિપ્રાય પ્રમાણે વિસ્તાર કર્યો છે તે અહીં યોગ્ય નથી; કેમ કે શાસ્ત્રકારને એ પ્રમાણે જણાવવાનો જો અભિપ્રાય હોય તો એમના પર **'वदतो व्याघात'** 'બોલતાંની સાથે જ પોતાનું વચન ખોટું ઠરી જવું' (જેમ કે 'મારી મા વાંઝણી છે' એવું વચન) એ દોષ આવી પડવાની આપત્તિ આવે છે. તે આ રીતે, 'કોઈ પણ ભૂમિકામાં રહેલા જીવે કોઈ પણ પરિસ્થિતિમાં વિષય-સુખાદિની ઈચ્છાથી ધર્મ કરાય જ નહીં, એવા દૃઢ એકાન્ત અભિપ્રાયવાળા તમારા મતે (૧) કોઈ પણ જીવ જો વિષયસુખની ઈચ્છાથી ધર્મ કરે, તો એનાથી એને પાપાનુબંધી પુણ્યબંધ જ થાય. જેના કારણે ભોગપ્રાપ્તિ કાળે દુર્બુદ્ધિ થવા દ્વારા તીવ્ર આસક્તિ વગેરે થાય અને પરિણામે એ વધુ પાપો બાંધવાથી એ વિષયો પરિણામત:અસુંદર બની જાય. તત્ત્વા૦ના પૃષ્ઠ ૭૯ પર તમે લખ્યું છે કે 'xxx નિષ્કામભાવે ધર્મ કરનારાને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. સંસારનાં સુખોની ઈચ્છાથી પૂજા કરનારને તે પૂજાથી કદાપિ પુણ્યાનુબંધી પુણ્ય બંધાતું નથી. xxx વળી, તમારા અભિપ્રાય પ્રમાણે (૨) પરિણામત: સુંદર એ જ વિષયો બને, જે વિષયાદિની ઈચ્છા વિના કરેલા ધર્મથી પ્રાપ્ત થયા હોય. અર્થાત્ વિષયમાં પરિણામત: અશ્રેષ્ઠત્વ કે શ્રેષ્ઠત્વ એ તે તે વિષયની પ્રાપ્તિના કારણભૂત ધર્મ વિષયેચ્છાથી કરાયો છે કે તે વિના કરાયો છે તેના પર આધારિત છે. વિશેષ કરીને તમારા અભિપ્રાય મુજબ તો વિષયેચ્છાથી કરાયેલો ધર્મ પરિણામત: શ્રેષ્ઠ વિષયોને આપી શકતો જ નથી. હવે શ્લોકનો તમારા અભિપ્રાયવાળો અર્થ વિચારીએ –

'હે જીવ ! જો તું પરિણામત: શ્રેષ્ઠ એવા વિષયસુખ, સૌભાગ્ય, સંપત્તિ, પ્રવરરૂપ, યશ અને કીર્તિને ઈચ્છે છે તો હમેશાં ધર્મમાં આદર કર.' આમાં વદતોવ્યાઘાત દોષ સ્પષ્ટ છે. એક બાજુ પરિણામત:શ્રેષ્ઠ વિષયસુખ કહેવું અને બીજી બાજુ તેવી વિષયેચ્છાથી ધર્મ કરવાનું કહેવું એ પરસ્પર વિરુદ્ધ જ છે; કેમ કે એવો ધર્મ પણ પરિણામત: શ્રેષ્ઠ વિષયો ન આપી શકે, એવું તમારા મતે તો ગ્રન્થકારના મનમાં બેઠેલું જ છે. 'પરિણામત:સુંદર વિષયોની ઈચ્છાથી ધર્મ થવો અને એનાથી પરિણામત: શ્રેષ્ઠ વિષયોની પ્રાપ્તિ થવી' એ વાત જ અશક્યપ્રાય: છે. 'આ ધર્મથી મને વિષયો મળો, પણ એને ભોગવવા છતાં

હું એમાં આસક્તિ નહીં કરું અને તેથી મારી સદ્ગતિ થાઓ, ઉત્તરોત્તર ઉન્નતિ થાઓ' એવી ઈચ્છા જ ખરેખર જાતને ઠગનારી છે. જેમ કે ઘરમાં બેઠાં બેઠાં પણ કો'કને કેવળજ્ઞાન થાય ખરું, પણ જે એમ માને કે ઘરમાં બેઠાં બેઠાં પણ કેવળજ્ઞાન થાય, એટલે આપણે તો ઘરમાં જ બેસીશું અને કેવળજ્ઞાન મેળવીશું; તો એને તો કેવળજ્ઞાન ન જ થાય, પણ સમ્યક્ત્વના પણ વાંધા થઈ જાય. પોતે કદાચ ઘર ન છોડી શકતો હોય, તોપણ માનવું તો એમ જ પડે કે 'ઘર છોડીને દીક્ષા લીધા વિના કેવળજ્ઞાન ન થાય' અને તેથી તેને ઈચ્છા પણ ઘર છોડીને દીક્ષા લેવાની જ હોય, ઘરમાં બેઠાં બેઠાં કેવળજ્ઞાન લેવાની નહીં.' ઘરમાં બેઠાં બેઠાં કેવળજ્ઞાન લેવાની ઈચ્છા એને ઠગારી જ નીવડે. એમ પ્રસ્તુતમાં પણ 'મને વિષયો મળે ખરા, હું એને ભોગવું પણ ખરો અને છતાં એમાં આસક્તિ નહીં કરું અને તેથી એ મારે માટે પરિણામતઃ શ્રેષ્ઠ સુખરૂપ બનો.' એવી ઈચ્છા જ જાતને ઠગનારી છે.

ટૂંકમાં, જેમ એક બાજુ 'માતા' શબ્દથી સંતાનજનન કહેવું અને બીજી બાજુ 'વંધ્યા' શબ્દથી સંતાનજનનાભાવ કહેવો, એમાં વદતોવ્યાઘાત દોષ છે; તેમ એક બાજુ 'વર' શબ્દનો 'પરિણામતઃ શ્રેષ્ઠ' અર્થ કરી વિષયેચ્છાનો અભાવ કહેવો અને બીજી બાજુ મહસિ શબ્દથી તેવા વિષયની ઈચ્છા કહેવી એમાં વદતોવ્યાઘાત સ્પષ્ટ છે. અર્થાત્, તમારી માન્યતા પ્રમાણે તમારો અર્થ આવો ફલિત થાય છે કે 'જો તું ઈચ્છા વગર મળતાં સુખોને ઈચ્છે છે તો..' આમાં 'ઈચ્છા વગર મળતાં સુખો' કહી પાછું તેની 'ઈચ્છા' કહેવી એમાં વદતોવ્યાઘાત દોષ સુસ્પષ્ટ છે.

તમે કહ્યું જ છે કે '××× ભૌતિક સુખોને (વિષયસુખોને) મેળવવાના ઉદ્દેશથી કરાયેલા ધર્મથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય નહીં અને પાપાનુબંધી પુણ્યથી મળતું વિષયસુખ, સૌભાગ્ય, સંપત્તિ, રૂપ, યશ, કીર્તિ વગેરે પરિણામતઃ શ્રેષ્ઠ કક્ષાનાં કહી શકાય નહીં ×××'

વળી, આ મુજબ તો પરિણામતઃ શ્રેષ્ઠ વિષયોની ઈચ્છા કોઈ પણ જીવ માટે પ્રાયઃ કરીને અસંભવિત જ છે; કારણ કે (૧) વિષયોમાં પરિણામતઃ શ્રેષ્ઠત્વ શું છે ? અને એ શી રીતે ઊભું થાય એની જેને ખબર છે, તેને તો પરિણામતઃ શ્રેષ્ઠ સુખની ઈચ્છા થઈ શકતી જ નથી, કેમ કે એ જાણે છે કે ઈચ્છા કરવા જઈશ તો વિષયોમાં પરિણામતઃ શ્રેષ્ઠત્વ રહેશે જ નહીં. અને (૨) જેને

પરિણામતઃશ્રેષ્ઠત્વ શું ચીજ છે ? એની ખબર નથી એને પણ તેની ઈચ્છા થઈ જ શકતી નથી; કેમ કે જ્ઞાન એ ઈચ્છાનું કારણ હોવાથી જ્ઞાન વિના ઈચ્છા થઈ શકતી નથી.

આમ, પરિણામતઃશ્રેષ્ઠ વિષયોની ઈચ્છા અસંભવિત છે. અને તેમ છતાં, જો ગ્રન્થકારે આવા પરિણામતઃ શ્રેષ્ઠ સુખના અભિપ્રાયથી આ ઉપદેશ શ્લોક ફરમાવ્યો હોય, તો એવો પણ દોષ ઊભો થાય છે કે અસંભવિત ચીજનો તેઓએ ઉપદેશ આપ્યો છે. માટે આવો દોષ ન આવે એ માટે સ્વીકારવું જોઈએ કે 'અહીં પરિણામતઃ શ્રેષ્ઠ વિષયસુખોની વાત નથી, પણ 'સ્વરૂપતઃ શ્રેષ્ઠ વિષયસુખ' વગેરેની વાત છે.

બાકી, 'મને આ ધર્મથી પરિણામતઃશ્રેષ્ઠ વિષયો મળો, જેને હું ભોગવું પણ ખરો અને આસક્તિ નહીં કરું, તેથી પરિણામે મારી દુર્ગતિ ન થાઓ.' એવી કહેવાતી ઈચ્છાથી ધર્મ કરવાથી વિષયો પણ ભોગવવા મળી જાય અને છતાં સદ્ગતિ થાય એ વાત જો શક્ય હોત અને શાસ્ત્રસિદ્ધ હોત, તો તો બ્રહ્મદત્ત ચક્રવર્તીનો જીવ સંભૂતિ મુનિ કે જેઓ ગીતાર્થ મહાત્મા હતા (અને તેથી આ શાસ્ત્રસિદ્ધ વાત જાણતા હતા), તેઓ પણ આવી જ ઈચ્છા ન કરત? કેમ કે તેઓને વિષયભોગ મળી જતા હોય, તો પછી આવી ઈચ્છા રાખવામાં કોઈ વાંધો હતો નહીં... ઉપરથી આવી ઈચ્છા રાખવામાં દુર્ગતિ મળવાની સજામાંથી બચવાનું હોઈ તે સુતરાં ઈષ્ટ જ હતી અને આવી ઈચ્છા રાખી હોત, તો નરકમાં ધકેલાવું ન પડત !!! વળી જ્યારે ચિત્રમુનિએ પણ જાણ્યું કે હવે આની વિષયેચ્છા છૂટવાની નથી તો તેઓ પણ સંભૂતિ મુનિને પરિણામતઃશ્રેષ્ઠ વિષયસુખની ઈચ્છા રાખવાનું જ ન કહેત ?

માટે અહીં 'વર' શબ્દના અર્થ તરીકે પરિણામતઃસુંદરત્વ લેવાનું નથી. કિન્તુ સ્વરૂપતઃ શ્રેષ્ઠત્વ લેવાનું છે. આ જ રીતે **'પવર રૂવજસકિત્તિ'** શબ્દમાં રહેલા 'પ્રવર' શબ્દ અંગે જાણવું.

■

## વિષય - ૨

# કુમારપાળ ભૂપાલને આપેલો આશીર્વાદ
## (તત્ત્વા૦ પૃ. ૩૮)

**મહાત્મન્ !** કલિકાલસર્વજ્ઞ ભગવંતની ઓળખાણ, તેઓશ્રીએ યોગ-શાસ્ત્રમાં 'મોક્ષ અગ્રણી છે' તેના કરેલા વર્ણનની સાક્ષીઓ, કુમારપાળ મહારાજનું ઈચ્છિત, તે અંગે તેઓએ રચેલા સાધારણ જિનસ્તવનના શ્લોકો, અને અંતે 'ઈપ્સિત' શબ્દની શ્રીસોમોદય ગણિવરે કરેલી વ્યાખ્યા વગેરે તમે તત્ત્વા-વલોકનના પૃ.૩૮ થી ૪૩ પર ઘણું ઘણું કહ્યું છે. પણ આ વિચારણા **શ્રી પ્રભાચંદ્રસૂરિ મહારાજે** કરેલી 'ઐહિક-પારલૌકિક' એવી વ્યાખ્યાના જે વચન પર ઊભી થયેલી છે, તે અંગે તો **'આચાર્ય મહારાજ મોક્ષના જ આશીર્વાદ આપે.'** ઈત્યાદિ માન્યતારૂપ સ્વમતની પુષ્ટિ કરે એવું સમન્વયાત્મક કાંઈ કહ્યું જ નહીં. તેથી મારો તમને પ્રશ્ન એટલો છે કે 'તે વ્યાખ્યા તમને માન્ય છે કે નહીં ?'

'એ માન્ય નથી' એવું તો તમે કહેવાના નહીં, કેમ કે તમે જાતે જ તત્ત્વાવલોકનના પૃ.૨૪૨ પર લખ્યું છે કે '××× એવા એકાદ ગ્રન્થમાં દર્શાવેલ વિધાન પ્રત્યે પણ ઉપેક્ષા કે અનાદરનો ભાવ વ્યક્ત કરવો, તે શ્રીજૈનશાસનની પ્રણાલિકા સાથે સર્વથા અસંગત છે ×××' તેથી તમે જો એમ કહેશો કે 'અમને શ્રીપ્રભાચંદ્રસૂરિ મહારાજે કરેલી એ વ્યાખ્યા માન્ય છે - આદરણીય છે' તો પછી મારે કહેવું છે કે એ વ્યાખ્યામાંથી તો 'કુમારપાળ મહારાજ મોક્ષ પ્રાપ્ત કરો' એવા આશીર્વાદનો અર્થ તમે પણ કાઢી શક્યા નથી. જો કાઢી શકતા હોત, તો તો તે કાઢીને સ્વમતની પુષ્ટિ તમે કરી જ હોત ! પણ તમે તો એવો અર્થ કાઢવાનો પ્રયાસ સુધ્ધાં કર્યો નથી ! એના પરથી શું એવું સૂચિત નથી થતું કે એ વ્યાખ્યા તમારા અભિપ્રાયથી વિરુદ્ધ હોવાના કારણે તમને એના પર અરુચિ પ્રગટી હોય, અને તેથી તમે એ વ્યાખ્યાને કોઈ મહત્ત્વ આપતા નથી ?

**પ્રશ્ન :** શાસ્ત્રનો એક પણ અક્ષર અમને અમાન્ય તો નથી જ, પણ અમે **શ્રીયોગશાસ્ત્ર** વગેરેનાં વચનોને અનુસરીને તત્ત્વાવલોકનના પૃ.૪૦ પર સિદ્ધ કરી જ દેખાડ્યું છે કે ××× 'મહારાજા કુમારપાળના સ્વાધ્યાય માટે રચાયેલ યોગશાસ્ત્ર અને વીતરાગસ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞ પ્રભુએ જ ખુદ ઈહલોક-પરલોકના હેતુ માટે કરાયેલા ધર્મને ભવભ્રમણનો હેતુ જણાવ્યો છે. તો શું આવું

ભવભ્રમણ થાય એવા ઈષ્ટપ્રાપ્તિના આશીર્વાદ તેઓશ્રી આપે, એવી કલ્પના પણ કરી શકાય ખરી ? એવી કલ્પના કરી 'તેઓશ્રીએ એ પ્રમાણે કર્યું હતું' એવો મિથ્યા આરોપ તેમના પર મૂકવો એ તેઓશ્રીની તેમજ મહારાજા કુમારપાળની મહાઆશાતના નથી ? ××× માટે અમારું માનવું એવું છે કે 'સંવિગ્નગીતાર્થ આચાર્યભગવંત શ્રીપ્રભાચંદ્રસૂરિ મહારાજે પણ શ્રીહેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજાએ આવા ઐહિક આમુષ્મિક અર્થના આશીર્વાદ આપ્યા હતા' એવું જણાવવાનો આવો મિથ્યા આરોપ જાણીને મૂક્યો હોય અને એ આશાતના કરી હોય એવું તો સંભવતું જ નથી. તેથી લાગે છે કે તેઓશ્રીએ 'ઈપ્સિત ફળ'ની વ્યાખ્યા 'મોક્ષ' એવી કરવાને બદલે જે જુદી રીતે કરી છે તે વ્યાખ્યા કદાચ અનાભોગથી જ થઈ ગઈ હોય. અને તેથી અનાભોગથી થઈ ગયેલાં એ વચનોને માન્ય ન કરીએ તોપણ શો વાંધો ?

**ઉત્તર :** મુનિવર ! આવું અતિસાહસ ન કરો, કેમ કે અભિપ્રાયને જાણવો નહીં અને પૂર્વાચાર્યના વચનમાં આ રીતે અનાભોગ પ્રયુક્ત અસત્યતા સ્થાપવી અને એ રીતે એ શાસ્ત્રનો ઉચ્છેદ કરવો, એમાં મોટી આશાતના લાગે છે. જુઓ, પૂ. ઉપાધ્યાયજી મહારાજે **ધર્મપરીક્ષા** ગ્રન્થમાં કહ્યું છે કે–

**यत्तु परेणोक्तं - यत्तु क्वचिदाधुनिकप्रकरणादौ प्रज्ञापनाद्यागमविरुद्धानि वचनानि भवन्ति, तत्र तीर्थान्तर्वर्त्तिनामसद्ग्रहाभावादनाभोग एव कारणम् । तथा अभव्या न व्यवहारिणो, नाप्यव्यवहारिणः, किन्तु व्यवहारित्वादिव्यपदेशबाह्या इति ते व्यावहारिकमध्ये न विवक्षिताः, तेषां सम्यक्त्वपतितानामनन्तभागवर्त्तित्वेनाल्पत्वादिति - तददतिसाहसविजृम्भितम्, अभिप्रायमज्ञात्वा प्राचीनप्रकरणविलोपे महाऽऽशातनाप्रसंगात् ।** (धर्मपरीक्षा, श्लोक १० वृत्तौ)

**અર્થ :** પૂર્વપક્ષીએ જે કહ્યું છે કે (પૂર્વપક્ષીએ ઉઠાવેલી શંકા) :

"(૧) આધુનિક પ્રકરણ વગેરેમાં (અહીં પૂર્વપક્ષીને આધુનિક પ્રકરણ તરીકે ભવભાવના વૃત્તિ વગેરે અભિમત છે, જેનો પૂ. ઉપાધ્યાયજી મહારાજે ઉત્તરપક્ષમાં પ્રાચીન પ્રકરણ તરીકે ઉલ્લેખ કર્યો છે. તે ત્યાંના ગ્રન્થસંદર્ભથી જાણી લેવું.) પ્રજ્ઞાપના વગેરે આગમથી વિરુદ્ધ જે વચનો મળે છે તેમાં તે પ્રકરણકારોનો અનાભોગ જ કારણ માનવો, કેમ કે તીર્થમાં (પ્રવચનમાં) જ રહેલા તે આચાર્યોમાં અસદ્ગ્રહ(ખોટી પકડ)નો તો અભાવ જ હોય છે. અર્થાત્ તેઓ તે વિરુદ્ધ વચનને અસદ્ગ્રહથી બોલ્યા ન હતા, કિન્તુ અનાભોગથી બોલ્યા હતા; એવું માનવું જોઈએ તથા (૨) અભવ્યો વ્યવહારી નથી

અને અવ્યવહારી પણ નથી. પણ વ્યવહારિત્વાદિ ઉલ્લેખથી પર છે. તેથી તેઓની વ્યાવહારિક જીવોમાં વિવક્ષા કરી નથી, કેમ કે તેઓ સમ્યક્ત્વપતિત જીવો કરતાં પણ અનંતમા ભાગે કોઈ અલ્પ હોય છે.' પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ તે પૂર્વપક્ષીને આપેલો **જવાબ :** પૂર્વપક્ષીનું તો તે (આવું) કથન અત્યંત સાહસિક ચેષ્ટારૂપ છે, કેમ કે પ્રકરણકારનો અભિપ્રાય જાણ્યા વગર પ્રાચીન પ્રકરણનો વિલોપ કરવામાં મોટી આશાતના થઈ જવાનો દોષ લાગે છે. (પૂર્વપક્ષીની બીજી અભવ્યો અંગેની શંકાની અહીં આવશ્યકતા ન હોઈ તેનો **પૂ. ઉપાધ્યાયજી મહારાજે** કરેલો **ઉત્તરપક્ષ** લખતો નથી.)

આશય એ છે કે પ્રજ્ઞાપના સૂત્રવૃત્તિ પરથી વ્યાવહારિક જીવની કાયસ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા પુદ્ગલ પરાવર્ત જેટલી ફલિત થાય છે, જ્યારે ભવભાવના વૃત્તિ વગેરેમાં કોઈ જીવોની તેના કરતાં પણ વધુ કાળ બતાવ્યો છે. તેથી તે બે વચનો વચ્ચે વિરોધ ઊભો થાય છે. તેથી પૂર્વપક્ષી એવો નિચોડ કાઢી આપવા માગે છે કે 'પાછળથી થયેલાં (અને તેથી આધુનિક) એવાં ભવભાવના વૃત્તિ વગેરે પ્રકરણોમાં તે તે અસંગત ઠરતાં વચનોને પ્રકરણકારના અનાભોગથી થયેલાં માની ખોટા ઠેરવી દેવાં જોઈએ, જેથી આગમનો વિરોધ ન થાય.'

પણ પૂ. ઉપાધ્યાયજી મહારાજનો આ સ્પષ્ટ અભિપ્રાય છે કે આગમ ગ્રન્થો જ સાચા અને પછીનાં પ્રકરણો ખોટાં એવા એકાન્તમાં તણાઈને પૂર્વાચાર્યકૃત પ્રકરણશાસ્ત્રોને આ રીતે ખોટાં ઠેરવી દેવાં એ શ્રુતજ્ઞાનાદિની મહાઆશાતનારૂપ છે. તેથી એ વચનોને પણ સત્ય તો માનવાં જ જોઈએ. અને તે સંગત થાય એ રીતે પ્રજ્ઞાપના વગેરેમાં કહેલા કાયસ્થિતિ પ્રતિપાદકાદિ તે તે સૂત્રોને વ્યાવહારિક વિશેષ (અમુક ચોક્કસ પ્રકારના વ્યાવહારિક) જીવો અંગેનાં જાણવાં જોઈએ, અથવા તે તે સૂત્રનો બીજો જ કોઈ અભિપ્રાય હોવો જોઈએ. આ બાબતમાં બહુશ્રુતો જ પ્રમાણ છે. જુઓ, તેઓશ્રીના શબ્દો (પૂર્વપક્ષીના ત્રીજા અનુમાન અંગે **પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા કહે છે**) :

**आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्तमानंत्वेन व्यावहारिकाणां सर्वेषां सिद्ध्या-पत्तिस्तु स्यात्, तत्राभव्यस्य व्यावहारिकत्वानुरोधेन निगोदत्वेन तिर्यक्त्वनपुंसकत्वादिना च कायस्थिति-प्रतिपादकानां सूत्राणां व्यावहारिकविशेषविषयत्वं वा कल्पनीयं, अन्यो वा कश्चित्सूत्राभिप्राय इत्यत्र बहुश्रुता एव प्रमाणम् ।** (धर्मपरीक्षा, श्लो. १० वृत्तौ)

**અર્થ :** વ્યાવહારિક જીવોની સ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા પુદ્ગલપરાવર્ત્ત કાળ હોઈ, બધા વ્યાવહારિક જીવોની સિદ્ધિ થઈ જવાની – ત્રીજા અનુમાનમાં પૂર્વપક્ષીએ જે આપત્તિ આપી છે તે હજુ કદાચ ઊભી રહે છે, પણ તેમાં પણ વિચારીએ તો જણાય છે કે અભવ્ય જીવ પણ વ્યાવહારિક હોવો સિદ્ધ તો છે જ (અને તેથી અનંતા પુદ્ગલ-પરાવર્ત્ત સુધી એ વ્યાવહારિકપણે જ સંસારમાં રહેવાનો છે તે પણ સિદ્ધ છે.) માટે 'વ્યાવહારિક જીવોની નિગાદરૂપે, તિર્યંચરૂપે, નપુંસક વગેરે રૂપે રહેવાની કાયસ્થિતિ જણાવનારાં જે સૂત્રો છે તે અમુક ચોક્કસ પ્રકારના વ્યાવહારિક જીવો અંગે છે.' એવું કલ્પવું જોઈએ અથવા તો 'તે સૂત્રોનો બીજો જ કોઈ વિશેષ અભિપ્રાય છે' એવું માનવું જોઈએ. આ અંગે શું માનવું, તેમાં બહુશ્રુતો જ પ્રમાણ છે.

ભાગ્યશાલિન્ ! આમ, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા પણ પ્રાચીન શાસ્ત્રવચનોને અનાભોગથી પણ ખોટાં બોલાયેલાં માનવા તૈયાર નથી, પણ સાચાં જ માનીને એ બે વચ્ચે સંગતિ કરવા પ્રયત્ન કરે છે, ત્યારે તમે પૂ. પ્રભાચન્દ્રસૂરીશ્વરજી મ.ની એ વ્યાખ્યાને ખોટી માની કલિકાલસર્વજ્ઞ ભગવંત પર મિથ્યા આરોપ મૂકવારૂપ માનો છો !! પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાથી પણ આગળ વધીને તમે આવું અતિસાહસ કરવા તૈયાર થશો એવું તો શી રીતે મનાય ? માટે પૂ. પ્રભાચંદ્રસૂરિ મહારાજાની વ્યાખ્યાને સાચી માનવી જ જોઈએ.

**પ્રશ્ન:** તો શું **શ્રીસોમદય ગણિવરશ્રીએ** 'ઈપ્સિત= દર્શન વિશુદ્ધિ અને ફળ= કર્મક્ષય' એવી જે વ્યાખ્યા કરી છે તે ખોટી માનવી ?

**ઉત્તર :** ના, એને ખોટી માનવામાં પણ મહાઆશાતના થઈ જવાની આપત્તિ ઊભી જ રહે છે.

**પ્રશ્ન :** તો પછી બે વચ્ચે ઊભા થતા વિરોધનું શું કરવું ?

**ઉત્તર :** મહાત્મન્ ! આ કોઈ વાસ્તવિક વિરોધ નથી. એક એક સૂત્ર અનંતા[1] અર્થવાળું હોવાનું શાસ્ત્રકારોએ માન્યું જ છે ને ? યોગશાસ્ત્રના પ્રથમ શ્લોકના ૧૦૮ અર્થો કરાયા નથી શું ? એ વિવિધ અર્થો પરથી આપણે તો

---

૧. सव्वनईणं जइ हुज्ञ वालुआ सव्वोदहीणं जं उदयं ।
तत्तो अणंतगुणिओ अत्थो इक्कस्स सुत्तस्स ॥ कल्पसूत्र सुबोधिका पृ. ६ ॥

એટલું જ સમજવાનું કે તે તે અધિકારમાં આવેલા તે તે શબ્દોના તે તે વ્યાખ્યાકારે કરેલા તે તે અર્થો જિનાજ્ઞાને અવિરુદ્ધ જ હોય છે, અને તેથી આપણે પણ તે તે અર્થો માન્ય રાખવા જ પડે. અમાન્ય કરીએ તો મહા આશાતના લાગે. માટે "શ્રીકલિકાલસર્વજ્ઞ ભગવંત વગેરે સુવિહિત ગીતાર્થ આચાર્યો આશીર્વાદ આપતા હોય છે. અને આચાર્યાદિએ તેવા આશીર્વાદ આપવા એ જિનાજ્ઞાને અવિરુદ્ધ છે." એવા અભિપ્રાયથી જ પૂ. પ્રભાચંદ્રસૂરિ મહારાજે તેવી વ્યાખ્યા કરી છે, એ વાત તેઓશ્રીએ કરેલી વ્યાખ્યા પરથી આપણે તારવી શકીએ છીએ.

**પ્રશ્ન :** પણ એ જે અનેક અર્થો કરવામાં આવેલા દેખાય છે તે તો પરસ્પર અવિરુદ્ધ અર્થો હોય છે. ઈપ્સિત ફળ તરીકે મોક્ષરૂપ અને ઇહલૌકિક ચીજરૂપ એમ બે પરસ્પર વિરુદ્ધ અર્થો નહીં, તેથી તો વિરોધ ઊભો જ છે તેનું શું ?

**ઉત્તર :** ઈચ્છિત ફળ તરીકે મોક્ષની સાથે બધી જ ઇહલૌકિક-પારલૌકિક ચીજો કાંઇ વિરુદ્ધ હોતી નથી. ક્ષાયિક સમ્યક્ત્વના ધણી અને તેથી જેઓનું ઈપ્સિત ફળ મોક્ષ હોવું તો જણાય જ છે, તેવા પ્રણ શ્રીકૃષ્ણ વાસુદેવ - શ્રી શ્રેણિક મહારાજા વગેરેને, પરલોકમાં નરકનાં દુઃખો સહન ન કરવાં પડવારૂપ પારલૌકિક ચીજ પણ ઈપ્સિત નહોતી ? હતી જ. કેમ કે તે દુઃખોને ટાળવાની ઈચ્છાથી તો તે બન્ને મહાનુભાવોએ ભગવાનને પોતપોતાની નરક વારવા માટે પ્રાર્થના કરી હતી, ઉપાય માગ્યો હતો. વળી, જો એ ખરેખર મોક્ષવિરુદ્ધ જ હોત, તો શ્રીમહાવીર પરમાત્મા શું તેનો ઉપાય પણ દેખાડત ખરા ?

**પ્રશ્ન :** "એ ઉપાય શક્ય નથી અને તેથી નરકવારણ પણ શક્ય નથી." એવું જાણતા હોવાથી ભગવાને એ ઉપાયોને તો ખાલી દેખાડવા ખાતર જ દેખાડ્યા હતા. અર્થાત્ એ ઈપ્સિત મોક્ષ-વિરુદ્ધ તો હતું જ, પણ ભગવાન જાણતા હતા કે આ ચીજ કંઈ બનવાની નથી. માટે ભગવાને તે દેખાડ્યા હતા. તેથી 'ભગવાને દેખાડ્યા હતા.' એ વાત પરથી એ પારલૌકિક ચીજ મોક્ષ-વિરુદ્ધ નહોતી એવું શી રીતે કહેવાય ?

**ઉત્તર :** આવો પ્રશ્ન યોગ્ય નથી; કારણ કે (૧) જો એ ઉપાયો ખાલી દેખાડવાના જ ઉપાયરૂપ હોય અને વાસ્તવિક ઉપાયોરૂપ ન હોય તો ભગવાન એને ઉપાયો તરીકે કહે નહીં. કેમ કે સામા જીવને 'ચાલો ઉપાય તો જાણવા

મળ્યા, હવે એ મુજબ કરવા પ્રયત્ન કરીશ' એ રીતે આશ્વાસન મળે, એ માટે પણ અનુપાયને ઉપાય તરીકે જણાવવા માટે જેટલી માયા વગેરે કષાયો જોઈએ એટલા પણ તે ભગવાનમાં હતા નહીં. નહીંતર તો નૂતન દીક્ષિતોને સારણાદિ માટે સ્થવિરોને શા માટે સોંપે ?

(૨) નરક-દુઃખવારણરૂપ પારલૌકિક ચીજ મોક્ષ વિરુદ્ધ જ હોય તો ઉપાય પુછાયેલા ભગવાન 'તેવી પારલૌકિક ચીજની ઇચ્છા કાઢી નાખ' એવું કહેત અથવા મૌન રહેત. પણ ઉપાય દેખાડવાનો જવાબ ન આપત. એમ 'ઇહલૌકિક-પારલૌકિક ચીજવસ્તુ માટે ધર્મ કરવાનું ન જ કહી શકાય.' એ વાત પણ જો ભગવાનને માન્ય હોત તોપણ ભગવાન આ ઉપાય ન દેખાડત. કેમ કે ભગવાનનું એ વચન 'નરક દુઃખવારણરૂપ પારલૌકિક ચીજ માટે તું સામાયિક મેળવવારૂપ, દાન દેવરાવવારૂપ કે હિંસા અટકાવવારૂપ ધર્મ કર.' એવા સ્પષ્ટ અર્થમાં ફલિત થાય છે.

**પ્રશ્ન** : આ બધી વાતો જવા દો ને ! અમને પણ **શ્રી પ્રભાચંદ્રસૂરિ મહારાજાની** વ્યાખ્યા માન્ય જ છે, પણ તેઓએ જે 'ઇહલૌકિક-પારલૌકિક ચીજ' એવી વ્યાખ્યા કરી છે, તેનો અર્થ આલોક-પરલોકમાં મળનારા સમ્યક્ત્વ-પ્રભુભક્તિ-ચારિત્ર વગેરેરૂપ મોક્ષનાં કારણો જ કરવો; જેથી સોમોદય ગણિવરની વ્યાખ્યાનો વિરોધ પણ ન થાય.

**ઉત્તર** : એવો અર્થ કરવો એ **શ્રી પ્રભાચંદ્રસૂરિ મ.** ના અભિપ્રાયથી વિરુદ્ધ જવારૂપ છે, કેમ કે જો તેઓનો અભિપ્રાય સમ્યક્ત્વાદિરૂપ મોક્ષસાધક સામગ્રીને જ જણાવવાનો હોય, તો તો એ વસ્તુને જણાવવા માટે તેઓ **'ઐહિક-આમુષ્મિક'** શબ્દોનો પ્રયોગ ન કરત, તે પણ એટલા માટે કે આ શબ્દો શાસ્ત્રોમાં કે લોકમાં 'ધન-કીર્તિ વગેરેરૂપ અર્થને તૂર્ત ઉપસ્થિત કરી આપનાર' તરીકે અત્યંત પ્રસિદ્ધ છે, અત્યંત પરિચિત છે, માટે તેઓશ્રીએ મોક્ષસાધક સામગ્રીને જણાવવા માટે જો 'ઐહિક-આમુષ્મિક' શબ્દોનો ઉપન્યાસ (ઉલ્લેખ) કર્યો હોય, તો એ અસાંપ્રદાયિક (જૈનશાસ્ત્રકારોના સંપ્રદાયથી વિરુદ્ધ) બની જવાની આપત્તિ આવે, જે તમને પણ અભિપ્રેત નથી. તેથી માનવું પડે કે 'ઐહિક-આમુષ્મિક' શબ્દોથી મોક્ષસાધક સામગ્રી-રૂપ સમ્યક્ત્વ આદિને જણાવવાનો તેઓશ્રીનો અભિપ્રાય નથી.

**પ્રશ્ન :** એ શબ્દોનો ઉપન્યાસ અસાંપ્રદાયિક બની જાય એવું શેના આધારે કહો છો ?

**ઉત્તર : પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાનાં** વચનો પરથી. જુઓ, તેઓશ્રીના **'અધ્યાત્મમત પરીક્ષા'** ગ્રંથમાં આવતો અધિકાર (અધ્યાત્મમત પરીક્ષા ગ્રંથમાં ઉઠાવાયેલી) * **શંકા - 'सिद्धे णो चरित्ती णो अचरित्ती'** એવું સૂત્ર આપનાર સૂત્રકાર ભગવંતને સિદ્ધ ભગવંતમાં ચારિત્રનો અભાવ જણાવવો જ જો અભિપ્રેત છે, તો અભાવને જણાવનાર નઞ પ્રયોગનો આશ્રય કરીને **'सिद्धे अचरित्ती'** અર્થાત્, 'સિદ્ધ અચારિત્રી છે' એવો જ ટૂંકમાં શા માટે ઉલ્લેખ કરતા નથી અને આવો લાંબો ઉલ્લેખ કરે છે ?

**સૈદ્ધાન્તિક તરફથી પૂ. ઉપાધ્યાય મહારાજે તેનું આપેલું સમાધાન :**

એવો ઉલ્લેખ એટલા માટે કરતા નથી કે સિદ્ધાન્તશાસ્ત્રોના અધ્યયન આદિના અનુભવથી તે અધ્યયનાદિ કરનારાઓને એવા સંસ્કારો પેદા થયેલા હોય છે કે 'અચારિત્ર' શબ્દથી સીધો 'અવિરતિ પરિણામ' જ તૂર્ત મગજમાં ઉપસ્થિત થઈ જ જાય, 'ચારિત્રનો અભાવ' નહીં. તેથી **'सिद्धे अचरित्ती'** એવો ઉપન્યાસ કરવામાં 'સિદ્ધનો જીવ અવિરતિ પરિણામવાળો હોય છે' એવો અનભિપ્રેત અર્થ ભાસતો હોવાથી, એ ઉપન્યાસ અસાંપ્રદાયિક બની જાય છે. (વળી તેવો ઉપન્યાસ કરવામાં ગુણાભાવ(ચારિત્રાભાવ) અને દોષ (અવિરતિ પરિણામ) એ બન્ને સ્ફુરતાં હોય તોપણ અહીં બેમાંથી કોણ યુક્ત છે ? વગેરે વિચારણા કરવી પડવારૂપ કઠિનતા પ્રવર્તે છે, જે ભાષાનો પ્રયોગ કરવા અંગેના દોષરૂપ હોઈ સૂત્રકાર માટે યોગ્ય નથી.

**હવે, આ ગ્રંથસંદર્ભની પ્રસ્તુતમાં વિચારણા કરીએ :**

જેમ 'અપુત્ર' શબ્દથી પુત્રનો અભાવ હોવો જણાઈ આવે છે, તેમ 'અચારિત્ર' શબ્દથી ચારિત્રનો અભાવ જણાઈ જવો શક્ય છે જ. તેમ છતાં વિવિધ શાસ્ત્રોમાં તેમજ શાસ્ત્રકારાદિ ગીતાર્થ મુનિ ભગવંતોના પરસ્પર

---

* अथाभावार्थकनञाश्रयणेन 'अचारित्री सिद्धः' इत्येव कुतो नोपदिश्यते ? इति चेत् ? न, समयाम्नायानुभवोपनीत संस्कारमहिम्ना अचारित्रपदादविरतिपरिणामस्यैव झटित्युपस्थितौ तथोपन्यासस्याऽसांप्रदायिकत्वात्, तादृशपदाद् गुणाभावदोषान्तर-स्फूर्त्तिमात्रजनितकठिन-भाषानुबंधिदोषप्रसङ्गाच्च । (अध्यात्ममत परीक्षा, श्लो. १३१ वृत्तौ)

વ્યવહારમાં અચારિત્ર એટલે '**અવિરતિ પરિણામ**' એવા જ અર્થનો વારંવાર ઉલ્લેખ થતો હોવાના કારણે 'ચારિત્રનો અભાવ'ને જણાવવા માટે એ શબ્દનો પ્રયોગ કરવો, એ જો અસાંપ્રદાયિક બની જાય છે, તો 'ઐહિક-આમુષ્મિક' શબ્દો કે જેઓના પ્રયોગ શાસ્ત્રોમાં તેમજ શાસ્ત્રકારાદિ ગીતાર્થ મુનિ ભગવંતોના પરસ્પર વ્યવહારમાં આલોક-પરલોક સંબંધી પૈસા-પરિવાર-કીર્તિ વગેરેને જણાવવા માટે થાય છે, તેનો, સમ્યક્ત્વાદિને જણાવવા માટે કરાયેલો ઉપન્યાસ પણ શું અસાંપ્રદાયિક ન બની જાય ? 'ઐહિક-આમુષ્મિક' શબ્દથી તુરંત ધન વગેરેની ઉપસ્થિતિ થઈ જાય છે. એ તો શાસ્ત્ર-પરિચિત વ્યક્તિઓને અનુભવસિદ્ધ જ છે. 'અચારિત્ર' શબ્દથી તો 'અપુત્ર' વગેરે શબ્દોની જેમ હજુ થોડીઘણીયે 'ચારિત્રાભાવ' ઉપસ્થિત થવાની શક્યતા છે. જ્યારે 'ઐહિક-આમુષ્મિક' શબ્દથી 'સમ્યક્ત્વાદિ' ઉપસ્થિત થવાની એવી કોઈ શક્યતા દેખાતી નથી, માટે **શ્રીપ્રભાચંદ્રસૂરિ મહારાજે** એ શબ્દોનો ઉલ્લેખ સમ્યક્ત્વાદિને જણાવવાના અભિપ્રાયથી કર્યો હોય, તો એ અસાંપ્રદાયિક બની જવાની આપત્તિ આવવી સ્પષ્ટ જ છે. તેથી તેઓશ્રીએ કરેલી તે વ્યાખ્યા પણ 'મોક્ષસાધક સામગ્રીભૂત સમ્યક્ત્વાદિના આશીર્વાદને જણાવવાના અભિપ્રાયવાળી છે' એવું કહેવું યોગ્ય નથી.

બાકી, જો એ રીતે 'ઐહિક-આમુષ્મિક' શબ્દોથી સમ્યક્ત્વાદિની ઉપસ્થિતિ થવી શક્ય હોય, તો તો તમે પણ સીધો એ અર્થ કાઢીને સ્વ-માન્યતાની પુષ્ટિ કરી જ દીધી હોત... પણ એ ઉપસ્થિતિ થઈ શકતી નથી. અને તેથી તમને પણ એ ઉપસ્થિત થઈ નહીં અને તેથી જ તમે એવી સીધી પુષ્ટિનો પ્રયાસ સુધ્ધાં કર્યો નહીં.

વળી, 'યોગશાસ્ત્રમાં શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ધર્મને, આલોક-પરલોકના સુખનું સાધન હોવાના કારણે સુવર્ણબેડીરૂપ પુણ્યકર્મ-બંધનું કારણ હોવાથી ભવભ્રમણના હેતુ તરીકે જણાવ્યો છે. તો શું અહીં વીતરાગ સ્તોત્રમાં સાંસારિક ઈષ્ટપ્રાપ્તિના આશીર્વાદ તેઓશ્રી આપે એવી કલ્પના પણ કરી શકાય ખરી ? આવા મતબલનું લખાણ તમે પૃ. ૪૦ પર કર્યું છે. એ અંગે લખવાનું કે એક સ્થળે અન્ય અપેક્ષાએ લખેલી વાતને ઉપલક દૃષ્ટિએ વિરુદ્ધ દેખાતી હોય તેવી પણ વાત ગ્રંથકારે અન્યત્ર અન્ય અપેક્ષાએ કરી હોઈ, એમાં કોઈ અસંગતિ કે પૂર્વાપર વિરોધ વગેરેરૂપ દોષ હોવા

સંભવિત ન હોઈ તમારું આ લખાણ અયોગ્ય ઠરે છે : (૧) [1] જે ભિક્ષુ તરુણ અને બળવાન હોય તેણે એક પાત્ર રાખવું. આવું કહેનારા ગ્રંથકારો પાત્રક અને માત્રક એમ બે પાત્રાં રાખવાનું કહે એવી કલ્પના પણ કરાય ખરી ?

(૨) કંટકેશ્વરી દેવીએ મરણાંત કષ્ટનો ભય પેદા કરવા છતાં ધર્મ છોડવા તૈયાર ન થવું એવી જોરદાર શ્રદ્ધા જેઓએ કુમારપાળ મહારાજામાં ઊભી કરી હતી અથવા તો અન્યધર્મીઓએ ચમત્કાર દેખાડીને પરમાર્હત્ કુમારપાળને સ્વધર્મમાં ખેંચવા પ્રયાસ કર્યો ત્યારે કુમારપાળ રાજા તે ધર્મ ન કરવા માંડે, એ માટે જેઓશ્રીએ ચમત્કાર દેખાડી તેને જૈનધર્મમાં સ્થિર કર્યો, એ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા સિદ્ધરાજને સર્વ ધર્મો આરાધવાની (અર્થાત્ જૈન સિવાયના અન્ય શૈવાદિ ધર્મો આરાધવાની પણ) સંમતિ દેખાડે એવી કલ્પના પણ થાય ખરી ? આ બે વાતો જેમ કલ્પનારૂપે નહીં, પણ વાસ્તવિકતારૂપે બની છે; તેમ પ્રસ્તુતમાં પણ જાણવું. સિદ્ધરાજને સર્વ ધર્મ આરાધવાની તેઓશ્રીએ સંમતિ દેખાડી હતી, તે પ્રબંધચિંતામણિના નીચેના અધિકાર પરથી જણાય છે.

[2] જેમ સ્વરૂપે નહીં જણાયેલ તે ભેષજાંકુરે પણ ઈષ્ટની સિદ્ધિ કરી, તેમ કલિયુગમાં મોહના કારણે પાત્રનું પરિજ્ઞાન તિરોહિત હોવા છતાં, ભક્તિપૂર્વક જો સર્વદર્શનને આરાધવામાં આવે, તો એમાં ભેગું ભેગું ચારી સંજીવનીચાર ન્યાયથી, સ્વરૂપે નહીં જાણેલું એવું પણ પાત્ર ભક્તિનો વિષય બની જવાથી મુક્તિપ્રદ બને છે એ વાત નિર્ણીત છે. શ્રી હેમચંદ્રાચાર્યે સર્વદર્શનનું સન્માન -ભક્તિ કરવાનું આ રીતે નિવેદન કર્યે છતે શ્રી સિદ્ધરાજે સર્વ ધર્મોને આરાધ્યા.

કહેવાનો આશય એ છે કે '(એક સ્થળે) આવું કહેનારા (ધર્મ, અર્થ-કામનું સાધન હોવાથી ભવભ્રમણહેતુ છે ઈત્યાદિ કહેનારા) મહાત્માઓ (અન્ય સ્થળે) આવું (અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ, એવું) કહે ખરા ?' માત્ર એટલું જ કહીને અને બીજી કોઈ શાસ્ત્રોક્ત યુક્તિ દેખાડ્યા વિના

---

૧. यो भिक्षुस्तरुणो बलवान् स एकं पात्रं गृह्णीयाद् ।

२. यथा तदज्ञातस्वरूपोऽपि भेषजांकुरः समीहितकार्यसिद्धिं चकार तथा कलियुगे मोहात्तदपि तिरोहितं पात्रपरिज्ञानं सभक्तिकं सर्वदर्शनाराधनेनाविदितस्वरूपमपि मुक्तिप्रदं भवतीति निर्णयः। इति हेमचन्द्राचार्यैः सर्वदर्शनसन्माने निवेदिते सति श्री सिद्धराजः सर्वधर्माराधनां चकार । (प्रबन्धचिन्तामणि, प्रकाश–३)

તમે અહીં તથા મનોરમાકથા, શ્રીઅજિતશાંતિસ્તવ, શ્રીઉત્તરાધ્યયન સૂત્ર-વૃત્તિ વગેરેમાં વિધાનો આદિ સ્થળે સ્વમતની પુષ્ટિનો અને શાસ્ત્રીય મતને તોડવાનો જે પ્રયાસ કર્યો છે તે સાવ અનુચિત છે.

વળી, તત્ત્વાવલોકનના પૃષ્ઠ ૪૧ પર 'કુમારપાળ મહારાજાનું ઈચ્છિત' આવા શીર્ષક હેઠળ એમણે રચેલા શ્રીસાધારણ જિનસ્તવનના શ્લોકો ટાંકી, છેવટે ઉપસંહાર કરતાં તમે લખ્યું છે કે ××× તેમના આવા પ્રકારના હૈયાના ભાવો વાંચ્યા પછી હવે તો એમનું ઈપ્સિત, 'ઐહિક અને આમુષ્મિક' શબ્દથી - સંસારના સુખનું હતું - એવી કલ્પના શાસ્ત્રગર્ભિત છે કે કદાગ્રહગર્ભિત ? એ મધ્યસ્થભાવે વિચારણીય છે. ×××

**સમીક્ષા :** શ્રીપ્રભાચન્દ્રસૂરિ મહારાજે 'ઐહિક-પારલૌકિક' એવી જે વ્યાખ્યા કરી છે એને તમે અમાન્ય તો કરી જ શકતા નથી. તો તમારે માટે મહત્ત્વની ફરજ એ હતી કે આ શબ્દોનો તમે શો અર્થ કરો છો એની છણાવટ કરવી. જ્યારે તમે એને તો સ્પર્શ્યા જ નથી ને બીજો ઘણો ઘણો વિસ્તાર ખડો કરી દીધો. હવે એ શ્લોકોમાં એમના હૈયાના ભાવો જે વાંચવા મળે છે, એના પર થોડો વિચાર કરીએ.

હું એમ કહું છું કે એમના હૈયાના ભાવો પેરથી પણ 'એ વખતે એમને ઈહલૌકિક-પારલૌકિક ચીજની ઈચ્છા નહોતી' એમ સિદ્ધ થઈ શકતું નથી.

**પ્રશ્ન :** અરે ! આ તમે શું કહી રહ્યા છો ? એ સ્તવનની ૩૩મી ગાથાનો અર્થ કરતાં, **તત્ત્વાવલોકન**ના પૃ. ૪૨ પર કહ્યું છે ને કે ××× 'તેથી હે નાથ! હવે કોઈ એવી વસ્તુ નથી કે જેની હું માગણી કરું ! પરંતુ ભવોભવમાં મને તારી આજ્ઞા પ્રત્યેનો આદર વધતો જ રહે એવી પ્રાર્થના કરું છું. ×××' શું આનાથી નથી જણાતું કે તેમને કોઈ વસ્તુની ઈચ્છા નહોતી ?

**ઉત્તર :** મહાત્મન્ ! એક સામો પ્રશ્ન પૂછું ? એ ગાથામાં 'અત: પરમ્' આટલો જે અંશ છે તેનો અર્થ તમે કેમ લખ્યો નથી ? તેથી ખરો અર્થ આવો છે કે 'દેવ તરીકે વીતરાગ પરમાત્મા અને ગુરુ તરીકે શ્રીહેમચન્દ્રાચાર્ય જે મળ્યા છે તેનાથી વધીને કોઈ વસ્તુ નથી, જેની હું માગણી કરું.' દુન્યવી કોઈ પણ ચીજ દેવ અને ગુરુ કરતાં વધુ તો નથી જ કે જેની હું માગણી કરું... આવો એમના હૈયાનો ભાવ અહીં પ્રકટ થાય છે. પણ એટલા માત્રથી એમને કોઈ

વસ્તુની ઈચ્છા પણ નહોતી એમ કહી શકાતું નથી. ખાવું-પીવું એ રાજ્ય-પ્રાપ્તિથી વધુ ન હોવા માત્રથી, ચક્રવર્તી પાસે શક્યતા જોઈને, નાનામોટા રાજ્યની માગણી કરનારા–યાચક–ને ખાવાપીવાની ઈચ્છા હોય જ નહીં; એવું કાંઈ છે નહીં. હકીકત તો એ છે કે 'ક્યારે (૧) મમત્વ વગેરેને છોડી આત્માને જ સાર માનનારો બનું, (૨) આત્મસ્વરૂપમાં આનંદ કરનારો બનું, (૩) સંયમનું પાલન કરનારો બનું...' ઈત્યાદિ એમની ભાવનાઓ જણાવે છે કે મમત્વ વગેરે છોડવાની એમની ભાવના છે. હજુ એ છૂટ્યાં નથી....ને મમત્વ વગેરે ઊભાં છે એટલે કાંઈ ને કાંઈ ઈચ્છા તો થવાની જ. શ્રાવક એવી ભાવનામાં તો રમતો હોય કે 'હે પ્રભો ! ક્યારે આ ધનસંપત્તિનો ત્યાગ કરી સાધુ બનું'; પણ એટલા માત્રથી એને, જ્યાં સુધી એ સાધુ બન્યો નથી, ત્યાં સુધી ધન-પ્રાપ્તિની ઈચ્છા ન જ થાય એવું ક્યાં છે ?

કુમારપાળ મહારાજા સાધુ નહોતા કે જેથી એમને આલોક-પરલોક સંબંધી કોઈ ઈચ્છા જ ન રહે. પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયનું કાર્ય જ આ કે એવી ઈચ્છાઓ ઊભી કરાવ્યા કરે. શું કુમારપાળ મહારાજાને પોતાના નામનો સંવત્સર ચલાવવાની ઈચ્છા નહોતી જાગી ?

એટલે, શ્રી કુમારપાળ મહારાજાને ઈહલૌકિક-પારલૌકિક કોઈ ઈચ્છા નહોતી એમ કહી શકાતું નથી. તેમજ શ્રીપ્રભાચન્દ્રસૂરિ મહારાજે કરેલી વ્યાખ્યા પરથી 'ગીતાર્થ આચાર્યભગવંતો ઐહિક-આમુષ્મિક ચીજના આશીર્વાદ ન જ આપે એવું નથી' એ વાત તમારે સ્વીકારવી જોઈએ. શું ગીતાર્થ સંવિગ્ન મહાત્માઓ પણ 'બૃહત્શાંતિ'માં **'अक्षीणकोशकोष्ठागारा नरपतयश्च भवन्तु स्वाहा'** - 'રાજાઓ ધન-ધાન્યના અખૂટ ભંડારવાળા થાઓ' એમ નથી બોલતા?

■

> **તત્ત્વાવલોકનમાં અનેક શાસ્ત્રપાઠો આપેલા છે. ઢગલાબંધ શાસ્ત્રોના આધારપૂર્વક કહેવાયેલી વાતો શું ખોટી હોઈ શકે ?**
>
> **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે 'ધર્મપરીક્ષા' ગ્રન્થ દ્વારા એ સૂચન કર્યું છે કે "કોઈ વ્યક્તિ શાસ્ત્રવચનોને ટાંકવાપૂર્વક પોતાની વાત કરતી હોય, એટલામાત્રથી એની વાતોને બેધડક સાચી માની લેવી ન જોઈએ; કારણ કે પોતાના કુતર્કોના જોરે શાસ્ત્રવચનો પરથી પણ અનર્થ ફેલાવી શકાય છે."**

# વિષય-૩

## મનોરમા કથાના વિધાનનું રહસ્ય
## (તત્ત્વા૦ પૃ. ૬૮)

**સમીક્ષા** : આ પ્રકરણમાં 'કેવળ શબ્દાર્થગ્રાહી ન બનાય. આગળ-પાછળનો સંદર્ભ તપાસી તાત્પર્યને પકડવું જોઈએ.' ઈત્યાદિ તમે ઘણું કહ્યું. તમારી એ વાત અમને માન્ય પણ છે જ, પણ એમાં વધારો એટલો કરવો આવશ્યક છે કે જે તાત્પર્યાર્થ પકડવાનો હોય, તે અધિકૃત શ્લોકના શબ્દો પરથી પણ નીકળતો હોવો જોઈએ. એ શાસ્ત્રપાઠના શબ્દોનો જો કોઈ આધાર જ લેવાનો ન હોય, એ શબ્દોને જો આકાશમાં અધ્ધર ઉડાડી જ દેવાના હોય તો એ કોઈ રીતે યોગ્ય ન ઠરે. કેમ કે એમાં તમારે મતે એવો અર્થ ફલિત થઈ જાય કે 'શાસ્ત્રકારે ત્યાં વાપરેલા તે શબ્દો તો સાવ નિરર્થક જ છે' અને આવો ફલિતાર્થ શાસ્ત્રકારોની મહાન આશાતનારૂપ છે. તે પણ એટલા માટે કે તમારી એ કલ્પનામાં શાસ્ત્રકારોને ઉન્મત્ત થયેલા માણસ જેવા, રસ્તે બબડતા જતા રખડતા માણસ વગેરે જેવા ઠેરવવાનું થાય છે. કેમ કે તેવા માણસો જ અર્થ વગરના ગમે તેવા નિરર્થક લવારા કર્યા કરતા હોય છે. વળી, તમારી કલ્પનામાં એવું પણ ફલિત થઈ જશે કે 'શાસ્ત્રકારને પોતાને જે વાત જણાવવી છે તેના વાચક શબ્દોનું જ્ઞાન નથી, જેથી ગમે તેવા નિરર્થક શબ્દો વાપરી નાખ્યા.' જે પણ એક ભયંકર આશાતનારૂપ છે.

મુનિવર ! **जइ इच्छह धणरिद्धिं** અને **चक्कहरामर०** - આ બે શ્લોકોના શબ્દો પરથી, તમને અભિપ્રેત તાત્પર્યાર્થ કઈ રીતે નીકળે છે એ દર્શાવવાનો તો તમે કોઈ જ પ્રયાસ કર્યો નથી. તો શું એ શબ્દોમાં, એ અભિપ્રેત તાત્પયાર્થને જણાવવાનું કોઈ સામર્થ્ય જ નથી ? એ શબ્દોનું શું કોઈ મહત્ત્વ જ નથી ? અને તેમ છતાં સમર્થ શાસ્ત્રકારો એવા વ્યર્થ શબ્દોનો ઉપયોગ કરે એવું તમે માનો છો ? મહાત્મન્ ! ખોટું ના લગાડશો, પણ શાસ્ત્રીય તાત્પર્યાર્થને જણાવવા અમે જે જે શાસ્ત્રવચનો ટાંક્યાં છે એના પરનાં તમારાં ઘણાંખરાં અવલોકનોમાં આ જ પદ્ધતિ જોવા મળે છે કે એ શાસ્ત્રવચનોને ગૌણ બનાવી, એના પરથી અર્થ કાઢવાનો પ્રયાસ સુધ્ધાં ન કરી, આગળ-પાછળ શાસ્ત્રકારો શું કહે છે એનો જ વિસ્તાર ખડો કરી દેવો. અને જ્યાં અર્થ કાઢવાનો તમે પ્રયાસ કર્યો છે ત્યાં, 'અર્થ-કામની ઈચ્છાથી ધર્મ તો કરી શકાય જ નહીં કે ધર્મ કરવાનો ઉપદેશ

તો આપી શકાય જ નહીં,' એવો તમારો અભિપ્રેત અર્થ તમે નિષ્કપટપણે કાઢી શકયા જ નથી. જુઓ, તમારું સાતમું અવલોકન ... (પૃ.૧૦૨ થી ૧૧૨)

**समुदितक्रयविक्रयादिप्रारम्भे चाविघ्नेनाभिमतलाभादिकार्यसिद्ध्यर्थं परमेष्ठिस्मरण श्रीगौतमादिनामग्रहण-कियत्तद्वस्तुश्रीदेवगुर्वाद्युपयोगित्वकरणादि कर्तव्यं, धर्मप्राधान्येनैव सर्वत्र साफल्यभावात्** ॥ श्राद्धविधि, पत्र -९९-ए ॥

**श्राद्धविधिग्रन्थ** ના આ અધિકારનો અર્થ સ્પષ્ટ છે કે જથ્થાબંધ (અથવા અનેકની ભાગીદારીમાં) ખરીદ-વેચાણનો પ્રારંભ કરતાં પૂર્વે નિર્વિઘ્નપણે ઈષ્ટ લાભ, વેપારની સફળતા વગેરે કાર્યસિદ્ધિ થાય, એ માટે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું. શ્રીગૌતમસ્વામીનું નામ લેવું, લાભમાંથી અમુક હિસ્સો દેવ-ગુરુના કાર્યમાં ઉપયોગી બનાવવાનો સંકલ્પ વગેરે કરવું... કારણ કે **સર્વત્ર સફળતા ધર્મને પ્રધાન કરવાથી જ મળે છે.**

વેપારમાં નફો વગેરેરૂપ કાર્યસિદ્ધિ માટે પંચપરમેષ્ઠીના સ્મરણ વગેરે રૂપ ધર્મ કરવાનું આ સ્પષ્ટ વિધાન છે. આ અને આવાં અન્ય શાસ્ત્રવચનોના આધારે જ અમે, **'અર્થ-કામની ઈચ્છા હોય તોપણ ધર્મ જ કરો'** વગેરે પ્રતિપાદન કરીએ છીએ, જે તમને અનિષ્ટ લાગે છે. આ શાસ્ત્રપાઠનો, સ્પષ્ટ વિધાનાત્મક આવો અર્થ, ચાલો તમને માન્ય નથી, તો મહાત્મન્ ! તમે આ શાસ્ત્રવચનોનો શો અર્થ કરો છો ? એ તો જણાવો... આ અવલોકનમાં પૂરાં અગિયાર પૃષ્ઠો તમે ભર્યાં છે, એમાં, આ શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંન્થ ભાવશ્રાવક માટે રચાયેલા છે, અને ભાવશ્રાવક કેવો હોય ? ઈત્યાદિ ઘણું ઘણું લખ્યું છે; પણ આ પ્રસ્તુત પાઠનો ઉક્ત વિધાનાત્મક અર્થ તમે નથી કરતા, તો શો અર્થ કરો છો ? એ જણાવવા એક શબ્દ પણ લખ્યો નથી. તો શું કશા અર્થ વગરનાં નિરર્થક વચનો શાસ્ત્રકાર મહર્ષિ બોલ્યા છે એવું તમે માનો છો ? જો ના, તો નિશ્ચિત થયું કે આ શાસ્ત્રપાઠ પણ વિશિષ્ટ અર્થ ધરાવે જ છે, અને ઉક્ત વિધાન સિવાય બીજો કોઈ અર્થ તો તમે પણ કાઢી શકતા નથી, માટે સિદ્ધ થાય છે કે ઉક્ત શાસ્ત્રાધિકાર, **'વેપારમાં ઈષ્ટસિદ્ધિ માટે ધર્મ કરવો જોઈએ'** એવો જ અર્થ જણાવે છે.

[વળી, પૃ. ૧૦૯ પર તમે જણાવ્યું છે કે xxx આ વિધાન સંસારથી વિરક્ત અને એકમાત્ર મોક્ષને જ ઉપાદેયરૂપે અંતરની પૂર્ણ તમન્નાથી ઝંખતા સમ્યગ્દૃષ્ટિ વગેરે અવસ્થામાં રહેલા ભાવશ્રાવક માટે કરાયેલું છે. xxx

મહાત્મન્ ! તમારા આ પ્રતિપાદનથી એ સ્પષ્ટ છે કે (૧) આવો ભાવશ્રાવક મુગ્ધ નહીં, પણ મુગ્ધેતર હોય છે, કારણ કે એ મોક્ષને જાણે છે, સમજે છે અને ઉપાદેયરૂપે પૂર્ણ તમન્નાથી ઝંખે છે; અને (૨) આવા મુગ્ધેતર જીવ માટે શાસ્ત્રકારોએ વેપારમાં ઈષ્ટસિદ્ધિ વગેરે માટે ધર્મ કરવાનું વિધાન કર્યું છે.

વળી, જેઓ હજુ મોક્ષને સમજતા જ નથી, એવા મુગ્ધ જીવો માટે તો સાભિષ્વંગ (અર્થ-કામની અપેક્ષાવાળા) રોહિણી વગેરે તપ-ધર્મ કરવાનું વિધાન પણ તમે માનો જ છો.

તેથી તમારા પ્રતિપાદન પરથી એવું નિશ્ચિત થાય છે કે **મુગ્ધ કે મુગ્ધેતર કોઈ પણ જીવને અર્થકામની ઈચ્છાથી પણ ધર્મ કરવાનું વિધાન** શાસ્ત્રકારો કરે જ છે. ભાવશ્રાવકથી પણ ઉપર રહેલા સાધુઓ મુગ્ધેતર છે. પણ તેઓને તો અપ્રત્યા૦ અને પ્રત્યા૦ કક્ષાના રાગનો ઉદય ન હોવાથી ભૌતિક ઈચ્છા જ હોતી નથી. માટે એવી ઈચ્છાથી શું કરવું એનું વિધાન હોવાનો પ્રશ્ન જ રહેતો નથી. તેથી જ, ક્ષાયિક સમકીતી શ્રીકૃષ્ણ, અત્યંત ધર્મપરિણત શ્રીપાળકુંવર વગેરેએ પણ એવા પ્રયોજનથી ધર્મ કર્યાની વાતો શાસ્ત્રોમાં જોવા મળે છે.

વળી, પૃ.૧૦૯ પર તમે લખ્યું છે કે ×××પરંતુ તેવી સામગ્રી મેળવીનેય મોજમજા કરી લેવા માટે નહિ. ××× મહાત્મન્ ! આવું બધું શા માટે લખવું પડે છે ? 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એ શાસ્ત્રવચનોને ટાંકીને અમે આવો જે ઉપદેશ આપીએ છીએ, તે શ્રોતા એ રીતે ધર્મ કરે, અર્થ-કામ મેળવે અને પછી એમાં લીલાલહેર કરતો થઈ જઈ ધર્મમાં આગળ તો ન વધે, પણ ધર્મને ભૂલી જ જાય; એ માટે અમે આવો ઉપદેશ આપીએ છીએ ? એવું અમારું પ્રતિપાદન ક્યાંય છે કે જેથી તમારે આવું લખવું પડે ? અમારા પ્રતિપાદનમાંથી કોઈ દોષ નીકળતો ન હોવાથી, જે અનુચિત પ્રતિપાદન વસ્તુતઃઅમે કરતા નથી, એ અનુચિત પ્રતિપાદન પણ જાણે કે અમે કરી રહ્યા છીએ, એવો વાચકના મનમાં ભાવ ઊભો કરવા માટે જ આવું બધું લખાય છે ને ? તો પછી મધ્યસ્થતા ક્યાં રહી ? હકીકત એ છે કે સ્વઈષ્ટ અર્થકામની પ્રાપ્તિ ધર્મથી કરીને, ધર્મ પ્રત્યે શ્રદ્ધા-રુચિ વગેરે વધારવા દ્વારા આગળ વધતો જાય અને એ રીતે આગળ વધતાં વધતાં સામો જીવ એવી ભૂમિકા સુધી પહોંચી જાય કે સાભિષ્વંગમાંથી નિરભિષ્વંગ અનુષ્ઠાનો કરતો થઈ જાય અને સંપૂર્ણ આત્મહિત સાધી જાય. એવી શુભ ભાવનાથી જ શાસ્ત્રકારોએ આવાં

વિધાનો કર્યાં છે અને (એ વિધાનોને અનુસરીને) અમે આવો ઉપદેશ આપીએ છીએ. ]

મુનિવર ! આ તો સપ્રસંગ તમારા સાતમા અવલોકન અંગે કંઈક કહેવા યોગ્ય કહી દીધું. તમારી પદ્ધતિનો એક બીજો નમૂનો દેખાડું. પૃષ્ઠ ૨૪૨ પર તમે લખ્યું છે કે ××× પોતાની ઉપર મુજબની વિચારધારાના સમર્થન માટે તેમના દ્વારા **શ્રીયોગબિન્દુ**ના કેટલાક શ્લોકોનો આધાર લેવામાં આવ્યો છે; પરંતુ પ્રામાણિકપણે વિચારતાં શ્રીયોગબિન્દુના તે શ્લોકો તેમની વિચાર-ધારાને લેશ પણ પુષ્ટિ આપતા નથી.××× મુનિવર ! તમે આ પ્રમાણે જણાવ્યું છે, પણ શ્રીયોગબિન્દુના જે શ્લોકોનો આધાર લેવાયો છે એ શ્લોકો આપીને સામી વ્યક્તિ પોતાની વિચારધારાનું એના આધારે કઈ રીતે પ્રતિપાદન કરે છે, એમાં ક્યાં ભૂલ થાય છે કે જેથી એ વિચારધારા અપ્રામાણિક ઠરે, અને એ અપ્રામાણિક છે તો એ શ્લોકો પરથી તમને પ્રામાણિક તરીકે અભિપ્રેત વિચારધારા કઈ રીતે નીકળે છે ? આ બધું તો તમે કાંઈ જ દર્શાવ્યું નથી. આનો અર્થ શું એવો ન થાય કે તમે જે કહેવા માંગો છો એ શાસ્ત્રાધારિત નથી, માટે તમે શાસ્ત્રાધાર લઈને નિરૂપણ કરવાનું ટાળ્યું છે ?

આપણી પ્રસ્તુત વાત એ હતી કે 'અર્થકામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ, આવો ઉપદેશ આપી શકાય નહીં.' આવી જે તમારી માન્યતા છે તે અધિકૃત શાસ્ત્રવચનો પરથી કઈ રીતે સિદ્ધ થાય છે ? તે દર્શાવવાની કોઈ જવાબદારી જ તમે સમજતા નથી ને એ વચનોને તો હવામાં અધ્ધર જ ઉડાડી દો છો, એ એક ભારે ખેદજનક બીના છે !

ત્રીજા પંચાશકની ૪૯મી ગાથા - '**आलोइऊणं**'ની વૃત્તિનો અર્થ કરતાં તમે પણ પૃ.૧૯૦ પર જણાવ્યું છે કે ××× માત્ર વિચારણાથી તત્ત્વબોધ થઈ શકતો નથી. તત્ત્વના બોધ માટે પૂર્વાપર ક્યાંય બાધ ન આવે તે રીતે વિચારણા કરવાની આવશ્યકતા રહે છે. ××× આમાં, પૂર્વાપર ક્યાંય બાધ ન આવે તે રીતે વિચારણા જે કરવાની છે, તે કોની વિચારણા ? પૂર્વાપરના સંદર્ભોની તો નહીં જ, કેમકે એને તો એની સાથે વિરોધ આવવાનો પ્રશ્ન જ હોતો નથી. એટલે એ વિચારણા તો **અધિકૃત વચનો પરની જ જોઈએ ને?** એ તો તમે કરતા જ નથી ! તો તત્ત્વબોધ શી રીતે થશે ? અસ્તુ.

મહાત્મન્ ! **'કેવલ શબ્દાર્થગ્રાહી ન બનાય.'** ઇત્યાદિ કથનની વાસ્તવિકતા એ છે કે (૧) જે શબ્દાદિની વિશેષ વ્યાખ્યા કરવામાં ન આવે અને માત્ર યથાશ્રુત અર્થ લેવામાં આવે, તો કોઈ અન્ય શાસ્ત્રાર્થનો બાધ થતો હોય; અથવા (૨) જે શબ્દ, વાક્ય કે શ્લોકાદિ પરથી અનેક અર્થો નીકળતા હોય અને તેથી આગળ-પાછળના સંદર્ભને અનુકૂળ ન હોય, તેવા અર્થ પકડીને કોઈને ભ્રમ ઊભો થયો હોય, તો ગીતાર્થ મહાત્મા તેને આગળ-પાછળનો સંદર્ભ સમજાવી તેને અનુકૂળ તાત્પર્યાર્થ તે શબ્દાદિ પરથી કાઢી આપે; અને અન્ય શાસ્ત્રાર્થના બાધક અર્થને કે તે ભ્રાન્તપુરુષે જે ખોટો અર્થ પકડ્યો હોય તેને, તેના મગજમાંથી દૂર કરે. બાકી એ શબ્દો પરથી જો અભિપ્રેત યથાર્થ તાત્પર્યાર્થ નીકળતો ન હોય અને અનભિપ્રેત વિરુદ્ધ (અને તેથી) અયથાર્થ એવો અર્થ માત્ર નીકળતો હોય, તો તો તે શાસ્ત્ર જ અપ્રમાણ બની જાય. માટે જે શબ્દાદિ પરથી વિપરીત અર્થ ગ્રહણ થયો હોય, સંદેહાદિ પડ્યા હોય, વિવાદાદિ ઊભા થયા હોય તે તે શબ્દાદિ પરથી અભિપ્રેત યથાર્થ અર્થ કાઢી બતાવવો જોઈએ અને પછી તેનું સંદર્ભાદિથી સમર્થન કરવું જોઈએ.

પ્રસ્તુતમાં તમે 'મનોરમા કથાના કથાકાર પોતે જ સંસારનાં સુખોને કેવાં જણાવે છે તે જુઓ - જે ધન, સુવર્ણ, દ્વિપદ, ચતુષ્પદ વગેરે ઋદ્ધિવાળા સુખી છે, તે પરમાર્થથી દુઃખી જ છે.' ઇત્યાદિ આગળ-પાછળના શ્લોકોનો અર્થ ટાંક્યો છે અને પછી લખ્યું છે કે આ રીતે સંસાર-સુખ તાત્ત્વિક દૃષ્ટિએ વિરસ છે, દારુણ છે, દુઃખરૂપ છે... ઇત્યાદિ ફરમાવનારા કથાકાર ધન વગેરેરૂપ સંસાર-સુખ માટે ધર્મ કરવાનો ઉપદેશ શી રીતે આપે ?' આવું લખી દેવા માત્રથી સ્વમાન્યતાની સિદ્ધિ થઈ જતી નથી. એટલે કે તમારી જે માન્યતા છે કે - 'જો તમે ધનરિદ્ધિને ઇચ્છો છો, જો તમે ગુણપ્રાપ્તિને ઇચ્છો છો, જો તમે જગતમાં સુપ્રસિદ્ધિને ઇચ્છો છો, તો અત્યંત સુગંધી દ્રવ્યોથી શ્રીજિનેશ્વર-દેવના બિંબની પૂજા કરો.' વગેરે જણાવનાર **'जइ इच्छह धणरिद्धिं'** વગેરે શ્લોકો પણ ધન વગેરેની ભૌતિક ઇચ્છાવાળા જીવોને ગંધપૂજા કરવાનું વિધાન કરતા નથી - તે સ્વમાન્યતાની, આગળ-પાછળના શ્લોકોના અર્થ લખી દેવા માત્રથી સિદ્ધિ થઈ જતી નથી.

તમે તો મુનિવર ! 'અમે શાસ્ત્રસંમત કેટલા બધા શ્લોકો ટાંકીએ છીએ, અમારી વાત જ શાસ્ત્રસિદ્ધ છે; બીજી કોઈ વાત શાસ્ત્રસિદ્ધ નથી.' ઇત્યાદિ

દેખાવ ઊભો કરવા અને ચર્ચાસ્પદ શ્લોકોને જાણે કે ભુલાવી દેવ:ના ઈરાદાથી પુષ્પપૂજા વગેરે અંગેના શ્લોકો ટાંકીટાંકીને પાનાંનાં પાનાં ભરી દીધાં ! પણ **'जइ इच्छह'**... અને **'चक्कहरामर'** શ્લોકના શબ્દોને પકડીને, તેના પરથી સ્વાભિપ્રેત તાત્પયાર્થ કાઢવાનો પ્રયાસ સુધ્ધાં કર્યો નહિ. શાસ્ત્રકારોનાં વચનના ગીતાર્થ મહાત્માઓએ કરેલા અર્થ પર અવલોકન = સમીક્ષા કરવા બેઠેલા તમે, શાસ્ત્રોમાં પણ અનેક સ્થળોએ આવી જે સમીક્ષાઓ આવે છે, ભ્રાન્ત વ્યક્તિઓની ભ્રાન્તિ દૂર કરનાર પ્રરૂપણાઓ આવે છે, તે જોઈ હશે. 'જે શબ્દ વાક્યાદિ પરથી જ કાં તો તે વિપર્યાસ-ભ્રમ-સંદેહ દૂર કરવા અને કાં તો અન્ય વચનાદિ પરથી તે ભ્રમ-સંદેહ દૂર કરીને પછી એ ભ્રમના નિમિત્તભૂત તે શબ્દાદિ પરથી પણ આવો જ (અભ્રાન્ત) અર્થ અથવા એને અનુકૂળ અર્થ નીકળે છે, એવું તારવી દેખાડવું' એ શાસ્ત્રકારોની લગભગ અનેક સ્થળે જોવા મળેલી પ્રણાલિકા છે. જુઓ –

(૧) **'विज्ञानघनएवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति, न च प्रेत्यसंज्ञाऽस्ति'** આ વેદવચન પરથી ઈન્દ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણને જીવ અંગે ઊભી થયેલી શંકાનું પ્રત્યક્ષ - અનુમાનાદિ પ્રમાણોથી નિરાકરણ કરી, પછી ભગવાને આ વચનો પરથી પણ સ્વાભિપ્રેત અર્થની યાને જીવદ્રવ્યની સિદ્ધિ કરી આપી (આ વાત ઘણી પ્રસિદ્ધ છે. માટે લખતો નથી. જુઓ **વિશેષાવશ્યક ભાષ્ય**, શ્લોક નં. ૧૫૮૮ થી ૧૫૯૬). જોકે અહીં તો, ભગવાને સ્વાભિપ્રેત અર્થ કદાચ એ વચનોમાંથી કાઢી આપ્યો ન હોત, તોપણ વેદ અપ્રમાણ થવાનો જે પ્રશ્ન ઊભો થાત, તે પોતાને આપત્તિરૂપ નહોતો. તેમ છતાં ભગવાને સ્વાભિપ્રેત યથાર્થ અર્થ તેના પરથી પણ કાઢી આપ્યો છે.

યોગશાસ્ત્રના* (૪-૮૭) શ્લોકમાં જે **'ज्ञेया सकामा यमिनाम्'** કહ્યું છે, તેને પકડીને મિથ્યાત્વીને સકામ નિર્જરા ન જ હોય' એવી માન્યતાવાળો પૂર્વપક્ષી

---

* "न च वाच्यं 'ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम्' (योगशास्त्र,-४-८७) इत्यनेन योगशास्त्रस्यैव, वचनान्तरेण यतीनामेव सकामनिर्जरा सिध्यति, मिथ्यादृशां तु कर्मक्षयाद्यर्थं तपः कष्टं तन्वतामप्यकामैवेति, 'ज्ञेया सकामा यमिनाम्' इत्यादि वचनस्योत्कृष्टसकामनिर्जरा-स्वामि-कथनपरत्वात्, उत्कृष्टा हि सकामा निर्जरा तेषामेव भवेदिति। अन्यथा देशविरतानाम-विरतसम्यग्दृशां चाकामनिर्जरैव प्राप्नोति, तेषामपि यमिशब्दाव्यपदेश्यत्वेन विशेषाभावात् । न चैतदिष्टं, तस्मादेतद्वचनमुत्कृष्टसकामनिर्जराधिकारिकथनपरमिति न दोषः।"

(धर्मपरीक्षा–गाथा ३७, वृत्ति-प्रत पृष्ठ १३१)

કહે છે કે-'યોગશાસ્ત્રના આ બીજા વચનથી સિદ્ધ થાય છે કે સાધુઓને જ સકામ નિર્જરા હોય છે. મિથ્યાત્વીઓને તો કર્મક્ષય વગેરે માટે તપ-કષ્ટ કરતાં હોય તોપણ અકામ નિર્જરા જ હોય છે.'

પૂર્વપક્ષીના આ વચન અંગે પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે **'ज्ञेया सकामा यमिनाम्'** એવું જે કહ્યું છે તે 'ઉત્કૃષ્ટ સકામ નિર્જરા તેઓને જ હોય છે' એ રીતે ઉત્કૃષ્ટ સકામ નિર્જરાના સ્વામીને જણાવવાના તાત્પર્યમાં છે. જો આવું તાત્પર્ય ન માનો તો દેશવિરતિ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ અકામ નિર્જરા જ હોવી સિદ્ધ થઈ જાય; કેમ કે તેઓ પણ 'યમી' શબ્દથી વાચ્ય ન હોઈ 'અયમી'રૂપે તો મિથ્યાત્વી કરતાં કોઈ વિશેષતા ધરાવતા નથી. પણ તેઓને અકામ-નિર્જરા જ હોય એ શાસ્ત્રકારને ઈષ્ટ નથી, તેથી આ વચન ઉત્કૃષ્ટ સકામ-નિર્જરાના અધિકારીને જણાવવાના તાત્પર્યમાં છે, એમ માનવું જોઈએ... જેથી કોઈ દોષ રહેતો નથી.

અહીં પૂ. ઉપાધ્યાયજી મહારાજા "દેશવિરતિ અને અવિરત સમ્યક્ત્વી જીવોને પણ સકામ નિર્જરા હોવી તો અન્યત્ર શાસ્ત્રાદિમાં પ્રસિદ્ધ જ છે, જેનો આ શ્લોકના સીધા અર્થથી વિરોધ થાય છે. તેથી આગળ-પાછળનો સંદર્ભ તપાસી, આવો વિરોધ ન થાય એ માટે કહેવું જોઈએ કે આ શ્લોક પરથી મિથ્યાત્વીઓને પણ સકામ નિર્જરાનો નિષેધ સિદ્ધ કરી શકાતો નથી." એટલું જ કહીને અટકી ગયા નથી, કિન્તુ શ્લોક પરથી જ તાત્પર્યાર્થ કાઢી મિથ્યાત્વીઓને પણ સકામ નિર્જરા હોવી સંભવે છે; એવા સ્વાભિપ્રેતાર્થની સિદ્ધિ કરી છે. (અહીં જે *ધર્મપરીક્ષા* અને *અધ્યાત્મમત પરીક્ષા*ના સંદર્ભો ટાંક્યા છે, તે લંબાણ કરવા માટે નહિ, પણ તમારી પદ્ધતિ શાસ્ત્રકારોની પદ્ધતિ કરતાં કેટલી બધી વિરુદ્ધ અને અલ્પજ્ઞતા ભરેલી છે તે દર્શાવવા માટે છે, એની નોંધ લેવા વિનંતી છે.)

**પ્રશ્ન :** પણ અમે પણ **जइ इच्छह**... અને **चक्कहरा**... એ બે શ્લોકો 'પૂજાનો મહિમા દર્શાવનારા છે, પણ તેવાં સુખો મેળવવા માટે પૂજા કરવાની પ્રેરણા-વિધાન કરનારા નથી ઈત્યાદિ તાત્પર્ય દેખાડ્યું જ છે ને ? તો પછી તમે કેમ એમ કહો છો કે અમે એ શ્લોકોને અધ્ધર જ ઉડાડી દઈએ છીએ... ઈત્યાદિ!

**ઉત્તર :** હા ! તમે તાત્પર્ય દેખાડવાનો આભાસ ઊભો કર્યો છે ખરો, પણ શાસ્ત્રવિધાનના શબ્દો સાથે તદ્દન અસંગત હોય તેવું તાત્પર્ય દેખાડ્યું

છે. જેમાં આ રીતે વિધ્યર્થ પ્રયોગ થયો હોય ('જો તમે આને ઇચ્છો છો તો આમ કરવું જોઇએ' ઇત્યાદિ વિધાનરૂપ પ્રયોગ થયો હોય) તેવું વાક્ય વસ્તુના માત્ર સ્વરૂપના મહિમાને જણાવનારું હોતું નથી. કિન્તુ તેમાં કહેલ વાતમાં પ્રવર્તક હોય છે = પ્રવૃત્તિ કરાવનાર હોય છે, તેવું કરવાની પ્રેરણા કરનાર હોય છે. જુઓ, **શ્રી ધર્મપરીક્ષા ગ્રંથમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ** ફરમાવે છે –

ધર્મપરીક્ષામાં આવેલ "**પૂર્વપક્ષ કથન** - જ્ઞાનાદિના કારણે સાધુઓ જે અપવાદને સેવવાની પ્રવૃત્તિ કરે છે, તે પણ જિનોપદેશે કરાવી હોતી નથી. અર્થાત્ જિનવચન સાધુને અપવાદમાં પ્રવર્તાવતું નથી, કિન્તુ 'આપવાદિક ચીજ કલ્પ્ય છે.' ઇત્યાદિરૂપે વસ્તુનું સ્વરૂપ જ જણાવે છે અને પ્રવૃત્તિ તો સાધુ પોતે જ 'જિનવચને આને કલ્પ્ય જણાવ્યું છે, તો તે મારે કરવું ઉચિત છે.' એવા જ્ઞાનથી કરે છે. (આવા પૂર્વપક્ષનો પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ કરેલો) **ઉત્તરપક્ષ** : પૂર્વપક્ષીનું આ કથન અગાધ ભ્રમસમુદ્રમાં ડૂબવાથી થયેલી ચેષ્ટારૂપ છે. 'જિનોપદેશથી કલ્પ્યપણાનો બોધ થયે છતે સાધુ પોતે જ પ્રવૃત્તિ કરે છે = સ્વયં પ્રવર્તે છે' એવું કહેવું એ અવિચારિત-રમણીય છે; એટલે કે વિચારીએ નહીં ત્યાં સુધી જ એ સુંદર ભાસે એવું છે; પણ વિચારીએ એટલે તો એ ખોટું હોવું જણાઈ જ જાય છે. કારણ, કલ્પ્યતાને જણાવનાર ઉપદેશ જ, પ્રવૃત્તિજનક જે ઇચ્છા, તેનું જનક જે જ્ઞાન ('આ મારા ઇષ્ટનું સાધન છે' ઇત્યાદિરૂપ જે જ્ઞાન) તેના વિષયભૂત ઇષ્ટસાધનતા વગેરેનો બોધક હોઈ પ્રવર્તક છે. આવા ઇષ્ટસાધનતા વગેરેના બોધક હોવું એ જ સર્વત્ર વિધ્યર્થ કાળના પ્રત્યયનું પ્રવર્તકત્વ છે, એવું શાસ્ત્રજ્ઞો માને છે. વિધ્યર્થ પ્રત્યય પ્રવર્તક હોવાથી જ જ્યાં કલ્પ્યતા વગેરેના બોધક અર્થવાદ (પ્રશંસાદર્શક) વચનો હોય, ત્યાં પણ વિધિ પ્રત્યયની કલ્પના કરાય છે અને તે વચનોથી પ્રવૃત્તિ થાય છે."

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાનાં આ [૧]વચનો પરથી નિર્ણીત થાય છે કે વિધ્યર્થ પ્રયોગમાં જે ઇષ્ટસાધનતા-જ્ઞાનજનકત્વ હોય છે, તે જ તેમાં રહેલું

---

૧. यदपि ज्ञानाद्यर्थमपवादप्रतिषेवणेप्यनादिसिद्धकल्प्यत्वादिलक्षणवस्तुस्वरूपावबोधक एव जिनोपदेशः, प्रवृत्तिस्त्वौचित्यज्ञानेन स्वत एवेत्युक्तं, तदप्यगाधभ्रमसमुद्रमज्जनविजृम्भितम्, जिनोपदेशात् कल्प्यताबोधकस्योपदेशस्यैव प्रवृत्तिजनकेच्छाजनकज्ञानविषयेष्टसाधनतादिबोधकत्वेन प्रवर्त्तकत्वाद्, एतदेव हि सर्वत्र विधेः प्रवर्त्तकत्वमभ्युपयन्ति शास्त्रविदः। विधेः प्रवर्त्तकत्वादेव च कल्प्यतादिबोधकादर्थवादादपि विधिकल्पनमाद्रियते ।(धर्मपरीक्षा, श्लो. ५५ वृत्तिः)

પ્રવર્તકત્વ હોય છે. પ્રસ્તુતમાં પણ 'જો તમે ધનઋદ્ધિને ઇચ્છો છો' એ ભાગ ઇષ્ટ તરીકે ધનઋદ્ધિનો નિર્દેશ કરે છે, 'તો તમારે પૂજા કરવી જોઇએ' એ પ્રામાણિક વચન પૂજામાં રહેલી તે ઇષ્ટની સાધનતાનું જ્ઞાન કરાવે છે. આમ, અહીં થતો વિધ્યર્થ પ્રયોગ પણ ઇષ્ટસાધનતાનું જે જ્ઞાન કરાવે છે, તે જ તેનું પ્રવર્તકત્વ હોઇ તેને માત્ર સ્વરૂપદર્શક-મહિમાદર્શક માનવા એ શાસ્ત્રવચનના ભાનુ સામે ધૂળ ઉડાડવા બરોબર છે.

આમ, 'જો તમે ધનઋદ્ધિને ઇચ્છો છો તો તમારે શ્રીજિનેશ્વર દેવની પ્રતિમાની સુગંધી દ્રવ્યોથી પૂજા કરવી જોઇએ' એ રીતે વિધ્યર્થ પ્રયોગ થયો હોય, તો પણ એને શાસ્ત્રકારોએ પ્રવર્તક માન્યો છે, તો પછી 'જો તમે ધન-ઋદ્ધિને ઇચ્છો છો તો તમે સુગંધી દ્રવ્યોથી શ્રી જિનેશ્વર દેવની પૂજા કરો' એવો આજ્ઞાર્થ પ્રયોગ થયો હોય, તો તો તે વચનને સુતરાં પ્રવર્તક માનવું જ પડે; માત્ર સ્વરૂપદર્શક-મહિમાદર્શક નહિ. (કેમ કે પ્રેરણા કરવામાં, 'તારે આમ કરવું જોઇએ' ઇત્યાદિ વિધ્યર્થ પ્રયોગ કરતાં પણ 'તું આમ કર' એવો આજ્ઞાર્થ પ્રયોગ વધુ અસરકારક છે.)

**પ્રશ્ન :** પણ આમાં તમે જ કહી ગયા કે એ વિધ્યર્થ પ્રયોગ ઇષ્ટસાધનતા વગેરેનો બોધક હોઇ પ્રવર્તક બને છે. તેથી, જ્યાં વિધ્યર્થ પ્રયોગ થયો હોવા છતાં ઇષ્ટસાધનતાનો બોધ ન થતો હોય, ત્યાં તે પ્રયોગ પ્રવર્તક બનતો નથી; એ તો તમારે પણ માનવું જ પડશે ને ? અને તો પછી એ જ ગ્રન્થમાં ૪૭૪-૭૫ મી ગાથામાં ધન વગેરેના સાંસારિક સુખને પરમાર્થથી દુઃખરૂપ કહ્યા છે. વળી, દુઃખ તો જીવને અનિષ્ટ છે જ. તેથી ધનઋદ્ધિ વગેરેનું અનિષ્ટ તરીકે મનમાં અનુસંધાન થવાથી **'जइ इच्छह'** વગેરે શ્લોકમાં રહેલા વિધ્યર્થ-આજ્ઞાર્થ પ્રત્યયથી ઇષ્ટસાધનતાનો બોધ જ થશે નહિ. અને તો પછી તે પ્રવર્તક પણ શી રીતે બને ? અને એ પ્રવર્તક ન બનતો હોય, તો પછી મહિમાદર્શક જ માનવો પડે ને ?

**ઉત્તર :** પુણ્યશાલિન્ ! તે તે શ્લોકોનાં સ્થાનો પર નજર નાખી હોત, તો આ પ્રશ્ન પૂછવો ન પડત... ધન વગેરેને પરમાર્થથી દુઃખરૂપે જણાવનારા શ્લોકો આવે એ પૂર્વે જ આ શ્લોકો આવી ગયા છે. તેથી જ્યારે આ શ્લોકો સાંભળવામાં આવી રહ્યા છે; ત્યારે શ્રોતાને ધન વગેરેની 'અનિષ્ટ' તરીકે ઉપસ્થિતિ ન હોવાથી કે ધનઋદ્ધિના સાધન તરીકે જિનપૂજા વગેરેની

'અનિષ્ટના સાધન' તરીકે ઉપસ્થિતિ ન થવાથી એ પ્રતિબંધક નહિ બને. તેથી સુખ અને પૂજાદિ ધર્મ એ બેની 'ઈષ્ટ' અને 'ઈષ્ટસાધન' તરીકે ઉપસ્થિતિ થશે અને તેથી તે અંગે પ્રવૃત્તિ કરવાની પ્રેરણા પણ આ શ્લોકથી થશે !

વળી, મહત્ત્વની વાત તો, મહાત્મન્ ! બીજી એ છે કે તેમ છતાં જો ધનઋદ્ધિ વગેરેની શ્રોતાને અનિષ્ટ તરીકે જ ઉપસ્થિતિ થવી માનીએ, અને તેથી આ શ્લોકો તમારા અભિપ્રાય મુજબ પ્રવર્તક ન બને, એવું પણ માનીએ, તો પછી, 'એ વચન શ્રોતાઓને ગંધપૂજાનું મહિમાદર્શક બને છે' એવું પણ માની શકાશે નહિ. 'જે વસ્તુને તમે અનિષ્ટ તરીકે લેખો છો, તે વસ્તુને આ ગંધપૂજા લાવી આપનાર છે' આવું જણાવનાર વચનને મહિમાદર્શક શી રીતે મનાય ? 'ચોરી કરો કે જેથી તમને અનિષ્ટ એવી જેલની પ્રાપ્તિ થશે' આવું વચન કાંઈ ચોરીનો મહિમા દેખાડતું નથી, ઉપરથી નિંદારૂપ હીનતા દેખાડે છે. તેમજ ધનઋદ્ધિને અનિષ્ટ તરીકે ઉપસ્થિત થનારી માનવામાં ઉપદેશકના વચનમાં વદતોવ્યાઘાત દોષ આવશે. 'જો તમે ધનઋદ્ધિને = અનિષ્ટ તરીકે ઉપસ્થિત થનારી ચીજને ઈચ્છો છો... ...' આમાં અનિષ્ટની ઈચ્છા કહેવામાં વદતોવ્યાઘાત સ્પષ્ટ છે.

વળી, બીજી રીતે કહું તો મહાત્મન્ ! આ ઉપદેશશ્રવણ કરનાર શ્રોતા કેવો છે ? અર્થકામના આકર્ષણવાળો કે વગરનો ? જો એ અર્થકામના આકર્ષણવાળો હશે, તો 'જો ધનને ઈચ્છો છો તો જિનપૂજા કરો' ઈત્યાદિ ઉપદેશ વચનથી એ જિનપૂજામાં પ્રવર્તશે જ. અને તેથી એને માટે તો આ ઉપદેશવચન પ્રવર્તક જ બનશે, માત્ર મહિમાદર્શક નહીં. જો એ શ્રોતા અર્થ-કામના આકર્ષણ વગરનો હશે, (અર્થાત્ અર્થકામને તુચ્છ – અનર્થકારી માનતો હશે) તો એ તો 'જો તમે ધનઋદ્ધિને ઈચ્છો છો...' આટલો અંશ સાંભળીને જ વિચારશે કે મારે માટે આ ઉપદેશ નથી, કારણ કે હું તો ધનઋદ્ધિને ઈચ્છતો નથી અને આવા વિચારથી એ આ વચનને ગૌણ કરી નાખશે, ધ્યાનથી સાંભળશે પણ નહીં. ઉપદેશકની સામે બેઠો છે, માટે સાંભળશે તો ખરો જ, એમ માની લઈએ તોપણ ઉપર કહ્યા મુજબ એના માટે તો આવું વચન નિંદાદર્શક બની રહેશે, મહિમાદર્શક તો નહીં જ.

વળી, શાસ્ત્રકારો શબ્દપ્રયોગ કરવામાં બહુ ચોક્કસ હોય છે. "કોઈ પણ ભૂમિકામાં રહેલી કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પરિસ્થિતિમાં ધન-કીર્તિ વગેરે

માટે ધર્મ કરવાનું કહેવાય જ નહિ.'' આવો જો અભિપ્રાય શાસ્ત્રકારના મનમાં તમારી જેમ ગૂંજતો રહ્યો હોય, તો 'ભાઈ ! જો તું ધનઋદ્ધિને ઈચ્છે છે તો **ગંધપૂજા કર** (અથવા તારે ગંધપૂજા કરવી જોઈએ.)' આવો વચનપ્રયોગ જ કરે નહિ. કેમ કે શાસ્ત્રકારના મનમાં એ બરાબર ખ્યાલ હોય જ છે કે 'મારો આ વચનપ્રયોગ સામી વ્યક્તિને ધનઋદ્ધિની ઈચ્છાથી પ્રવૃત્તિ કરવામાં પ્રેરક બનશે જ, કારણ કે આ વચનપ્રયોગ પરથી શ્રોતા 'આ વચન તો ખાલી મહિમા જણાવવા માટે કહ્યું છે, મારે કરવા માટે નહિ' એવો ભાવ કાઢી શકે તેમ નથી. તે પણ એટલા માટે કે એવો ભાવ સાહજિક રીતે જ નહિ, થોડી મુશ્કેલીથી પણ કાઢી શકાય એવો નથી.

'**કર**' એમ કહેવું અને છતાં 'હું કાંઈ એને કરવાનું નથી કહી રહ્યો' એવો અભિપ્રાય વક્તાના મનમાં આવી જ શી રીતે શકે ? શું ઉપદેશક મહાત્મા શ્રોતાને ઠગી રહ્યા છે કે જેથી મનમાં તો ન કરવાની વાત બેઠી છે, છતાં બહાર કરવાનું કહી રહ્યા છે.

ચાલો ને, હું તમને જ પૂછું કે 'ધન વગેરે માટે પણ ધર્મ જ કરવાનો ઉપદેશ અપાય જ નહિ, એવો ખ્યાલ જેઓની રગેરગમાં વણાઈ ગયો છે એવા તમે બધા મહાત્માઓએ વ્યાખ્યાનાદિમાં ક્યારેય પણ આવો વાક્યપ્રયોગ કર્યો છે ?.હા, એવો કદાચ કર્યો હશે કે 'ધર્મ કરવાથી ધન વગેરે મળે છે' પણ 'જો ધનને ઈચ્છો છો તો ધર્મ કરો' એવા પ્રકારનો વાક્યપ્રયોગ તો નહિ જ.... કેમ ? કેમ કે તમને એ પૂરેપૂરો ખ્યાલ હોય જ છે કે આ વચનપ્રયોગ શ્રોતાઓને અમારા મનની જે વાત છે એના કરતાં વિપરીત જ જાણકારી આપશે.

**પ્રશ્ન** : અમારાથી પણ ક્યારેક એવો પ્રયોગ અનાભોગથી થઈ પણ ગયો હોય ! અને તો પછી એટલા માત્રથી અમારી રગેરગમાં વણાઈ ગયેલી વાત કાંઈ થોડી ઊડી જાય ?

**ઉત્તર** : ભાગ્યશાલિન્ ! પોતાને માટે અનાભોગથી થઈ ગયો હોય એવું કહી શકાય અને એનું મિચ્છામિ દુક્કડં પણ દઈ શકાય... પણ શાસ્ત્રકારોનો તેવો વચનપ્રયોગ અનાભોગથી થઈ ગયો હોય, એવું ક્યારેય ન કહી શકાય... એમ કહેવામાં તો ઊલટી ભયંકર આશાતના છે, એ વાત આગળ દેખાડી ગયો છું. એ શું ભૂલી ગયા ?

**પ્રશ્ન :** પણ શાસ્ત્રોમાં જુદે જુદે ઘણે સ્થળે એવી વાતો આવે છે, જેનો સીધો સાદો અર્થ થતો હોય, અને પછી ગીતાર્થ સદ્ગુરુ પાસે એની વ્યાખ્યા (વિવેચના) સાંભળીએ, ત્યારે એમાંથી વિશેષ અર્થ ધ્વનિત થતો હોય. તેથી આવા સ્થળે પણ ગીતાર્થ સદ્ગુરુ પાસે જઈને શ્લોકની વ્યાખ્યા સાંભળીએ; એટલે 'આ શ્લોક મહિમાદર્શક છે, પ્રેરક નથી' એવો વિશેષ અર્થ ધ્વનિત થઈ જ જાય ને ?

**ઉત્તર :** સૂત્ર વગેરેની રચનામાં શાસ્ત્રકારોએ ટૂંકમાં ગંભીર અર્થવાળા શ્લોકો ટાંક્યા હોય અને તેથી **'व्याख्यानतो विशेषप्रतिपत्तिः'** એ ન્યાયે વ્યાખ્યાથી એના વિશેષ અર્થો ધ્વનિત થાય એ બધી વાત સાચી; પણ જ્યાં વ્યાખ્યાનમાં ભગવાનની વાણીનું વિશદ વ્યાખ્યાન થતું હોય, ત્યાં વળી ગૂઢ અર્થવાળા સંક્ષિપ્ત શ્લોકો થોડા ટંકાય ? ત્યાં તો બધી વાતો સ્પષ્ટ રીતે, વિશેષ અર્થપૂર્વક કહેવાતી હોય ! ગૂઢાર્થવાળો કોઈ શ્લોક બોલાયો હોય, તોપણ તેનું વિશદ વ્યાખ્યાન ત્યાં જ થઈ ગયું હોય, જેથી શ્રોતા ખોટો અર્થ પકડીને ન જાય, નહિતર તો શ્રોતાને ખબર પણ શી રીતે પડે કે 'આ રીતે વિસ્તૃત અને સ્પષ્ટ રીતે પ્રરૂપણા કરનારા આ બધા શ્લોકોની વચમાં અમુક પેલો જે શ્લોક આવ્યો હતો તેનો મેં જે અર્થ કર્યો છે તે બરાબર નથી અને તેથી મારે પાછું ગુરુમહારાજ પાસે જઈને એનો વિશેષ અર્થ સમજવાનો છે ! માટે પૂ. **પ્રિયંકરસૂરિ મહારાજે 'जइ इच्छह धणरिद्धिं' વગેરે શ્લોકો 'ગંધપૂજાનું વિધાન કરવા માટે નથી કહ્યા, કિન્તુ મહિમાદર્શક તરીકે જ કહ્યા છે' એવું કહી શકાય તેમ નથી.**

વળી, વિધ્યર્થ-આજ્ઞાર્થના પ્રયોગવાળાં વચનો 'વિધાન કરનારાં ન પણ હોય, માત્ર સ્વરૂપદર્શક-મહિમાદર્શક હોય' આ વાત પણ જો શક્ય હોય, તો **પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ જ્ઞાનસારમાં** જે દલીલ[1] કરી છે કે **'श्येनयागं त्यजन्ति किम् ?'** તે તેઓશ્રી કરત નહિ, કેમ કે તમારા મત મુજબ તો આ દલીલ સાવ પોકળ બની જાય છે, તે આ રીતે – બ્રહ્મયજ્ઞરૂપ અન્ય કર્મયજ્ઞને કરવાને ઈચ્છતો અને શ્યેનયજ્ઞ કરવાને ન ઈચ્છતો વાદી અહીં કહી શકે છે કે 'શત્રુને હણવાની ઈચ્છાવાળાએ શ્યેનયાગ કરવો' એવું જણાવનાર જે વેદવાક્ય મળે

---

૧. वेदोक्तत्वान्मनःशुद्ध्या कर्मयज्ञोऽपि योगिनः ।
ब्रह्मयज्ञ इतीच्छन्तः श्येनयागं त्यजन्ति किम् ? (ज्ञानसार नियोगाष्टक ३)

છે તે શ્યેનયાગનું વિધાન નથી કરતું, ફક્ત તે યજ્ઞનો મહિમા જ જણાવે છે. તેથી, જેમ તમે 'જો મોક્ષની ઇચ્છાવાળા છો, તો ધર્મ કરો (અથવા તમારે ધર્મ કરવો જોઇએ)' ઇત્યાદિ રૂપવાક્યોને વિધાનરૂપ માની એ મુજબ પ્રવૃત્તિ કરો છો, પણ 'જો તમે ધનઋદ્ધિને ઇચ્છો છો તો તમે ધર્મ (જિનપૂજાદિ) કરો' (તમારે જિનપૂજા કરવી જોઇએ); ઇત્યાદિ વાક્યોને મહિમાદર્શક માની એ મુજબ પ્રવર્તતા નથી. એમાં કહેલી વાતનો આચરણમાં ત્યાગ કરો છો, તેમ અમે પણ વેદમાં કહેલા બ્રહ્મયજ્ઞને જણાવનારા વચનને વિધાનાત્મક માની તે મુજબ પ્રવર્તીએ છીએ. પણ શ્યેનયાગને જણાવનારા વચનને તો માત્ર સ્વરૂપદર્શક = મહિમાદર્શક જ માનીએ છીએ અને તેથી આચરણમાં તેનો ત્યાગ કરીએ છીએ. તેથી *'વેદોક્ત બ્રહ્મયજ્ઞને કરતાં અમે વેદોક્ત શ્યેનયાગનો કેમ ત્યાગ કરીએ છીએ?'* એવું તમે પૂછી શકતા નથી.

આમ, જે દલીલનો જવાબ આવો સરળ, સ્પષ્ટ અને શીઘ્ર ઉપસ્થિત થઇ જવાવાળો હોય, તે દલીલ સાવ પોકળ તો કહેવાય જ.... અને જો એ તરત ઊડી જાય એવી પોકળ હોય તો સમર્થ તાર્કિક - અવર્ણનીય પ્રતિભાશાળી **પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા** એનો ઉપયોગ કરે એ જરાય સંભવતું નથી. પણ તેઓશ્રીએ એનો ઉપયોગ તો કર્યો જ છે, તેથી જણાય છે કે એ દલીલ પોકળ નથી. અને જો પોકળ નથી તો પૂર્વપક્ષી તરફથી ઉક્ત રીતે એનો જવાબ પણ આપી શકાતો ન હોવો જોઇએ. અને જો એ જવાબ આપી શકાતો નથી તો માનવું જ જોઇએ કે 'આજ્ઞાર્થ- વિધ્યર્થ પ્રયોગવાળાં વચનો વિધાનાત્મક હોય છે, માત્ર સ્વરૂપદર્શક–મહિમાદર્શક નહિ.'

વળી આજ્ઞાર્થ-વિધ્યર્થના પ્રયોગવાળાં વચનો પણ જો સ્વરૂપદર્શક – મહિમાદર્શક બની શકતાં હોય, તો ઉપદેશમાળા–પુષ્પમાળાના **वरविसय-सुहं..** શ્લોક અંગે પણ તમે એવું જ કહી શકતા હોવાથી એ શ્લોકનો અર્થ કરવામાં તમે જે છબરડા વાળ્યા છે તે તમારે વાળવા ન પડત.

માટે મહાત્મન્ ! પૂ૦ આ૦ શ્રી પ્રિયંકરસૂરિ મહારાજે સમુદ્રદત્તને આપેલી દેશનામાં આવેલા **'जइ इच्छह'...** વગેરે શ્લોકોનું મહિમાદર્શક તરીકે અર્થઘટન કરવું કોઇ રીતે યોગ્ય નથી.

વળી **'चक्कहरामर'...** શ્લોકને વિધાન કરનાર ન માનીએ અને મહિમા-દર્શક જ માનીએ, તો એ પણ ફલિત થઇ જાય કે 'એ શ્લોક મોક્ષ માટે પણ

અક્ષતપૂજાનું વિધાન નથી કરતો; પણ માત્ર મહિમા દેખાડે છે.' કેમ કે એ શ્લોકમાં ચક્રવર્તીની ઋદ્ધિ સાથે જ ભેગી મોક્ષની વાત છે. તેથી જો એને મોક્ષ માટે વિધાન કરનારો માનવો હોય તો ચક્રવર્તીની ઋદ્ધિ વગેરે માટે પણ ધર્મનું વિધાન કરનાર માનવો જ પડશે.

એ શ્લોકમાં કહ્યું છે કે [1] 'જો તમે ચક્રવર્તીપણાની કે દેવપણાની ઋદ્ધિને ઈચ્છો છો, જો મોક્ષનાં અખંડ સુખોને ઈચ્છો છો; તો તમે શ્રીજિનેશ્વરદેવની આગળ નિર્મળ અને અખંડ એવા અક્ષતને સ્થાપિત કરો. વળી તમે પૃ. ૮૧, ૫૨ જે કહ્યું છે કે xxx જો આ બધા વર્ણનને મહિમારૂપ ન માનતાં વિધાન રૂપ માનીએ, તો ૨૬૫ મા શ્લોકમાં જે જણાવ્યું કે **'जम्मफलं एत्तियं चेव** - ધૂપ-પૂજા કરવી એ જ મનુષ્ય-જન્મનું ફળ છે.' આ વાક્યને પણ વિધાનરૂપે માનવું પડે. અને એમ માનીએ, તો અહીં જે અન્ય પૂજાનું વિધાન કર્યું તે પણ નિરર્થક ઠરે... ઈ૦' xxx તેનું પણ, મને લાગે છે કે તમને સમાધાન મળી ગયું હશે.

એ સમાધાન આ છે કે આમાં કોઈ આજ્ઞાર્થ-વિધ્યર્થ પ્રયોગ થયો નથી (કેમ કે એમાં અધ્યાહાર પણ **'होइ'** વગેરેનો થઈ શકે છે) કે જેથી એ મહિમા-દર્શક બનતું અટકી શકે. મારે તો એટલું જ કહેવું છે કે જ્યાં વિધ્યર્થ-આજ્ઞાર્થનો પ્રયોગ થયો હોય, તેવા વાક્યને મહિમાદર્શક તરીકે ઘટાવી શકાય નહિ. માટે **'जइ इच्छह'**... શ્લોક અને આ શ્લોકમાં આજ્ઞાર્થ કે વિધ્યર્થ પ્રત્યયના પ્રયોગ અને અપ્રયોગરૂપ મુખ્ય બાબતની જ વિષમતા હોઈ આ શ્લોકને મહિમાદર્શક ઘટાવી, **'जइ इच्छह'**... શ્લોકને પણ મહિમાદર્શક ઘટાવવો તે શાબ્દબોધની મર્યાદાથી વિરુદ્ધ છે.

માટે મુનિવર ! **પૂ૦ આ૦ શ્રી પ્રિયંકરસૂરિ** મહારાજે સ્વદેશનામાં **'जइ इच्छह'** ઈત્યાદિ જે શ્લોકો કહ્યા છે તે 'ધનઋદ્ધિની ઈચ્છા હોય તોપણ ધર્મ કરવાની પ્રેરણાનો અર્થ જણાવવાના અભિપ્રાયથી જ કહ્યા છે તે માનવું જોઈએ. અને તે જો માનવું જોઈએ, તો 'જો તમે ધનાદિને ઈચ્છો છો તો ધર્મ કરો' ઈત્યાદિ ઉપદેશ સાધુથી આપી ન જ શકાય એવો આગ્રહ રાખવો ન જોઈએ.

**પ્રશ્ન :** પણ જો આ રીતે ધનાદિ માટે ધર્મ કરવાનું તેઆશ્રીએ કહ્યું હોય તો, ઉપદેશ શરૂ થતાં પૂર્વે જ ત્યાં જે જણાવ્યું છે કે 'આચાર્ય ભગવંતે સંસારથી

---

૧. 'चक्कहरामरिद्धिं इच्छह जइ मोक्खसोक्खमखंडं ।
तो अखंडे विमले जिणपुरओ अक्खए खिवह ।।४६२।। (मणोरमाकहा)

નિર્વેદ પમાડનારી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો' તે શી રીતે સંગત થાય ?

**ઉત્તર :** જે ધર્મદેશનામાં જીવોને ભવનિર્વેદ પમાડવાનો આશય હોય, અને એ આશય સફળ થાય એ માટે સ્વશક્તિ-ક્ષયોપશમાનુસાર નિષ્કપટ શાસ્ત્રવિહિત પ્રયત્ન હોય, તે બધી દેશના ભવનિર્વેદ કરનારી કહેવાય. પછી ભલે એમાં કોઈ ભાગમાં અર્થ-કામ પુરુષાર્થાદિની વાતો પણ હોય ! '**શ્રીઉપમિતિ ભવપ્રપંચાકથા**'માં કહ્યું છે કે [1] 'ખરેખર આ જગતમાં જે જીવને જે રીતે બોધનું ભાજન કરી શકાય (બોધ પમાડી શકાય) તેમ હોય, તે રીતે હિતકારીએ પ્રયત્ન કરવો જોઈએ. મુગ્ધ બુદ્ધિવાળા જીવોને પહેલાં મનમાં ધર્મ રુચતો નથી, તેથી કામ અને અર્થની કથા કહેવા વડે તેઓનું મન આકર્ષવામાં આવે છે. આ રીતે આકર્ષાયેલા તેઓ ધર્મ પમાડી શકવા શક્ય બને છે. માટે આ રીતે આકર્ષણ દ્વારા સંકીર્ણા સત્કથા કહેવાય છે; તેથી સંકીર્ણ કથાના ગુણોની અપેક્ષાવાળી **ક્યાંક સંકીર્ણરૂપતાને ધારણ કરતી એવી આ શુદ્ધ ધર્મની જ કથા કહેવાશે.**'

અહીં પણ, **ક્યાંક સંકીર્ણરૂપતાને ધારણ કરનારી આ કથાનો પણ શુદ્ધ ધર્મની જ કથા** તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રસ્તુતમાં પણ સામો જીવ આનુષંગિક ધર્મફળની પ્રાપ્તિ' દ્વારા ધર્મશ્રદ્ધા વધારીને સંપૂર્ણ ધર્મ પામે – ભવનિર્વેદ પામે, એ દૃષ્ટિએ ઉક્ત શ્લોકો કહેવાયા હોવાથી એ દેશનાને '**ભવનિર્વેદકારિણી**' કહેવામાં કોઈ વાંધો નથી. તેથી ઉક્ત શ્લોકોને પ્રેરણા કરનારા માનવામાં કોઈ વાંધો રહેતો નથી. અને તેથી 'ધનાદિની ઈચ્છાથી પણ ધર્મ જ કરવાનું સાધુથી કહેવાય જ નહિ' એવો આગ્રહ ખોટો છે એ સ્વીકારવું જોઈએ. સાધુઓને પણ આવું કહેવું સર્વથા નિષિદ્ધ નથી જ, એ વાત સ્વીકારો.

---

૧. किलात्र यो यथा जन्तुः शक्यते बोधभाजनम् ।
कर्तुं तथैव तद्बोध्ये विधेयो हितकारिभिः ॥४७॥
न चादौ मुग्धबुद्धीनां धर्मो मनसि भासते ।
कामार्थकथनात्तेन तेषामाक्षिप्यते मनः ॥४८॥
आक्षिप्तास्ते ततः शक्या धर्मं ग्राहयितुं नराः ।
विक्षेपद्वारतस्तेन संकीर्णा सत्कथोच्यते ॥४९॥
तस्मादेषा कथा शुद्धधर्मस्यैव विधास्यते ।
भजन्ती तद्गुणापेक्षां क्वचित्संकीर्णरूपताम् ॥५०॥

માટેસ્તો **શ્રીઉપમિતિ ગ્રંથ**માં આ રીતનો અધિકાર છે :

[1]જ્યારે સંસારી જીવ સદ્ધર્મગુરુઓને, તેમનાં વચનોને સાંભળવાની ઈચ્છાથી કંઈક અભિમુખ થયો છે, ત્યારે પરહિતકરણના અજોડ વ્યસનવાળાં હોવાના કારણે સન્માર્ગદેશના કરતા એવા તેઓ સદ્ધર્મગુરુ (આ પ્રમાણે કહે છે કે 'હે ભદ્ર ! સાંભળ. સંસારમાં રખડતા આ જીવને ધર્મ જ અતિવત્સલ હૃદયવાળો પિતા છે, ધર્મ જ ગાઢ સ્નેહવાળી માતા છે, ધર્મ જ અભિન્ન હૃદયાભિપ્રાયવાળો ભ્રાતા છે...' ઈત્યાદિ ઘણું ઘણું કહીને ધર્મનો મહિમા વર્ણવે છે. આ સાંભળીને ધર્મમાં થોડો રસવાળો થયેલો જાણીને પછી એને આગળ કહે છે કે [2]'સૌમ્ય ! તે ધર્મ ચાર પ્રકારે છે : દાનમય, શીલમય, તપોમય અને ભાવનામય. **તેથી જો તને સુખની આકાંક્ષા હોય, તો તારે આ ચારેય પ્રકારનો ધર્મ કરવો યોગ્ય છે.** સુપાત્રોને યથાશક્તિ દાન અપાય, સમસ્ત પાપોથી કે સ્થૂલ પાપોથી, પ્રાણાતિપાતથી કે મૃષાવાદથી, ચોરીથી કે પરસ્ત્રીગમનથી, અપરિમિત પરિગ્રહથી કે રાત્રિભોજનથી, મદ્યપાનથી કે માંસભક્ષણથી, સજીવ ફળો ખાવાથી કે મિત્રદ્રોહથી, ગુરુપત્નીગમનથી કે જેનો પરિહાર શક્ય હોય તેવા અન્ય પાપથી (આ બધાથી તું) અટક, તથા યથાશક્તિ કોઈ તપવિશેષ કર. નિરંતર શુભ ભાવનાઓને ભાવ, જેથી નિઃશંકપણે તને અહીં અને પરલોકમાં સકલ કલ્યાણો મળે.' આ અધિકારનો બરાબર વિચાર કરીએ તો જણાય છે કે અહીં મોક્ષની કોઈ વાત કરી નથી.

તેથી મોક્ષ... મોક્ષના સુખની તો સંસારી જીવને જાણકારી નથી. જેની જાણકારી ન હોય, તેની તો ઈચ્છા પણ હોતી નથી. વળી, આ આખાય

---

૧. यदाऽयं जीवः सद्धर्मगुरूणां तद्वचनाकर्णनस्पृहया मनागभिमुखो भवति तदा ते परहित-करणैकव्यसनितया सन्मार्गदिशनां कुर्वाणाः खल्वेवमाचक्षते यदुत आकर्णय भो भद्र ! संसारे पर्यटतोऽस्य जीवस्य धर्म एवातिवत्सलहृदयः पिता, धर्म एव गाढस्नेहबन्धुरा जनयित्री, धर्म एवाभिन्नहृदयाभिप्रायो भ्राता...

२. सौम्य ! स धर्मश्चचतुर्विधो भवति, तद्यथा-दानमयः शीलमयस्तपोमयो भावनामयश्चेति । अतो यदि भवतोऽस्ति सुखाकाङ्क्षा ततोऽयमनुष्ठातुं चतुर्विधोऽपि युज्यते भवता, दीयतां सुपात्रेभ्यो यथाशक्त्या दानं, क्रियतां समस्तपापेभ्यो वा स्थूलपापेभ्यो वा प्राणातिपाताद्वा मृषावादाद्वा चौर्यकरणाद्वा परदारगमनाद्वा अपरिमितग्रहणाद्वा रात्रिभोजनाद्वा मद्यपानाद्वा मांसभक्षणाद्वा सजीवफलास्वादनाद्वा मित्रद्रोहाद्वा गुर्वङ्गनागमनाद्वा अन्यस्माद्वा शक्यपरिहारात् निवृत्तिः, तथा विधीयतां यथाशक्ति कश्चित्तपोविशेषं, भाव्यतामनवरतं शुभभावना भवता येन ते संपद्यन्ते निःसंशयमिहामुत्र च सकलकल्याणानीति । (उपमिति पुस्तक, पृ. ३४).

અધિકારમાં ધર્મની જ મહત્તા સ્થાપી છે અને છેલ્લે પણ એમ જ કહ્યું છે કે 'તું સુપાત્રોને યથાશક્તિ દાન કર, સમસ્ત પાપોથી કે સ્થૂલ પ્રાણાતિપાપ વગેરે પાપોથી અટક (શીલ પાળ), યથાશક્તિ તપ કર અને નિરંતર ભાવનાઓ ભાવ કે જેથી તને નિઃસંશયપણે આલોક-પરલોકમાં સકલ કલ્યાણની પ્રાપ્તિ થાય.' આ વચનપ્રયોગ શ્રોતાને આલોક-પરલોકની ચીજની પ્રાપ્તિની ઇચ્છાથી દાનાદિ કરવા પ્રેરે છે, એ સ્પષ્ટ જ છે.

**પ્રશ્ન :** પણ આ અધિકારમાં તો આલોક-પરલોકમાં કલ્યાણની પ્રાપ્તિની વાત છે અને કલ્યાણ તો એને જ કહેવાય છે કે જે મોક્ષના હેતુભૂત હોય. ધન-ધાન્યાદિ ભૌતિક ચીજો કલ્યાણરૂપ નથી, એ અમારાં અવલોકનોમાં બતાવી જ ગયા છીએ. તો તમે કેમ એમ કહો છો કે સદ્ધર્મગુરુઓએ આ અધિકારમાં સંસારી જીવને ઇહ-પારલૌકિક ચીજ માટે ધર્મ કરવાની પ્રેરણા કરી છે ?

**ઉત્તર :** તમે શાસ્ત્રકારને 'કલ્યાણ' શબ્દથી શું અભિપ્રેત છે, એની તમારી માન્યતાને પુષ્ટ કરે એટલી જ વ્યાખ્યાઓ (પૃ. ૧૯૪ ૫૨) આપી છે. તમારી માન્યતાથી વિપરીત જાય એવી શાસ્ત્રોમાં ઠેરઠેર જે વ્યાખ્યાઓ મળે છે, તેને છુપાવીને એવો જે અર્થ ઉપસ્થિત કરવા પ્રયાસ કર્યો છે કે 'કલ્યાણ' એટલે 'મોક્ષના કારણભૂત સમ્યક્ત્વાદિ જ...' તે શું અન્ય શાસ્ત્રવચનોના અપલાપરૂપ અને નર્યા પક્ષપાતરૂપ નથી ? **શ્રીકલ્પસૂત્રની સુબોધિકાવૃત્તિમાં પૂજ્ય વિનયવિજયજી મહારાજાએ** એક સ્થળે કલ્યાણનો અર્થ સમૃદ્ધિ કર્યો છે. બીજે ઉપદ્રવાભાવ કર્યો છે... એમ **યોગબિન્દુ મહાશાસ્ત્ર**માં જ એક સ્થળે 'કલ્યાણ'નો અર્થ ગ્રૈવેયકાદિમાં ઉત્પત્તિરૂપ કર્યો છે તે આ રીતે - **तथा कल्याणभागिनः = ग्रैवेयकाद्युत्पत्तिरूपश्रेयः स्थानभाजनमिति ।** અર્થાત્ તથા કલ્યાણ-ભાગિનઃ = ગ્રૈવેકાદિકરૂપ શ્રેયઃ સ્થાનને પામેલા. તથા શ્રીવસુદેવ હિંડીમાં[1] 'કલ્યાણ' - **'कल्लाण'** શબ્દ 'લગ્ન'ના અર્થમાં વપરાયો છે. જુઓ, ત્યાં કહ્યું છે કે 'માતાપિતાના કુલ-શીલને અનુરૂપ અને તે જ નગરમાં રહેલા ધનવસુ સાર્થવાહની ધનદત્તા પત્નીની યશોમતી નામની પુત્રી હતી, જે કમલ વિનાની લક્ષ્મી જેવી અને લક્ષ્મીના સમાન વેશવાળી હતી. તેણીની સાથે નવયૌવનમાં આરૂઢ થયેલા તેનું (ધમ્મિલનું) કલ્યાણ (લગ્ન) થયું.

---

૧. उवारुहंतनवजोव्वणस्स य से अम्मापिऊहिं कुलसीलसरिसाणुरूवा तम्मिचेवनयरे धणवसुस्स सत्थवाहस्स भज्जाए धणदत्ताए धूया निययमेहुणया जसमती नाम दारिया सिरी विव पऊमरहिया सिरिसमाणवेसा । तीसे सह कल्लाणं से वत्तं ।

વળી, સદ્ધર્મગુરુઓ આ સંસારી જીવની હાલત-ભૂમિકા જાણે છે. આ જીવ પ્રથમ પ્રથમ ધર્મદેશના સાંભળી રહ્યો છે; તેથી કલ્યાણ એટલે મોક્ષના હેતુઓ વગેરેરૂપ અર્થ એ જાણતો નથી કે એણે સાંભળ્યા નથી કે એણે સદ્દહ્યા નથી. એ સદ્ધર્મગુરુ બરાબર જાણે છે, તેથી આ ઉપદેશ તેવા જ અર્થથી પ્રવૃત્તિ કરવાની પ્રેરણારૂપ છે. વળી 'આલોક-પરલોક' આ શબ્દો જ તમારો માનેલો 'કલ્યાણ' શબ્દાર્થ પ્રસ્તુતમાં અપ્રસ્તુત છે એવું જણાવી રહ્યા છે.

**પ્રશ્ન** : એના મનમાં ભલે એવો અર્થ ઉપસ્થિત થવાનો હોય, પણ ધર્મગુરુઓ તો કલ્યાણનો અર્થ બરાબર સમજે છે. તેથી તેઓએ તો મોક્ષહેતુભૂત સમ્યક્ત્વ વગેરે રૂપ કલ્યાણ માટે જ ધર્મ કરવાનો ઉપદેશ કર્યો કહેવાય ને?

**ઉત્તર** : ના, જ્યારે ધર્મગુરુ પોતે જાણે છે કે 'મારા આ શબ્દથી સાંભળનારને ધન વગેરે જ ઉપસ્થિત થવાનાં છે અને તેના ઉદ્દેશથી જ પછી એ પ્રવૃત્ત થશે' ત્યારે તેમના પોતાના મનમાં રહેલો 'હું તો સમ્યક્ત્વપ્રાપ્તિ આદિ રૂપ કલ્યાણની અપેક્ષાથી ધર્મ કરવાનો એને ઉપદેશ આપી રહ્યો છું' એવો અભિપ્રાય અકિંચિત્કર બની જાય છે. કહેવાનો ભાવ એ છે કે 'જો પ્રાથમિક કક્ષા વગેરેના જીવોને આકર્ષવા વગેરે નિમિત્તે પણ ધનઋદ્ધિ વગેરે માટે ધર્મ કરવાની પ્રેરણા ન જ કરી શકાતી હોય, તેવી પ્રેરણા કરવી એ શાસ્ત્રવિરુદ્ધ જ હોય' તો પોતાના મનમાં રહેલો આ અભિપ્રાય એવો ઉપદેશ આપનારને કોઈ બચાવ આપી શકતો નથી. જુઓ, **ધર્મપરીક્ષા** ગ્રન્થમાં આવતો નીચેનો અધિકાર –

[1] **પૂર્વપક્ષ** : **મરીચિ** વડે આ વચન **કપિલ**ને અસત્યબોધ થાઓ એવા અભિપ્રાયથી જ બોલાયેલું હતું. તે આ જાણતો જ હતો કે 'આ મારું વચન કપિલને પરિવ્રાજક દર્શનમાં ધર્મ હોવાની બુદ્ધિ કરાવશે, માટે આ રીતે જ એને બોધ આપવો.....' આવી જાણકારી એને ન હોય, તો એ એને પરિવ્રાજક વેષ શા માટે આપે ? માટે 'કપિલની અપેક્ષાએ અસત્યબોધનો અભિપ્રાય

---

૧. मरीचिना तु प्रकृतवचनं कपिलस्यासत्यबोधाभिप्रायेणैव प्रयुक्तम् । स ह्येवं ज्ञातवान् एतन्मद्वचनं कपिलस्य परिव्राजकदर्शने धर्मबुद्धिजनकं भविष्यतीत्येवमेवायं बोधनीय इति, कथमन्यथाऽस्य परिव्राजकवेषमदास्यद् ? इति महद्वैषम्यमिति चेत् ? हन्त तर्हि उत्सूत्रमेवेदं प्राप्तमिति गतमुत्सूत्रमिश्रेण ।

હોવાથી-અને સ્વઅપેક્ષાએ દેશવિરતિધર્મની ગણતરી હોઈ, સત્ય બોલવાનો અભિપ્રાય હોવાથી એ ઉત્સૂત્ર મિશ્ર જ હતું (માટે ભગવાનના વચનમાં અને મરીચિના વચનમાં ઘણું વૈષમ્ય છે).

**ઉત્તરપક્ષ :** જો મરીચિ આ જાણતો હોય કે 'મારું આ વચન કપિલને પરિવ્રાજક દર્શનમાં ધર્મ હોવાની બુદ્ધિ કરાવશે' અને તેમ છતાં 'એને તેવો બોધ થાઓ' એવા અભિપ્રાયથી એવું વચન બોલે, તો પછી એ વચન ઉત્સૂત્ર જ બની જાય. એ ઉત્સૂત્ર મિશ્ર હોવાની વાત ઊડી ગઈ. પછી ભલે ને 'હું તો મારી દેશવિરતિની અપેક્ષાએ કાંઈક ધર્મ હોવાનું કહું છું' એવો મનમાં મિથ્યા સંતોષ માનવાનો હોય.

પ્રસ્તુતમાં પણ ધર્મગુરુઓ જાણે જ છે કે 'કલ્યાણ' શબ્દ વાપરવાથી પણ સામા જીવને કાંઈ મોક્ષહેતુભૂત સમ્યક્ત્વાદિની બુદ્ધિ થવાની નથી. તેથી સામાને 'તું દાનાદિ કર જેથી આલોક-પરલોકમાં સમ્યક્ત્વાદિ પામે' એવો બોધ કરાવવાના અભિપ્રાયથી તો એ વચન બોલવું શક્ય નથી. વળી, એ વચનોને કોઈ પણ અભિપ્રાય વગર જ સદ્ધર્મગુરુ બોલ્યા છે તેવું તો માની શકાતું જ નથી. માટે 'તું દાનાદિ કર, જેથી આલોક-પરલોકમાં કલ્યાણ = ધનાદિ સુખ પામે' એવો સામાને બોધ થવાનો છે, એવું અને એ વ્યક્તિ ધર્મમાં પ્રવૃત્તિ કરવા પણ તેવા આલોક-પરલોક સંબંધી સુખની ઈચ્છાથી પ્રેરાય એવું જાણવાવાળા ગુરુનો એ વચન બોલવા પાછળનો અભિપ્રાય પણ શ્રોતાને તેવો અર્થબોધ કરાવવાનો જ હોવો માનવો પડે છે, અને તેથી એવા બોધ કરાવવાના અભિપ્રાયથી એવું વચન બોલવું એ જો શાસ્ત્રવિરુદ્ધ હોય, તો આવું ઉપદેશ-વચન ઉત્સૂત્ર બની જ જાય, પછી ભલેને ધર્મગુરુના મનમાં પોતાની અપેક્ષાએ 'કલ્યાણ' શબ્દથી સમ્યક્ત્વાદિની ઉપસ્થિતિ થતી હોય.

**પ્રશ્ન :** પણ આ રીતે શ્રોતાનો અભિપ્રાય જ જો મુખ્ય ગણાતો હોય, અને શ્રોતા જો ઊંધો અર્થ પકડે, તો એટલા માત્રથી શાસ્ત્રસંમત વચનો બોલનાર મહાત્માને પણ ઉત્સૂત્ર ભાષણ લાગી જવાનો દોષ ઊભો નહિ થાય ?

**ઉત્તર :** હા, વક્તાને જો ખબર હોય કે મારા આ વચનપ્રયોગથી સામાને, મારા મનમાં રહેલ શાસ્ત્રસંમત અભિપ્રાયથી વિરુદ્ધ હોય એવો અર્થ જ ઉપસ્થિત થવાનો છે, તેમ છતાં વક્તા જેનાથી તેવો વિપરીત બોધ થાય એવો વચનપ્રયોગ કરે તો તેને સૂત્ર વિરુદ્ધ બોલવાનો દોષ લાગે જ.

વળી, શ્રોતાને અન્ય અર્થની ઉપસ્થિતિ થવાની છે એવી જાણકારી હોવા છતાં પોતાના મનમાં અન્ય અભિપ્રાય રાખીને તે અભિપ્રાય મુજબ બોલવામાં મૃષાવાદાદિ દોષો લાગે જ છે એ વાત શાસ્ત્રસિદ્ધ પણ છે જ... માટે તો શ્રી બૃહત્કલ્પભાષ્ય છઠ્ઠા ઉદ્દેશમાં નીચેનો અધિકાર છે -

[1] તે અલીક વચનો (મૃષાવચનો) જે સ્થાનોમાં સંભવે છે, તે બધાને પ્રાયશ્ચિત્ત સહિત જણાવવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર બે દ્વાર ગાથાઓને કહે છે... 'પ્રચલાપદ, આર્દ્રપદ, મરુકપદ, પ્રત્યાખ્યાનપદ, ગમનપદ, પર્યાયપદ, સમુદ્દેશપદ, સંખડીપદ, ક્ષુલ્લકપદ, પારિહારિકપદ, ઘોટકમુખીપદ, અવશ્યં-ગમનપદ, દિગ્વિપર્યયપદ, એકકુલગમનપદ, એકદ્રવ્યગ્રહણપદ, પ્રત્યાખ્યાય-ગમનપદ અને પ્રત્યાખ્યાયભોજનપદ. આ ૧૭ સ્થાનોમાં મૃષા-વાદ લાગે છે અને માસલઘુ વગેરે પ્રાયશ્ચિત્ત આવે છે. ॥ ૬૦૬૬-૬૦૬૭ ॥

હવે પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) દ્વાર કહે છે - 'કોઈક સાધુને અન્ય સાધુએ ભોજન વેળાએ કહ્યું, ભોજન કરો. તે સાધુએ કહ્યું કે 'મારે પચ્ચક્ખાણ છે.' આ પ્રમાણે કહી પછી તે તરત જ માંડલીમાં બેસીને ભોજન કરવા મંડી પડ્યો. તેથી બીજા સાધુએ કહ્યું કે 'આર્ય ! તમે તો હમણાં કહ્યું હતું કે મારે પચ્ચક્ખાણ છે.' (અર્થાત્ જો તમારે ભોજન કરવાનું હતું તો 'મારે પચ્ચક્ખાણ છે' એવું શા માટે કહ્યું ?) તે સાધુએ જવાબ આપ્યો કે 'કેમ, મારે હિંસા વગેરેની અવિરતિનું પચ્ચક્ખાણ શું નથી ? કે જેથી 'મારે પચ્ચ૦ છે' એ વાક્ય અસંગત ઠરે ? ॥ ૬૦૭૧ ॥

---

૧. तच्चालीकवचनं येषु स्थानेषु सम्भवति तानि सप्रायश्चित्तानि दर्शयितुकामो द्वारगाथाद्वयमाह-

पयला उल्ले मरुए, पच्चक्खाणे य गमण परियाए ।
समुद्देस संखडीओ, खुड्डग परिहारिय मुहीओ ॥६०६६॥
अवस्सगमण दिसासुं, एगकुले चेव एगदव्वे य ।
पडियाखित्ता गमणं, पडियाखित्ता य भुंजयणं ॥६०६७॥

अथ प्रत्याख्यान द्वारमाह –

भुंजसु पच्चक्खाणं, महंति तक्खण पभुंजिओ पुट्ठो ।
किं व ण मे पंचविहा, पच्चक्खाया अविरई उ ॥६०७१॥

कोऽपि साधुः केनापि साधुना भोजनवेलायां भाषितः 'भुङ्क्ष्व' समुद्दिश; स प्राह प्रत्याख्यातं मया इति; एवमुक्त्वा मण्डल्यां तत्क्षणादेव 'प्रभुक्तः' भोक्तुं प्रवृत्तः । ततो द्वितीयेन साधुना पृष्टः – आर्य ! त्वयेत्थं भणितं 'मया प्रत्याख्यातम्'; स प्राह किं वा मया प्राणातिपातादिका पञ्चविधाऽविरतिर्न प्रत्याख्याता येन प्रत्याख्यानं न घटते ? ॥६०७१॥

આ અધિકારમાં સ્પષ્ટ જણાય છે કે પોતે પોતાના હિંસા વગેરેની અવિરતિના પચ્ચક્ખાણના અભિપ્રાયે પચ્ચ૦ હોવાની જે વાત કરી છે, એ અભિપ્રાયથી સાચી હોવા છતાં, પોતાને ખબર છે કે 'આ વચનપ્રયોગથી ભોજનવેળાના અવસરે સાંભળનાર સાધુને ઉપવાસના પચ્ચક્ખાણનો ખ્યાલ આવવાનો છે અને તેથી એ વચનપ્રયોગ મૃષાવાદ બની જાય છે.એમાં પોતાના મનમાં રહેલો અવિરતિના પચ્ચ૦નો અભિપ્રાય બચાવ આપી શકતો નથી.

વળી, **પૃ. ૮૨-૮૩** પર તમે લખ્યું છે કે ××× આવી અવસ્થામાં રહેલ તે આવા શબ્દોનો વિપરીત અર્થ ગ્રહણ કરીને ભૌતિક સુખોને મેળવવા પરમાત્માનો ઉપયોગ નહીં જ કરે, તેવો આચાર્યશ્રીને પૂર્ણ વિશ્વાસ હતો. એટલે જ તેઓશ્રીએ પૂજાનો મહિમા વર્ણવવામાં તેવા પ્રકારના શબ્દોનો પ્રયોગ કર્યો હતો. જે કોઈ શ્રોતા માટે આવો વિશ્વાસ ધર્મોપદેશકને પ્રગટ્યો હોય અને આવા ભાષાપ્રયોગથી શ્રોતા ભૌતિક સુખ માટે ધર્મ કરતો થાય, તેવો અનર્થ થવાની સંભાવના ન જણાતી હોય, તેવા શ્રોતા સમક્ષ આવી ભાષાનો પ્રયોગ કરવો અનુચિત નથી. પણ જ્યાં શ્રોતાવર્ગ તેવો વિવેકી ન હોય, શબ્દના વાસ્તવિક પરમાર્થને સમજી શકે તેવો ન હોય અને માત્ર શબ્દાર્થને પકડીને ભૌતિક સુખ માટે ધર્મ કરતો થઈ જાય એવી સંભાવના હોય, તેવા શ્રોતાઓ સમક્ષ આવી ભાષાનો પ્રયોગ કરવો તે સ્વ-પર માટે અનર્થકર નીવડે છે. ×××

તમારા આ લખાણ પરથી પણ આટલું તો નક્કી થઈ જ જાય છે કે પોતાના વચનપ્રયોગથી શ્રોતાને જેવો અભિપ્રાય ઊભો થવાની ઉપદેશકને જાણકારી હોય, તેનાથી વિપરીત અભિપ્રાયથી (પછી ભલે ને તે અભિપ્રાય પોતાની દૃષ્ટિએ સાચો પણ હોય) ઉપદેશક વચનપ્રયોગ કરે, તો એ ભાષાનો પ્રયોગ સ્વ-પર માટે અનર્થકર નીવડે છે.

હવે તમારા આ લખાણમાં શી અસત્યતા છે તે જોઈએ. **ઉપમિતિ ભવ-પ્રપંચાકથા**ના ઉક્ત અધિકારમાં એ વાત સ્પષ્ટ છે કે સદ્ધર્મગુરુ સારી પેઠે જાણે છે કે 'તું દાનાદિ ધર્મ કર, જેથી તને આલોક-પરલોકમાં બધા કલ્યાણોની પ્રાપ્તિ થાય' આવા પોતાના વચનપ્રયોગથી શ્રોતા સંસારી જીવને 'તું દાનાદિ ધર્મ કર, જેથી તને આલોક-પરલોકમાં સમ્યક્ત્વાદિ બધા કલ્યાણોની પ્રાપ્તિ થાય' એવો અર્થ તો ખ્યાલમાં આવવાનો જ નથી. કેમ કે આ સંસારી જીવ

હજુ સમ્યક્ત્વાદિને જાણતો જ નથી, તો એ જ 'કલ્યાણ'રૂપ છે એવું તો શી રીતે જાણી શકે ? અને તેથી જ ધર્મોપદેશકને એ પણ બરાબર ખબર છે કે આ જીવ તો 'કલ્યાણ'થી ધન વગેરે ભૌતિક ચીજોને જ જાણવાનો છે અને તેમ છતાં તેઓશ્રીએ આવો વચનપ્રયોગ કર્યો છે કે 'તું દાનાદિ ધર્મ કર, જેથી તને આલોક-પરલોકમાં બધા કલ્યાણોની (ધન વગેરેની) પ્રાપ્તિ થાય.' આ વચન-પ્રયોગથી સંસારી જીવ ભૌતિક ઇચ્છાથી ધર્મ કરવા માંડશે' એ વાત સ્પષ્ટ સમજાય એવી છે; તેમ છતાં સદ્ધર્મગુરુએ એવું કહ્યું છે. વળી, સદ્ધર્મગુરુનું તે વચન અનુચિત કે સ્વ-પર માટે અનર્થકર તો નહોતું જ. તેથી શ્રોતા 'ભૌતિક સુખ માટે ધર્મ કરતો થાય' એ વાત અનર્થરૂપ છે એવી કે શાસ્ત્રકારોને માન્ય નથી એવી તમારી માન્યતા કદાગ્રહગર્ભિત છે કે નહિ ? તે શાંત ચિત્તે વિચારવા યોગ્ય બાબત છે.

વળી, શાસ્ત્રોમાંથી 'કલ્યાણ' શબ્દનો પોતાને મનફાવતો અર્થ મળી ગયો હોય તે પ્રસ્તુતમાં આલોક-પરલોક શબ્દો સાથે સંગત છે કે અસંગત એનો વિચાર કર્યા વિના લાંબુંલચક કરી દેવાની વૃત્તિ શ્લાઘ્ય નથી. બીજી એક આ બાબત પણ વિચારણીય છે કે પૂ. આ. શ્રી પ્રિયંકરસૂરિ મહારાજે પણ **'जइ इच्छह धणरिद्धिं...'** વગેરે શ્લોકો ધર્મદેશનામાં જે કહ્યા છે, તે એકલા સમુદ્રદત્તને નહિ, પણ અન્ય નગર-લોકોની સભા સમક્ષ કહ્યા છે... જુઓ, મનોરમા-કથાનો એ અધિકાર....

[1] એક વાર એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતાં ત્યાં **શ્રી પ્રિયંકરસૂરિ** નામના આચાર્યભગવંત પધાર્યા. **તિલકનંદનવનમાં** બિરાજ્યા. વંદના નિમિત્તે નગરલોકો આવ્યા. **સમુદ્રદત્ત પણ તારાવલીની** સાથે આચાર્ય મહારાજ પાસે પહોંચ્યો. વંદન કરીને **ઉચિત આસન પર બેઠો.** આચાર્ય ભગવાને સંસારનિર્વેદજનક ધર્મદેશના પ્રારંભી....

મનોરમા-કથામાં આવતા આ અધિકારમાંથી એ સ્પષ્ટ જણાય છે કે ત્યાં નગરલોકો પણ આવેલા જ છે. વળી, સમુદ્રદત્ત 'ઉચિત આસન પર બેઠો'

---

૧. अण्णया गामाणुग्गामं विहरंता समागया तत्थ पियंकराभिहाणा सूरिणो, समवसरिया तिलय-नंदणकाणणे, समागया वंदणानिमित्तं नयरलोया। समुद्ददत्तोवि समं तारावलीए संपत्तो सूरिसमीवे वंदिऊण निसण्णो उचियासणे। पारद्धा भगवया संसारनिव्वेयजणणी धम्मदेसणा। (मनोरमाकहा, पृ. १४४)

એ વાક્ય પણ જણાવે જ છે કે ત્યાં અન્ય શ્રોતાઓ પણ બેઠા છે અને સમુદ્રદત્ત પોતાના સ્થાન પ્રમાણે યોગ્ય આસન પર બેઠો છે. એ એકલો જ હોત, તો ગ્રન્થકારે એવું લખ્યું હોત કે 'ગુરુને સંમુખ બેઠો.' વળી આવી સુંદર દેશના રેલાતી હોય તોપણ આવેલા લોકો એ દેશના સાંભળવા ત્યાં બેસે જ નહિ એ તો જરાય માની શકાય એવી વાત નથી. આ કોઈ પૂ. આચાર્યમહારાજ અને સમુદ્રદત્તની ખાનગી વાતો નહોતી કે જેથી લોકોને પૂ. આચાર્ય ભગવંતે નિષેધ કર્યો હોય !

**પ્રશ્ન :** પણ જો નગરલોકો પણ ત્યાં બેઠા હોય તો આચાર્ય મહારાજ સમુદ્રદત્તનો જ શા માટે વારંવાર 'સૌમ્ય' વગેરે શબ્દમાં એકવચનથી ઉલ્લેખ કરે ? 'ભો ભો લોકા:' (હે લોકો) ઇત્યાદિરૂપ બહુવચનથી શા માટે ઉલ્લેખ ન કરે ?

**ઉત્તર :** એ તો સભામાં તે શ્રેષ્ઠી તરીકે મુખ્ય હોવાથી એને ઉદ્દેશીને આ ધર્મદેશના અપાઈ હોવાથી એનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. પણ એટલા માત્રથી ત્યાં બીજું કોઈ હતું જ નહિ એવું સિદ્ધ થઈ જતું નથી. નહિતર તો ભગવાનની દેશનામાં પણ વારંવાર ગૌતમ સ્વામીનો જ ઉલ્લેખ આવ્યા કરતો હોવાથી ત્યાં પણ બીજું કોઈ હતું જ નહિ એવું માનવાની આપત્તિ આવે. વળી, અહીં એનો જ ઉલ્લેખ જે વારંવાર થયો છે તે તેની મુખ્યતા હોવાને કારણે જ થયો હતો, બીજું કોઈ ત્યાં નહોતું એ કારણે નહીં. એ વાત તેના પરથી પણ જણાય છે કે 'ત્યાં તારાવલી તો હાજર હતી જ...' માટેસ્તો દેશના પૂર્ણ થયા પછી ત્યાં કહ્યું છે કે [1] 'આ પ્રમાણે સાંભળીને નિરતિચાર-સમ્યક્ત્વનું પરિપાલન કરવાનો અભિગ્રહ સ્વીકારેલ, સમ્યક્ જિનપૂજા કરવાના ઉલ્લસિત વિશુદ્ધ પરિણામવાળો સમુદ્રદત્ત શ્રીપ્રિયંકર આચાર્યના ચરણ-કમળને વંદન કરીને તારાવલીની સાથે નગરમાં પ્રવેશ્યો.'

વળી, સંબોધનમાં રહેલા એકવચનના પ્રયોગથી જ જો ત્યાં બીજું કોઈ નહોતું એમ સિદ્ધ કરવાનું હોય તો તો મુનિવર! ત્યાં જ સમુદ્રદત્તે જે કહ્યું છે

---

૧. एवं सोऊण पडिवण्णनिरइयारसम्मत्तपरिपालणाभिग्गहो सम्मं जिणपूयासंपायणसमुल्लसंत-विसुद्धपरिणामे वंदिऊण पियंकरायरियपायपंकयं समं तारावलीए पविट्ठो नयरं समुद्दत्तो ।
मनोरमाकहा, पृ. २४३

કે [1]'હે ભગવન્ ! બધા ધર્મીઓ પોતપોતાના ધર્મને સુંદર કહે છે. તો અમે કયા ધર્મમાં જોડાઈએ ?' તેમાં 'અમે કયા ધર્મમાં જોડાઈએ ?' એવો બહુવચનનો પ્રયોગ ન કરત... કેમ કે ગુરુ આગળ કંઈ પોતાની જાતના બહુમાનાર્થે બહુવચનનો પ્રયોગ તેણે કર્યો હોય તેવું સંભવતું નથી. પોતે એકલો હોત તો એવું કહેત કે 'હું કયા ધર્મમાં જોડાઉં ?'

[**'लग्गामो'** આ પ્રાકૃત ભાષાનું રૂપ બહુવચનનું છે એ તમે જાણતા જ ન હો એવું તો માની ન શકાય, કેમ કે તો તો તમે શાસ્ત્રપાઠોનો અર્થનિર્ણય કરવાના અધિકારી જ ન રહો. પણ આ બહુવચનના રૂપનો અર્થ બહુવચનવાળો કરું, તો તો આચાર્ય ભગવંતે સમુદ્રદત્તની પરિણતિને જાણીને એને જ આ ઉપદેશ આપ્યો છે એવું જણાવવાનો અભિપ્રાય ત્યાં જ ખંડિત થઈ જાય; કારણ કે બહુવચનવાળો પ્રયોગ, 'આ દેશના અનેક વ્યક્તિઓ સમક્ષ થઈ રહી છે, માત્ર સમુદ્રદત્તને નહીં' એવું સ્પષ્ટ જણાવે છે. શું આવા કોઈ ડરથી તમે, 'તો મારે કયો ધર્મ કરવો ?' એવો એકવચનવાળો અર્થ કર્યો છે ?]

વળી, આચાર્ય ભગવંત સમુદ્રદત્તને તો એકવચનથી સંબોધે છે તે 'સોમ! સુણ' (મનોરમાકથા, પત્રાંક ૧૮૩) ઈત્યાદિ શબ્દોથી જણાય છે. તમે પણ એનો અર્થ 'સૌમ્ય ! સાંભળ' એમ એકવચનથી કર્યો છે. જ્યારે **'जइ इच्छह धणरिद्धिं'** શ્લોકમાં **'इच्छह'** અને **'महह'** એ બે ક્રિયાપદો બહુવચનમાં છે, જેનો તમે પણ 'ઈચ્છો છો' અને 'પૂજા કરો' એમ બહુવચનથી અર્થ કર્યો છે.

એટલે આ શ્લોકો માત્ર સમુદ્રદત્તને નથી કહેવાયા; પણ નગરલોકો (સભા) સમક્ષ કહેવાયા છે એ સ્પષ્ટ છે. અને તેથી જ તત્ત્વા૦ ના પૃષ્ઠ ૮૨-૮૩ પર 'સમુદ્રદત્તની વિશિષ્ટ અવસ્થા તૈયાર કરી હોવાથી મહિમા જણાવવા માટે તેની સમક્ષ આવાં વચનો કહી શકાય. જ્યાં શ્રોતાવર્ગ એવો વિવેકી ન હોય, ત્યાં આવો ભાષા-પ્રયોગ કરવો અનર્થકર નીવડે છે...' આવો ભાવ જણાવતું જે લખાણ કર્યું છે તે અસત્ય ઠરે છે; કારણ કે બધા નગરલોકોની કાંઈ એવી અવસ્થા નિર્માણ થઈ હોતી નથી કે ઉપદેશક મહાત્માને એ બધા માટે એવો વિશ્વાસ પેદા થયો હોતો નથી.

---

१. एत्थंतरे अवसरं लहिऊणं जंपियं समुद्ददत्तेण भयवं ! सव्वेवि पासंडिणो नियनियधम्मं सोहणं संगिरंति कहिं लग्गामो ? मनोरमाकहा, - पृ. १४४

વળી, તમે પૃ. ૮૪ પર લખ્યું છે કે આ પછી ભવના અંત સુધી ક્યાંય ઉલ્લેખ જોવામાં નથી આવતો કે સમુદ્રદત્તે ક્યારેય મનુષ્યપણાની કે દેવ-પણાની ઋદ્ધિ મેળવવા માટે ધર્મ કર્યો હોય. ××× આ અંગે લખવાનું કે આ રીતે એમાં ક્યાંય એવો ઉલ્લેખ નથી આવતો કે 'સમુદ્રદત્તે ઊભી થયેલી ભૌતિક આવશ્યકતાઓની પૂર્તિ માટે ધર્મનો ક્યારેય આશ્રય ન લીધો હોય.'

આમ નક્કી થયું છે કે શ્રી પ્રિયંકરસૂરિ મહારાજે આ દેશના એકલા સમુદ્રદત્તને આપી નથી, પણ સભા સમક્ષ આપી છે અને તેથી જ નક્કી થાય છે કે 'જો તમે ધનઋદ્ધિને ઇચ્છો છો તો તમે શ્રીજિનબિંબોની પૂજા કરો' ઈત્યાદિ ઉપદેશ સભા સમક્ષ પણ આપી શકાય, તેમ જ આ રીતે ભૌતિક ઈચ્છાથી પણ જીવો ધર્મમાં જોડાય તો એમાં સ્વ-પરનું કોઈ અહિત નથી. કાંઈ અનર્થ નથી... ઉપદેશક મહાત્માનું પણ તેવું અહિત એટલા માટે થતું નથી કે આ રીતે અર્થકામ માટે ધર્મ જ કરવાનો ઉપદેશ આપીને પણ છેવટે તો એને ધર્મમાં જ આગળ વધારવાનો તેઓનો આશય હોય છે. ધર્મથી અર્થકામને મેળવીને પછી એ અર્થકામમાં જ અટવાઈ જાય, એટલેથી જ પરિપૂર્ણતા માની લે એવું કાંઈ સંવિગ્ન ગીતાર્થ ઉપદેશક મહાત્માઓના દિલમાં હોતું નથી.

■

तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः ।
इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ॥ योगसार २-१०॥

**"માત્ર અમે જ તત્ત્વના સાચા જાણકાર = ગીતાર્થ છીએ. બીજા બધા તો તત્ત્વને સમજવામાં ભ્રાન્ત થયેલા છે અને તેથી તત્ત્વના અનભિજ્ઞ = અગીતાર્થ છે." (આવી માન્યતા ધરાવનારા) મત્સરીઓ તત્ત્વના સારથી ક્યાંય દૂર ફેંકાઈ ગયા છે.**

## વિષય - ૪

# દૃષ્ટાન્ત એ સિદ્ધાન્ત નથી

## (તત્ત્વાવલોકન, પૃ.૬૪)

**સમીક્ષા :** મહાત્મન્ ! દષ્ટાંતને કોણ સિદ્ધાંત કહે છે ? પણ એટલું તો જરૂર કહીએ છીએ કે હેતુવાદમાં જે કોઈ સિદ્ધાંત (નિયમ-વ્યાપ્તિ) નક્કી કર્યો હોય તે પ્રમાણભૂત છે કે નહિ ? એની પરીક્ષા માટે કષપટ્ટિકાનું કામ દષ્ટાંત કરે છે.બાંધેલા સિદ્ધાંતનો દષ્ટાંતમાં સમન્વય થતો હોય,તો તે બાંધેલો સિદ્ધાંત યથાર્થ ઠરાવી શકાય.એક પણ દષ્ટાંતમાં જો માનેલા સિદ્ધાંતનો સમન્વય જોવા ન મળતો હોય,તો તે માની લીધેલા સિદ્ધાંતને પ્રમાણભૂત ઠરાવી શકાતો નથી. તદુપરાંત,વિવક્ષિત એક પણ દષ્ટાંતમાં માની લીધેલા સિદ્ધાંતનો વ્યભિચાર આવતો હોય,તો તે વ્યભિચારને દૂર કરવા માની લીધેલા સિદ્ધાંતનો સંકોચ પણ કરવો પડે છે અથવા એ માની લીધેલા સિદ્ધાંતનું અર્થઘટન ફેરવવું પડે છે. ××× દષ્ટાંત ઉપરથી સિદ્ધાંતનો નિર્ણય કરવાની પ્રણાલી જૈનશાસનમાં નથી.આ તો સર્વજ્ઞનું શાસન છે,જે પૂર્ણ છે.એ સંશોધનથી ઊભું થયેલું શાસન નથી. અખતરા અને પ્રયોગોના આધારે સ્થપાયેલા સિદ્ધાંતો વડે ચાલે તે સર્વજ્ઞનું શાસન ન કહેવાય.આ તો સર્વજ્ઞની જ્ઞાનદષ્ટિમાં સુનિશ્ચિતરૂપે ભાસિત થયેલા સિદ્ધાંતોના પાયા પર ચાલતું શાસન છે.××× ઇત્યાદિ તમે જે કહ્યું છે તે માન્ય જ છે.

ભગવંત શ્રીજિનેશ્વરદેવોએ પોતાના કેવલજ્ઞાનમાં સુનિશ્ચિતરૂપે જોયેલા સિદ્ધાંતો જ આપણને કહેલા છે,પણ એ સિદ્ધાંતો સૂક્ષ્મ બુદ્ધિગમ્ય, રહસ્યમય મહાન અર્થને જણાવનારા હોઈ આપણે એનું જેવું અર્થઘટન માનતા હોઈએ, તેમાં દષ્ટાંતોનો અચૂક સહારો લેવો જ પડે છે. શ્રીસર્વજ્ઞ ભગવંતનાં વચનો પરથી આપણે આપણા અલ્પક્ષયોપશમને અનુસરીને જેને સિદ્ધાંત માની બેઠા હોઈએ તે ભગવાનના જ્ઞાનમાં દેખાયેલા સિદ્ધાંતને અનુરૂપ કે અનનુરૂપ છે તેની ખાતરી તો દષ્ટાંતમાંથી જ થઈ શકે. એ સિવાય શેમાંથી થાય ? કેમ કે ભગવાનના અનંત જ્ઞાનમાં દેખાયેલા સિદ્ધાંતો ત્રિકાળ-અબાધિત હોઈ, કોઈ દષ્ટાંતમાં વ્યભિચારવાળા હોતા નથી. જે વ્યક્તિ પોતાના માની લીધેલ સિદ્ધાંતની કષાદિ પરીક્ષા કરનારને અટકાવે, પરીક્ષા કરાવવા તૈયાર જ ન થાય, તેને આભિગ્રહિક મિથ્યાત્વ કે અભિનેવશ મિથ્યાત્વ આવે તે તો તમે જાણતા જ હશો ! ××× વિશ્વના બનતા બનાવો ઉપરથી કે દષ્ટાંતમાં આવેલા

પ્રસંગો ઉપરથી સિદ્ધાંતો કદી નક્કી ન કરાય. ××× આવું જે તમે લખ્યું છે એ અંગે પણ આવું જ જણાવવાનું કે 'એના પરથી સિદ્ધાંત નક્કી ન કરાય' એ વાત કોને અમાન્ય છે ? કેમ કે સિદ્ધાંતો આપણે નક્કી કરવાના નથી. શ્રી જિનેશ્વર ભગવંતો નક્કી કરીને આપી જ ગયા છે; પણ તેઓશ્રી સિદ્ધાંતજ્ઞાપક જે વચનો આપી ગયા છે, તેના પરથી આપણે જે અર્થઘટન માની બેઠા હોઈએ તે, શાસ્ત્રીય દષ્ટાંતોમાં જો અન્યથા દેખાતું હોય તો અવશ્યમેવ ફેરવવું પડે. ××× પણ સિદ્ધાંતબાધક દષ્ટાંતનો આશ્રય લઈ ××× મહાત્મન્ ! આ શું લખી નાખ્યું ? શાસ્ત્રીય દષ્ટાંતો શું ક્યારેય પણ સિદ્ધાંતબાધક હોય ખરાં ? 'દષ્ટાંત' શબ્દનો અર્થ જ વિચારો ને ! [*]આગમાદિથી દેખેલા (જાણેલા) અર્થ(સિદ્ધાંત વગેરેરૂપ પદાર્થ)ને અંત પમાડે - નિશ્ચિત બનાવે - 'આ સિદ્ધાંત આવો છે' એ પ્રમાણે સંવેદન કરાવે એ દષ્ટાંત. દષ્ટાંત શબ્દનો આ અર્થ છે. તેથી જો આપણે કલ્પી લીધેલો સિદ્ધાંત કોઈ શાસ્ત્રીય દષ્ટાંતમાં બાધિત થતો હોય, તો એ કલ્પેલો સિદ્ધાંત ઊભો રહે ખરો ? એને ફેરવવો ન પડે ? એક પણ દષ્ટાંતમાં બાધિત થતો હોય એવો પણ સિદ્ધાંત જો ઊભો રહી શકતો હોય, તો તો કાલે ઊઠીને તમને કોઈ એવો સિદ્ધાંત આપશે કે, 'જ્યાં જ્યાં અગ્નિ હોય, ત્યાં ત્યાં ધુમાડો હોય.' તો આવા સિદ્ધાંતને પણ તમારે સ્વીકારવો પડશે; કેમ કે એવો સિદ્ધાંત બતાવનારની સામે તમે લાલચોળ તપેલા લોખંડના ગોળામાં અગ્નિ હોવા છતાં ધુમાડો ન હોવારૂપ આવતા વ્યભિચારને જો દેખાડશો, તો એ માણસ એવું કહીને ઊભો રહેશે કે 'રસોડું, યજ્ઞની વેદિકા વગેરે વગેરે અનેક દષ્ટાંતોમાં અગ્નિ છે, તો ધુમાડો પણ છે જ... તો એ એક દષ્ટાંતમાં કદાચ ધુમાડો ન રહ્યો તોપણ શું ? એટલા ખાતર અમારો માની લીધેલો સિદ્ધાંત ન બદલાય !' એ વ્યક્તિ આવું કહે, તો શું તમે આવા સિદ્ધાંતને સ્વીકારી લેશો કે પછી એ સિદ્ધાંત આપનારને પણ કહેશો કે "ભાઈ ! તપ્ત અયોગોલકમાં વ્યભિચાર આવે છે, માટે તારો માનેલો સિદ્ધાંત બરાબર નથી. તારે સિદ્ધાંત બાંધવો જ હોય, તો એવો કહે કે **'જ્યાં જ્યાં આર્દ્રેન્ધનજન્ય** (લીલા ભેજવાળા બળતણમાંથી પ્રગટેલો) **અગ્નિ હોય, ત્યાં ત્યાં ધુમાડો હોય જ.'** પણ 'જ્યાં જ્યાં અગ્નિ હોય, ત્યાં ત્યાં ધુમાડો હોય' એવો નહિ."

* दृष्टमर्थमन्तं नयतीति दृष्टांतः अतीन्द्रियप्रमाणदृष्टं संवेदननिष्ठां नयतीत्यर्थः ।

(श्रीदशवै० हारिभद्रवृत्ति)

वळी, तमे जे कह्युं के ×××(बाधक) दृष्टांतनो आश्रय लईने ते विषयमां मुग्ध जीवोमां बुद्धिभेद करवानो प्रयत्न न कराय. ××× ते अंगे मुनिवर ! मारे एटलुं ज कहेवानुं के बुद्धिभेद करवानो प्रयत्न न कराय, पण बुद्धिभेद थयो होय अथवा अपसिद्धांतमां सिद्धांतनो भ्रम थयो होय, तेने टाळवानो जरूर प्रयत्न कराय ने ! 'जैनोए पलादन न कराय' एवी बंधायेली बुद्धि (अभिप्राय)नो उपलक दृष्टिए भेद करी नाखनार एवो पण कृष्ण-संबंधी पलादनना दृष्टांतनो **पू० उपाध्यायजी महाराजाए** पूर्वपक्षीना मानेला सिद्धांत अंगे थयेल भ्रमबुद्धिने भेदवा माटे शुं उपयोग नथी कर्यो ?

वळी तमे ××× दृष्टांतोनो उपयोग करी (जोके तमे अहीं 'दुरुपयोग' करी एम लख्युं छे, पण दृष्टांतनो थयेलो उपयोग ए दुरुपयोग छे के सद्‌ उपयोग ए पहेलेथी नक्की थई शकतुं नथी, एनी पण लांबी चर्चा करवी पडे छे... माटे हुं मात्र 'उपयोग करी' एम लखुं छुं) सिद्धांतोने फेरववानो के तेना अर्थघटनमां फेरफार करवानो प्रयास स्व-पर हितघातक छे. आ वात कोई पण भवभीरु आत्माए भूलवा जेवी नथी. ××× आ अंगे हुं **पूज्य उपाध्यायजी श्री यशोविजयजी महाराजा**नो हवालो आपुं छुं. तेओश्रीए शुं कर्युं छे ते तमे विचारशो एटले तमारुं उपरोक्त विधान केटलुं स्वघातक छे ते तमने आपोआप समजाई जशे.

**उम्मग्गमग्गसंपट्ठिआणं साहूण गोअमा ! नूणं ।**
**संसारो अ अणंतो होइ सम्मग्गणासीणं** ॥ (गच्छा० प्र. ३१)

**अर्थ :** उन्मार्गरूप मार्ग पर चढी गयेला सन्मार्गनाशक साधुओनो **हे गौतम !** संसार खरेखर अनंत होय छे.

**उस्सुत्तभासगाणं बोहिणासो अणंतसंसारो ।**
**पाणच्चाए वि धीरा उस्सुत्तं ता ण भासंति ॥**

**अर्थ :** उत्सूत्रभासक जीवनो बोधिनाश थाय छे, अनंत संसार थाय छे; तेथी धीरपुरुषो प्राणत्याग थतो होय तो पण उत्सूत्र बोलता नथी.

**श्री गच्छाचार प्रकीर्णक** वगेरेनां आ वचनो परथी पूर्वपक्षीए सिद्धांत बांध्यो के 'उत्सूत्रभाषी जीव नियमा अनंत काळ संसारमां रखडे.' हवे आव्यो दृष्टांतनो प्रश्न. **मरीचिए** उत्सूत्र भाषण कर्युं होवा छतां असंख्य काळ ज

સંસારમાં રખડ્યા. જમાલિએ ઉત્સૂત્ર ભાષણ કર્યું હોવા છતાં માત્ર પંદર ભવ જ સંસારભ્રમણ કરવાનું છે... આમ, બાંધેલા સિદ્ધાંતનો વિરોધ થાય એવાં બે દૃષ્ટાંતો ઉપસ્થિત થયાં. એ વિરોધને દૂર કરવા પૂર્વપક્ષીએ 'દૃષ્ટાંતને ખાતર માની લીધેલો સિદ્ધાંત ન બદલાય' એવા તમારા જેવા જ અભિપ્રાયથી, પોતે બાંધેલા સિદ્ધાંતને ન બદલ્યો; પણ દૃષ્ટાંતને બદલવાનો = મચડવાનો પ્રયાસ કર્યો.

**મરીચિ**ની બાબતમાં તેનું **'कविला इत्थंपि इहयंपि'** એવું વચન ઉત્સૂત્ર નહોતું, પણ ઉત્સૂત્રમિશ્રિત હતું અને તેથી 'અનંત સંસાર ન થયો' એવું સમાધાન આપ્યું; અને **જમાલિ**ની બાબતમાં કહ્યું કે 'તેણે પંદર ભવ જ રખડવાનું છે એવું નથી, પણ પાંચ વાર તિર્યંચગતિમાં રખડવાનું છે.' દૃષ્ટાંત બદલવાના અભિપ્રાયવાળા પૂર્વપક્ષીનો જમાલિની બાબતમાં કહેવાનો આશય એ છે કે 'તિર્યંચગતિમાં બીજી ગતિમાં ગયા વગર વારંવાર જવાનું થાય તોપણ એ બધું એક જ વાર ગમન કર્યું કહેવાય. અન્ય ગતિમાં વચ્ચે જવાનું થાય તો જ પછી પાછું તિર્યંચગતિમાં થયેલું ગમન બીજી વારનું ગમન કહેવાય. આમ પાંચ વાર તિર્યંચગતિમાં તે રખડવાનો છે અને તેથી તિર્યંચમાં એક એક વારમાં પણ અનંત કાળ પસાર થઈ શકતો હોઈ તેણે કરવાના ભ્રમણનો કુલ કાળ પણ અનંત કાળ હોવો અવિરુદ્ધ છે. પૂર્વપક્ષીએ આવું સમાધાન આપ્યું છે. આમ, પોતાના માની લીધેલા સ્વચ્છંદી સિદ્ધાંતને બદલવો નથી તેથી દૃષ્ટાંતને બદલવાનો પૂર્વપક્ષીએ પ્રયાસ કર્યો.

પણ પૂજ્ય ઉપાધ્યાયજી **શ્રી યશોવિજયજી મહારાજા**ને આ રીતે દૃષ્ટાંત અંગે આડીઅવળી દલીલો કરીને, કલ્પેલા સિદ્ધાંતને પકડી રાખવો એ જરાય યોગ્ય લાગતું નથી. તેથી ધર્મપરીક્ષા ગ્રંથમાં વિસ્તારથી પૂર્વપક્ષના નિરૂપણ-પૂર્વકનું ખંડન કર્યું છે. આમાં આપણે એટલું જ વિચારવાનું છે કે 'સિદ્ધાંતનો જેમાં વિરોધ થયો હોય, એવાં પણ દૃષ્ટાંતો દુનિયામાં સંભવી શકે છે.' એવું જો પૂ. ઉપાધ્યાયજી મહારાજાને સંમત હોત, તો તો આ બે સ્થળોએ પણ પૂર્વપક્ષીને એવું જ કહી દેત કે 'ભાઈ ! આ રીતે સિદ્ધાંતનો વિરોધ થવામાત્રથી શાસ્ત્ર અને સંપ્રદાયથી વિરુદ્ધ એવી આવી બધી 'મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર હોવાની' અને 'જમાલિનો સંસાર અનંત કાળ હોવાની' કલ્પનાઓ કરવાની કોઈ જરૂર નથી કે તે કલ્પનાઓને સિદ્ધ કરવા અનેક ક્લિષ્ટ કલ્પનાઓ દોડાવવાની પણ કોઈ જરૂર નથી; કેમ કે કોઈ કોઈ દૃષ્ટાંતમાં સિદ્ધાંતથી વિરુદ્ધ

બનાવ જોવા મળતો હોય, તોપણ કોઈ વાંધો નથી. એનાથી સિદ્ધાંત ખોટો પણ ઠરી જતો નથી' ઇત્યાદિ. પણ તેઓશ્રીએ આવું કાંઈ કહ્યું નથી, ઊલટું દૃષ્ટાંતની પુષ્ટિ કરતાં, મરીચિનું વચન ઉત્સૂત્ર જ હતું એવું અને જમાલિનો સંસાર પંદર ભવ જ છે એવું સિદ્ધ કર્યું છે. આના પરથી નક્કી થાય છે કે સિદ્ધાંતનો જેમાં વિરોધ થાય તેવાં પણ દૃષ્ટાંતો દુનિયામાં બનવા સંભવિત છે.' એ વાત ઉપાધ્યાયજી મહારાજાને માન્ય નથી.

**પ્રશ્ન :** પણ તો પછી સિદ્ધાંતનો વિરોધ થાય છે તેનું શું ?

**ઉત્તર :** આ અંગે તેઓશ્રીનો અભિપ્રાય એવો છે કે – [1]**'उस्सुत्तभासगाणं बोहिणासो अणंतसंसारो'** એવા આગમવચન પરથી અનંત સંસાર-ભ્રમણાનો સિદ્ધાંત હોવો ઉપલક દૃષ્ટિએ દેખાય છે ખરો ! પણ આ દૃષ્ટાંતોમાં વિરોધ આવતો હોવાથી જ જણાય છે કે તેવો સિદ્ધાંત બાંધવો યોગ્ય નથી. આવાં વચન કે **'उम्मग्गमग्गसंपट्ठियाणं'** ઇત્યાદિ વચન પરથી ઉત્સૂત્રભાષીને નિયમા અનંત સંસાર થવાનો જો નિયમ બાંધી દેવામાં આવે, તો એ રીતે તો 'શીતલ-વિહારથી ભગવાનની (ભગવાનના શાસનની) અવશ્ય આશાતના થાય છે. માટે શીતલવિહારના કારણે જીવનો ક્લેશની બહુલતાવાળો અનંત સંસાર થાય છે, કેમ કે કહ્યું છે કે **'तित्थयरपवयणसुअं...'** એવા ઉપદેશપદના (૪૨૨) વચનથી શીતલવિહારી (શિથિલાચારી) પાસત્થા વગેરેને પણ નિયમા અનંત સંસાર હોવાનો નિયમ માનવાની આપત્તિ આવે. પણ એ બાબતમાં તો પરિણામભેદે સંસારભેદ હોવો મનાય છે. (અર્થાત્ જેવાં પરિણામો હોય તે મુજબ ઓછોવત્તો સંસાર હોવો મનાય છે.) તો એ રીતે ઉત્સૂત્ર ભાષણ અંગે પણ અધ્યવસાય નિમિત્તક ઓછોવત્તો સંસાર હોવો **'મહાનિશીથ-સૂત્ર'**માં કહેલી રીત મુજબ માનવો જોઈએ.

**પ્રશ્ન :** તો શું પૂ. ઉપાધ્યાયજી મહારાજા **'उम्मग्गमग्ग'** ઇત્યાદિ વચનો પરથી કોઈ તારવણી જ કાઢતા નથી ?

---

૧. उम्मग्गमग्ग संपट्ठियाणं इत्यादिनोत्सूत्रभाषिणां नियमादनन्तसंसारसिद्धौ च सीअल विहारओ खलु भगवंतासायणाणिओगेण । तत्तो भवो अणंतो किलेसबहुलो यतो भणितम् ॥४२२॥ तित्थयरपवयणसुअं ॥४२३॥ इत्याद्युपदेशपदवचनाच्छीतलविहारिणां पार्श्वस्थादीनां नियमादनन्तसंसारापत्तिः । इष्यते च तत्र परिणामभेदाद्भेद इत्यत्राप्यध्यवसायप्रत्ययः संसारविशेषो महानिशीथोक्तरीत्या श्रद्धेयः । (धर्मपरीक्षा, श्लोक ४०, प्रत पृ. १५१)

**ઉત્તર** : ઉક્ત વચનો પરથી (૧) ઉત્સૂત્ર ભાષણમાં સ્વરૂપત: અનંત સંસારહેતુતા રહી છે, એવો સિદ્ધાંત બાંધવો જોઇએ' અથવા (૨) ઉત્સૂત્ર ભાષણથી બહુલતાએ (મોટે ભાગે) અનંત સંસાર થાય છે, એવી તારવણી કાઢવી જોઈએ; એવો ઉપાધ્યાયજી મહારાજાનો અભિપ્રાય છે. એ તેઓશ્રીનાં નીચેનાં વચનોથી જણાય છે. [૧] આવા ઉત્સૂત્ર વચનમાં સ્વરૂપે અનંત સંસાર-હેતુતા કહેવામાં કોઈ પ્રક્રિયા-વિરોધ નથી (આગળ પૂર્વપક્ષી પ્રક્રિયા-વિલોપની આપત્તિ આપી ગયા છે, માટે અહીં કોઇ પ્રક્રિયા-વિરોધ નથી' એમ કહ્યું છે). જેમ કે જે નરકમાં જવાનો જ નથી એવો ચરમ-શરીરી જે આરંભ સમારંભ કરે છે, તેમાં પણ સ્વરૂપત: નરકની હેતુતા કહેવામાં કોઈ પ્રક્રિયા-વિલોપ નથી. આ વાત સમ્યગ્ વિચારવી.

[૨] 'ઉત્સૂત્રભાષીઓને અનંત સંસાર થાય છે, એવો નિયમ જો આ રીતે નહિ માનો તો પછી ઉત્સૂત્રભાષણનો કોઈને ભય જ રહેશે નહિ !' એવી શંકા ન કરવી. કેમ કે ઉત્સૂત્ર ભાષણથી નિયમા અનંત સંસાર થાય એવો એકાંત ન હોવા છતાં પણ બહુલતાએ જે ઉક્ત ફળ મળે છે તેને લીધે હિંસાદિ પાપથી જેમ ભવભીરુ આસ્તિક જીવને ભય લાગે છે, તેમ ઉત્સૂત્ર ભાષણથી પણ ભય લાગવો સંગત બને છે. આસ્તિક જીવમાં રહેલું આસ્તિક્ય જ અસદ્ પ્રવૃત્તિથી ભય લાગવાનું નિમિત્ત કારણ છે.

આમ, ઉત્સૂત્રભાષીઓને અનંત સંસાર હોવાના સિદ્ધાંતમાં 'એ સ્વરૂપત: હેતુતા' હોવાનો સિદ્ધાંત છે. 'ફળરૂપે અનંત સંસાર થાય જ એવો સિદ્ધાંત નથી' એવો અથવા 'ઉત્સૂત્ર ભાષણથી બહુલતાએ અનંત સંસાર થાય એવો સિદ્ધાંત છે, નિયમા અનંત સંસાર થાય એવો નહિ.' એ જાતનો, પૂર્વ-કલ્પિત સિદ્ધાંતનો ફેરફાર (સંકોચ) કરવાનું જ **પૂ. ઉપાધ્યાયજી મહારાજાને અભિપ્રેત છે**; પણ દૃષ્ટાંતમાં અન્યથાત્વ જોવા મળતું હોય, તોપણ દૃષ્ટાંત તે કલ્પેલા સિદ્ધાંતને કાંઈ કરી શકતું નથી, એ દૃષ્ટાંત ત્યાં અકિંચિત્કર છે, એની

---

૧. ईदृशोत्सूत्रवचने स्वरूपतोऽनन्तसंसारहेतुत्ववचने चरमशरीरिक्रियमाणारम्भेऽपि स्वरूपतो नरकहेतुत्ववचनवत् प्रक्रियाऽविरोधादिति सम्यग्विभावनीयम् । (धर्म० श्लो. ४०, पृ. १४८)

२. न चैवमुत्सूत्रभाषिणामनन्तसंसाराऽनियमनात्ततो भयानुपपत्तिरिति शङ्कनीयम्, एकान्ताभावेऽपि बाहुल्योक्तफलापेक्षया हिंसादेरिवोत्सूत्रादास्तिकस्य भयोपपत्तेः । आस्तिक्यं ह्यसत्यप्रवृत्तिभयनिमित्तमिति दिग् । (धर्मपरीक्षा, श्लो. ७, प्रत पृ. २५)

ઉપેક્ષા કરવી જોઈએ અને કલ્પેલા સિદ્ધાંતને વળગી રહેવું જોઈએ... ઈત્યાદિ વાતો અભિપ્રેત નથી, એ આ બધી પ્રરૂપણા પરથી જણાય છે. તાત્પર્ય કે દૃષ્ટાંતના આધારે ભગવાનનો સિદ્ધાંત ન જ ફરે (કેમ કે દૃષ્ટાંતમાં તેનો વ્યભિચાર હોતો જ નથી); પણ આપણે ભગવાનના વચનનું તાત્પર્ય સમજ્યા વિના કોઈ અયોગ્ય સિદ્ધાંત માની બેઠા હોઈએ તો તે અવશ્ય ફેરવવો પડે.

આ જ વાતનું સમર્થન પરમ પવિત્ર સર્વશાસ્ત્ર-શિરોમણિ એવા **શ્રી કલ્પસૂત્ર** પરથી પણ થાય છે. તેમાં કહ્યું છે કે [1] આ વાત નિશ્ચિત છે કે એવું ભૂતકાળમાં બન્યું નથી, વર્તમાનમાં બનતું નથી કે ભવિષ્યમાં બનશે નહિ કે શ્રી અરિહંત પરમાત્માઓ, ચક્રવર્તીઓ, બળદેવો કે વાસુદેવો અન્ત્યકુલોમાં, પ્રાંતકુલોમાં, તુચ્છકુલોમાં, દરિદ્રકુલોમાં, કૃપણકુલોમાં, ભિક્ષાચરકુલોમાં કે બ્રાહ્મણકુલોમાં ભૂતકાળમાં આવ્યા હોય, વર્તમાનકાળે આવતા હોય કે ભવિષ્યકાળમાં ગર્ભ તરીકે આવવાના હોય. **(કલ્પસૂત્ર, ૧૬)**

[2] આ પ્રમાણે આ વાત નિશ્ચિત છે જ કે અરિહંત પરમાત્માઓ, ચક્રવર્તીઓ, બળદેવો કે વાસુદેવો ઉગ્રકુલોમાં, ભોગકુલોમાં, રાજન્યકુલોમાં, ઈક્ષ્વાકુકુલોમાં, ક્ષત્રિયકુલોમાં, હરિવંશકુલોમાં કે તેવા પ્રકારના અન્ય વિશુદ્ધ જાતિ કુલવાળા વંશોમાં ભૂતકાળમાં ઉત્પન્ન થયા છે, વર્તમાનમાં થાય છે, ભવિષ્યમાં થશે. **(ક૦, ૧૭)**

[3] તેમ છતાં, લોકમાં આશ્ચર્ય(અચ્છેરા)રૂપ આવો પણ એક ભાવ (બનાવ) છે કે જે અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ પસાર થયે છતે બને

---

૧. न खलु एअं भूअं, न एअं भव्वं, न एअं भविस्सं जन्नं अरिहंता वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा अंतकुलेसु वा पंतकुलेसु वा तुच्छकुलेसु वा दरिद्दकुलेसु वा किवणकुलेसु वा भिक्खाचरकुलेसु वा माहणकुलेसु वा आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा ॥
(कल्पसूत्र, सू. नं. १६)

२. एवं खलु अरहंता वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा उग्गकुलेसु वा भोगकुलेसु वा रायन्नकुलेसु वा इक्खागकुलेसु वा, खत्तियकुलेसु वा हरिवंसकुलेसु वा अन्नयरेसु वा तहप्पगारेसु वा विसुद्धजाइकुलेसु वा आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा ॥
(कल्पसूत्र, सू. नं. १७)

३. अत्थि पुण एसे वि भावे लोगच्छेरयभूए अणंताहि उस्सप्पिणी-ओसप्पिणीहिं विइक्कंताहिं समुप्पज्जइ नामगुत्तस्स वा कम्मस्स अक्खीणस्स अवेइअस्स अणिज्जिण्णस्स उदएणं जन्नं अरहंता

છે, અથવા તો અક્ષીણ, અવેદિત, અનિર્જીર્ણ એવા નામગોત્ર(નીચગોત્ર)ના ઉદયથી (એવું બને છે કે) શ્રીઅરિહંત પરમાત્માઓ, ચક્રવર્તીઓ, બળદેવો કે વાસુદેવો અન્ત્યકુલોમાં, પ્રાંતકુલોમાં, તુચ્છ-દરિદ્ર-કૃપણ-ભિક્ષાચર કે બ્રાહ્મણકુલોમાં ગર્ભ તરીકે ભૂતકાળમાં આવ્યા હતા, વર્તમાનમાં આવે છે અને ભવિષ્યમાં આવશે. તોપણ તેઓએ તે તે કુલોની સ્ત્રીઓની યોનિમાંથી જન્મ તો ભૂતકાળમાં ક્યારેય લીધો જ નથી, વર્તમાનમાં લેતા જ નથી કે ભવિષ્યમાં લેશે જ નહિ. (ક૦, ૧૮)

આ સૂત્રોનો વિચાર કરીએ, તો જણાય છે કે સત્તરમા-અઢારમા સૂત્રમાં સામાન્યથી શ્રીઅરિહંત પરમાત્મા વગેરેની ગર્ભ તરીકે ઉત્પત્તિ કયા કયા કુલોમાં ન થાય અને કયા કયા કુલોમાં થાય, એનો સિદ્ધાંત દેખાડ્યો છે. પણ અનંતકાળે પણ એકાદ એવું દૃષ્ટાંત મળે છે (જેમ કે શ્રી મહાવીર પ્રભુનું), જેમની નિષિદ્ધ કુલમાં ગર્ભ તરીકે ઉત્પત્તિ થઈ. તો સૂત્રકાર **શ્રીભદ્રબાહુ સ્વામીએ** અનંત કાળે બનનારા પણ આ એક દૃષ્ટાંતની ઉપેક્ષા ન કરી અને તરત જ ઓગણીસમા સૂત્રમાં એનો અપવાદ દેખાડી, પૂર્વસિદ્ધાંતનો સંકોચ કરી દીધો.

**પ્રશ્ન :** ૧૯મા સૂત્રમાં સૂત્રકારે અપવાદ જ દેખાડ્યો છે, ૧૭-૧૮મા સૂત્રમાં કહી ગયેલા સિદ્ધાંતનો સંકોચ કરવાનું ક્યાં કહ્યું છે ?

**ઉત્તર :** એ સિદ્ધાંતનો સંકોચ કરવાનું સાક્ષાત્ શબ્દોમાં નથી કહ્યું, પણ શબ્દોના તેવા સામર્થ્યથી એ જણાય જ છે. બાકી જો એ સૂત્રમાં માત્ર અપવાદ જ જણાવ્યો હોય, સિદ્ધાંતનો સંકોચ કરવાનું તાત્પર્ય ન હોય, તો એ અઢારમા સૂત્રમાં જ શ્રીઅરિહંત પરમાત્મા વગેરે તેવા નીચકુલની સ્ત્રીયોનિમાંથી જન્મ તો ન જ લે; એવો જે સિદ્ધાંત દેખાડ્યો છે તેને સમાન જ આ સિદ્ધાંત બની જાય. અને તો પછી એ જન્મ-સંબંધી સૂત્રમાં સૂત્રકાર ભગવંતે 'ચેવ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને ગર્ભોત્પત્તિ સંબંધી સૂત્રમાં તેનો પ્રયોગ કર્યો નથી એવો જે ભેદ કર્યો છે તે ન કરત.

---

वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा अंतकुलेसु वा पंतकुलेसु वा तुच्छ-दरिद्द-किविण-भिक्खाग-माहणकुलेसु वा आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा कुच्छिंसि, गब्भत्ताए वक्कमिंसु वा वक्कमिंति वा वक्कमिस्संति वा, नो चेव णं जोणीजम्मणनिक्खमणेणं निक्खमिंसु वा निक्खमिंति वा निक्खमिस्संति वा ॥ (कल्पसूत्र, सू. नं. १८)

**અથવા** તો હું તમને પૂછું કે આ ૧૬-૧૭ અને ૧૮માં સૂત્રો ભણીને શું તમને જેવો ગર્ભોત્પત્તિ અંગેનો નિયમ મગજમાં ઉપસ્થિત થાય છે, તેવો જ જન્મ અંગેનો પણ નિયમ ઉપસ્થિત થાય છે કે કંઈક જુદા પ્રકારનો ? તમારે કહેવું જ પડશે, 'ગર્ભ તરીકે નીચ કુળમાં ઉત્પત્તિ અનંત કાળે ક્વચિત્ 'અચ્છેરા'રૂપે હજુ થઈ શકે, પણ જન્મ તો 'અચ્છેરા'રૂપે પણ ન જ થાય.' એ રીતે કાંઈક જુદા પ્રકારનો. એ જ જણાવે છે કે ગર્ભોત્પત્તિ અંગેના સિદ્ધાંત, જન્મ અંગેના સિદ્ધાંત કરતાં કંઈક સંકોચ પામેલો છે. માટે દૃષ્ટાંતને ખાતર (માની લીધેલા) સિદ્ધાંતમાં ફેરફાર ન કરાય' એવી ખોટી માન્યતા છોડો.

**પ્રશ્ન :** પણ આ રીતે જો નિયમમાં સંકોચ અભિપ્રેત હોત તો એ સૂત્રમાં 'પ્રાયઃ' કે એવો કોઈ શબ્દ વાપર્યો હોત ને ! પણ એવો કોઈ શબ્દ તો વાપર્યો નથી, તો 'આવા અમુક દૃષ્ટાંતને છોડીને અન્ય શ્રીતીર્થંકરાદિ જીવો માટે આ નિયમ છે, બધા માટે નહિ !' એવો નિયમમાં સંકોચ હોવો શી રીતે માની શકાય ?

**ઉત્તર :** નિયમ જણાવનાર સૂત્રમાં તેનો સૂચક શબ્દ ન હોય તોપણ પાછળ જણાવેલ આ અપવાદસૂત્ર વગેરે પરથી પણ એ સંકોચ હોવો જાણી શકાય છે. માટેસ્તો **'सव्वे पाणा सव्वे भूआ सव्वे जीवा सव्वे सत्ता न हन्तव्वा'** (સર્વ પ્રાણીઓને, સર્વ ભૂતોને, સર્વ જીવોને, સર્વ સત્ત્વોને હણવાં નહિ) એવા આગમ-વચનમાં 'અમુક જીવોની બાદબાકી'રૂપ સંકોચને જણાવનાર કોઈ શબ્દપ્રયોગ થયો ન હોવા છતાં એમાં સંકોચ હોવો **પૂ. હરિભદ્રસૂરિ મહારાજે** કહ્યો છે. જેમાં પૃથ્વીકાય, અપ્‌કાય વગેરે જીવોની હિંસા રહી છે તેવી નદી ઊતરવાની ક્રિયાનું કે જિનમંદિર બાંધવા વગેરેનું **'एगं पायं जले किच्चा'** ઈત્યાદિ સૂત્રોથી વિધાન હોવાથી, **'सव्वे पाणा'** ઈત્યાદિ આગમવચન અવિધિકૃત હિંસાવિષયક જ છે. (અર્થાત્ અવિધિથી થતી હિંસાનો જ એ નિષેધ કરે છે, વિધિકૃત હિંસાનો નહિ) એવું કહીને શ્રી હરિભદ્રસૂરિ મહારાજે એ નિયમનો સંકોચ કર્યો છે.

એમ, શ્રી સૂયગડાંગ સૂત્રમાં જે કહ્યું છે કે [1] 'જેઓ દાનને પ્રશંસે છે તેઓ જીવોના વધને ઈચ્છે છે અને જેઓ દાનનો નિષેધ કરે છે તેઓ દાન પર

---

૧. जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं । जे अ णं पडिसेहंति वित्तिच्छेअं करंति ते ॥ (सूयगडांग)

નભનારા જીવની વૃત્તિનો (આજીવિકાનો) છેદ કરે છે. અર્થાત્ પરિણામે અંતરાય કર્મ બાંધે છે.' તેમાં 'પ્રાયઃ' વગેરે જેવો કોઈ શબ્દ વપરાયો ન હોવા છતાં પૂ. **ઉપાધ્યાયજી મહારાજાએ** વિષયનો સંકોચ કરી દેખાડ્યો છે.

તે આ રીતે - [1] 'એ સૂત્રમાં દશાભેદ અર્થાત્ વિશેષ પ્રકારની અવસ્થાને છોડીને તેનો સંગત = યોગ્ય વિષય પંડિત પુરુષે વિચારવો જોઈએ.' આ શ્લોકની વૃત્તિમાં તેઓશ્રીએ ફરમાવ્યું છે કે [2] 'પદના અર્થમાત્રમાં મૂઢ ન થવું, કેમ કે આ સૂત્ર અપુષ્ટ આલંબન-વિષયક હોય તો જ સંગત બને છે.' આમ, સૂત્રમાં 'પ્રાયઃ' કે એવો કોઈ શબ્દ ન હોવા છતાં 'આ વાત અપુષ્ટાલંબન-વિષયક છે, પુષ્ટાલંબન વિષયક નહિ.' એવો વિષયસંકોચ તેઓશ્રીએ અહીં જણાવ્યો છે.' એમ લૌકિક શાસ્ત્રોમાં પણ આવો વિષયસંકોચ હોવાની વાત પ્રસિદ્ધ છે. જુઓ, ૧૬૪મી કારિકાની સિદ્ધાંત-મુક્તાવલિ ટીકામાં કહ્યું છે કે **'तदुक्तं ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन !' 'क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे' इति । ननु तत्त्वज्ञानिनस्तर्हि शरीरावस्थानं सुखदुःखादिकं वा न स्यात्, ज्ञानेन सर्वेषां कर्मणां नाशादिति चेत् । न प्रारब्धेतरकर्मणामेव नाशात् ।**

**અર્થ :** કહ્યું છે કે 'હે અર્જુન ! જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મસાત્ કરે છે. તે પરાવર = બ્રહ્મ' દેખાયે છતે આનાં કર્મો ક્ષીણ થઈ જાય છે.'

**શંકા :** આ રીતે તો તત્ત્વજ્ઞાનીને શરીર ટકી ન શકવાની કે સુખ-દુઃખાદિનો અનુભવ પણ થઈ ન શકવાની આપત્તિ આવશે, કેમ કે જ્ઞાનથી સર્વ કર્મનો નાશ થઈ ગયો છે. (અર્થાત્ શરીર ટકવાના કારણભૂત કે સુખદુઃખાદિના કારણભૂત કર્મનો નાશ થઈ ગયો છે.)

**સમાધાન :** ના, આવી આપત્તિ આવતી નથી, કેમ કે 'જ્ઞાનાગ્નિ સર્વ કર્મને ભસ્મસાત્ કરે છે.' ઈત્યાદિ જે કહ્યું છે તેમાં જે સર્વ કર્મનો નાશ કહ્યો છે તેનો અર્થ 'પ્રારબ્ધભિન્ન સર્વ કર્મનો નાશ' એવો જાણવો, સામાન્યથી બધાં જ કર્મોનો નાશ નહિ.

(તે શરીરથી ભોગવવા યોગ્ય જે કર્મ હોય તે પ્રારબ્ધ કર્મ કહેવાય એવી તેઓની પરિભાષા છે.)

---

૧. ये तु दानं प्रशंसन्तेत्यादिसूत्रेऽपि सङ्गतः । विहाय विषयो मृग्यो दशाभेदं विपश्चिता ॥ (दानद्वात्रिंशिका-१३)

२. न तु पदार्थमात्रे मूढतया भाव्यं अपुष्टालंबनविषयतयैवास्योपपादनात् । (दा०द्वा०, वृत्ति)

આમ, અહીં પણ નાશ્ય કર્મનો સંકોચ જણાવનાર કોઈ શબ્દ વપરાયો ન હોવા છતાં 'સર્વ કર્મ'નો અર્થ 'પ્રારબ્ધભિન્ન સર્વ કર્મ' કરવારૂપ સંકોચ કરી દેખાડ્યો જ છે.

માટે મહાત્મન્ ! માની લીધેલા સિદ્ધાંતનો દૃષ્ટાંતમાં વિરોધ થતો હોય, તો એટલામાત્રથી સિદ્ધાંતને બદલાય નહિ.' ઇત્યાદિ સ્વ-અભિપ્રાય પર પુનઃ વિચાર કરો.

**પ્રશ્ન :** પણ **આવશ્યક-નિર્યુક્તિ**માં આવતો આ અધિકાર તમે જોયો લાગતો નથી. એમાં કહ્યું છે, [1] 'પૂર્વભવમાં બાહ્ય કરણ અને વિશિષ્ટ ભાવના રૂપ આભ્યન્તર કરણ, એ બંનેનો જેઓએ અભ્યાસ કર્યો છે તેવા **ભરત ચક્રવર્તી** આદિને આંતરકરણ જ ફળસાધક બન્યું. એટલે કેટલાક મંદમતિ જીવો શ્રી જિનેશ્વરદેવે કહેલા પોતાના અને અન્યના ચારિત્રનો નાશ કરે છે. (પાઠાંતરે બોધિનો નાશ કરે છે.) શી રીતે નાશ કરે છે ? તે **આ રીતે** – 'ચારિત્રાદિ ક્રિયારૂપ બાહ્ય કરણ વગર જ ભરત વગેરેએ કેવલજ્ઞાન મેળવ્યું હતું.' આ રીતે કાદાચિત્ક ભાવ કહીને (જેઓ પોતે પણ ચારિત્રાદિના પાલનમાં શિથિલ બની જાય છે) તેઓ પ્રાણાતિપાત વગેરે પાંચ સ્થાનોથી પાસત્થા બને છે.' આમાં કાદાચિત્ક ભાવોને આગળ કરનારાઓ કેવો અનર્થ કરે છે એ દેખાડયું છે, તેથી એ ફલિત થાય જ છે કે 'આવાં ક્યારેક બનતાં દૃષ્ટાંતોને આગળ ન કરવાં જોઈએ, તેની ઉપેક્ષા કરવી જોઈએ.' તો તમે કેમ ક્યારેક બનતાં દૃષ્ટાંતોને આગળ કરીને, માનેલા સિદ્ધાંતને બદલવાની વાત કરો છો ?

**ઉત્તર :** પુણ્યાત્મન્ ! મેં એ ગ્રંથાધિકાર જોયો જ છે, પણ એ ગ્રંથાધિકારને જો તમે આ રીતે આગળ કરો તો મને તો એમ જ થાય કે હજુ તમને

---

૧. पत्तेयबुद्धकरणे चरणं णासंति जिणवरिंदाणं ।
आहच्चभावकहणे पंचहिं ठाणेहिं पासत्था ।।११५१।।

**व्याख्या :** प्रत्येकबुद्धाः पूर्वभवाभ्यस्तोभयकरणा भरतादयस्तेषां करणं तस्मिन्नान्तर एव फलसाधके सति मन्दमतयश्चरणं नाशयन्ति जिनवरेन्द्राणां सम्बन्धिभूतमात्मनोऽन्येषां च, पाठान्तरं वा बोधिं नासंति जिणवरिंदाणं । कथं ? आहच्चभावकहणेत्ति-कादाचित्कभावकथने–बाह्यकरणरहितैरेव भरतादिभिः केवलमुत्पादितमित्यादिलक्षणे, कथं नाशयन्ति ? पञ्चभिः स्थानैः प्राणातिपातादिभिः पारंपर्येण करणभूतैः, पार्श्वस्था उक्तलक्षणा इति गाथार्थः ।।११५१।।

એ ગ્રન્થાધિકારનું તાત્પર્ય સમજાયું નથી. એમાં 'ક્યારેક બનતા ભાવોને આગળ કરીને, માનેલા સિદ્ધાંતમાં ફેરફાર કરનારને અનર્થ થાય છે' એવું જણાવવાનું તાત્પર્ય નથી, પણ 'એવા ભાવોને આગળ કરીને જેઓ સંયમ-પાલનાદિમાં શિથિલ બનતા જાય છે – પ્રમાદી બની જાય છે, અને પાછા પોતાના પ્રમાદનો બચાવ કરવા માટે **શ્રી ભરત ચક્રી** વગેરેનું દષ્ટાંત ટાંકે છે તેઓને શો અનર્થ થાય છે' તે જણાવવાનું તાત્પર્ય છે. બાકી આવા દષ્ટાંતને આગળ કરીને, માનેલા સિદ્ધાંતમાં ફેરફાર જો ન કરી શકાતો હોત, તો **પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા 'શ્રીઅધ્યાત્મ મતપરીક્ષા ગ્રંથ'** માં 'કેવલજ્ઞાનાદિની પ્રાપ્તિ માટે બહિરંગ સાધુલિંગ અવશ્ય જોઈએ જ' એવા દિગંબર સિદ્ધાંતનું ખંડન ન કરત.

**પ્રશ્ન :** પણ આવ૦ નિર્યુક્તિની ઉક્ત ગાથામાં **'आहच्चभाव-कहणे'** એમ લખ્યું છે, **'आहच्चभाव-आचरणे'** એમ નહિ. તેથી 'કાદાચિત્ક ભાવને કહેવામાં પાસત્થા બની જવાય છે' એવો જ તાત્પર્યાર્થ માનવો યોગ્ય છે. 'કાદાચિત્ક ભાવને આગળ કરીને શિથિલતા સેવવામાં પાસત્થા બની જવાય છે' એવો તાત્પર્યાર્થ માનવો શી રીતે યોગ્ય ઠરે ?

**ઉત્તર :** આવું જો કહેશો, તો તમારે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાને પાસત્થા માનવાની આપત્તિ આવશે, કેમ કે તેઓ શ્રીમદે 'ભગવાને બ્રાહ્મણને અડધું દેવદૂષ્ય જે આપ્યું' તે દષ્ટાંતને કહીને સિદ્ધાંતનો ફેરફાર જ નહિ, નવો સિદ્ધાંત સિદ્ધ કરી આપ્યો છે.

આ માટે **દાનબત્રીસી**માં આવતો નીચેનો અધિકાર જોવા જેવો છે :

ભગવાન **શ્રીવર્ધમાન સ્વામી**ના દષ્ટાંતને અનુસરીને, પંચમહાવ્રતધારી **શ્રીઆર્ય સુહસ્તી મહારાજે** પણ પુષ્ટ આલંબનને આશ્રીને રંકને અનુકંપાદાન આપ્યું હતું. કહ્યું છે કે [1]'દીક્ષા લીધેલ પણ ધીમાન્ ભગવાન શ્રી મહાવીર

---

१. साधुनापि दशाभेदं प्राप्यैतदनुकंपया । दत्तं ज्ञाताद्भगवतो, रंकस्येव सुहस्तिना ।।१०।।

साधुनापीति - साधुनापि महाव्रतधारिणापि दशाभेदं प्राप्य पुष्टालंबनमाश्रित्यैतद्दानमनुकंपया दत्तं सुहस्तिनेव रंकस्य तदाह श्रूयते ऽगमे 'आर्यसुहस्त्याचार्यस्य रंकदानमिति' ।कुत इत्याह – भगवतः श्री वर्धमानस्वामिनो ज्ञातात् । तदुक्तम् -'ज्ञापकं चात्र भगवान्निष्क्रान्तोऽपि द्विजन्मने । देवदूष्यं ददद्धीमाननुकंपाविशेषतः ।।१।। इति । प्रयोगश्चात्र दशाविशेषे यतेरसंयताय दानमदुष्टं, अनुकंपानिमित्तत्वात् भगवद्द्विजन्मदानवदित्याहु : ।।१०।।

સ્વામીએ વિશેષ અનુકંપાથી બ્રાહ્મણને દેવદૂષ્યનું દાન કર્યું હતું. તે અહીં જ્ઞાપક દૃષ્ટાંત જાણવું. અહીં અનુમાન-પ્રયોગ આવો જાણવો. અમુક ચોક્કસ પ્રકારની અવસ્થામાં સાધુ અસંયતને દાન આપે તે અદુષ્ટ (નિર્દોષ) છે, કેમ કે અનુકંપા નિમિત્તક છે. જેમ કે 'ભગવાને બ્રાહ્મણને કરેલું દાન.' આ અધિકાર પરથી આપણે એ જાણવાનું કે 'અવસ્થા-વિશેષમાં સાધુ અસંયતને પણ દાન આપી શકે.'

આવો સિદ્ધાંત કલ્પી શકાય કે કલ્પ્યા પછી એનું સમર્થન કરી શકાય એવું કોઈ સાક્ષાત્ આગમવચન તો પ્રાયઃ જોવા મળતું નથી, ઊલટું **'गिहिणो वेयावडियं न कुज्जा'** 'ગૃહસ્થની સરભરા ન કરવી' ઈત્યાદિરૂપ તેનાં વિરોધી વચનો મળે છે. વળી, ભગવાને દીક્ષા પછી બ્રાહ્મણને દાન આપ્યું તે તો એકદમ ક્યારેક જ બનતી વાત છે. તેમ છતાં એને દૃષ્ટાંત તરીકે લઈ આર્ય સુહસ્તી મહારાજે પણ રંકને દાન આપ્યું અને સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તેમ જ પૂજ્ય ઉપાધ્યાય મહારાજાએ ઉપરોક્ત સિદ્ધાંતનો નિર્ણય કરી આપ્યો છે. તેમ જ **'गिहिणो वेयावडियं न कुज्जा'** એ સિદ્ધાંતનો સંકોચ કરી દેખાડ્યો છે. જુઓ, બત્રીશીમાં કહ્યું છે કે [1] 'ગૃહસ્થની વૈયાવચ્ચનો જે નિષેધ શાસ્ત્રમાં સંભળાય છે તે ઉત્સર્ગપદે જાણવો. તેથી એ અપવાદપદે બંધાયેલા આ અર્થનો = દશાવિશેષમાં અસંયતને દાન આપી શકાય એવા સિદ્ધાંતનો બાધક નથી. અપવાદ ઉત્સર્ગને બાધિત કરે છે, નહિ કે ઉત્સર્ગ અપવાદને.

માટે 'ભગવાન વગેરે સંબંધી કદાચિત્ બનતા દૃષ્ટાંતને ગણતરીમાં ન લેવાય, એના પરથી માનેલા સિદ્ધાંતમાં ફેરફાર ન કરાય' એટલી માન્યતા તો યોગ્ય નથી જ. પણ ઉપરથી 'અવસર આવે, ન માનેલા સિદ્ધાંતો પણ એ દૃષ્ટાંત પરથી માની શકાય' એવી માન્યતાને, મહાત્મન્ ! સ્વીકારો.

■

---

૧. वैयावृत्त्ये गृहस्थानां, निषेध श्रूयते तु यः । स औत्सर्गिकतां बिभ्रन्नैतस्यार्थस्य बाधकः ॥१२॥

वैयावृत्त्य इति - गृहस्थानां वैयावृत्त्ये तुः साधोर्यो निषेधः श्रूयते, स औत्सर्गिकतां बिभ्रन्नैत-स्यापवादिकस्यार्थस्य बाधकः । अपवादो ह्युत्सर्गं बाधते न तूत्सर्गोऽपवादमिति ॥१२॥

## વિષય - ૫

# દ્વારિકાના દાહનો વૃત્તાંત

## (તત્ત્વા૦ પૃ. ૧૩૦)

મુનિવર ! આ દૃષ્ટાંત અંગેનું તમારું અવલોકન જોતાં *'**आग्रही बत ! निनीषति युक्तिम्...**' શ્લોક યાદ આવી ગયો. 'કોઈ ખોટી બાબતનો આગ્રહી બની જનાર માણસ, જેમાં પોતાની બુદ્ધિ પેસી હોય, અર્થાત્ પોતાની બુદ્ધિમાં જે આગ્રહ બંધાયો હોય ત્યાં ઘસડીને (મારીમચડીને) યુક્તિને લઈ જવા ઈચ્છે છે. (અર્થાત્ પોતાની બુદ્ધિમાં જે પકડ પકડાઈ ગઈ હોય તેને સિદ્ધ કરવા માટે યુક્તિઓ શોધે છે. મળેલી યુક્તિઓને મનઘડંત રીતે સ્વાભિપ્રેત અર્થમાં ઘટાવવા પ્રયત્ન કરે છે. વિરુદ્ધ યુક્તિ હોય તો તેને તોડી નાખવા પ્રયત્ન કરે છે.) જ્યારે પક્ષપાત વગરનો મધ્યસ્થ જીવ, યુક્તિ જ્યાં જતી હોય ત્યાં પોતાની બુદ્ધિને લઈ જાય છે. અર્થાત્ યુક્તિ જે પદાર્થને જેવો જણાવતી હોય, તેવો પોતાની બુદ્ધિમાં ઝીલે છે, સ્વીકારે છે !'

આ શ્લોક એટલા માટે યાદ આવી ગયો કે આચાર્ય-પરંપરાથી જે પ્રઘોષ ચાલ્યો આવે છે એ તમારા પકડાઈ ગયેલા અભિપ્રાયથી વિરોધમાં જતો હોઈ, એને તમે ઉડાડવાનો પ્રયત્ન કર્યો છે... સુવિહિત ગીતાર્થ આચાર્ય ભગવંતોને પૂછો કે 'નેમનાથ પ્રભુએ દ્વારિકાનો દાહ અટકાવવા આયંબિલાદિ તપશ્ચર્યા વગેરે ધર્મ વધારવાનો ઉપદેશ આપ્યો હતો' એવો સંપ્રદાય (આમ્નાય) તેઓને મળ્યો છે કે નહિ ? વળી ××× આમ છતાં એમણે કોઈ પ્રમાણભૂત ગ્રન્થના આધારે આ વાત રજૂ કરી હોય, તો તેનો ચોક્કસ આધાર જણાવવો જોઈએ ××× ઈત્યાદિ કહીને ગ્રન્થનો આધાર હોય તો જ વાત સાચી, એ સિવાય આચાર્ય-પરંપરાથી ચાલી આવેલી વાત હોય (પ્રઘોષ - આદેશ હોય) તો પણ ખોટી... આવો અભિપ્રાય રાખનારા તમને શું **વિશેષાવશ્યક ભાષ્ય**ની આ ગાથા ખબર નથી ?

**अच्छेरयाइं किंचि वि सामन्नसुए न देसिअं सव्वं ।**
**होज्ज व अणिबद्धं चिय पंचसयाएसवयणं व ॥ ३१७१॥**

---

* आग्रही बत ! निनीषति युक्तिं तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥ (योगशतक, ८९ इति)

**ગાથાર્થ :** આશ્ચર્ય વગેરે કેટલીક વાતો સામાન્ય શ્રુતમાં બધી કહી હોતી નથી, અથવા શ્રુતમાં ગૂંથાઈ હોતી નથી. જેમ કે પાંચસો આદેશવચન.

સામાન્ય શ્રુતગ્રન્થમાં ન કહી હોય એટલામાત્રથી શું એ બધી વાતો અસત્ય ઠરી જાય ? વળી, **શ્રી ધર્મરત્ન-પ્રકરણની ગાથા** પણ શું તમે નથી જાણતા ? કે –

**जं च न सुत्ते विहियं न य पडिसिद्धं जणंमि चिररूढं ।**
**समइ-विगप्पियदोसा तं पि न दूसंति गीयत्था ॥ ९१॥**

**ગાથાર્થ :** જે વાત સૂત્રમાં વિહિત ન હોય કે પ્રતિષિદ્ધ ન હોય અને તેમ છતાં લોકમાં ચિરકાળથી રૂઢ થયેલી હોય, તે વાતને સ્વમતિથી દોષોની કલ્પના કરીને ગીતાર્થો દૂષિત ઠેરવતા નથી. અર્થાત્ 'આ વાત ખોટી છે, યોગ્ય નથી' એવું કહેતા નથી.

શાસ્ત્રનો આધાર ન મળે એટલામાત્રથી પરંપરા-પ્રાપ્ત વાતોને ઉડાડી દેવામાં તો સ્વપ્ન ઉતારવાની પ્રથા વગેરે પણ ઉડાડી દેવી પડે !

વળી, શાસ્ત્રોના આધારોનો આટલો બધો આગ્રહ રાખનારા તમનેય, પૂછવાનું મને મન થાય છે કે (૧) તમે **'जइ इच्छह धणरिद्धिं...'** વગરે શ્લોકોને મહિમાદર્શક હોવા જે કહ્યું છે તે કયા શાસ્ત્રના આધારે ? કોઈ પણ શાસ્ત્રમાં ક્યાંય પણ આજ્ઞાર્થ-વિધ્યર્થ કાળના પ્રયોગવાળા શ્લોકને મહિમાદર્શક તરીકે ટીકાકારે જણાવ્યો છે કે જેથી તમે એવી કલ્પના કરી શકો ? બીજું એ પણ પૂછવાનું મન થાય છે કે 'દૃષ્ટાંત ખાતર સિદ્ધાંતમાં ફેરફાર ન કરાય !' આવું પણ તમે કયા શાસ્ત્રના આધારે કહ્યું ? કોઈ પણ શાસ્ત્રમાં ક્યાંય પણ આવું લખ્યું છે કે 'દૃષ્ટાંત અકિંચિત્કર છે. માનેલા સિદ્ધાંતનો એમાં વિસંવાદ દેખાતો હોય તો પણ દૃષ્ટાંતની ઉપેક્ષા કરવી, પણ માની લીધેલા સિદ્ધાંતને બદલવો નહીં અથવા તો આ રીતે દૃષ્ટાંતની ઉપેક્ષા કરી, સિદ્ધાંતની જ તેને ન બદલવારૂપ પુષ્ટિ કરી હોય તેવું પણ ક્યાંય શાસ્ત્રમાં જોયું છે ?

(મહાત્મન્ ! આ વાતો પરથી એવી બૂમરાણ ન મચાવી મૂકશો કે 'હું શાસ્ત્રના આધારની કોઈ જરૂર જ નથી' એવું કહેવા માગું છું. હું શાસ્ત્રના આધારોની જરૂરને પણ જરૂર આવશ્યક ગણું જ છું અને તેથી જ તમારી ઉપરોક્ત બે વાતોને માનવા તૈયાર થતો નથી. પણ જેમ શાસ્ત્ર - શ્રુતપ્રમાણ

છે. તેમ 'જીત' = સુવિહિત આચાર્ય ભગવંતોની પરંપરામાં ચાલી આવેલી વાતો પણ પ્રમાણભૂત છે... માટે આચાર્યોની પરંપરામાં આવેલા આ પ્રઘોષને 'શાસ્ત્રોમાં લખ્યું નથી' એમ કહીને ઉડાડી શકાય નહિ.)

વળી, **પૃ. ૧૩૧** પર દ્વારિકાના લોકોએ દાહ અટકાવવા માટે જે આયંબિલાદિ કર્યાં તેને માટે 'વિષાનુષ્ઠાન કેમ ન કહેવાય ?' એવા શીર્ષક હેઠળ તે બધું વિષાનુષ્ઠાન હતું એવું સિદ્ધ કરવાનો તમે પ્રયાસ કર્યો છે. અને તે પછી **પૃ. ૧૩૨** ઉપર, મહાત્મન્ ! તમે લખ્યું છે કે ××× જો આ જીવોનું તપાદિ અનુષ્ઠાન્ વિષાનુષ્ઠાનરૂપ ન બન્યું હોત, તો તેમના સચ્ચિત્તનો નાશ ન થયો હોત. ઉપરથી બાર બાર વર્ષના તપથી તો સચ્ચિત્ત ઘણું જ પુષ્ટ બન્યું હોત ××× આવું લખીને તે લોકોના સચ્ચિત્તનો નાશ થઈ ગયો હતો એવું સિદ્ધ કરવાનો પ્રયાસ કરનારા તમારે શાસ્ત્રોમાં લખેલી નીચેની બિના વિચારવા જેવી છે –

*'ત્યારે કૃષ્ણ રાજાની સોળ હજાર પત્નીઓ વડે સમભાવથી અનશન કરાયું તથા અગ્નિથી બીધેલી યદુઓની બધી ધર્મોદ્યત સ્ત્રીઓનું અનશન થયું.'

આમાં વિચારવાનું એ જ કે જો આ સ્ત્રીઓનું સચ્ચિત્ત નાશ પામી ગયું હોત તો, અગ્નિમાં બળી મરવાના પ્રસંગે તેઓ આર્ત - રૌદ્ર ધ્યાનગ્રસ્ત બની ગઈ હોત અને અનશન કરવાનું તેઓને સૂઝત નહીં.'

તેમ છતાં, એક વાર તમારા અભિપ્રાય પ્રમાણે એ માની લઈએ કે **શ્રી નેમિનાથ ભગવાને** દ્વારિકાનો દાહ અટકાવવા માટે આયંબિલ કરવાનો ઉપદેશ આપ્યો નહોતો, તોપણ શ્રી નેમિનાથ ભગવાને ફરી વળેલી જરા વિદ્યાનું નિવારણ કરવા માટે **શ્રીકૃષ્ણ** પાસે અટ્ઠમ કરી, **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમા પ્રાપ્ત કરવાનો અને સ્નાત્ર કરી સ્નાત્ર જળ છાંટવા વગેરેનો ધર્મ તો કરાવ્યો જ હતો. જરા-નિવારણ કરી સૈન્યને પ્રબુદ્ધ કરી વિજય મેળવવાના આશયથી કરેલ આ ધર્મમાં ભૌતિક આશય હતો એ વાત સ્પષ્ટ જ છે.

---

*अह पायवोवगमणं समभावेणं अणुट्ठियं तइया। कण्हस्स महीवइणो सोलसदेवीसहस्सेहिं।
तह पायवोवगमणं संजायं जायवाण महिलाण। सव्वासिं चिय धम्मुज्जयाण जलणाउ भीयाणं॥
(कुमारपाळ प्रतिबोध)

વળી, કોઈ શાસ્ત્રમાં આ વાત લખી નથી એવું કહીએ પણ તમે આ વાત ઉડાડી શકો તેમ નથી. કેમ કે **'શ્રી હીરસૌભાગ્ય કાવ્ય, શ્લોક ૩૫** માં આ વાત કહી જ છે. તેમાં કહ્યું છે કે [1]'શ્રી નેમનાથ ભગવાનના વચનથી અરવિંદનાભિ શ્રીકૃષ્ણે **પદ્માપ્રિય-ધરણેન્દ્ર**ની અટ્ઠમથી ઉપાસના કરી, તેની પાસેથી જાણે કે મૂર્તિને આશ્રીને રહેલો શત્રુ પરનો પોતાનો વિજય ન હોય એવા તે જિનને મેળવ્યા. વળી, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ચૈત્યવંદનમાં પણ કહ્યું છે કે [2]"જ્યારે જરાસંઘ પ્રયુક્ત જરાવિદ્યાના બળથી પોતાનું લશ્કર જરાપીડિત થયું, ત્યારે નેમિનાથ ભગવાનની વાણીથી શ્રીકૃષ્ણ તપ કરીને હે પ્રભો ! તને અહીં મૃત્યુલોકમાં લાવ્યા. હે પ્રભો ! તારું સ્નાત્રજળ છંટાયેલું લશ્કર રોગમુક્ત બન્યું..."

**હવે આ દૃષ્ટાંતના તમે કરેલા અવલોકન અંગેની મહત્ત્વની વાત...**

મહાત્મન્ ! પ્રસ્તુત અધિકારમાં આ બધું ઉપર જે હું જણાવી ગયો છું તે એટલા માટે કે કદાચ કોઈ વાત પોતાને શાસ્ત્રમાં જોવા ન મળી હોય, તો પણ એટલામાત્રથી જ એને ઉડાડી દેવાનો અભિપ્રાય ન રાખવો જોઈએ એવું તમને જણાવવા 'હું જે વાતને વિષાનુષ્ઠાનાદિ રૂપ ઘટાવી રહ્યો છું, તે અંગે અને તેવી બીજી બાબતો અંગે પ્રાચીન ગ્રન્થકારોનો શો અભિપ્રાય છે ?' એનો અન્ય અનેક ગ્રંથો જોઈ અભ્યાસ કરવો જોઈએ. 'મારી માન્યતાને આ બાબત વિપરીત છે અને શાસ્ત્રમાં એ લખેલી જોવા મળી નથી.' આટલું જ માત્ર વિચારીને ખુશ પણ થઈ ન જવું જોઈએ કે એ બાબતનો વિરોધ કરવા પણ બેસી ન જવું જોઈએ. તમે એવું કરવા ગયા અને કેવી કેવી ભૂલો કરી બેઠા એ જણાવવા માટે, 'નેમનાથ ભગવાને દ્વારિકાના લોકોને ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો છે એ વાત કોઈ શાસ્ત્રમાં જેવા મળી નથી' એવી તમારી માન્યતાને અનુસરીને મેં આ બધું જણાવ્યું. 'શ્રી નેમનાથ ભગવાને આયંબિલ કરવાનો ઉપદેશ આપ્યો હતો' એ વાત કદાચ તમને જોવા ન મળી, પણ જરાનું

---

૧. गिराथनेमेररविन्द-नाभिरुपास्य पद्माप्रियमष्टमेन ।
आनाययत्तेन जिनं तमात्मद्विषज्जयं मूर्तिमिवाश्रयन्तम् ॥ (हीरसौभाग्य, १.३५)

૨. यदा जरासंघप्रयुक्तविद्याबलेन जातं स्वबलं जरार्त्तम् ।
तदा मुदा नेमिगिरा मुरारिः पातालतस्त्वां तपसा निनाय ॥
तव प्रभो स्नात्रजलेन सिक्तं रोगैर्विमुक्तं कटकं बभूव ।

નિવારણ કરવા અટ્ઠમ કરવાનો અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું સ્નાત્ર કરવાનો ઉપદેશ આપ્યો હતો એ તો તમને ખબર હતી જ ને ! તો પછી આટલું વિચારવું ન જોઈએ કે નગરદાહ-નિવારણ માટે આયંબિલાદિ કરવા એને વિષાનુષ્ઠાનરૂપે હું ઘટાવી દઈશ, તો જરા-નિવારણ માટે અટ્ઠમ કરવો એને પણ મારે વિષાનુષ્ઠાનરૂપ માનવો પડશે અને તો પછી ભગવાન શ્રી નેમિનાથ પ્રભુએ કૃષ્ણને વિષાનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપ્યો એવું ફલિત થઈ જવાની આપત્તિ આવશે.

**મહાત્મન્ !** તમને આ બધી બાબતોની ગંભીરતાનો ખ્યાલ આવે એટલા માટે મેં 'નેમનાથ પ્રભુએ આયંબિલાદિ ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો હોય એ વાત શાસ્ત્રમાં જોવા મળતી નથી' એવી તમારી માન્યતાને સ્વીકારી આ બધી વાતો લખી. બાકી વાસ્તવિકતા તો એ છે કે 'પ્રભુએ એ ઉપદેશ આપ્યો છે એ વાત શાસ્ત્રમાં પણ આવે જ છે. જુઓ, શ્રી પાંડવચરિત્ર, સર્ગ ૧૭, શ્લોક ૨૭૮. (શ્રીકૃષ્ણ તીરથી વીંધાયા પછી જરાકુમારને દ્વારિકાનો અહેવાલ આપી રહ્યા છે તે અધિકારમાં જરાકુમારને કહી રહ્યા છે કે) *'દ્વારિકાના લોકો સ્વભાવથી, મારા આદેશથી અને ભગવાનના ઉપદેશથી ધર્મકાર્યોમાં એક-સજ્જ બન્યા.'

દ્વારિકાના લોકોના એ અનુષ્ઠાનોને વિષાનુષ્ઠાન રૂપે જાહેર કરવાનું સાહસ કરનારા, તમારું, મુનિવર ! અભિમાન હવે ક્યાં ઊભું રહેશે ? અને **'પાંડવચરિત્ર'** વગેરે શાસ્ત્રોમાં આ વાત જોવા મળતી નથી' એવું લખનારા તમે 'પાંડવચરિત્ર વગેરે શાસ્ત્રોને કેવાં જોયાં-વાંચ્યાં છે ?' એનું પણ આનાથી સૂચન શું નહીં થાય ?

વળી, મહાત્મન્ ! તમે પોતાના તાનમાં આવી જઈને દ્વારિકાના લોકોનાં એ આયંબિલાદિ અનુષ્ઠાનોને 'વિષાનુષ્ઠાન' હોવારૂપે જે લખ્યાં છે, તે પરમ તારક દેવાધિદેવ શ્રી નેમનાથ પ્રભુ પર, 'તેઓશ્રીએ વિષાનુષ્ઠાનનો ઉપદેશ આપ્યો હતો' એવો આરોપ મૂકવારૂપ નથી શું ? તમારી આ ધૃષ્ટતાને કયા ધર્મપ્રેમી સુજ્ઞજન સહન કરી લેશે ? એમ હું તમને અને લોકોને પૂછું છું કે 'તમે જે કોઈ ગ્રન્થમાં આ પ્રસંગનું વર્ણન વાંચ્યું હોય કે જ્યારે ક્યારે કોઈ પણ

* स्वभावतो ममादेशादुपदेशादपि प्रभोः । बभूव धर्मकर्मैकसज्जो द्वारवतीजनः ।।२७८।।

મહાત્માના વ્યાખ્યાનમાં આ પ્રસંગ સાંભળ્યો હોય, તો યાદ કરીને મને કહો કે એ ગ્રન્થના ગ્રન્થકારોએ કે વ્યાખ્યાન કરતા વ્યાખ્યાતાઓએ જેમ મમ્મણની તીવ્ર ધનમૂર્છા વગેરેને વખોડતી રીતે એના પ્રસંગનું વર્ણન કર્યું હોય છે, તેમ આ આયંબિલાદિને પણ ભયંકર વિષાનુષ્ઠાનાદિરૂપે - એક અત્યંત અશુભ કરણીરૂપે વર્ણવ્યાં છે કે પ્રશંસનીય શુભ કરણીરૂપે ?' તમારે કહેવું જ પડશે કે 'બધા જ ગ્રન્થકારો અને વ્યાખ્યાતાઓએ એને પ્રશંસનીય શુભ કરણી રૂપે જ વર્ણવ્યાં છે.' વાસ્તવિકતા આ હોવા છતાં તમે એને વિષાનુષ્ઠાન રૂપે કહો છો એ બધા ગ્રન્થકારો અને વ્યાખ્યાતા મહાત્માઓ સામેની તમારી ધૃષ્ટતા નથી શું ?

વળી, **તત્ત્વાવલોકન**ના પૃ. ૧૩૧ પર તમે લખ્યું છે કે xxx જો તેઓનું અનુષ્ઠાન વિષરૂપ ન હોત અને તેમની પાસે સચ્ચિત્ત જીવંત હોત, તો તેઓ જેવો સ્વાર્થ પૂર્ણ થયો કે તરત જ તપાદિ ધર્મનો ત્યાગ કરી માંસાહાર, મદિરાપાન જેવા અધર્મનું મઝેથી આસેવન ન કરત.xxx આવું લખીને તમે એવું જણાવવા માગો છો કે 'તેઓ માંસાહાર વગેરે જે આસેવન કરવા માંડ્યા એ જ સૂચવે છે કે તેઓનું તપ વગેરે અનુષ્ઠાન વિષાનુષ્ઠાન હતું.' પણ આ યોગ્ય નથી. દ્વારિકાના લોકો માંસાહાર-સેવનાદિ જે કરવા માંડ્યા, તે તો તેઓની કુલપરંપરાથી ચાલી આવેલી પરંપરા છે. તપ વગેરે કરવા પૂર્વે પણ એ તો તેઓ કરતા જ હતા, તેથી તપ વગેરે પૂર્ણ થયા પછી પાછા તેઓ પોતાની પૂર્વ પ્રવૃત્તિઓમાં જોડાઈ ગયા. એટલા માત્રથી વચગાળામાં કરેલા તપ વગેરેને વિષાનુષ્ઠાન કેવી રીતે કહેવાય ? નહિતર તો, ઉપધાન તપ કરનાર પરણેલો શ્રાવક ઉપધાન પૂર્ણ થયા પછી પાંછો અબ્રહ્મ સેવન વગેરે કરવા માંડે તો એટલા માત્રથી શું એનું એ ઉપધાનનું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન બની જાય ?

■

उत्सर्गे वाऽपवादे वा, व्यवहारेऽथ निश्चये।
ज्ञाने कर्मणि वाऽयं चेन्न तदा ज्ञानगर्भता।। (અધ્યાત્મસાર : ૬-૩૫)

**જો કોઈ વિરક્ત જણાતો મુનિ ઉત્સર્ગ કે અપવાદના વિષયમાં, વ્યવહાર કે નિશ્ચયના વિષયમાં, જ્ઞાન કે ક્રિયાના વિષયમાં – ક્યાંય પણ એકાન્ત આગ્રહ સેવે, તો તે મુનિનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત ન હોઈ શકે.**

## વિષય - ૬

# અનામિકાના નિયાણાની વાત

## (તત્ત્વા૦ પૃ. ૧૩૨)

**સમીક્ષા : 'ત્રિષષ્ટિ શાસ્ત્રમાં નિયાણાની વાત નથી.'**

– આવા હેડિંગ નીચે તમે લખ્યું છે કે xxx 'ઋષભદેવ ભગવાનના જીવલલિતાંગે અનામિકા પાસે નિયાણું કરાવ્યું છે અને તેણે નિયાણું કર્યું છે.' આવા પ્રકારનું વિધાન ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રના પહેલા પર્વમાં કરાયેલ રજૂઆતના આધારે જોતાં તદ્દન ભિન્ન પ્રકારનું જણાય છે. જેમાં નિયાણાની કોઈ વાત જ નથી.xxx વળી તમે આગળ લખ્યું છે કે xxx પરંતુ ધર્મના અર્થાત્ અનશનના ફળરૂપે 'હું આની પત્ની થાઉં અગર તો મને આ ધર્મના પ્રભાવે લલિતાંગની પ્રાપ્તિ થાઓ.' એવો કોઈ ભાવ આવ્યો હોય તેવો કોઈ પણ નિર્દેશ અહીં ગ્રન્થકાર **શ્રી કલિકાલસર્વજ્ઞ પ્રભુશ્રી હેમચન્દ્રસૂરિ** મહારાજે આપ્યો નથી xxx **ત્રિષષ્ટિ શલાકાચરિત્ર**ના શ્લોકોનો અર્થ કરી ફલિતાર્થ તરીકે આગળ-પાછળ તમે આવું લખ્યું છે. આ બધી તમે તે શ્લોકોની વ્યાખ્યા કરી કહેવાય, કેમ કે સૂત્રોનો અર્થ કહેવો, ફલિતાર્થ -તાત્પર્યાર્થ કહેવો એ એની વ્યાખ્યા છે. આ રીતે વ્યાખ્યા કરીને નિયાણાનો નિષેધ સૂચવતાં તમે **'ચઉપન્નમહાપુરુષચરિયં'** તથા કલિકાલસર્વજ્ઞના **ગુરુશ્રી દેવચંદ્રસૂરિકૃત મૂલશુદ્ધિ-પ્રકરણવૃત્તિ ગ્રન્થ**ને સ્પષ્ટ રીતે દૂષિત ઠેરવ્યો છે; જેમાં નિયાણાની સ્પષ્ટ વાત લખી જ છે. તેથી તમારું આ વ્યાખ્યા-કથન અપસિદ્ધાંતરૂપ છે. આ વાત વ્યાખ્યા વગેરે અંગેનાં **પૂ. ઉપાધ્યાયજી મહારાજા**નાં નીચેનાં વચનો પરથી આપણે તારવી શકીએ છીએ...

xxx [1]તે (પૂર્વપક્ષીએ કરેલી વ્યાખ્યા) ખોટું છે; કેમ કે પ્રાચીન આચાર્યોએ કહેલી વ્યાખ્યાનું ઉલ્લંઘન કરીને વિપરીત વ્યાખ્યા કરવી તે અપસિદ્ધાંતરૂપ છે. xxx – [2]એ (પૂર્વપક્ષીએ કહેલી વાત) બરાબર નથી. એક શાસ્ત્રનું અવલંબન લઈ અન્ય શાસ્ત્રને દૂષિત ઠેરવવું = ખોટું ઠેરવવું એ મહા આશાતનારૂપ છે. માટે ઉભય શાસ્ત્રનું સમાધાન થાય (એવો અર્થ કરવો) એ જ ન્યાયોચિત છે. આ જ વાતનું કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી

---

૧. तदसत्, प्राचीनाचार्यव्याख्यामुल्लङ्घ्य विपरीतव्याख्यानस्याऽपसिद्धांतत्वात् ।

(धर्मपरीक्षा, श्लो. २४, वृत्तिः)

२. मैवं, एकशास्त्रावलंबनेनापरशास्त्रदूषणस्य महाशातनारूपत्वाद् उभयशास्त्रसमाधानस्यैव न्याय्यत्वात् । (धर्मपरीक्षा, श्लो. ३७, वृत्तिः)

મહારાજાના **અયોગ-વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા**ના નીચેના વચનથી પણ સમર્થન થાય છે.

તેમાં કહ્યું છે કે [1] "અન્ય દર્શનમાં થયેલા પૂર્વપુરુષોએ ભોળપણથી જે કાંઈ અયુક્ત કહ્યું હોય, તેનાથી તેઓની પરંપરામાં થયેલ શિષ્યોએ અન્યથા =વિરુદ્ધ નિરૂપણ કર્યું છે. પણ પોતાના પૂર્વપુરુષોના વચનથી વિપરીત વચન કહેવારૂપ આવો વિપ્લવ હે પ્રભો ! તારા શાસનમાં થયો નથી. ખરેખર, હે પ્રભો ! તારી શાસનશ્રી અધૃષ્ણા છે અર્થાત્ જેની સામે કોઈ પણ ન ટકી શકે એવી છે."

પ્રસ્તુતમાં પણ, 'શ્રીચઉપન્ન મહાપુરિસચરિયં'માં નીચેની વાત કહી છેઃ [2] 'તેથી મિત્ર ! તું જલદી તેણીની પાસે જા ! તે તને જોઈને નિદાનાનુબંધ કરશે. આમ કહીને ઈન્દ્રનો સામાનિક મિત્રદેવ પોતાના વિમાનમાં ગયો. લલિતાંગ પણ ઉપયોગ મૂકીને અંબરતિલક નામના શ્રેષ્ઠ પર્વત પર ગયો. ત્યાં અનશનમાં રહેલી નિર્નામિકાને જોઈ. તેણીને દેવઋદ્ધિ દેખાડી. તેણી વડે ત્યારે નિયાણું કરાયું. પછી અનશનવિધિથી આયુષ્યને ખપાવીને લલિતાંગની સ્વયંપ્રભા નામની મહાદેવી તરીકે ઉત્પન્ન થઈ.'

વળી, શ્રી ચઉપન્નમહાપુરુષચરિયં ગ્રન્થમાં નિયાણાની આ વાત હોવી તમે પણ જાણો જ છો અને તેમ છતાં એનો વિરોધ થાય એવું આ લખો છો, એ શું અપસિદ્ધાંતરૂપ નથી ?

ખરેખર તો, મહાત્મન્ ! 'મારો કક્કો ગમે તે રીતે ખરો કરવો' એવા અભિપ્રાયમાંથી જ આવું લખાણ થાય છે. બાકી 'મારે અન્ય શાસ્ત્રનો વિરોધ ન થાય એ પ્રમાણે લખવું છે' એવો થોડો પણ જો માથે ભાર રાખવામાં આવ્યો હોય, તો શ્રીચઉપન્ન મહાપુરુષચરિયં તથા મૂલશુદ્ધિ-પ્રકરણવૃત્તિ શાસ્ત્રમાં નિયાણાની કહેલી વાતનું સમર્થન થઈ જાય, એ સંગત ઠરી જાય, એવું ત્રિષષ્ટિ-શાસ્ત્રના તે શ્લોકો પરથી પણ સહેજ જ વિચાર કરવા માત્રથી (બહુ સૂક્ષ્મ,

---

૧. यदार्जवादुक्तमयुक्तमन्यैस्तदन्यथाकारमकारि शिष्यैः ।
न विप्लवोऽयं तव शासनेऽभूदहो ! अधृष्या तवशासनश्रीः ॥ (अयोग व्य० द्वा० १६)

२. 'ता मित्त ! वच्चसु सिग्घं तीए समीव । सा तुमं दट्ठुण णियाणाणुबंधं करिस्सइ' इति । एवं भणिऊण गओ इंदसामाणिओ णिजयविमाणं । ललियंगओ य ( ? गओ) दाऊण उवओगं अंबरतिलयं पव्वयवरं । दिट्ठा णिण्णामिया अणसणट्ठिया, दंसिया देवरिद्धी, कओ णियाणाणुबंधो तया । तओ अणसणविहिणा खविऊणमाउयं उववण्णा ललियंग(य)स्स सयंपभाणाम महादेवित्तणेण । (चउपन्न महापुरिसचरियं, पृ. ३०)

લાંબો વિચાર પણ કરવાની આમાં આવશ્યકતા નથી) જાણી શકાય એમ છે. જુઓ, ૫૯૯મા શ્લોકમાં જે લખ્યું છે કે **'या मतिः सा गतिः किल ।'** તેના પરથી 'શ્રી ચઉપન્નમહાપુરુષચરિયં'માં કહેલી નિયાણાની વાતને આધારે 'અહીં પણ આ પદ પરથી તે અર્થ કાઢવો જોઈએ' એવું નક્કી કરવામાં આવે તો શું એ અર્થ કાઢવો મુશ્કેલ છે ? શું એવો અર્થ કાઢવા માટે જ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે આ નિર્દેશ નથી આપ્યો ? શું શ્રીહેમચન્દ્રસૂરિજી મહારાજ સ્વગુરુ-દેવોના અભિપ્રાયથી વિપરીત આશય ધરાવતા હોય ખરા ? તમે પણ આનો આટલો અર્થ તો કર્યો જ છે કે 'ખરે જ, અંતે જેવી મતિ હોય તેવી ગતિ થાય છે.' આની જ પ્રસ્તુતમાં અનુસંધાન કરવારૂપ સ્પષ્ટતા કરીએ તો, એવું સહેલાઈથી કહી જ શકાય છે કે "અર્થાત્ અનામિકાને અંતે જેવી મતિ હતી કે 'આ અનશનના પ્રભાવે મને આની પત્નીદેવી થવા મળો' એવી 'તેની પત્નીદેવી બનવારૂપ' એની ગતિ થઈ."

પણ વસ્તુતઃતો પોતાની પકડથી વિરુદ્ધ થતું હોઈ ચઉપન્ન-મહાપુરુષ-ચરિયંની નિયાણાની વાતની શ્રદ્ધા કરવાની તૈયારી ન હોવાથી, એની આવી સરળ સંગતિ પણ શોધવાનું મન ક્યાંથી થાય ? સ્વપકડને પકડી રાખવામાં ચઉપન્ન-મહાપુરુષચરિયં કે મૂલશુદ્ધિ-પ્રકરણવૃત્તિ જેવા શાસ્ત્રની અશ્રદ્ધા કરવી પડતી હોઈ મિથ્યાત્વ આવી જવાના ભયંકર નુકસાનમાંથી બચો એવી પ્રભુને પ્રાર્થના...

**પ્રશ્ન :** પણ અમે પછી લખ્યું જ છે ને કે xxx 'શ્રીચઉપન્ન મહાપુરુષ-ચરિત્ર' શાસ્ત્રના આધારે એમ જરૂર કહી શકાય કે લલિતાંગે નિયાણું કરાવ્યું અને અનામિકાએ નિયાણું કર્યું xxx' ઈત્યાદિ... તો પછી અમે તેની અશ્રદ્ધા કરીએ છીએ એવું ક્યાં રહ્યું ? અને તેથી મિથ્યાત્વ આવી જવાનું ભયંકર નુકસાન પણ ક્યાં રહ્યું ?

**ઉત્તર :** હા, તમે લખ્યું છે ખરું અને તેના પરથી 'અમને એ વાતની અશ્રદ્ધા નથી' એવું કદાચ સિદ્ધ કરી પણ શકો, તોપણ એટલા માત્રથી મિથ્યાત્વ આવી જવાના ભયંકર નુકસાનને અટકાવી શકતા નથી; કેમ કે જો નિયાણાની વાતની શ્રદ્ધા કરશો તો 'શ્રી ત્રિષષ્ટિશલાકા ગ્રન્થમાં નિયાણાની વાત નથી' એવા તમારા અભિપ્રાયના કારણે તમારે એ ગ્રન્થની અશ્રદ્ધા કરવી પડશે, જેના કારણે પાછું એ ભયંકર નુકસાન ઊભું જ રહેશે. એ નુકસાનને અટકાવવું હોય તો તમારે શ્રી ત્રિષષ્ટિ ગ્રન્થના તે શ્લોકોની અમે ઉપર બતાવી

એવી અવિરુદ્ધ વ્યાખ્યા કરી 'તેમાં પણ નિયાણાનો નિર્દેશ કરેલો જ છે' એવું સ્વીકારવું જોઈએ.

**પ્રશ્ન :** પણ શ્રી ત્રિષષ્ટિગ્રન્થમાં નિયાણાનો સ્પષ્ટ ઉલ્લેખ તો કર્યો નથી, તો પછી એવી વ્યાખ્યા કરવામાં એ ગ્રન્થની આશાતના નહિ થાય ?

**ઉત્તર :** ના. [1]'એક સૂત્રમાં બીજા સૂત્રની સંમતિ મળે, સંગતિ થાય એ રીતે વ્યાખ્યા કરવામાં ઉપરથી આશાતના દૂર થઈ જાય છે.' એવું **પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ** ધર્મપરીક્ષામાં જણાવ્યું છે.

વળી, xxx પરંતુ એટલા માત્રથી નિયાણું કર્તવ્યરૂપે સિદ્ધ થઈ શકતું નથીxxx એવું જે પૃ. ૧૩૪ પર તમે કહ્યું છે તેના પરથી તો મહાત્મન્ ! મને એવું જ લાગ્યું કે તમારે હજુ બુદ્ધિને શાસ્ત્રોથી પરિકર્મિત કરવાની અને જૈન ન્યાયશાસ્ત્રોથી સૂક્ષ્મ બનાવવાની ઘણી જરૂર છે; કેમ કે નિયાણાને કર્તવ્યરૂપે સિદ્ધ કરવાની વાત જ કોણે કહી છે કે જેથી તમારે એનો નિષેધ કરવો પડે? કેમ કે xxx તેમાં અણસણનો પાછળનો ભાગ સ્પષ્ટ દેવી થવાના ઉદ્દેશથી આરાધ્યો, છતાં એ વિષક્રિયા ન થઈ અને ભવભ્રમણ ન વધ્યું. xxx

આવાં વચનો પરથી કાંઈ તેને કર્તવ્યરૂપે સિદ્ધ કરવાની તે વાત ફલિત થઈ જતી નથી. 'મોક્ષભિન્ન અન્ય ઉદ્દેશથી થતો ધર્મ બધી અવસ્થામાં બધાને સંસાર વધારનાર જ બને.' એવો એકાંત નથી, એવું દેખાડવાનું સરળ તાત્પર્ય પણ આ વચનો પરથી જે પકડી શકતા ન હોય, તેમને એમ કહેવાનું શું મન ન થઈ જાય કે 'ભાઈ ! લખવા બેસતાં પહેલાં જરા બુદ્ધિને પરિકર્મિત કરવાની જરૂર છે.'

વળી, 'ભવભ્રમણવૃદ્ધિરૂપ નુકસાન ન થયું' એવું જણાવનાર આ વાત પરથી જો નિયાણું કર્તવ્ય હોવું સિદ્ધ થઈ જતું હોય, તો તો પૂ. ઉપાધ્યાયજી મહારાજે 'જે પલાદન કરે તેનામાં સમ્યક્ત્વ ન જ હોય' એવા પૂર્વપક્ષીય એકાંતનું ખંડન કરવા જે કહ્યું છે કે [2]'વળી સમ્યક્ત્વધારી કૃષ્ણ વગેરેએ પલાદન કર્યું હોવા છતાં સમ્યક્ત્વ ચાલ્યું ગયું નહોતું એવું શાસ્ત્રમાં પણ

---

૧. xxx सूत्रस्य सूत्रान्तरसम्मत्या व्याख्यानकरणे आशातनायाः परित्यागात् ।

(धर्मपरीक्षा, श्लो. ८३ वृत्तिः)

२. किञ्च सम्यक्त्वधारिणां कृष्णप्रभृतीनां मांसभक्षणेऽपि सम्यक्त्वानपगमः शास्त्रेऽपि श्रूयते, तदुक्तं षष्ठांगे (अ. १६, सू. ११८) 'तए णं से दुवए राया... ...'

(धर्मपरीक्षा, श्लो ८४, पृ. २८१)

સંભળાય છે. **છઠ્ઠા અંગ** (અધ્યયન ૧૬)માં કહ્યું છે કે 'ત્યારે તે દ્રુપદ રાજા.... ઈત્યાદિ' તેના પરથી તમારા મતે તો સમ્યક્ત્વધારીઓને પલાદન કર્તવ્ય હોવાનું સિદ્ધ થઈ જાય.

બાકી 'ભવભ્રમણ ન વધ્યું' એવા શબ્દો પરથી જ જો નિયાણાની કર્તવ્યતા સિદ્ધ થઈ જવી તમે માનતા હો, તો **પૃ. ૧૩૫** પર પ્રથમ પંક્તિમાં તમે જે લખ્યું છે કે 'પરંતુ દરેક જીવ માટે તેવું (ભવવૃદ્ધિનું કારણ) બનતું નથી.' (અર્થાત્ નિયાણાથી કો'ક જીવને સંસારવૃદ્ધિ થતી નથી) એના પરથી પણ એની કર્તવ્યતાની સિદ્ધિ શું નહિ થઈ જાય ?

પણ તમારા એ વચન પરથી જેમ નિયાણાની કર્તવ્યતા સિદ્ધ થતી નથી, તેમ 'ભવભ્રમણ ન વધ્યું' એવા વચન પરથી પણ તે સિદ્ધ થતી નથી. અને તેથી નિયાણાની અકર્તવ્યતા સિદ્ધ કરવા તમે જે પાનાનાં પાનાં ભર્યાં છે, તે આ ચર્ચામાં નિરર્થક જ ઠરે છે. અમે પણ નિયાણાને અકર્તવ્ય માનીએ જ છીએ... 'નથી માનતા' એવું નથી કે જેથી તમારું એ લખાણ સાર્થક બને...

વળી, પૃષ્ઠ ૧૩૪ પર તમે જણાવ્યું છે કે xxx 'અનામિકા લલિતાંગની પૂર્વપરિચિત વ્યક્તિ હતી' તે વાત પણ ત્રિષષ્ટિશાસ્ત્ર, ચઉપન્નમહાપુરુષ-ચરિયં, ભરતેશ્વરબાહુબલિ વૃત્તિશાસ્ત્ર, આવશ્યક નિર્યુક્તિ શાસ્ત્ર, કલ્પસૂત્ર-સુબોધિકાવૃત્તિ તથા સેનપ્રશ્ન વગેરે શાસ્ત્રગ્રંથોનાં વિધાનો જોતાં નિરાધાર અને સત્યથી વેગળી જણાય છે. આવી નિરાધાર અને શાસ્ત્રાધારોથી બાધિત થતી કલ્પનાઓથી કદી કોઈ વાત સિદ્ધ થઈ શકે નહિ. xxx

મહાત્મન્ ! અનામિકા લલિતાંગની પૂર્વપત્ની સ્વયંપ્રભાનો જ જીવ છે, એ વાત નીચેના શાસ્ત્રાધારોથી શું બાધિત છે ? એ સ્વયં વિચારી લેશો.

**શ્રીદર્શનરત્નરત્નાકર** - પ્રથમ લહરી, ચોથા તરંગના વિસ્તૃત અધિકારની કેટલીક પ્રસ્તુતમાં આવશ્યક ઉક્તિઓ આવી છે...

... स सुपर्वा तं ललितांगनामानं निजमित्रमेवमवादीत् 'मित्र ! मा गच्छ विषादपदवीं यतस्तव प्राणवल्लभाशुद्धिः सम्यगवगताऽस्ति मया, तां च मया प्रोच्यमानां सावधानमनाः स्वस्थीभूय समाकर्णय।' अनेन तद्देवोदितवचनेन्दुसमुदयेन दयितावियोगवासरताप-संतापितं तन्मनःकुमुदकाननं समासदत् समुल्लासम् । एवं समुल्लसितचेतोवृत्तिः स ललितांगनामा देवस्तेन सामानिकसुरेण निगद्यमानां निजदयिताकिंवदंतीमेवमाकर्णयामास समाहितमनाः ।

**यद्भवदीया प्रणयिनी इतश्च्युता** धातकीखण्डे पूर्वमहाविदेहेषु नंदिग्रामे दरिद्रनर-

शिरोरत्नस्य प्राक्संजातऋतु(६) मिततनयावर्गस्य *नागिलाभिधान-गृह-पतेस्तत्समानधर्मिण्या* **नागश्री**नामिकायास्तत्प्रेयस्याः कुक्षिकंदरे **सुतात्वेन समुत्पन्ना...**

**અર્થ** : તે દેવે લલિતાંગ નામના પોતાના તે મિત્રને આ પ્રમાણે કહ્યું, 'હે મિત્ર ! તું વિષાદ ન પામ; કારણ કે તારી પ્રાણવલ્લભ પ્રિયતમાની મેં ઉચિત ભાળ મેળવી લીધી છે. મારા વડે કહેવાતી એ વાતને તું સાવધાન મનવાળો થઈને તથા સ્વસ્થ થઈને સાંભળ. તે દેવ વડે કહેવાયેલા વચનરૂપી ચન્દ્રનો ઉદય થવાથી પત્નીના વિયોગરૂપી દિવસના તાપથી સંતપ્ત થયેલું તેનું મનરૂપી કુમુદવન ઉલ્લસિત થયું. આ પ્રમાણે ઉલ્લસિત ચિત્તવૃત્તિવાળા તે લલિતાંગ નામના દેવે તે સામાનિકદેવ વડે કહેવાતી પોતાની પત્નીની વાતને સાવધાન મનવાળા થઈને સાંભળી. (જે આ પ્રમાણે –)

**તારી પ્રિયતમા અહીં દેવલોકમાંથી ચ્યવીને** ધાતકીખંડના પૂર્વમહાવિદેહ ક્ષેત્રમાં નંદિગ્રામમાં દરિદ્ર-શિરોમણિ, છ પુત્રીઓના પિતા નાગિલની સમાન ધાર્મિક **નાગશ્રી** નામની પત્નીની **કુક્ષિમાં પુત્રી તરીકે ઉત્પન્ન થઈ.**

આટલા અધિકાર પછી એ પુત્રીનું નામ અનામિકા (નિર્નામિકા) કેમ પડ્યું ? એનું દૌર્ભાગ્ય કેવું હતું ? એ શ્રમણોપાસિકા કેવી રીતે બની, ઈત્યાદિ વિસ્તૃત અધિકાર ત્યાં છે. ત્યાર પછી એ દેવ લલિતાંગદેવને આ પ્રમાણે કહે છે –

'भो वयस्य ! ललितांगनामधेय ! चेत्समीहसे महाविरहहुतवहार्त्तिनिवारणाय संयोगंतस्याः प्राणप्रियायाः **पुनरपि**, तदा तदग्रे गत्वा प्रकटीकुरु स्वकीयरूपं, यथानिभालयित्वा भवंतं भवद्विषयनिबिडप्रेमनिगडनिगडिता सती धर्मध्याननिरता विधाय कालं प्राप्नोति पुनरपि भवत्पत्नीभावं सा निर्नामिका नाम्नी श्रमणोपासिका ।यतः प्रान्तसमयसमायातमतिमेवानुसरति *प्रेत्यगतिः सर्वेषामपि प्राणभाजाम् !'* एवं तेन सामानिकसुरसत्तमेन निवेदिते सति दयितासंप्राप्त्युपाये प्रमुदितमनोवृत्तिः स ललितांगनामा देवः स्वं दर्शयामास रूपं तत्पुरस्तात्, निरीक्ष्य च निसर्गसुन्दरतरं तद्देवरूपं धर्मध्यान-विधानसावधाना सा तन्मोहमोहिता सती निर्माय तद्दुर्भगतादोषदूषिततनुनिवासपर्यंतं **पुनरपि प्रपेदे तस्यैव प्राग्भवप्राणप्रियस्य ललितांगाभिधस्य सा प्राणप्रियाभावं पूर्वभववत् ।**

**અર્થ** : હે મિત્ર ! લલિતાંગ ! મહાવિરહાગ્નિની પીડાને નિવારવા માટે **જો તું તે પ્રાણપ્રિયાનો પુનઃ સંયોગ ઈચ્છે છે,** તો તેની સામે જઈને તારું રૂપ પ્રકટ કર; જેથી તને જોઈને તારા પરના ગાઢ પ્રેમની સાંકળથી બંધાયેલી અને ધર્મધ્યાનનિરત એવી તે નિર્નામિકા નામની શ્રમણોપાસિકા, કાળે કરીને **ફરીથી તારી પત્નીપણું પામશે;** કારણ કે સર્વ જીવોને અંત સમયે જેવી મતિ

હોય છે એને અનુસરીને જ પરલોક મળે છે. આ પ્રમાણે તે સામાનિક સુરે પત્નીની પ્રાપ્તિનો ઉપાય દેખાડ્યો, એટલે પ્રમુદિત મનવાળા તે લલિતાંગદેવે પોતાનું રૂપ તે નિર્નામિકાને દેખાડ્યું. ધર્મધ્યાન કરવામાં સાવધાન તેણી, તેના સહજસુંદર રૂપને જોઈ તેના મોહમાં મુગ્ધ થઈ. અને દુર્ભગતાદોષથી દૂષિત તે શરીરનો અંત લાવીને **ફરીથી પૂર્વભવના પ્રાણપ્રિય તે જ લલિતાંગ દેવની પૂર્વભવની જેમ પ્રાણપ્રિયા બની.**

આમ, આ દર્શનરત્નરત્નાકરનાં અનેક વચનો સ્પષ્ટ રીતે જણાવે છે કે લલિતાંગ દેવની પૂર્વપત્ની સ્વયંપ્રભાદેવી, અનામિકા અને પુનઃ થયેલી દેવી સ્વયંપ્રભા-એ ત્રણે એક જ જીવ છે.

હવે **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**નો ગ્રન્થાધિકાર જોઈએ -

मा विषीद महाभाग ! भव स्वस्थोऽधुना ननु । मया मृगयमाणेन प्राप्तास्ति भवतः प्रिया ।

**અર્થ :** હે મહાભાગ! તું વિષાદ ન કર. હવે સ્વસ્થ બન; કારણ કે શોધખોળ કરતાં મેં તારી પ્રિયાને જાણી છે.

આટલું જણાવ્યા બાદ, સીધી અનામિકાની વાત ચાલુ થાય છે. જેમાં છેલ્લે આ પ્રમાણે આવે છે - तच्चक्रेललिताङ्गोऽपि सापि तद्रागिणी सती । मृत्वा स्वयम्प्रभा नाम तत्पत्न्यजनि पूर्ववत् ॥

**અર્થ :** લલિતાંગે પણ તે કાર્ય (સ્વકીય રૂપદર્શન કરાવવાનું કાર્ય) કર્યું. તે અનામિકા પણ તેના પર રાગવાળી થઈ. અને મૃત્યુ પામીને સ્વયંપ્રભા નામની તેની પત્ની પૂર્વવત્ બની.

આ અધિકાર પરથી પણ સ્પષ્ટ છે કે મિત્રદેવે લલિતાંગની પ્રિયા તરીકે જ અનામિકાને જાણી છે ને એ જ છેવટે પૂર્વે જેમ લલિતાંગની પ્રિયા હતી એમ પ્રિયા બની છે. ધારો કે પૂર્વની સ્વયંપ્રભા દેવીનો જીવ અનામિકા બન્યો ન હોય, તો **'તારી પ્રિયાની મેં ભાળ મેળવી છે'** ઈત્યાદિ જણાવ્યા બાદ, મિત્રદેવ લલિતાંગને અનામિકાની વાત શરૂ ન કરતાં, એ દેવીનો જીવ જ્યાં ગયો હોય તેની વાત કરત. એટલે 'અનામિકા લલિતાંગની પૂર્વપત્નીનો જીવ છે' એ વાત આ શાસ્ત્રાધિકારોથી સિદ્ધ હોવાથી, 'અનામિકા લલિતાંગની પૂર્વપરિચિત વ્યક્તિ છે' એ વાત નથી નિરાધાર રહેતી કે નથી સત્યથી વેગળી રહેતી, એની નોંધ લેવા ભલામણ છે..

■

## વિષય - ૭

# 'લજ્જાતો ભયતો' શ્લોકનો તાત્પર્યાર્થ

## (તત્ત્વા૰ પૃ. નં. ૧૪૯)

મહાત્મન્ ! આ શ્લોકોમાં 'લજ્જા વગેરે નિમિત્ત પામીને શરૂ કરાયેલા ધર્મની વાત છે. લજ્જા વગેરેને સાથે રાખીને કરેલા ધર્મની વાત નથી.' આવી તમારી જે માન્યતા છે તે યોગ્ય નથી; કેમ કે ભવદેવે બાર બાર વર્ષ સુધી ભાઈની લજ્જાથી સંયમ પાળ્યું હતું... 'માત્ર લજ્જાથી લઈને પછી લજ્જાના કારણે નહિ, પણ લજ્જાશૂન્ય શુદ્ધ ભાવથી પાળ્યું હતું.' એમ નહિ. એમ શ્રીયકે પણ આખો ઉપવાસરૂપ તપધર્મ બહેન સાધ્વીના સ્નેહથી કર્યો હતો, સ્નેહના કારણે શરૂ કરી, પછી સ્નેહને બાજુએ મૂકીને કર્યો હતો એમ નહિ (એમ ક્ષુલ્લક મુનિએ પણ વર્ષોનાં વર્ષો સુધી આચાર્ય મહારાજ, માતા સાધ્વી વગેરેની લજ્જાથી સંયમ પાળ્યું હતું). એમ 'ધર્મપ્રાપ્તિના નિમિત્તની જ વાત છે, પછી તે તે લજ્જાદિ સાથે રાખી ધર્મ કરવાની અહીં વાત નથી.' એવી તમારી આ માન્યતા; ભરતચક્રી, જંબુસ્વામી વગેરે, ગજસુકુમાલાદિ, સુદર્શન શ્રેષ્ઠી વગેરે, શ્રેણિક વગેરે, શ્રી હેમચન્દ્રાચાર્ય વગેરેનાં જે દૃષ્ટાંતો **ઉપદેશતરંગિણીકારે** આપ્યાં છે તેમાં પણ ખોટી ઠરે છે. કારણ કે –

(૧) 'ભાવથી ધર્મ'માં ભરતચક્રીનું દૃષ્ટાંત આપ્યું છે, તો ભરતચક્રીએ ભાવથી ધર્મ પ્રાપ્ત કરીને પછી શું ભાવ છોડી દીધો હતો ?'

(૨) 'વૈરાગ્યથી ધર્મ'માં જંબુસ્વામી વગેરેએ વૈરાગ્યથી ચારિત્ર ગ્રહણ કરી પછી વૈરાગ્યને શું છોડી દીધો હતો ?

(૩) ગજસુકુમાલ વગેરેનું દૃષ્ટાંત ક્ષમા અંગે આપ્યું છે...તો ગજસુકુમાલ આદિ કાંઈ ક્ષમારૂપ નિમિત્ત પામીને ચારિત્રધર્મ પામ્યા નહોતા કે જેથી એ રીતે એમનું દૃષ્ટાંત તમારા મતે યોગ્ય ઠરે, કિન્તુ 'ક્ષમા રાખીને પરિષહ સહન કરવાનો ધર્મ કર્યો હતો.' તે રીતે જણાવવા જ તેમનું દૃષ્ટાંત છે.

(૪) શીલ અંગે આપેલા સુદર્શન શ્રેષ્ઠી વગેરેના દૃષ્ટાંતમાં પણ 'શીલથી ધર્મ પ્રાપ્ત કર્યો હતો, પછી શીલ સાથે રાખીને ધર્મ કર્યો હતો એવું નહીં' એ વાત ખોટી હોવી સ્પષ્ટ જ છે.

(૫) સમ્યક્ત્વ અંગે અપાયેલા દૃષ્ટાંતરૂપ શ્રેણિક વગેરેમાં 'તેઓ

સમ્યક્ત્વરૂપ નિમિત્તથી ધર્મ પામેલા, સમ્યક્ત્વ સાથે રાખીને ધર્મ કર્યો નહોતો' એ વાત ખોટી ઠરે છે.

(૬) પ્રભાવકતા અંગે શ્રીહેમચન્દ્રાચાર્ય વગેરેના દૃષ્ટાંતમાં પણ, 'તેમણે પ્રભાવકતારૂપ નિમિત્ત કારણે ધર્મપ્રાપ્તિ કરી હતી, પ્રભાવકતાને સાથે રાખી ધર્મ કર્યો હતો એવું નહિ' એવી તમારી માન્યતાવાળી વાત ખોટી ઠરે છે.

'અમે શાસ્ત્રના આગળ-પાછળના સંદર્ભનો વિચાર કરી શાસ્ત્રીય વાતોનું તાત્પર્ય પ્રકાશિત કરીએ છીએ' એવું દેખાડવાનો આભાસ ઊભો કરનારા તમે, અહીં એવો વિચાર કર્યા વગર જ 'શબ્દો' પરથી પણ જે ભાવ નીકળતો નથી તેવો અપૂર્વ તાત્પર્યાર્થ (!) કાઢવા જે પ્રેરાયા, તેમાં કોણ ભાગ ભજવી ગયું એનો જરા શાંત ચિત્તે મધ્યસ્થતાપૂર્વક વિચાર કરવા ભલામણ.

તમારા કહ્યા મુજબનો ભાવ તો શબ્દો પરથી પણ નીકળતો નથી, તે વાતની સિદ્ધિ આ રીતે – અહીં ટૂંકો અન્વય આ પ્રમાણે છે :

**'ये लज्जातो धर्मं भजन्ति'** આનો અર્થ - જેઓ લજ્જાથી (લજ્જાને આશ્રીને) ધર્મને સેવે છે, આચરે છે' એવો થાય. 'જેઓ લજ્જાથી (લજ્જાને આશ્રીને) ધર્મને આરંભે છે' એટલો જ નહિ. માટેસ્તો ઉપદેશતરંગિણીકારે છેવટે ઉપસંહાર કરતાં પણ **'किं बहुना ? धर्मः सर्वप्रकारैः कृतो महालाभाय भवति'** એમ કહ્યું છે. અર્થાત્ 'વધારે શું કહેવું ? (લજ્જાથી-ભયથી વગેરે) બધી રીતે કરાયેલો ધર્મ મહાલાભ માટે થાય છે.' એમ કહ્યું છે; પણ **'सर्वप्रकारैः आरब्धो महालाभाय....'** એવું કહ્યું નથી. અર્થાત્ 'બધી રીતે આરંભાયેલો ધર્મ મહાલાભ માટે થાય છે' એવું કહ્યું નથી. વળી, 'લજ્જાદિથી કરેલ ધર્મ, જ્યારે લજ્જા વગેરે નીકળી જઈ મોક્ષના આશયવાળો બનવારૂપે અમલ બને ત્યારે જ તેનાથી અમાપ ફળ મળે.' એવું જે કહ્યું તે આ રીતે પણ પ્રસ્તુતમાં સર્વથા યોગ્ય હોય એવું લાગતું નથી, કેમ કે શ્રીયકે ઉપવાસરૂપ આખો તપધર્મ સ્નેહથી કર્યો હતો (કેમ કે બહેન સાધ્વીના સ્નેહના કારણે ઠેઠ ઉપવાસ સુધી ખેંચી ગયા અને એમાં જ કાળ કરી ગયા. તેથી પછી બીજો કોઈ સ્નેહ વિનાનો તપધર્મ કર્યો હોવાની શંકા પણ નથી); અને તેમ છતાં તેમને અમાપ ફળ મળ્યું હોવા તરીકે દૃષ્ટાંતમાં ઉલ્લેખ છે. અથવા તો જેમ રોહિણી વગેરે દેવતાને ઉદ્દેશીને કહેલ રોહિણી વગેરે તપ વિષયાભ્યાસરૂપ હોય છે. મુગ્ધ જીવો સૌ પ્રથમ કર્મક્ષયાદિ ઉદ્દેશથી પ્રવર્તી શકતા નથી, પણ અભ્યાસ પડ્યા પછી તે

ઉદ્દેશથી પ્રવર્તી શકે છે, તેથી આ પ્રારંભનો અભ્યાસરૂપ તપ પણ વિશુદ્ધ તપરૂપ અનુષ્ઠાનને લાવી આપવા દ્વારા અમાપ ફળનું પરંપરાએ કારણ બને છે; તેમ આ લજ્જા વગેરે સાથે પળાતા સંયમાદિ પણ વિશુદ્ધ સંયમ લાવી આપવા દ્વારા અમાપ ફળનું પરંપરાએ કારણ બને છે.

સરાગ સંયમથી વીતરાગ સંયમમાં જવાય છે, એ વાત કોઈએ ભૂલવી ન જોઈએ. સરાગ સંયમને શાસ્ત્રકારોએ અધર્મ નહીં, પણ ધર્મ કહ્યો છે. હવે, જો ભવદેવ વગેરેને જ્યારે તેઓ લજ્જા વગેરેના કારણે જ સંયમમાં ટકી રહ્યા હતા, ત્યારે તેઓને તમારા જેવા કોઈ ભેટી જાય અને કહી દે કે 'ભાઈ ! તું મોક્ષની ઈચ્છાથી આ સંયમ પાળી રહ્યો નથી ! ભાઈની લજ્જાથી જ પાળે છે, તો એનાથી તારો સંસાર વધી જશે, તું ભવિષ્યમાં રિબાઈ રિબાઈને મરીશ' અને એવા કથન પર ભરોસો મૂકીને તેઓએ સંસાર વધવાના ભયથી ધર્મને મૂકી દીધો હોત, તો એમનું શું થાત ? હિત કે અહિત ? તેઓ જંબુ સ્વામી બની શકત ? માટે મુખ્યતયા અમારું તો આ જ કહેવું છે કે 'મહાત્મન્ ! આ રીતે લોભ-કીર્તિ વગેરેને આશ્રીને જેઓ ધર્મ કરતા હોય, તેઓને પણ સામાન્યથી આવું કહેવું ન જોઈએ. તેમની આગળ ઊંચી કોટિના ધર્મની પ્રરૂપણા થઈ શકે, પણ તેઓ જે રીતે કેવલિભાષિત ધર્મ આરાધી રહ્યા હોય, તેને 'ભૂંડો... ભૂંડો' કહીને વખોડાય નહિ જ. કેમ કે આ રીતે કરાતો ધર્મ પણ અભ્યાસથી તેઓને ઊંચી કોટિનો ધર્મ લાવી આપનાર બને, એવો પૂરો સંભવ છે.

'જેને હજુ મોક્ષની ઈચ્છા જાગી નથી, કિન્તુ જે આલોક-પરલોકમાં સુખી બનવાની ઈચ્છાથી ધર્મ કરી રહ્યો છે; તે વિમધ્યમ જીવને પણ આગળ વધવાનો ઘણો જ સંભવ છે.' એવું ખુદ **પૂજ્ય આ૦ શ્રીરામચન્દ્ર સૂ. મહારાજ** પણ પૂર્વે કહી ગયા છે, એ વાત આગળ આવશે. માટે હજુ જેનો એટલો મોહનીયાદિનો ક્ષયોપશમ થયો નથી, અને તેથી એની કીર્તિ વગેરેની ઈચ્છા ખસતી નથી, તેવા જીવને 'જો તું કીર્તિની ઈચ્છાથી ધર્મ કરે છે, મોક્ષની ઈચ્છાથી ધર્મ નથી કરતો.... તો તારો સંસાર વધી જશે.' આવું જો તમારી જેમ સંભળાવાય, તો એ બિચારો કીર્તિ વગેરેની ઈચ્છાને તો ત્યારે ખસેડી શકતો ન હોવાથી ધર્મને જ છોડી દે.... અને ભવિષ્યમાં થનાર સંભવિત લાભથી વંચિત રહી જાય. એના બદલે જો એ રીતે પણ એને 'ધર્મ કરતો રહેવા દેવાય, તો એ ધર્મથી જ એનો

મોહનીયાદિનો ઉદય અટકી ક્ષયોપશમ થઈ, તે ઈચ્છા ખસવી શક્ય બને... 'કીર્તિ વગેરેની ઈચ્છાથી કરેલા ધર્મથી એવો ક્ષયોપશમ ન જ થાય' એમ ન કહેશો; કેમ કે જેમ દેવતાનાં ઉદ્દેશથી કરાયેલો તપ પણ તેવો ક્ષયોપશમ કરાવી આપે છે કે કર્મક્ષયના ઉદ્દેશથી તપ કરાવે (આ વાત **પંચાશક શાસ્ત્ર**માં પ્રસિદ્ધ છે), તેમ આ બાબતમાં જાણવું.

[1]'મોક્ષ વગેરેનાં તાત્ત્વિક ઉપયોગશૂન્ય દ્રવ્યચારિત્રાદિની પ્રવૃત્તિથી પણ પરંપરાએ ભાવચારિત્રાદિની પ્રાપ્તિ થાય છે' એવું **ધર્મબિન્દુશાસ્ત્ર**માં પણ કહ્યું છે.

જુઓ, ત્યાં કહ્યું છે કે [2]'જીવોને ભોગો દાનથી, દેવગતિ શીલથી, મુક્તિ ભાવનાથી પ્રાપ્ત થાય છે. તપથી સર્વ વસ્તુઓ સિદ્ધ થાય છે.' ઈત્યાદિ રીતે દેશનામાં દાનાદિને ભોગાદિના કારણ તરીકે સાંભળીને તેમ જ (આદિ શબ્દથી વિશેષ શ્રુતપ્રાપ્તિની ઈચ્છા, સ્વજન-ઉપદેશ, બળાત્કાર વગેરે કારણથી) ગોવિંદ વાચક વગેરે કેટલાકની પ્રવ્રજ્યામાં પ્રવૃત્તિમાત્ર થયેલી જોવા મળી છે. અર્થાત્ તાત્ત્વિક ઉપયોગશૂન્ય માત્ર પ્રવૃત્તિને જ શાસ્ત્રકારોએ જોઈ છે. ॥૬૦॥

**શંકા :** ભાવ વિનાની માત્ર પ્રવૃત્તિરૂપ તે પ્રવ્રજ્યાપાલન ભાવપ્રવ્રજ્યા પ્રાપ્તિકાલનો હેતુ શી રીતે બન્યું ?

---

૧. निदानश्रवणादेरपि केषांचित्प्रवृत्तिमात्रदर्शनादिति ॥६०॥ (४२७)

२. एष निदानशब्दः कारणमात्रपर्यायः, यथा किमत्र रोगे निदानमित्यादौ प्रयोगे, ततो निदानस्य भोगादिफलत्वेन दानादेः श्रवणाद् देशनायां, यथा 'भोगा दानेन भवन्ति देहिनां सुरगतिश्च शीलेन । भावनया च विमुक्तिस्तपसा सर्वाणि सिध्यन्ति ॥२०५॥' आदिशब्दात्तथाविध-श्रुतादिलिप्सास्वजनोपरोधेन बलात्कारादेः कारणाद् केषाञ्चित् गोविन्दवाचकसुन्दरीनन्दार्य-सुहस्तिदीक्षितद्रमक-भवदेव-करोटक-गणिप्रभृतीनां प्रवृत्तिमात्रस्य प्रवृत्तेरेव केवलायाः तात्त्विकोपयोगशून्यायाः प्रथमं प्रव्रज्यायां दर्शनात् = शास्त्रकारैरवलोकनात् ॥६०॥ ननु कथं तत्प्रवृत्तिमात्रं सद्भावप्रव्रज्याप्रतिपत्तिकालहेतुरित्याशङ्क्याह – **तस्यापि तथापारम्पर्यसाधनत्वमिति** ॥६१॥ (४२८)

'तस्यापि' प्रवृत्तिमात्रस्य, किं पुनरन्यस्य भववैराग्यादेरित्यपिशब्दार्थः तथापारम्पर्येण = तत्प्रकारपरम्परया साधनत्वं साधनभावः, श्रूयते हि केचन पूर्वं तथाविधभोगाभिलाषादिना-ऽऽलम्बनेन द्रव्यप्रव्रज्यां प्रतिपद्य पश्चात्तदभ्यासेनैव व्यावृत्ता अतितीव्रचारित्रमोहोदयात् भावप्रव्रज्याप्रतिपत्तिकालाराधकाः संजाताः, यथा अमी एव गोविन्दादय इति ॥६१॥

**સમાધાન :** (ભવવૈરાગ્યાદિ હોય તે તો ખરાં જ, પણ) તેવી પ્રવૃત્તિ-માત્ર પણ તેવા પ્રકારની પરંપરાથી ભાવ પ્રવ્રજ્યા પ્રાપ્તિકાળનું કારણ બને છે. સંભળાય છે કે કેટલાક જીવો પહેલાં તેવા પ્રકારની ભોગની અભિલાષા વગેરેના કારણે દ્રવ્ય પ્રવ્રજ્યાને સ્વીકારીને પછી તેના અભ્યાસથી જ, અતિ તીવ્ર ચારિત્ર મોહોદયથી પાછા ફરી, ભાવ પ્રવ્રજ્યા પ્રાપ્તિકાલના આરાધક, બન્યા હતા. જેમ કે આ જ શ્રી ગોવિંદાચાર્ય વગેરે. ॥૯૧॥

એ વાત અલગ છે કે જ્યારે નિરતિચાર શુદ્ધ ઊંચી કોટિના નિરપેક્ષ સંયમની જ વાત ચાલતી હોય, ત્યારે ભોગની અભિલાષાવાળા સંયમાદિ પાલનનો નિષેધ પણ કર્યો હોય. પણ એટલા માત્રથી તે સર્વથા મહત્ત્વશૂન્ય છે કે ભૂંડું છે, એમ તો કહેવાય જ નહિ.

બાકી, 'મોક્ષભિન્ન અન્ય આશયથી ધર્મ કરવો મહાભૂંડો છે. એ ધર્મથી સંસાર વધી જશે' આવું કહેનારાઓને માટે આ બે બાબતો પણ ઘણી સૂચક છે કે (૧) સંભૂતિ મુનિએ નિયાણું કર્યા બાદ, ચિત્રમુનિએ ઘણું સમજાવવાં છતાં એ ન સમજ્યા તોપણ એવું કહ્યું નથી કે 'જો તું આવી સ્ત્રીરત્નની ઇચ્છા છોડી શકતો ન હોય તો બહેતર છે કે તારો આ અનશન ધર્મ છોડી દે.'

કહેવાનો આશય એ છે કે સ્ત્રીરત્ન મેળવવાની ઇચ્છાથી કરાતો ધર્મ, કદાચ ધર્મ ન કરવો એના કરતાં પણ વધુ ભૂંડો હોય અને તેથી નિષેધ કરવા યોગ્ય હોય તો પણ શાસ્ત્રકારોને કોઈ પણ જીવને ધર્મ કરતો અટકાવવો એ પ્રાયઃ સંમત નથી...

(૨) બ્રહ્મદત્તને ૭મી નરકમાં જે જવું પડ્યું તે ચિત્રમુનિના ભવમાં કરેલા અનશનધર્મના કારણે નહીં, કિન્તુ નિયાણું કર્યું, એના પ્રભાવે ચક્રવર્તી-પણામાં દુર્બુદ્ધિઓ સૂઝી અને પાપ કર્યા એના કારણે. 'ધર્મથી સુખ મળે છે ને પાપથી દુઃખ' આ સનાતન સત્યને ક્યારેય વીસરવું ન જોઈએ.

વળી, :.xxઆ રીતે નિયાણાપૂર્વક અનશન કરી દેવલોકમાં જઈ, પુણ્ય પૂરું થતાં અનેક ભવોમાં ભટકીને સંભૂતિ મુનિનો આત્મા બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો.xxx આવું પણ તમે કયા શાસ્ત્રને આધારે ૧૬૩ મા પૃષ્ઠ પર લખ્યું છે તે વિચારણીય છે. કેમ કે **શ્રી ત્રિષષ્ટિગ્રન્થ, ઉત્તરાધ્યયનની પૂ. ભાવવિજય મહારાજની વૃત્તિ** વગેરેમાં દેવલોકમાંથી સીધો ચક્રવર્તી થયો એવી જ વાત

છે. તે આ રીતે – [1] 'ચિત્રનો જીવ પહેલાં દેવલોકમાંથી ચ્યવીને પુરિમતાલ નગરમાં શ્રેષ્ઠીપુત્ર થયો. સંભૂતિ મુનિનો જીવ પણ દેવલોકમાંથી ચ્યવીને કાંપિલ્ય નગરમાં બ્રહ્મરાજાની ચુલનીદેવી રાણીની કુક્ષિમાં અવતર્યો.' અનેક ભવોમાં ભટકવાની વાત કોઈ ગ્રન્થમાં જોવામાં આવતી નથી.

વળી, આ બાબતમાં સકલાગમ રહસ્યવેદી સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રી દાનસૂરીશ્વરજી મહારાજા**એ કરેલો નીચેનો પ્રશ્નોત્તર પણ સારો પ્રકાશ પાથરે એમ છે.

**પ્રશ્ન :** જેને મોક્ષની શ્રદ્ધા જ નથી, એવાં અભવ્ય પ્રાણીઓ પારમેશ્વરી દીક્ષા શાં હેતુથી ગ્રહણ કરતાં હશે ?

**ઉત્તર :** અંતરગત શ્રદ્ધા નહિ હોવા છતાં દ્રવ્યાદિક અનેક દેખીતા અદ્દષ્ટ કિંવા દૃષ્ટ હેતુઓથી પણ શુભ અનુષ્ઠાનને સેવનારા જગતના ચોકમાં દૃષ્ટિગોચર થાય છે. એ જ સનાતન નિયમ પ્રમાણે અભવ્ય આત્માઓ પણ શ્રદ્ધા નહિ હોવા છતાં તપશ્ચર્યા કરવાથી જગતમાં સ્વશ્લાઘા - માનપૂજા વગેરે થાય છે... તેને અર્થે તથા કેટલાક તો મોક્ષની નહિ, પરંતુ પરલોકાદિની શ્રદ્ધાવાળા દેવાદિકના સુખની પ્રાપ્તિને અર્થે પણ ચારિત્ર ગ્રહણ કરે છે. આ સંબંધમાં શ્રી બૃહત્ કલ્પભાષ્યની પીઠિકામાં લખે છે કે -

**दट्ठूण जिणवराणं पूयं अन्नेण वावि कज्जेण ।**
**सुयलंभो उ अभव्वे हविज्ज थंभेण उवनीए ॥**

**સારાંશ :** ગ્રંથિદેશ પ્રાપ્ત થયેલ અભવ્ય જીવ શ્રીજિનેશ્વર પરમાત્માની દેવેન્દ્ર તથા નરેન્દ્રાદિકો વડે થતી પૂજા દેખીને, 'અહો ! તપશ્ચર્યાથી જગતમાં કેવી પૂજા થાય છે !' એવો વિચાર ઉત્પન્ન થવાથી પૂજાને અર્થે અથવા કેટલાક પુણ્ય તેમ જ પાપકર્મો અને તેનાં ફળો પરલોકમાં પ્રાપ્ત થાય છે....' ઈત્યાદિ શ્રદ્ધાવાળી તપશ્ચર્યાથી દેવલોકાદિ સુખની પ્રાપ્તિને અર્થે પણ જિનદીક્ષા અંગીકાર કરે છે... આ દીક્ષાના પ્રતાપથી તે સામાયિક ચતુર્વિંશતિ-સ્તવાદિ દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ કરે છે. તેમ જ દ્રવ્ય પણ શુદ્ધ ચારિત્રક્રિયાના પ્રભાવે તે ગ્રૈવેયકપણાના સુખને પણ પામે છે.

---

૧. च्युत्वा जीवोऽथ चित्रस्य प्रथमस्वर्गलोकतः । पुरे पुरिमतालाख्ये महेभ्यतनयोऽभवत् ॥
च्युत्वा संभूतिजीवोऽपि कांपिल्ये ब्रह्मभूपतेः । भार्यायाश्चुलनीदेव्याः कुक्षौ समवतीर्णवान् ॥
(त्रिषष्टि० ९/१/१०३-१०४)

આજે જે એમ કહેવાય છે કે 'જો શ્રદ્ધા વગેરે શુભભાવ ન હોય તો જિન-પૂજન, ગુરુવંદન, વ્યાખ્યાન-શ્રવણ વગેરે શુભ ક્રિયાઓ શું કામ કરે ?' તે તદ્દન ગેરવાજબી છે....તે આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે. ચારિત્ર સુધીની ક્રિયાઓ પણ જ્યારે અન્ય ઈચ્છાઓથી ઉપર મુજબ કરનાર કરી શકે છે, તો પછી સાધારણ ક્રિયાઓ માટે તો પૂછવું જ શું ? **એ એક વાત...**

**બીજું,** જેઓ ક્રિયાઓને દંભ તરીકે ગણી 'બધા જ દેખાવ ખાતર ક્રિયાઓ કરે છે.' એમ માને છે, તેઓનું માનવું પણ ગેરવાજબી છે; કારણ કે સઘળા એ પ્રમાણે કરનારા નથી હોતા. પરંતુ અભવિ અને અભવિતુલ્ય બીજા જેઓ ભવાકાંક્ષી તથા ચારિત્રાદિકને પામીને પણ સિદ્ધાંતમાર્ગને આઘો મૂકી મનસ્વીપણે લૌકિક ઓઘમાર્ગનું સેવન કરનારા હોય છે, તેઓ એ પ્રમાણે શ્રદ્ધા વગેરે નહિ હોવા છતાં દેખાવ વગેરે ખાતર ક્રિયાઓ કરનારા હોય છે.

**ત્રીજું,** ભાવ વિના ક્રિયા કરવી નકામી છે. મેરુ સમ ઓઘા મુહપત્તિ થયાં, મન મુંડાવ્યા વિણ માથું મુંડાવ્યું શું કામનું ? વગેરે બોલી જેઓ શુભ ક્રિયાઓને તથા સંયમના વિશિષ્ટ લિંગ અને આચારોને વખોડે છે, તેઓ પણ ભયંકર ભૂલ કરે છે; કારણ કે દ્રવ્યક્રિયાઓ પણ ભાવનું કારણ છે. ઘણા તે રીતે પામેલા પણ છે તથા દ્રવ્યચારિત્ર તો અભવિ જેવાને પણ નવમા ગ્રૈવેયક સુધી લઈ જાય છે. શુભ ભાવ લાવવા માટે યત્ન કરવો જોઈએ, પરંતુ **તે વિના આ ક્રિયાઓને વખોડવામાં તો તેના ઉપરોક્ત અચિંત્ય મહિમા પ્રત્યે કેવલ અખાડા જ કરવામાં આવે છે કે જે વિદ્વાનો માટે લેશ પણ પસંદ કરવા યોગ્ય ગણી શકાશે નહીં.**

આ સિવાય **ચોથી વસ્તુ** એમાંથી સમજવાની છે, તે એ કે અભવી સંયમ લઈને જે એટલું પણ દ્રવ્યશ્રુત પામે છે, તથા પોતાના આત્માને ગ્રૈવેયક સુધી ઊંચો લઈ જાય છે તે પણ સુવિહિત મુનિલિંગનો આદર કરવાથી, સુવિહિત ક્રિયાઓને નિરતિચારપણે અનુસરવાથી યાને ચોખ્ખું સંયમ પાળવાથી અને શાસ્ત્રોક્ત શુદ્ધ દેશના દેવાથી જ, (પણ) નહિ કે કુલિંગ ગ્રહણ કરવાથી, મનસ્વી ક્રિયાઓ કરવાથી અથવા ક્રિયાઓને ઊંચી મૂકવાથી કે કંચન તથા કામિનીના સંસર્ગથી, ચારિત્રને મલિન કરવાથી, કદાગ્રહ અને કુશીલને આધીન થવાથી, તેમ જ શાસ્ત્રથી વિપરીત અને અર્થ-કામાદિની દેશનાઓ આપવાથી. જૈન નામ ધરાવનાર સૌ કોઈ આજે પોતાના આત્મહિતાર્થે આટલું સમજી લે, એ ખાસ જરૂરી છે.' **(વિવિધ પ્રશ્નોત્તર, ભાગ-૨, પૃ. ૧૩૮)**

વળી, **'ઉપદેશ-તરંગિણીકારની દૃષ્ટિમાં'** એવા શીર્ષક હેઠળ તમે જે લાંબું લાંબું કહ્યું છે તે પણ, મહાત્મન્ ! ભારે ખેદ સાથે કહેવું પડે છે કે કેટલું બધું અસંગત છે !

××× હવે અહીં વિચારવાનું એ છે કે સિંહગુફાવાસી મુનિ, સ્થૂલભદ્રજી પરત્વેના માત્સર્યના યોગે કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવા ગયા, ત્યાં એમની કેવી દશા થઈ ? તથા બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વના ચંડાલના ભવમાં નિયાણું કર્યું જેના પરિણામે ચક્રવર્તી થયા; પણ ધર્મની પ્રાપ્તિ દુર્લભ બની અને પરિણામે નરકમાં જવું પડ્યું. ××× પૃ. ૧૬૧

××× શૃંગારની ભાવનાથી કરેલ નિયાણાવાળા ધર્મનું પરિણામ બ્રહ્મદત્ત માટે શું આવ્યું, તે આ ઉપરથી જોઈ શકાય છે. ××× પૃ. ૧૬૪

××× વળી, ટીકાકારશ્રી લખે છે કે 'હઠના વિષયમાં બાહુબલીની જેમ (મહાલાભ થાય).' આટલું લખ્યા પછી તેમણે ઉપદેશમાળાનો શ્લોક ટાંકતાં લખ્યું છે કે 'જો ધર્મ ગર્વ વગેરેથી થતો હોત, તો બાહુબલીજીએ એક વર્ષ અણાહારીપણે શીત, તાપ, વાયુ વગેરે ત્રણે ઋતુનાં કષ્ટ સહન ન કર્યાં હોત. ××× પૃ. ૧૬૪

આવું બધું લખીને તમે એ દેખાડવાનો પ્રયાસ કર્યો છે કે 'લજ્જા વગેરેથી કરાતાં ધર્મનો આવો મહાલાભ ! (અર્થાત્ વાસ્તવમાં જે મહાનુકસાનરૂપ છે તેવો મહાલાભ !) મળે છે.' સિંહગુફાવાસી મુનિ વગેરેને મળેલ ફળ જો તમને મહાલાભ તરીકે જ માન્ય હોત, તો તમારે આ ત્રણ દૃષ્ટાંતોનો આ રીતે ઉલ્લેખ કરવો ન પડત. પણ તમે કર્યો છે એ જણાવી આપે છે કે તમારા અભિપ્રાય પ્રમાણે, તેઓને મળેલ ફળ, એ જેને મહાલાભ કહેવાય અથવા અમાપ ફળરૂપ કહેવાય તેવું નથી, પણ મહાનુકસાનરૂપ છે.

હવે આ અંગે વિચારણા કરીએ. અહીં **'લજ્જાતો ભયતો...'** શ્લોકની વૃત્તિ ચાલી રહી છે. તેમાં લજ્જાથી, ભયથી વગેરેથી કરાયેલા ધર્મ દ્વારા મળતા અમેય ફળની વાત ચાલી રહી છે. એ અમેય ફળની વ્યાખ્યાકારે મહાલાભ તરીકે વ્યાખ્યા કરી છે. તેથી લજ્જાથી કરેલ ધર્મથી જો ઈષ્ટપ્રાપ્તિ રૂપ મહાલાભ મળવાની વાત હોય, તો અન્ય શૃંગાર વગેરેથી કરેલ ધર્મથી પણ ઈષ્ટ પ્રાપ્તિરૂપ મહાલાભ મળવાની વાત જ હોવી જોઈએ. પણ લજ્જાથી

કરેલ ધર્મરૂપ એક અંશમાં નુકસાનરૂપ ન હોય એવો મહાલાભ દેખાડે અને શૃંગાર વગેરેરૂપ બીજા અંશમાં ગ્રન્થકાર મહાનુકસાનરૂપ હોય એવા મહાલાભની વાત કરે, એવો જે ભાવ ફલિત કરવા તમે મથી રહ્યા છો તે ભાવ નીકળવો સંભવિત નથી. કેમ કે લોભથી, ભયથી, શૃંગારથી, માત્સર્યથી જેઓ અસમ ધર્મ કરે છે તેઓને અમેય ફળ (મહાલાભ) મળે છે.' તેવું એક આખું વાક્ય, 'લોભથી ધર્મ કરનારને મહાલાભ મળે છે અને શૃંગારથી ધર્મ કરનારને મહાનુકસાન મળે છે' એવો અર્થ જણાવી શકતું નથી. તે પણ એટલા માટે કે એવો અર્થ કાઢવામાં સમુચ્ચયના તાત્પર્યવાળો તે આખો શ્લોક જ અસંગત બની જાય છે. તે સ્પષ્ટ સમજવા માટે **ધર્મપરીક્ષા ગ્રન્થ**માં **પૂ. ઉપાધ્યાયજી મહારાજે** જે કહ્યું છે તે પહેલાં સમજી લ્યો. તેઓ શ્રીમદે કહ્યું છે કે [1] 'સમુચ્ચયના પ્રતિયોગી પદાર્થોમાં (અર્થાત્ જેઓની ભેગી વાત કરી હોય તે બધામાં) સમાન રીતે પ્રસ્તુત ધર્મવિશિષ્ટ ક્રિયાનો અન્વય થવા દ્વારા જ સમુચ્ચયનો નિર્વાહ થાય છે. (અર્થાત્ તેવો અન્વય થતો હોય તો જ). સમુચ્ચયના તાત્પર્યવાળા તે વાક્યથી સમુચ્ચયનો બોધ થઈ શકે છે. અને તેથી તે વાક્ય સંગત બને છે.' આ જ બાબત અંગે આગળ તેઓશ્રી લખે છે કે [2] ''પ્રસ્તુતમાં પણ ઉપશાન્ત વગેરેમાં (ઉપશાંત મોહ, ક્ષીણ મોહ અને સયોગી કેવળીમાં) સ્થિતિનિમિત્ત-કષાયાભાવવિશિષ્ટ જે પ્રસ્તુત જીવઘાત-નિમિત્તકત્વરૂપ ધર્મ તદ્વિશિષ્ટ સામયિક કર્મબંધ થવાની ક્રિયાનો સમાન રીતે અન્વય થતો હોય, તો જ સમુચ્ચય સંગત થાય, તેથી... ...''

પ્રસ્તુત શ્લોકમાં પણ લજ્જાથી અસમધર્મ કરનાર ભયથી અસમધર્મ કરનાર વગેરે જીવોની મહાલાભ પ્રાપ્તિરૂપ ક્રિયા અંગે ભેગી વાત છે. અર્થાત્ તે બધાનો સમુચ્ચય કર્યો છે. તેથી એ સમુચ્ચયનો તો જ નિર્વાહ થાય (અને તેથી એ વાક્ય તો જ સંગત બને) કે જો લજ્જાથી અસમ ધર્મ કરનાર, ભયથી અસમ ધર્મ કરનાર, શૃંગારથી અસમ ધર્મ કરનાર... વગેરે બધા જીવોમાં સાક્ષાત્ કે પરમ્પરાએ અસમધર્મજન્યત્વ વિશિષ્ટ મહાલાભની પ્રાપ્તિ

૧. समुच्चयप्रतियोगिनां पदार्थानां तुल्यवत्प्रकृतधर्मविशिष्टक्रियान्वयित्वेन समुच्चयनिर्वाहाद् ।

૨. प्रकृतेऽप्युपशान्तादीनां तुल्यवदेव स्थितिनिमित्तकषायाभावविशिष्ट प्रकृतजीवघातनिमित्तक-सामयिकबन्धभवनक्रियान्वयेनैव समुच्चयोपपत्तेरिति ×××

(धर्मपरीक्षा, श्लो. ६८, पृ. २४८/२४९)

ક્રિયાનો સમાન રીતે અન્વય થતો હોય. એટલે કે લજ્જા, ભય, શૃંગાર વગેરેથી અસમ ધર્મ કરનારા જીવોમાં તે ધર્મજન્ય એવા મહાલાભની પ્રાપ્તિ થઈ હોય તો એ વાક્યપ્રયોગ સંગત બને, પણ જો લજ્જા, ભય વગેરેથી કરનારને મહાલાભની પ્રાપ્તિ થઈ હોય અને શૃંગાર વગેરેથી કરનારને મહાનુકસાનની પ્રાપ્તિ થઈ હોય, તો નહિ. માટે ××× પરંતુ આજ સુધી ટીકાના ભાવને કદી સ્પષ્ટ કર્યો નથી. હવે જોઈએ તે પૈકીનાં થોડાં વિધાનો– ××× ઈત્યાદિ કહીને પછી ××× ટીકામાં **'तेषाममेयं फलं'** પદનો અર્થ મહાલાભ કરવામાં આવ્યો છે; પરંતુ મહાલાભ કેવા પ્રકારનો, તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. ××× ઈત્યાદિ કહીને તે પછી સિંહગુફાવાસી મુનિની શી હાલત થઈ વગેરે કહેવા દ્વારા તમે જે એવું દેખાડવાનો પ્રયાસ કર્યો છે કે 'માત્સર્ય, શૃંગાર, હઠથી થતા ધર્મથી મહાનુકસાન થાય છે' તે અયોગ્ય હોવાનું સ્વીકારવું જોઈએ અને શ્લોકકાર કે ટીકાકારે જે ઈષ્ટપ્રાપ્તિરૂપ મહાલાભ થતો હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે તે કઈ રીતે સંગત થાય છે તે શોધવા તમારે પોતે જ એના મનનનો પ્રયત્ન કરવો જોઈએ.

ઉપરોક્ત ગ્રન્થાધિકારમાંથી 'શૃંગાર વગેરેથી કરાતા ધર્મથી મહાનુકસાન થાય છે' એવો અર્થ કાઢવામાં જેમ સમુચ્ચયની અસંગતિની આપત્તિ છે, તેમ બીજી અનેક આપત્તિઓમાંથી એક આ પણ આપત્તિ છે કે 'શૃંગારથી કરાતા ધર્મથી મહાનુકસાન થયું એવી વ્યાખ્યા (એવો અર્થ) વિપરીત વ્યાખ્યા (વિપરીત અર્થ)રૂપ છે.' શ્રીઅધ્યાત્મ મતપરીક્ષા ગ્રન્થમાં શ્રી તત્ત્વાર્થસૂત્રના **'एकादश जिने'** સૂત્રની વિચારણામાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ દર્શાવેલ સંદર્ભ જોઈએ –

**શંકા :**[1] **'एकादश'** શબ્દ પછી **'न सन्ति'** શબ્દનો અધ્યાહાર કરવો જોઈએ.

**સમાધાન :** આવો અધ્યાહાર કરવો યોગ્ય નથી, કેમ કે સ્વામિત્વની પ્રરૂપણાના અવસરે આ રીતે વ્યાખ્યા કરવી એ વિપરીત વ્યાખ્યા છે. કહેવાનો આશય એ છે કે 'વેદનીય કર્મ પ્રયુક્ત અગ્યાર પરિષહો હોતા નથી.' તેથી તેઓને ક્ષુધા-પરિષહ પણ ન હોવાથી કવલાહાર શી રીતે હોય ? આ શંકાનું પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ આપેલું **સમાધાન :** "આવા અધ્યાહાર-

૧. अथैकादशेत्यनन्तरं 'न सन्ति' इत्याध्याहर्तव्यमिति चेत् ? न, स्वामित्वचिन्तावसरे एतस्य विपरीतव्याख्यानत्वात् । (अध्यात्म मतपरीक्षा, श्लोक ७८, प्रत पृ. ४२)

વાળી વ્યાખ્યા કરવી યોગ્ય નથી; કેમ કે આ સૂત્ર જ્યાં આવે છે ત્યાં આગળ-પાછળ ૧૪ વગેરે કેટલા કેટલા, કયા કયા પરિષહો સૂક્ષ્મ સંપરાયાદિ કયા કયા જીવને હોય, એવી પ્રરૂપણા ચાલે છે. એમાં વચમાં આવેલા આ સૂત્રનું 'કેવળીને આ અગ્યાર પરિષહો હોતા નથી.' એવું વ્યાખ્યાન કરવું એ વિપરીત વ્યાખ્યાન છે."

જેમ કોને કેટલા પરિષહો હોય એની વિચારણામાં વચમાં આવેલા પૃથક્ સૂત્રની પણ 'કેવલીને આટલા પરિષહો હોતા નથી.' એવી વ્યાખ્યાને (એટલે કે પરિષહોના વિધાનના અધિકારમાં પરિષહોના નિષેધને જણાવતી વ્યાખ્યાને) પૂ. ઉપાધ્યાયજી મહારાજ અમાન્ય રાખે છે, અપવ્યાખ્યા ગણે છે. તો એક શ્લોકના એક જ અન્વય વાક્યમાં આવેલા 'શૃંગાર' શબ્દની 'શૃંગાર વગેરેથી કરાતા ધર્મથી મહાનુકસાન થાય છે.' એવી વ્યાખ્યા કરવી એ શી રીતે માન્ય બને ? એ શી રીતે સમ્યક્ વ્યાખ્યા હોઈ શકે ? કેમ કે તે વાક્યમાં જ આગળ-પાછળ આવેલા લજ્જા-ભય વગેરે શબ્દોથી અને કીર્તિ, દુઃખ, સમ્યક્ત્વ વગેરે શબ્દોથી 'તે તે લજ્જા વગેરેથી કરાતા ધર્મથી મહાલાભ થાય છે.' એવા અર્થ દ્વારા આગળ-પાછળ 'મહાલાભ'નો અધિકાર હોવો સ્પષ્ટ છે.

વળી, આ રીતે એક અધિકારમાં અન્ય અધિકારવાળો અર્થ હોવાની વ્યાખ્યાને તો લૌકિક શાસ્ત્રકારો પણ અયોગ્ય માને છે. જુઓ, ૪૯મી કારિકાના સિદ્ધાંતમુક્તાવલિ ગ્રન્થમાં કહ્યું છે કે –

**શંકા :** (અસુખ શબ્દનો) જેનામાં સુખ નથી તે, એવો અર્થ કેમ ન કરવો? (અર્થાત્ નઞ્ તત્પુરુષ સમાસને બદલે નઞ્ બહુવ્રીહિ સમાસ શા માટે ન કરવો ?)

**સમાધાન :** એ એટલા માટે નથી કરાતો કે એમાં (૧) [1] ક્લિષ્ટ કલ્પના કરવાની આપત્તિ છે, (૨) પ્રકરણ-વિરોધ છે. અર્થાત્ વિવક્ષિત શ્રુતિવાક્ય-માં અસ્થૂલ, અનણુ, અદીર્ઘ... ઇત્યાદિ નઞ્ તત્પુરુષ સમાસ-ઘટિત શબ્દોની પરંપરા ચાલે છે. તેમાં આ એક **असुखं** પદ બહુવ્રીહિ સમાસ-ઘટિત હોય, તો નઞ્ તત્પુરુષ-ઘટિત પરંપરાના પ્રકરણને વિરોધ થાય, એ સ્પષ્ટ જ છે.

---

૧. न विद्यते सुखं यस्येति कुतो नार्थः ? इति चेत् ? न, क्लिष्टकल्पनापत्तेः प्रकरणविरोधात् ॥
(सिद्धांतमुक्तावलि, कारिका ४९)

માટે 'શૃંગારથી કરેલા ધર્મથી મહાનુકસાન થાય છે' એવો તાત્પર્યાર્થ કાઢવાના અભિપ્રાયને મૂકી ઘો...

**પ્રશ્ન :** શૃંગારથી ધર્મ કરનાર સંભૂતિ મુનિને જે ચક્રવર્તીપણાની ઋદ્ધિ-સિદ્ધિ મળી, તે બાહ્ય દૃષ્ટિએ તો મહાલાભરૂપ છે જ... તેથી વાસ્તવિક રીતે મહાનુકસાનરૂપ એવા પણ આ ફળને બાહ્ય દૃષ્ટિથી ઔપચારિક રીતે 'મહાલાભ' તરીકે ઉલ્લેખ માની અહીં કહ્યો હોય તો શો વાંધો રહે ? અર્થાત્ શૃંગારથી કરેલા ધર્મથી મળે છે તો મહાનુકસાન જ... પણ એનો ઔપચારિક રીતે 'મહાલાભ' તરીકે ઉલ્લેખ થઈ શકતો હોઈ અહીં લજ્જા વગેરેથી થતાં ધર્મનાં ફળોના પ્રતિપાદનમાં ભેગો ઉલ્લેખ છે અને તેથી સમુચ્ચયની અસંગતિ કે પ્રકરણવિરોધ વગેરેરૂપ કોઈ દોષ રહેતો નથી. માટે અહીં, શૃંગારથી કરાતા ધર્મથી ફળરૂપે વાસ્તવમાં મહાનુકસાન જ થાય છે, એવું જણાવવા માટે જ ટીકાકાર ભગવંતે બ્રહ્મદત્તનું દૃષ્ટાંત આપ્યું છે, એવું માનવામાં શો વાંધો છે ?

**ઉત્તર :** આવી કલ્પના પણ યોગ્ય ઠરતી નથી; કેમ કે જ્યાં અનુપચરિત મહાલાભરૂપ ફળની વાત ચાલી રહી હોય, ત્યાં વચમાં ઉપચરિત મહાલાભ રૂપ ફળની વાત હોવાની વ્યાખ્યા અનુચિત ઠરી જાય છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા **અધ્યાત્મ મતપરીક્ષા** ગ્રન્થમાં ફરમાવે છે કે [1] 'આમ, વેદનીય કર્મ રૂપ કારણ હાજર હોઈ અગ્યાર પરિષહોનો કેવલીમાં ઉપચાર કરીને અહીં અગ્યાર પરિષહો હોવા કહ્યા છે એવી આ **'एकादश जिने'** સૂત્રની વ્યાખ્યા કરવી એ પણ 'ડૂબતો માણસ તણખલું ઝાલે' એવા ન્યાય જેવી જાણવી. કેમ કે એક પ્રકરણમાં ઉપચારથી ને અનુપચારથી સ્વામિત્વની વિચારણા હોવી અનુચિત છે. (અર્થાત્ જે અધિકારમાં સૂક્ષ્મ સંપરાય વગેરે જીવોને ૧૪ પરિષહોના ઉપચાર વિના મુખ્ય રીતે સ્વામી તરીકે કહ્યા હોય તે જ અધિકારમાં કેવળીને ૧૧ પરિષહોનો ઉપચાર કરીને સ્વામી હોવા કહેવા એ યોગ્ય નથી.)

આમ, 'શૃંગાર વગેરેથી કરાતા ધર્મથી વાસ્તવમાં તો મહાનુકસાન જ થાય છે, પણ ઉપચારથી મહાલાભ તરીકે વિવક્ષા કરીને અહીં તેનો ઉલ્લેખ છે' એવી વાત ખોટી ઠરે છે.

---

૧. ××× एवं च वेदनीयात्मककारणसत्त्वादेकादश परीषहाः केवलिन्युपचर्यन्ते इति व्याख्यानमपि नद्यां निमज्जतः काशकुशावलम्बनप्रायः द्रष्टव्यम्, उपचारानुपचाराभ्यामेकप्रघट्टेन स्वामित्व-चिन्ताऽनौचित्यात् ॥ (अध्यात्ममतपरीक्षा, श्लोक ७८, प्रत पृ. ४२)

**પ્રશ્ન :** અમે 'આ શૃંગાર વગેરેથી કરાતા ધર્મથી મહાનુકસાન થાય છે, લજ્જા વગેરેથી કરાતા ધર્મથી મહાલાભ થાય છે.' એવું કહેવા નથી માગતા કે જેથી સમુચ્ચયની કે તે શ્લોક-વાક્યની અસંગતિ થાય કે પ્રકરણ-વિરોધાદિ થાય. અમે તો લજ્જા કે શૃંગાર વગેરે દરેકથી કરાતા ધર્મથી મહાનુકસાન થાય, એવું કહેવા માગીએ છીએ. તેથી સમુચ્ચયની કે તે શ્લોક-વાક્યની અસંગતિ રહેતી નથી કે પ્રકરણ-વિરોધ થવો વગેરે દોષ પણ રહેતા નથી. માત્ર ચક્રવર્તીપણું વગેરે બાહ્ય દૃષ્ટિએ મહાલાભરૂપ દેખાતું હોઈ તે બધાનો અહીં મહાલાભ તરીકે ઉલ્લેખ થયો છે. આમ, બધાનો જ ઉપચારથી મહાલાભ તરીકે ઉલ્લેખ હોઈ ઉપચાર-અનુપચારનો પણ દોષ રહેતો નથી.

**ઉત્તર :** આવું કહેવામાં તો એક નહિ, અનેક દોષો ઊભા થાય છે. એક તો એ કે અસમ ધર્મનું ફળ મહાનુકસાનરૂપ શી રીતે હોઈ શકે ? બીજું એ કે પહેલાં એમાં વાસ્તવિક મહાલાભરૂપ ફળની વાત હોવાનું પ્રયત્નસાધ્ય સુદીર્ઘ પ્રતિપાદન કર્યા પછી, હવે મહાનુકસાનરૂપ ફળની વાત હોવાનું પ્રતિપાદન કરવું એ પૂર્વાપર વિરોધરૂપ બની જાય. ત્રીજું એ કે લજ્જામાં ભવદેવ, ભયમાં સોની, મેતારજ મુનિ વગેરે જે દૃષ્ટાંતો આપ્યાં છે તેઓને પણ મહાનુકસાન થયું હોવાનું માનવું પડે, જે અયોગ્ય છે; કેમ કે તેઓને તો વાસ્તવિક મહાલાભ થયો છે. ચોથું એ કે આ લજ્જા વગેરે ભેગાં ભેગાં વૈરાગ્યભાવ – સમ્યક્ત્વ વગેરેથી થતા ધર્મની પણ વાત છે. તો શું એ બધા ધર્મથી મહાનુકસાન થાય છે ? માટે લજ્જા વગેરેથી કરાતા ધર્મને મહાનુકસાનરૂપ ફળ આપનાર કહેવો યોગ્ય નથી.

**પ્રશ્ન :** પણ તો પછી સમુચ્ચયની અસંગતિ, પ્રકરણ-વિરોધરૂપ દોષ ન આવે એ માટે શૃંગારાદિથી કરાયેલા ધર્મનું ફળ પણ કદાચ મહાલાભ જ માની લઈએ; પણ બાહુબલિ, સંભૂતિ મુનિ, સિંહગુફાવાસી મુનિ વગેરેનાં દૃષ્ટાંત સંગત શી રીતે બને ? અને એ સંગત ન બને તો દૃષ્ટાંત-ગ્રન્થની અસંગતિ એ જ મોટા દોષરૂપ ન બને ? માટે આ મોટા દોષનું વારણ કરવા 'શૃંગારાદિથી કરેલા ધર્મથી નુકસાન થાય.' એવો અર્થ કરવો જ શું યોગ્ય નથી ? પછી ભલે ને એમાં સમુચ્ચયની અસંગતિ વગેરે દોષો આવતા હોય.

**ઉત્તર :** ના, એવો અર્થ કરવો યોગ્ય નથી.

**પ્રશ્ન :** પણ તો પછી એમાં દૃષ્ટાંત-ગ્રન્થની અસંગતિનો પ્રશ્ન શું ઊભો નહીં રહે ?

**ઉત્તર :** હા, ઉપલક દૃષ્ટિએ જોતાં એ પ્રશ્ન ઊભો રહેલો દેખાય છે ખરો; પણ એટલા માત્રથી સમુચ્ચયની અસંગતિ-પ્રકરણવિરોધ વગેરે દોષો આવવાથી જે અપવ્યાખ્યારૂપ છે અને તેથી જ 'આવી અપવ્યાખ્યા શાસ્ત્રકારોને અમાન્ય છે.' ઇત્યાદિ ભાવાર્થને જણાવનાર ગ્રન્થોની પણ જે કદર્થનારૂપ છે તેવી વ્યાખ્યા કરવાનો તો અધિકાર મળી જતો નથી જ. વળી, વાસ્તવિકતા તો એ છે કે મહાત્મન્ ! 'જ્યાં ઉપલક દૃષ્ટિએ ગ્રન્થની કોઈ અસંગતિ લાગતી હોય, ગ્રન્થાંતર સાથે વિરોધ દેખાતો હોય, તોપણ સૌ પ્રથમ મનમાં એક નિશ્ચય કરી દેવો જોઈએ કે 'મારે ગ્રન્થની અસંગતિ થાય કે ગ્રન્થાંતરનો વિરોધ થાય એવી વ્યાખ્યા કરવી નથી. અહીં (વિવક્ષિત ગ્રંથમાં) જે લખ્યું છે તે પણ સંગત છે અને ગ્રન્થાંતર પણ સાચો જ છે. એમાંથી એકેય ખોટા નથી.' આટલો નિશ્ચય કરી લીધા પછી વિચારવું જોઈએ કે 'અહીં યથાશ્રુત અર્થ કરવામાં આવે તો અસંગતિ કે ગ્રન્થાંતરવિરોધ હોવો ભાસે છે, પણ એ દોષ સંભવિત તો નથી જ. તો પછી હું જેવો અર્થ કરું છું એના કરતાં અહીં ગ્રન્થકારનો અવશ્ય કોઈ વિશેષ અભિપ્રાય હોવો જોઈએ. કેમ કે ગ્રન્થકાર અસંગતિ થાય કે ગ્રન્થાંતરવિરોધ થાય તેવું તો કહે જ નહિ...' આવું વિચારીને જો અભિપ્રાય શોધવાનો પ્રયાસ કરવામાં આવે તો 'પ્રાચીન ગ્રંથકાર અન્યથા લખે નહિ' એવા ગ્રન્થકાર પરના બહુમાન વગેરેના પ્રભાવે આપણો લગભગ એવો ક્ષયોપશમ ખીલી જ જાય છે, જેના કારણે એનો અભિપ્રાય જાણી શકાય છે. પણ તેમ છતાં જો ક્યાંક અભિપ્રાય વધુ રહસ્યમય હોવાથી કે આપણો એવો ક્ષયોપશમ ખીલતી ન હોય અને તેથી એ અભિપ્રાય જાણી શકાતો ન હોય તોપણ 'અહીં ગ્રન્થકારનો કોઈ વિશેષ અભિપ્રાય હશે !...' ઇત્યાદિ કહી શકાય. પણ જેનાથી ગ્રન્થની અસંગતિ થાય કે ગ્રન્થાંતરનો વિરોધ થાય તેવી, આપણને મનફાવતા અર્થરૂપ વ્યાખ્યા તો ન જ કરી શકાય. જુઓને, **પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા** જેવા સમર્થ જ્ઞાનીએ પણ **ધર્મપરીક્ષા ગ્રન્થ**માં અનેક સ્થળે આ વાતનું જ આપણને માર્ગદર્શન આપ્યું છે.'તેમાં અભવ્ય જીવોમાં પણ વ્યાવહારિકત્વ અબાધિત રહે એ માટે નિગોદરૂપે, તિર્યંચરૂપે અને નપુંસક વગેરે રૂપે જીવની કાયસ્થિતિનું પ્રતિપાદન કરનારાં [1]સૂત્રો અમુક ચોક્કસ

---

१. तत्राऽभव्यस्य व्यावहारिकत्वानुरोधेन निगोदत्वेन तिर्यक्त्वनपुंसकत्वादिना च कायस्थिति-प्रतिपादकानां सूत्राणां व्यावहारिकविशेषविषयत्वं वा कल्पनीयं अन्यो वा कश्चित् सूत्राभिप्राय इत्यत्र बहुश्रुता एव प्रमाणम् । (धर्मपरीक्षा, गाथा-१०, प्रत पृ. ५३)

પ્રકારના વ્યાવહારિક જીવો અંગે છે, એવું કલ્પવું જોઈએ અથવા તો ત્યાં બીજો કોઈ સૂત્રાભિપ્રાય હોવો જોઈએ. આ બાબતમાં તો બહુશ્રુતો જ પ્રમાણ છે.'

[1]અહીં (**તત્ત્વાર્થસૂત્ર વૃત્તિ, ૨/૭૭**) ઇન્દ્રિયનું સંસ્થાન અને પરિમાણ એ બે વાત પ્રસ્તુત છે, પણ સંમતિ પ્રદર્શન તો માત્ર પૂર્વાર્થ (સંસ્થાન) અંગે જ છે. એ જ રીતે ઉપદેશમાળાની શ્રીસિદ્ધર્ષિ ગણિકૃત ટીકાની કોઈ હસ્ત-લિખિત પ્રતમાં જમાલિના અનંત ભવ જે દેખાડ્યા છે, તે ચતુરંગ સંસાર-કાંતારના દૃષ્ટાંતત્વના પ્રદર્શન સદૃશ જાણવું અને એમાં પ્રજ્ઞાપના સૂત્રની સૂત્રસંમતિ જે આપી છે તે તો માત્ર 'એ દેવ કિલ્બિષિક થયો' એટલો અંશ જણાવવા માટે જ જાણવી (અર્થાત્ 'કિલ્બિષિક દેવપણું અને અનંતભવ ઉપાર્જ્યા' આવા મતલબના પાઠ પછી પ્રજ્ઞાપના સૂત્રની **'जई णं भंते ! जमाली अणगारे'** ઇત્યાદિ જે સાક્ષી આપી છે તે કિલ્બિષદેવપણું અને અનંતભવ એ બેમાંથી પ્રથમ કિલ્બિષદેવપણા અંગે જ જાણવી; અનંત સંસારરૂપ બીજી વાત અંગે નહિ.) અને તેથી એ સૂત્રમાં રહેલ **'चत्तारि पंच'** શબ્દોથી અનંત સંસારનો અર્થ કાઢી શકાતો નથી. આવો અર્થ યોગ્ય લાગે છે અથવા તો ત્યાં બીજો જ કોઈ સુંદર અભિપ્રાય હોવો જોઈએ. તેથી જે પ્રમાણે બહુશ્રુતો પ્રતિપાદન કરતા હોય તેને પ્રમાણ કરવું; પણ કુવિકલ્પોની પરંપરાથી ગ્રંથ-કદર્થના ન કરવી.'

માટે પ્રસ્તુતમાં પણ, આપણે દૃષ્ટાંતગ્રંથની સંગતિ એવી રીતે તો ન જ કરાય કે જેથી અન્ય દોષો ઊભા થાય. માટે વૃત્તિકારે આ બાહુબલિ વગેરેનાં જે દૃષ્ટાંતો આપ્યાં છે, તે અંગે તેઓશ્રીનો કોઈ વિશેષ અભિપ્રાય હોવો શોધી કાઢવો જોઈએ. મને એ અંગે વિચારતાં આવું લાગે છે કે પ્રસ્તુત શ્લોકની એક એક લજ્જા વગેરે બાબતો અંગે વૃત્તિકારે જે દૃષ્ટાંત આપ્યાં છે, તેમાં આપણે બે વસ્તુ જોઈએ છીએ. એક તો તેણે લજ્જા વગેરેથી ધર્મ કર્યો છે તે, અને બીજું તેનાથી તેને શો લાભ થયો એ... એમાં હઠથી ધર્મ કરનાર તરીકે બાહુબલિજીનું દૃષ્ટાંત આપ્યું છે અને સાક્ષી-શ્લોક તરીકે વૃત્તિકારે ઉપદેશમાળાનો શ્લોક

---

૧. अत्र हीन्द्रियसंस्थानं तत्परिमाणं चेति द्वयमुपक्रान्तं, संमतिप्रदर्शनं तु पूर्वार्थ एवेत्येवं सिद्धर्षीयवृत्त्यादर्शविशेषेऽपि जमालेरनन्तभवस्वामित्वप्रदर्शनं चतुरन्तसंसारकान्तारदृष्टान्तत्वप्रदर्शनसदृशम्, सूत्रसंमतिस्तु देवकिल्बिषिकत्वांश एव इत्ययमर्थो न्याय्योऽन्यो वा तत्र कश्चित्सुन्दरोऽभिप्राय इति यथा बहुश्रुताः प्रतिपादयन्ति तथा प्रमाणीकर्तव्यं, न तु कुविकल्पचक्रेण ग्रन्थकदर्थना कर्तव्या । (धर्मपरीक्षा, श्लो. ४०, प्रत पृ. १६३)

ટાંક્યો છે. એના પરથી તમે એવી કલ્પના કરી કે આ સાક્ષીશ્લોકમાં તો બાહુબલિજીએ એક વર્ષ સુધી ત્રણેય ઋતુનાં કષ્ટ સહન કરવાં પડ્યાં એવું જણાવ્યું છે, જે નુકસાનરૂપ છે... માટે વૃત્તિકારનો અભિપ્રાય, આ દૃષ્ટાંત આપ્યું છે તેના પરથી એવો હોવો જણાય છે કે તેઓશ્રીએ 'હઠથી કરેલા ધર્મથી નુકસાન થાય' એવું જણાવવું છે. 'બાહુબલિજીને હઠથી ધર્મ કરવા બદલ મહાલાભ થયો, એવું તો આ સાક્ષીશ્લોક પરથી નીકળતું જ નથી' આ તમારી કલ્પના છે. હવે તમારી આ કલ્પનામાં ક્યાં ભૂલ થાય છે તે જોઈએ.

બાહુબલિજીનું દૃષ્ટાંત હઠથી કરાયેલા ધર્મ અંગે છે.

'મારી ઉપાડેલી આ મુઠ્ઠીને ખાલી તો ન જ જવા દઉં, આવી હઠના કારણે તેઓ ચારિત્રધર્મ પ્રામ્યા. આમ હઠથી ચારિત્રધર્મ પામ્યા તો એના ફળરૂપે કેવલજ્ઞાન અને મોક્ષરૂપ મહાફળ પણ તેઓ પામ્યા જ છે. માટે હઠથી કરેલા ધર્મથી નુકસાન થયું એવી વાત તો ઊભી રહેતી જ નથી.

હવે તેઓએ એક વર્ષ સુધી જે કષ્ટ સહન કર્યા કરવું પડ્યું અને કેવલ જ્ઞાન અટકી રહ્યું, તે ધર્મના કારણે તો નહિ, હઠના કારણે પણ નહિ; કિંતુ મદ = અભિમાનના કારણે... અને અભિમાનથી ધર્મ કરવાના અધિકારમાં તો આગળ દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાંત આપેલ છે. માટે અહંકારથી થયેલ નુકસાન દેખાડવાનો તો અહીં કોઈ અભિપ્રાય છે જ નહિ. તેથી નક્કી થાય છે કે 'મહાનુકસાન થયું' એવું દેખાડવા માટે આ સાક્ષીશ્લોક ટાંકવામાં આવ્યો નથી. માટે હઠથી કરાયેલા ધર્મથી બાહુબલિજીને મહાલાભ થયો એ વાત નિઃશંકપણે કહી શકાય છે અને તેથી જ એમાં દૃષ્ટાંતની કોઈ અસંગતિ રહેતી નથી.

**પ્રશ્ન** : પણ, બાહુબલિજીને લાભ થયો એવું દેખાડવાનો જ જો વૃત્તિકારનો આશય હોય, તો તેઓએ 'આવાં કષ્ટો સહન કરવાં પડ્યાં' એવું જણાવનારો શ્લોક સાક્ષી તરીકે જે ટાંક્યો છે તે અસંગત નહિ બને ?

**ઉત્તર** : ના, એ અસંગત નહિ બને... કેમ કે જ્યાં બે વાતો પ્રસ્તુત હોય, ત્યાં સાક્ષી તરીકે અપાયેલ આ પાઠ માત્ર પ્રથમ વાત અંગે જ હોય, બીજી વાત અંગે ન હોય એવું પણ શાસ્ત્રકારોને માન્ય છે. જુઓ, **પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા ધર્મપરીક્ષા ગ્રંથમાં** ફરમાવી રહ્યા છે કે [1]બે વાતોના પ્રતિપાદનના

૧. संमतिप्रदर्शनं त्वर्थद्वयाभिधानप्रक्रमेऽप्येकार्थापुरस्कारेणापि सम्भवति ।

અધિકારમાં પણ સંમતિ-પ્રદર્શન તો એક વાતને આગળ કર્યા વગર પણ હોવું સંભવે છે. અર્થાત્ બેમાંથી એક વાતને અંગે સંમતિ દેખાડી હોય, અન્ય અંગે નહિ... એવું પણ સંભવે છે ! આવું બે વાતના અધિકારમાંથી એક વાતનું જ સંમતિ-પ્રદર્શન **તત્ત્વાર્થસૂત્રની વૃત્તિમાં** (૨/૧૭૭) છે. [૨]xxx શરીર ઇન્દ્રિય (સ્પર્શનેન્દ્રિય) અનેક આકારવાળી હોય છે, કેમ કે અસંખ્ય ભેદવાળી હોય છે. તેમાં સૌ પ્રથમ સ્પર્શનેન્દ્રિય અને દ્રવ્યમન સ્વકાય જેટલા પરિમાણવાળી હોય છે. બાકીની બધી ઇન્દ્રિયો સર્વ જીવોને અંગુલમાં અસંખ્યમા ભાગ પ્રમાણ હોય છે... **આગમ(પન્નવણા)**માં કહ્યું છે કે 'હે ભગવન્ ! સ્પર્શનેન્દ્રિયને કેવા સંસ્થાનવાળી હોવી કહી છે ? ગૌતમ ! અનેક સંસ્થાનવાળી કહી છે... શ્રોત્રેન્દ્રિય ભદન્ત ! કેવા સંસ્થાનવાળી હોવી કહેવાઈ છે ? ગૌતમ ! કદમ્બપુષ્પ સંસ્થાન-વાળી હોવી કહી છે...

અહીં ઇન્દ્રિયનું સંસ્થાન અને પરિમાણ એ બન્ને પ્રસ્તુત છે. તેમાંથી સંગતિ (પન્નવણા સૂત્રની) માત્ર પ્રથમ વાતરૂપ સંસ્થાન અંગે જ દેખાડી છે, પરિમાણ અંગે નહિ. આને અનુસરીને **પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ** પણ '**શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજ રચિત ઉપદેશમાલા**ની વૃત્તિની જે હસ્તલિખિત પ્રતમાં જમાલિને દેવકિલ્બિષપણું અને અનંત સંસાર-ઉપાર્જનની વાત લખી, પન્નવણાની સંગતિ દેખાડી છે તે માત્ર દેવકિલ્બિષપણા અંગે જ છે, અનંત સંસાર અંગે નહિ' એવું કહ્યું છે (એ આપણે આગળ જોઈ ગયા).

માટે પ્રસ્તુતમાં પણ બાહુબલિજીએ હઠથી ધર્મ કર્યો અને મહાલાભ પામ્યા એ જણાવવાના અધિકારમાં મહાલાભરૂપ બીજી વાતને આગળ કર્યા વગર, માત્ર પ્રથમ અર્થ 'ધર્મ કર્યો' અંગે જ **ઉપદેશમાળા સૂત્ર**ની સંગતિ દેખાડી હોવી સંભવે છે અને બાહુબલિજીએ એક વર્ષ સુધી ઉપસર્ગ સહનાદિ યુક્ત ચારિત્રધર્મનું પાલન કર્યું, એ વાત એ શ્લોકમાંથી પણ જાણવા મળે જ છે. સાક્ષી તરીકે આપેલા કેટલાક શ્લોકોની આવી કોઈ સંગતિ કરવી આવશ્યક

---

२. xxx नानाकारं कायेन्द्रियम्, असंख्येयभेदत्वात्... तत्राद्यं स्वकायपरिमाणं द्रव्यमनश्च, शेषाण्यङ्गुलासंख्येयभागप्रमाणानि सर्वजीवानाम् । तथा चागमः (प्रज्ञापना) फासिंदिए णं भंते ? किं संठिए पण्णत्ते ? गोयमा ! णाणासंठाणसंठिए... सोइंदियाणं भंते ? किं संठिए पण्णत्ते ? गोयमा ! कलंबुआपुप्फसंठिए पण्णत्ते । xxx

(धर्मपरीक्षा, श्लो. ४०, प्रत पृ: १६२)

પણ છે જ... નહિતર તો વિતર્કમાં નન્દિષેણ મહાત્માનું દૃષ્ટાંત આપતાં લખ્યું કે "વેશ્યા વડે કહેવાયેલા 'આજે દશમા તમે' એવા વચન વડે પ્રતિબોધ પામેલા નન્દિષેણની જેમ વિતર્કથી કરેલા ધર્મનો અધિકાર જાણવો." એ પ્રમાણે ટીકાકારે કહીને પછી તેઓશ્રીએ સાક્ષીશ્લોક તરીકે ઉપદેશમાળાનો શ્લોક ટાંક્યો છે. તેમાં જણાવ્યું છે કે "રોજરોજ દસ-દસ કે તેથી વધુ જીવોને ધર્મમાં બોધ પમાડે છે. આવી નન્દિષેણ મુનિની શક્તિ હતી, તો પણ સંયમથી તેઓનું પતન થયું."

અહીં વિચારીએ તો જણાય છે કે રોજ રોજ દશ-દશને પ્રતિબોધ કરનાર અને વેશ્યાના વિતર્ક વચનથી પુનઃસંયમધર્મ ગ્રહણ કરનાર નન્દિષેણને પછી તો મહાલાભ જ થયો છે, મહાનુકસાન નહિ. જ્યારે આ શ્લોકમાં તો સંયમથી ભ્રષ્ટ થવારૂપ મહાનુક્સાન દેખાડ્યું છે, તો આ સાક્ષીશ્લોકથી શું એવો ફલિતાર્થ કાઢી દેવાય કે નન્દિષેણ મહાત્માને દશ-દશને પ્રતિબોધ કરવાથી કે વિતર્કથી ધર્મ કરવાથી મહાનુકસાન થયું ?

વળી, મહાત્મન્ ! બાહુબલિજી અંગેના ઉપદેશમાળાના ઉક્ત શ્લોક અંગે બીજી અગત્યની તો એ પણ એક વાત છે કે એ શ્લોક હઠથી કરાતા ધર્મથી થયેલ નુકસાનને જણાવવાના તાત્પર્યવાળો તો નથી જ... પણ ગર્વથી કરેલ ધર્મથી થતા નુકસાનને જણાવવાના તાત્પર્યવાળો પણ નથી જ. આ શ્લોકનું તાત્પર્ય તો એ છે કે 'જેઓ હું શ્રીમંત છું, હું વિદ્વાન છું' - ઇત્યાદિ ગર્વપૂર્વક ધર્મ કરી રહ્યા છે; તેઓને શ્રીધર્મદાસ ગણિમહારાજે ચીમકી આપવી છે... કે 'ભાઈ ! ઊંચી કોટિનો ધર્મ આવો ગર્વ રાખવાથી નથી થઈ જતો. જો એ ગર્વથી થતો હોત તો બાહુબલિએ એક વર્ષ સુધી ત્રણેય કષ્ટો સહન કર્યાં ન હોત ! કેમકે ગર્વ તો એમની પાસે હતો જ.' તાત્પર્ય, 'ધર્મ એ ગર્વસાધ્ય નથી, કિન્તુ કષ્ટસાધ્ય છે.' એવું દેખાડવાના અભિપ્રાયથી આ શ્લોક રચાયેલો છે...

**પ્રશ્ન :** તમે હઠથી ગર્વને જે જુદો દેખાડ્યો, તેના પરથી તો એ પણ ફલિત થઈ જાય છે કે હઠથી તો બાહુબલિજીએ માત્ર ધર્મની શરૂઆત કરી હતી. પછી 'હઠ રાખીને કર્યો હતો' એવું નહિ. પછી તો ગર્વને સાથે રાખીને કર્યો હતો... માટે અમે જે કહીએ છીએ કે 'આ લજ્જા વગેરે ધર્મના આરંભનાં જ નિમિત્ત કારણો છે' તેને અયોગ્ય કેમ ઠેરવો છો ?

**ઉત્તર :** જુઓ, અહીં વાત એવી છે કે જે દૃષ્ટાંતો અપાયાં છે તેમાંથી-

(૧) કેટલાંકમાં ભય-હઠ વગેરે માત્ર પ્રારંભકાળે જ હતાં.

(૨) કેટલાંકમાં લજ્જા-વૈરાગ્ય વગેરે ધર્માચરણની સાથે પણ રહ્યાં હતાં.

(૩) કેટલાંકમાં ધર્મપ્રાપ્તિ પૂર્વે (ધર્મપ્રાપ્તિના કારણ તરીકે) ન હતાં, પણ ધર્મપ્રાપ્તિ કર્યા પછી ક્ષમા વગેરે હતાં...

હવે, જો પ્રસ્તુત શ્લોકમાં 'લજ્જા વગેરેથી ધર્મ શરૂ કરે છે' એવો સામાન્ય અર્થ કરીએ, તો (૨) અને (૩)માં અસંગતિ ઊભી જ રહે. પણ જો 'લજ્જા વગરેથી ધર્મ કરે છે' એવો સામાન્ય અર્થ કરીએ, તો (૧)માં પણ અસંગતિ રહેતી નથી; કેમ કે એ અર્થ પરથી અહીં માત્ર પ્રારંભકાલીન ધર્મ લઈ શકાય છે.

આમ, બાહુબલિજીના દૃષ્ટાંતની 'લજ્જા-હઠ વગેરેથી કરાતા ધર્મથી મહાલાભ (મહાનુકસાન નહિ) થાય છે' એવા અર્થમાં પણ સંગતિ થાય છે જ... આ જ રીતે શૃંગાર અને માત્સર્ય અંગે આપેલા દૃષ્ટાંત વિશે પણ વૃત્તિકારનો કોઈ વિશેષ અભિપ્રાય હોવો જોઈએ. તે અભિપ્રાય શોધવાનો પ્રયાસ કરવો, પણ શૃંગારથી કરાતા ધર્મથી મહાનુકસાન થાય, એવું દેખાડવા વૃત્તિકારે આ દૃષ્ટાંત આપ્યું છે' એવી કુકલ્પના ન કરવી.

વળી, આ જ વિષયમાં મહાત્મન્ ! તમે અંતે લખ્યું છે ××× આશા રાખીએ કે આ '**लज्जातो.....**' શ્લોકનું ઘણું લંબાણથી વિવેચન કરનાર અને વાતવાતમાં આ શ્લોકને આગળ કરી અત્યંત દુર્લભ એવા મોક્ષના પવિત્રતમ આશયની છાશવારે ઠેકડી (?) ઉડાવનાર મહાનુભાવો આ અંગે સુવિહિતોને છાજે તે રીતે શાસ્ત્રીય પ્રકાશ પાડશે. ××× પૃ. ૧૬૪.

તે અંગે મારે લખવાનું કે મહાત્મન્ ! હવે તમને શાસ્ત્રીય પ્રકાશ થઈ ગયો હશે. બીજું એ જણાવવાનું કે 'મુક્તિના આશયથી કરેલો ધર્મ જ લાભકારી બને, લજ્જા વગેરેથી કરેલ ધર્મ નહિ.' આવા પકડાયેલા એકાંતનું નિરસન કરવા અને 'મુક્તિના આશય વગરના જીવને પણ જો બાહ્ય ફળની અપેક્ષાયુક્ત મુક્તિ-અદ્વેષ હોય, તો લજ્જા વગેરેથી કરેલા ધર્મનું પણ અમેય ફળ મળે છે. કેમ કે મુક્તિના દ્વેષરૂપ મહાદોષ હોય તો તે મહાદોષના કારણે અનુષ્ઠાન ચારુ બનતું નથી, એવું યોગબિન્દુમાં કહ્યું છે.' એવી સાચી વાતની

સ્થાપના કરવા આ શ્લોકને વારંવાર આગળ કરવામાં આવે છે. પણ એટલા માત્રથી મોક્ષના આશયની કંઈ ઠેકડી થઈ જતી નથી કે ગૌણતા થઈ જતી નથી. કો'કને બંધાઈ ગયેલા અવાસ્તવિકતાના ખ્યાલો દૂર કરવા માટે વસ્તુસ્થિતિનું પ્રતિપાદન કરવામાં આવે તો એમાં કશાયની ઠેકડી કે ગૌણતા થતી હોતી નથી.

(૧) કેવળીને દ્રવ્યહિંસા હોય જ નહિ એવા પકડાઈ ગયેલા ખોટા અભિનિવેશનું **પૂજ્ય ઉપાધ્યાયજી** મહારાજાએ **ધર્મપરીક્ષા**માં વિસ્તારથી ખંડન કરી કેવળીને પણ દ્રવ્યહિંસાની હાજરીની સિદ્ધિ કરી. પણ એટલા માત્રથી કંઈ કેવળીઓની ઠેકડી ઉડાવી છે, એમની લઘુતા દર્શાવી છે એવું કહી શકાતું નથી.

(૨) એમ **આરાધક વિરાધક ચતુર્ભંગી**માં જિનોક્ત સાધુસામાચારીનું પરિપાલન કરવામાં તત્પર એવા પણ દ્રવ્યલિંગીને તે ક્રિયાના આધારે દેશ-આરાધક મનાવવાના **પૂર્વપક્ષીના અભિનિવેશ**નું ખંડન કરીને પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ ક્રિયાના બળે પણ તે જીવોમાં દેશ આરાધકતા નથી એવું સિદ્ધ કર્યું છે. પણ એટલાં માત્રથી તેઓશ્રીએ જિનોક્ત સાધુ-સામાચારીની ઠેકડી ઉડાવી છે એવું થોડું કહેવાય ? (જિનોક્ત સાધુ-સામાચારીનું પરિપાલન એવું મહિમાવંતું છે કે એનાથી દ્રવ્યલિંગી પણ દેશઆરાધક બને છે.' આવી અસત્ય વાત દ્વારા એ પરિપાલનની મહત્તા દર્શાવવી એ બિલકુલ અનુચિત છે, એનું પણ શું ઉપાધ્યાયજી મહારાજે કરેલા એના ખંડનથી સૂચિત નથી થતું ?) એમ–

(૩) 'જિનોક્ત સાધુ-સામાચારીના પાલન વિના આરાધકતા હોય જ નહિ' એવા કદાગ્રહનું ખંડન કરવા સાધુ-સામાચારીશૂન્ય એવા પણ બાળ-તપસ્વીમાં દેશ-આરાધકત્વ હોવાની સિદ્ધિ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ કરી છે. પણ એટલા માત્રથી પણ કાંઈ તેઓશ્રીએ જિનોક્ત સાધુ-સામાચારીની ઠેકડી ઉડાવી છે એવું કહી શકાતું નથી. એમ 'મોક્ષના આશયપૂર્વક કરાયેલા ધર્મથી જ અમેય ફળ મળે, એ સિવાય નહિ.' એવા પકડાયેલા ખ્યાલને દૂર કરવા 'મોક્ષનો આશય કદાચ ન હોય, તોપણ લજ્જા વગેરેથી કરેલા અસમ (અજોડ) ધર્મથી અમેય ફળ મળે છે' એવી સિદ્ધિ કરવામાં આવે, તો એટલા માત્રથી કાંઈ મોક્ષના આશયની ઠેકડી થઈ જતી નથી.

વળી, શબ્દો પરથી પણ જે ભાવ નથી નીકળતો એવો અપૂર્વ (!) તાત્પર્ય કાઢવાની તમને જે આવશ્યકતા ઊભી થઈ, એમાં તમારી એક ગંભીર ભૂલ પણ કારણ બની છે. તે ગંભીર ભૂલ આ કે - શ્લોકમાં ધર્મનું જે 'અમલ' (કે અસમ) વિશેષણ વપરાયું છે તેનો યોગ્ય અર્થ તમે કર્યો નથી. 'એ અર્થ તમો જાણતા નહિ હો' એવું તો માની શકાતું નથી ! અમલ, નિર્મલ, શુદ્ધ વગેરે શબ્દો પર્યાયવાચી છે. પ્રસ્તુતમાં અમલધર્મ એટલે કેવો ધર્મ લેવાનો છે એ સમજવા પહેલાં નીચેની વાત સમજી લ્યો.

શાસ્ત્રોમાં શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ દેખાડ્યા છે. એમાં બે ભેદો એવા છે કે સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુત... આમાં 'શ્રુત'ને જે વિશેષણો લાગ્યાં છે કે 'સમ્યક્' અને 'મિથ્યા' એનો શાસ્ત્રકારો બે રીતે અર્થ કરે છે : (૧) શ્રી જિનપ્રણીત આચારાંગસૂત્ર વગેરે સમ્યક્શ્રુત છે અને અન્ય તીર્થિકપ્રણીત 'ભારત' વગેરે મિથ્યાશ્રુત છે. અથવા –

(૨) સમ્યક્દષ્ટિએ ભણેલું બધું શ્રુત 'સમ્યક્'શ્રુત છે (પછી ભલે ને એ અન્ય તીર્થિકપ્રણીત 'ભારત' વગેરે હોય) અને મિથ્યાત્વીએ ભણેલું બધું શ્રુત 'મિથ્યા'શ્રુત છે (પછી ભલે ને એ શ્રી જિનપ્રણીત આચારાંગાદિ હોય.)

આ બે વ્યાખ્યાઓમાં તાત્ત્વિક ભેદ એ છે કે પ્રથમ વ્યાખ્યામાં અધિકૃત 'શ્રુત'નો સ્વામી (શ્રુતજ્ઞાની) કેવો છે એની વિવક્ષા વગર માત્ર શ્રુતના પોતાના સ્વરૂપની અપેક્ષાએ એના અસમ્યક્પણાની અને મિથ્યાપણાની વાત છે; જ્યારે બીજી વ્યાખ્યામાં અધિકૃત 'શ્રુત'નું પોતાનું સ્વરૂપ કેવું છે, એની વિવક્ષા વગર એનો સ્વામી (શ્રુતજ્ઞાની) કેવો છે એની અપેક્ષાએ શ્રુતના અસમ્યક્-પણાની અને મિથ્યાપણાની વાત છે. (અથવા પ્રથમ વ્યાખ્યામાં દ્રવ્યશ્રુતની અપેક્ષાએ અને બીજી વ્યાખ્યામાં ભાવશ્રુતની અપેક્ષાએ વિભાજન છે.) આ બન્ને વાતો શાસ્ત્રસિદ્ધ છે. માટે જ્યાં સમ્યક્શ્રુત કે મિથ્યાશ્રુતનો ઉલ્લેખ હોય, ત્યાં ગીતાર્થ બહુશ્રુતની ફરજ છે કે આ બે વ્યાખ્યાઓમાંના કયા સમ્યક્શ્રુત કે મિથ્યાશ્રુતનો એ પ્રકરણમાં અધિકાર છે, એનો માધ્યસ્થ્યથી નિર્ણય કરવો. એ કર્યા વગર બેમાંથી ગમે તે એક વ્યાખ્યાનો આશ્રય લઈ અર્થ કરવાનું થાય, તો સંભવ છે કે એમાં ગંભીર ભૂલ થઈ જાય.

જેમ કે ઉપદેશક શ્રુતપરિશીલન પર ભાર આપતાં એમ કહે છે કે 'સમ્યક્શ્રુતનું વધુ ને વધુ પરિશીલન કરવું જોઈએ.' આ સાંભળીને શ્રોતા એમ

વિચારે કે "હું તો સમ્યક્ત્વી છું; એટલે છાપાં વગેરે પણ મારે માટે 'સમ્યક્ શ્રુત' બનવાનાં છે, એટલે હવેથી મારે છાપાં વગેરે વધારે વાંચવાં." તો આ શું ઉચિત છે ?

આ રીતે ધર્મને પણ 'અમલ', 'નિર્મલ', 'શુદ્ધ' વગેરે જે વિશેષણ લાગ્યું હોય છે, તેના શાસ્ત્રકારોએ જ બે અર્થો બતાવ્યા છે –

(૧) કષ-તાપ-છેદ પરીક્ષામાં પાસ થઈ જતો એવો કેવલિભાષિત જે ધર્મ છે, તે 'શુદ્ધ' અને એ સિવાયના અન્ય બધા વૈદિકાદિ ધર્મો 'અશુદ્ધ'.

(૨) ધર્મ કરનારને જેના બદલામાં ભૌતિક ચીજ મેળવવાની ઈચ્છા નથી, તેવો ધર્મ અથવા તો **પૂ. મુનિ સુંદરસૂરિ મહારાજે** શિથિલતા વગેરે જે ૧૩ દોષો કહ્યા છે તે દોષોથી શૂન્ય વ્યક્તિએ કરેલો ધર્મ એ અમલ-શુદ્ધ ધર્મ અને એનાથી વિપરીત જીવે કરેલો ધર્મ એ અશુદ્ધ ધર્મ.

આ બન્ને વ્યાખ્યાઓમાં પણ ઉપર કહ્યા મુજબનો તાત્ત્વિક ભેદ રહ્યો છે: પ્રથમ વ્યાખ્યા ધર્મનો સ્વામી (ધર્મી) કેવો છે, (શિથિલતા વગરે દોષોવાળો કે એ દોષોથી સહિત) એની વિવક્ષા વગર માત્ર ધર્મના સ્વરૂપની અપેક્ષાએ જ કરવામાં આવી છે; જ્યારે બીજી વ્યાખ્યા ધર્મના સ્વરૂપને ગૌણ કરીને એનો સ્વામી કેવો છે એની અપેક્ષાએ કરવામાં આવી છે. એટલે કે પ્રથમ વ્યાખ્યામાં ધર્મીના આશય વગેરેને મહત્તા આપવામાં આવી નથી અને બીજી વ્યાખ્યામાં ધર્મીના આશય વગરેની મહત્તા છે.

[જો કે તમને તો શું થયું છે, મહાત્મન્ ! એ જ ખબર પડતી નથી. પૃ. ૧૫૦ પર તમે લખ્યું છે કે xxx અમલ-વિશુદ્ધ ધર્મ કોને કહેવાય તે વાત શાસ્ત્રવાર્ત્તાના ૧૧ મા શ્લોકમાં **આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજે** સારી રીતે સ્પષ્ટ કરેલ છે.xxx આમ લખીને ટીપ્પણમાં પૃ. ૫૮ થી ૬૧ જોવા કહ્યું છે. પૃ. ૫૮ પર ટીપ્પણમાં આ શ્લોક ટાંક્યો છે –

**उपादेयश्च संसारे धर्म एव बुधैः सदा ।**
**विशुद्धो मुक्तये सर्वं यतोऽन्यद्दुःखकारणम् ॥११॥**

'ધર્મ' શબ્દ પછી 'एव'કાર('જ'કાર)ના પ્રયોગવાળા આ શ્લોકનો અર્થ આવો થાય છે કે - સંસારમાં ડાહ્યા માણસોએ **મુક્તિ માટે હમેશાં વિશુદ્ધ ધર્મ જ ઉપાદેય** = આદરવાયોગ્ય છે, કેમ કે બીજી બધી વસ્તુઓ દુઃખના કારણભૂત છે.'

આમાં તમે 'જ'કારનું સ્થાન બદલીને કેવો અર્થ (અનર્થ !) ઊભો કર્યો છે તે જુઓ - તમે લખ્યું છે કે ××× 'આ સંસારમાં બુધ પુરુષોએ સદા માટે કોઈ પણ જાતની આશંસા વિના **એકમાત્ર મુક્તિ માટે જ** વિશુદ્ધ ધર્મ આચરવાયોગ્ય છે. આ સિવાય પ્રિયસંયોગ, સંપત્તિ વગેરે બધું દુઃખનું જ કારણ છે.' ×××

આમ **'જ'કાર** બદલી નાખવાથી અર્થ કેટલો બદલાઈ જાય છે તે તો તમને ખ્યાલમાં આવી જ ગયું હશે ! ખરેખર તો મહાત્મન્ ! આ જણાવતાં પણ વ્યથિત થઈ જવાય છે કે આવાં બધાં અવલોકનોથી તમે તમારા પ્રત્યક્ષ ગુરુદેવ આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાને** પણ ભયંકર નુકસાન કર્યું છે. તે એ કે આજે તો એમના પુણ્ય પ્રભાવે તમારાં બધાંનાં વચનોને મોટે ભાગે કોઈ વિચારવા બેસતું નથી, પણ ભવિષ્યમાં જ્યારે મધ્યસ્થ બહુશ્રુત ગીતાર્થો તમારાં અવલોકનો વાંચશે, ત્યારે મનમાં અભિપ્રાય બાંધી જ દેશે કે "જે વ્યક્તિએ 'ધર્મસ્વરૂપ-દર્શન' નામના પોતાના ગ્રંથની પ્રસ્તાવના તરીકે આવી ડગલે ને પગલે શાસ્ત્રવિરુદ્ધ વાતોને સ્થાન આપ્યું છે તે વ્યક્તિ પણ અવશ્ય ડગલે ને પગલે શાસ્ત્રવિરુદ્ધ પ્રતિપાદન કરતી હશે !" તમારાં અવલોકનો પરથી આવો અભિપ્રાય ઊભો થવો શું સુશક્ય નથી ? અસ્તુ.]

આમ, અમલ-વિશુદ્ધ ધર્મની બે વ્યાખ્યાઓ શાસ્ત્રમાં મળે છે એ નક્કી થયું. હવે પ્રસ્તુતમાં કયા અમલધર્મની વાત છે તેની વિચારણા... આમાં પણ એક અનુભવસિદ્ધ વાસ્તવિકતા પહેલાં સમજી લેવાની જરૂર છે.

એક ધર્મપરિણત શ્રાવક છે. એના બે પુત્રો પૈકીનો એક પુત્ર ભગવાનની પૂજા કરતો નથી અથવા કરે છે તોપણ ક્યારેક કરે છે, ક્યારેક ગાપચી મારી દે છે. જિનપૂજા અંગે એ ઉપેક્ષાવાળો છે. 'જિનપૂજા મારે કરવી જ જોઈએ', 'થોડીઘણી પ્રતિકૂળતા હોય તોપણ હું જિનપૂજા તો કરીશ જ.' ઇત્યાદિ રીતે એ જિનપૂજા ધર્મમાં સ્થિર થયો નથી. આવા પુત્રને હિતેચ્છુ ધર્મપરિણત શ્રાવક બાપ શું કહે ? શું એને આવું સમજાવે કે 'જો બેટા ! શુદ્ધ આશયથી સંપૂર્ણ વિશુદ્ધિપૂર્વક જિનપૂજા કરશે, તો જ તારા આત્માનું કલ્યાણ થશે, તને અમાપ ફળ મળશે, નહિતર કલ્યાણ નહિ થાય. ઉપરથી અહિત થશે.'

હું બધાંને મધ્યસ્થતાપૂર્વક વિચારવા કહું છું કે આવું કહેનાર બાપ શું ધર્મથી પરિણત કહેવાય ? શું પુત્રનું હિત કરી શકે ? બધાએ 'ના' જ પાડવી

પડશે. ખરેખર બાપ ધર્મપરિણત હોય અને હિતેચ્છુ હોય તો એ પુત્રને ધર્મમાં જોડવા માટે - સ્થિર કરવા માટે એમ જ સમજાવે કે "જો બેટા ! તું આ શ્રી જિનપૂજા કર. તો દુર્ગતિની રિબામણમાંથી બચીશ, સદ્ગતિ પામીશ... આત્માનું કલ્યાણ થશે." (જો કે ધર્મપરિણત બાપ તો એને જોડવા માટે એવું પણ કહે કે 'બેટા ! જિનપૂજા કર, તો આલોક-પરલોકમાં બધી જાતની સંપત્તિ પામીશ. ઈત્યાદિ.' કેમ કે શ્રી ઉપમિતિ વગેરે ગ્રંથમાં પણ આ રીતે પણ જે ધર્મમાં જોડાતા હોય તો જોડવાનું **'किलात्र यो यथा जन्तु'** ઈત્યાદિ શ્લોકોથી કહ્યું છે. પણ તેમ છતાં તમે બધા એનાથી ભડકો છો, માટે હું નથી લખતો.) એને આ રીતે સમજાવવાનો બધો પ્રયાસ કરે, પણ એ વખતે, 'જો મોક્ષનો આશય નહિ હોય તો તું જિનપૂજાથી ડૂબીશ...' ઈત્યાદિ તો ન જ કહે. આશયનો ઉલ્લેખ સુધ્ધાં ન કરે.

હા, એ જ ધર્મપરિણત બાપનો બીજો પુત્ર કે જે જિનપૂજા ધર્મમાં સ્થિર થઈ ગયો છે, 'થોડીઘણી પ્રતિકૂળતાઓ આવે તોપણ જિનપૂજા તો હું કરીશ જ. જિનપૂજા કર્યા વગર રહેવાય જ શી રીતે ?' ઈત્યાદિ અભિપ્રાય જેનો ઊભો થઈ ગયો છે, તેમ જ ધર્મને સમજવાની કંઈક યોગ્યતા પણ આવી ગઈ છે; તેવા પુત્રને પછી એ જિનપૂજાનું વિશિષ્ટતમ કોટિનું ફળ પામી શકે એ માટે એને સમજાવે કે 'જો બેટા ! આ તું જિનપૂજા કરે છે એ પણ મોક્ષની ઈચ્છાથી જ કરજે. બીજી કોઈ આડી-અવળી ઈચ્છાઓ રાખીશ નહિ; નહિતર તારી આ જિનપૂજા એળે જશે, નિષ્ફળ બની જશે, આત્મહિત સાધી નહિ આપે.' આવું બધું પણ એને તો જ કહે કે જો બાપને એના સ્વભાવનો ખ્યાલ આવી ગયો હોય કે આવું કહેવાથી પણ એ જિનપૂજાને તો નહિ જ છોડે, પણ આશય-શુદ્ધિ કરવાનો પ્રયાસ કરશે.

વળી, બાપને જો એવો ખ્યાલ પણ હોય કે "છોકરો આમ લાયક છે, પણ આ બાબતમાં થોડો બેદરકાર છે, ઉપેક્ષાવાળો છે, માટે જરાક ભારે શબ્દોમાં કહીશ તો એ મગજ પર લેશે અને આશયશુદ્ધિ કરી શકશે." તથા "આવી વાત સાંભળીને, 'એમ ! આડીઅવળી ઈચ્છાના કારણે પરિણામે મારે દુર્ગતિમાં જવું પડશે ? તો તો પછી મારે ધર્મ જ નથી કરવો.' આવો વિચાર કરીને ધર્મને છોડી દે તેવો આ નથી." આવો નિર્ણય પણ પિતાને હોય તો પછી આ રીતે પણ કહે કે 'બેટા ! તું આ શું કરે છે ? આવી સુંદર જિનપૂજા

કરે છે, એના પ્રભાવે ભવિષ્યમાં સુંદર સંપત્તિઓ પામશે. પણ સાથે આ જે આડીઅવળી ઈચ્છાઓ રાખવા વગેરેરૂપ મલિનતા રાખે છે તેના પ્રભાવે એ સંપત્તિઓમાં આસક્તિ થશે અને તેથી પછી ચીકણાં કર્મો બાંધી દુર્ગતિઓમાં ધકેલાઈ જશે. આમ, તારું આત્મહિત થવાને બદલે ભયંકર અહિત થઈ જશે. દુર્ગતિઓમાં ભયંકર રિબામણો સહેવી પડશે.' યોગ્ય જીવને જ આ રીતે સ્ખલનામાંથી વારવા માટે ભારે શબ્દો કહેવાની (યાવત્ ખરંટણા કરવા સુધીની) અનુજ્ઞા છે, એ બાબતનો અધિકાર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાના **સામાચારી પ્રકરણગ્રંથ** વગેરેમાં છે, તો તે ત્યાંથી જોઈ લેવા ભલામણ. આવા પુત્રને અવિધિ વારવાનું - આશયશુદ્ધિ કરવાનું વગેરે કહેવું યોગ્ય છે. પહેલા પુત્રને કહેવા યોગ્ય જે બાબતો હતી તે આને કહેવાની કોઈ જરૂર રહેતી નથી, કેમ કે ધર્મમાં તો આ જોડાઈ જ ગયો છે, સ્થિર થઈ જ ગયો છે.

આ વિચારણા પરથી આટલું નક્કી થયું કે જીવોને ધર્મમાં નવા જોડવાના હોય કે જોડાયા હોય તો સ્થિર કરવાના હોય, ત્યારે તેઓને 'આશય' વગેરેનો ઉલ્લેખ કર્યા વગર ધર્મના પ્રભાવનું જ વર્ણન કરતો ઉપદેશ આપવો હિતકર છે; અને એવો જ ઉપદેશ પરમ કરુણાસાગર શાસ્ત્રકાર ભગવંતો આપે છે. જે જીવો ધર્મમાં જોડાઈ ગયા હોય, જોડાઈને સ્થિર થઈ ગયા હોય અને ઉપર કહ્યા મુજબની લાયકાત ધરાવતા હોય તેવા જીવોને આશયશુદ્ધિ, વિધિ વગેરે પર ભાર મૂકતો ઉપદેશ આપવો હિતકર બને છે, પણ એ સિવાયના જીવોને તેવો ઉપદેશ હિતકર બનતો નથી.

હવે, આપણે આ 'लज्जातो भयतो...' શ્લોક કેવા જીવોને ઉદ્દેશીને અપાયો છે તે વિચારીએ.

'**ઉપદેશતરંગિણી**'માં આ શ્લોકનું જે વિવરણ કર્યું છે તેના પરથી તેમ જ આ શ્લોકને જે '**ધર્મોપદેશ**' નામના પાંચમા તરંગમાં કહેલો છે, તેમાં ટાંકેલા શ્લોકોનો અર્થ વિચારવા પરથી સ્પષ્ટ રીતે જણાય છે કે ધર્મનો જ મહિમા ગાતા આ શ્લોકો નવા જીવોને ધર્મમાં જોડવા કે સ્થિર કરવા માટે કહેવાયા છે. એ તરંગના કેટલાક શ્લોકોને હું અહીં અર્થ સહિત ટાંકું છું...'

**आरोग्यं सौभाग्यं धनाढ्यता नायकत्वमानन्दः ।**
**कृतपुण्यस्य स्यादिह सदा जयो वाञ्छितावाप्तिः ॥१॥**

**અર્થ** : જેણે પુણ્ય (ધર્મ) કર્યાં છે તેવા જીવને આ જગતમાં આરોગ્ય, સૌભાગ્ય, ધનાઢ્યતા, નાયકપણું, આનંદ, હમેશાં વિજય અને ઇચ્છિત પ્રાપ્તિ થાય છે.

**दिने दिने मञ्जुलमङ्गलावलीः सुसंपदः सौख्यपरम्परा च ।**
**इष्टा च सिद्धिर्बहुला च बुद्धिः सर्वत्र सिद्धिः सृजतां सुधर्मम् ॥४॥**

**वृत्तौ** – श्रीसर्वज्ञप्रणीतधर्मसृजतां पुंसामेते पदार्थाः संपनीपद्यन्ते ।

**અર્થ** : સુધર્મને કરતા જીવોને પ્રતિદિન મનપસંદ મંગલ પરંપરાઓ, સત્સંપત્તિઓ, સુખની પરંપરા, ઇષ્ટ સિદ્ધિ, ઔત્પાતિકી વગેરે ચાર વિપુલ બુદ્ધિ અને બધી બાબતોમાં સિદ્ધિ મળે છે. (આની વૃત્તિમાં કહ્યું છે કે - શ્રી સર્વજ્ઞપ્રણીત = કથિત ધર્મને કરતા જીવોને આ પદાર્થો વારંવાર આવી મળે છે. આમ, અહીં સુધર્મની વ્યાખ્યા 'શુભ આશયથી કરાયેલો ધર્મ' એવી ન કરતાં 'શ્રીસર્વજ્ઞકથિત ધર્મ' એવી કરી છે એ ખ્યાલમાં રાખવું. અર્થાત્ આશયની કોઈ જરૂર જ નથી, એવું હું કહેવા નથી માગતો, પણ આ બધા શ્લોકોમાં આશયને ગણતરીમાં લેવામાં આવ્યો નથી, એવું જણાવવા માગું છું એ ખ્યાલમાં રાખવું.)

**पुंसां शिरोमणीयन्ते धर्मार्जनपरा नराः ।**
**आश्रीयन्ते च संपद्भिर्लताभिरिव पादपाः ॥५॥**

**અર્થ** : ધર્મ કરવામાં તત્પર મનુષ્યો પુરુષોમાં શિરોમણિ બને છે અને જેમ લતાઓ વૃક્ષોનો આશ્રય કરે છે, તેમ તેવા મનુષ્યોનો સંપત્તિઓ આશ્રય કરે છે.

[**છઠ્ઠો શ્લોક** 'लज्जातो भयतो...' વગેરેરૂપ પ્રસ્તુત શ્લોક છે.]

**फलं च पुष्पं सुतरुस्तनोति वित्तं च तेजश्च नृपप्रसादः ।**
**ऋद्धिं प्रसिद्धिं तनुते सुपुत्रो भुक्तिं च मुक्तिं च जिनेन्द्रधर्मः ॥७॥**

**અર્થ** : જેમ સુવૃક્ષ ફળ અને ફૂલ પેદા કરે છે, રાજાની કૃપા લક્ષ્મી અને પ્રતાપ બક્ષે છે, સુપુત્ર ઋદ્ધિ અને પ્રસિદ્ધિને વિસ્તારે છે, તેમ શ્રીજિનધર્મ રાજ્યઋદ્ધિ વગેરે ભોગોને અને મોક્ષને આપે છે.

**राज्ञः प्रसादो दिव्यास्त्रं वाणिज्यं हस्तिरत्नयोः ।**
**जैनधर्मस्तथैकोऽपि महालाभाय जायते ॥८॥**

**અર્થ :** જેમ રાજ્યપ્રસાદ, દિવ્યાસ્ત્ર, હસ્તી અને રત્નનું વાણિજ્ય મહાલાભ માટે થાય છે, તેમ એક પણ જૈનધર્મ મહાલાભ માટે થાય છે.

**'ધર્મોપદેશ'** નામક આ પાંચમા તરંગમાં આવા કુલ **બાર શ્લોકો** પ્રાથમિક કક્ષાના જીવોને ઉદ્દેશીને ધર્મનો મહિમા ગાવા માટે અને એ દ્વારા શ્રોતાજીવને ધર્મમાં આકર્ષિત કરી જોડવા માટે તેમ જ જોડીને સ્થિર કરવા માટે કહેવાયા છે.

વળી, પ્રસ્તુત 'लज्जातो भयतो...' શ્લોકનો ઉપસંહાર કરતાં **ઉપદેશ-તરંગિણીકારે** જે શ્લોક ટાંક્યો છે, તે પણ આ જ વાતને પુષ્ટ કરે છે -

**धर्मः श्रुतोऽपि दृष्टोऽपि कृतो वा कारितोऽपि वा ।**
**अनुमोदितोऽपि राजेन्द्र ! पुनात्यासप्तमं कुलम् ॥**

**અર્થ :** સાંભળેલો પણ, જોયેલો પણ, કરેલો પણ અથવા કરાવેલો પણ કે અનુમોદના કરાયેલો પણ ધર્મ, હે રાજેન્દ્ર ! સાત કુલને પવિત્ર કરે છે.

જે જીવ ધર્મમાં સ્થિર થઈ ગયો છે તેવાને આશયશુદ્ધિ વગેરેનો ઉપદેશ આપવા માટે શું આવું કહેવું પડે ?

વળી, આ બધા શ્લોકોમાં એ પણ જોવા મળે છે કે સર્વત્ર શ્રીજિનકથિત ધર્મને સુધર્મ - અમલ ધર્મ - અત્યંત મહાલાભ કરી આપનાર ધર્મ વગેરે તરીકે કહેવામાં આવ્યો છે. આશયશુદ્ધિ વગેરેની તો ક્યાંય વાતેય કરી નથી. ખરેખર, અમલ ધર્મ - શુદ્ધ ધર્મ તરીકે જો આશયશુદ્ધિ વગેરેયુક્ત ધર્મનો ગ્રંથકારને અહીં અભિપ્રાય હોત ને તો પ્રતના અઠ્ઠાવીશ પૃષ્ઠ જેટલા આ વિસ્તૃત અધિકારમાં આશય-વિધિ વગેરેનું પણ વિસ્તારથી પ્રતિપાદન કર્યું હોત ! પણ ઉપદેશતરંગિણીના આ વિસ્તૃત અધિકારમાં એવું જોવા મળતું નથી. જ્યારે શ્રી સર્વજ્ઞપ્રણીત ધર્મ, શ્રીજૈનધર્મ વગેરે તરીકે એનો વારંવાર ઉલ્લેખ જોવા મળે છે. એક આ બાબત પરથી, તેમ જ ઉપર જે શ્લોકાર્થો કહી ગયો તે તેમ જ ઉપદેશતરંગિણીના પ્રસ્તુત અધિકારમાં અન્ય જે શ્લોકો છે; તેના અર્થો વિચારીએ તો જે બાબત મળે છે કે આ બધા શ્લોકો નવા જીવોને ધર્મમાં જોડવા અને સ્થિર કરવા માટે બોલાયેલા છે. તે બાબત પરથી જણાય છે કે પ્રસ્તુતમાં અમલ, વિશુદ્ધ ધર્મ તરીકે ગ્રંથકારોને, 'કેવલિભાષિત જૈનધર્મ' એવો અર્થ અભિપ્રેત છે, ધર્મીની શુદ્ધિની અપેક્ષાએ કહેવાતો 'અમલ ધર્મ' નહિ (કેમ

કે ઉપર દેખાડી ગયો છું કે જીવોને નવા જોડવા માટે અપાતા ઉપદેશમાં આશયશુદ્ધિ વગેરેની વાતો લાવવી એ હિતકર નહિ, પણ અહિતકર છે).

વળી માત્સર્ય વગેરે ૧૩ મલના અભાવની અપેક્ષાએ કે આશયશુદ્ધિ વગેરેની અપેક્ષાએ જે શુદ્ધ ધર્મરૂપ હોય તેની જો વાત હોય, તો આપત્તિ એ આવશે કે શ્લોક અયોગ્ય ઠરી જશે. કઈ રીતે ? આ રીતે –

આચાર્ય **શ્રીમદ્ મુનિસુંદરસૂરિ મહારાજે** માત્સર્ય, ક્રોધ, અનુતાપ, ગર્વ અવિધિ વગેરે તેર દોષો **અધ્યાત્મકલ્પદ્રુમ**માં બતાવ્યા છે, જે ધર્મને મલિન કરે છે. અર્થાત્ આવા દોષોવાળાં જીવનો ધર્મ 'અમલ' નથી બનતો, પણ મલિન બને છે. જે જીવો આવા દોષોથી શૂન્ય હોય, તેઓનો ધર્મ અમલ બને. હવે જો આવા જ અમલ ધર્મની પ્રસ્તુત શ્લોકમાં વાત હોય, તો અર્થમાં વિરોધ ઊભો થાય એ સ્પષ્ટ છે. તે આ રીતે – શ્લોકમાં લજ્જા વગેરેની જેમ માત્સર્ય, ગર્વ, માન વગેરે પણ પદો છે, તેથી અર્થ આવો નીકળે છે, 'જેઓ માત્સર્યથી અમલ ધર્મ (માત્સર્ય વિનાનો ધર્મ) કરે છે તેઓ અમેય ફળને પામે છે', 'જેઓ ગર્વથી-માનથી માનશૂન્ય ધર્મને કરે છે (કેમ કે અમલ ધર્મમાં ઉક્ત વ્યાખ્યા મુજબ માનશૂન્યતા પણ આવશ્યક છે), તેઓ અમેય ફળને પામે છે.' આમાં સ્વવચન-વિરોધ (વદતોવ્યાઘાત દોષ) સ્પષ્ટ જ છે.

આવો દોષ ઊભો ન થાય એ માટે કદાચ એમ માની લઈએ કે આ લજ્જા, માત્સર્ય, ગર્વ વગેરે ધર્મપ્રાપ્તિનાં કારણોરૂપ છે, પછી કંઈ ધર્મ કરતી વખતે સાથે હોતાં નથી, તેથી આવો વિરોધ આવતો નથી (જો કે આવું માનવું યોગ્ય નથી, એ આ જ વિચારણામાં અન્યત્ર સિદ્ધ કર્યું છે, તોપણ એક વાર તમારા સંતોષ ખાતર માની લઈએ), તો પણ એવા દોષો ઊભા થાય છે કે –

(૧) ઉપર કહી ગયો એ મુજબ, આવા શુદ્ધ ધર્મનો ઉપદેશ તો ધર્મમાં જોડાઈ ગયેલા જીવોને જ આપવો યોગ્ય હોઈ, શ્રોતા તરીકે તેવા જ જીવો લેવા પડે. અને તો પછી તેઓ આગળ ધર્મપ્રાપ્તિનાં આટલાં બધાં નિમિત્ત કારણો દર્શાવવાની કોઈ આવશ્યકતા રહેતી ન હોઈ, એ નિરર્થક ઠરે.

(૨) 'અમલ' ધર્મની મહાનતા સ્થાપવા માટે અને ધર્મમાં જોડાઈ ગયેલા જીવો હવે પોતાના ધર્મને એવો બનાવે એ માટે, એ મલોનું પ્રતિપાદન, એ દૂર કરવાનો ઉપદેશ વગેરે જે વધુ આવશ્યક ચીજરૂપ બને છે, તેની કોઈ

વાત જ શ્લોકમાં ન હોવાથી (કે એની વૃત્તિમાં ન હોવાથી) એ પણ એક ન્યૂનતા થવાની આપત્તિ આવે.

આમ, આવા બધા દોષો ઊભા થતા હોઈ નક્કી થાય છે કે અહીં અમલ (કે અસમ) ધર્મ તરીકે શુદ્ધ ધર્મની જે બે વ્યાખ્યાઓ છે, તેમાંથી પ્રથમ વ્યાખ્યાવાળો (એટલે કે એને કરનાર ધર્મી કેવો છે ? એ બાબતને ગૌણ બનાવીને માત્ર ધર્મના સ્વરૂપની અપેક્ષાએ શુદ્ધ એવો) સર્વજ્ઞ-કથિત ધર્મ લેવાનો છે, પણ બીજી વ્યાખ્યાવાળો (એટલે કે જેમાં ધર્મી કેવો છે ? એની પ્રધાનતયા અપેક્ષા છે તેવો) અમલ ધર્મ લેવાનો નથી. અને તેથી તમે એ બીજી વ્યાખ્યાને અનુસરીને 'મલ' વગેરેનું જે લાંબુંલચક વર્ણન કર્યું છે તે નિરર્થક ઠરે છે. શબ્દોની શાસ્ત્રોમાં જ અનેક વ્યાખ્યાઓ - અર્થો જોવા મળતાં હોય, તો તે તે અધિકારમાં કયો અર્થ લેવાનો છે એનો નિર્દોષ નિર્ણય કરી, પછી આગળ વિચારણા ચલાવવી જોઈએ. આ જ રીતે 'કલ્યાણ' શબ્દના અનેક અર્થો શાસ્ત્રોમાં મળે છે, તો તે તે અધિકારમાં તેવાં તેવાં વિશેષણો સાથે વપરાયેલા 'કલ્યાણ' શબ્દનો શો અર્થ લેવો એ મધ્યસ્થતાથી નક્કી કરવો જોઈએ. સર્વત્ર અર્થ-વિભાજન – વિષય-વિભાજનપૂર્વક વિચારણા કરવી જોઈએ.

તેથી આ શ્લોકનો ટૂંકમાં યથાર્થ અર્થ આવો નક્કી થાય છે કે 'જેઓ લજ્જા, ભય વગેરેથી અમલ ધર્મ (શ્રી સર્વજ્ઞકથિત જૈનધર્મ) કરે છે તેઓ અમેય ફળ પામે છે.'

■

> मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति।
> तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनः कपिः ।। माध्यस्थ्याष्टक २।।
>
> **મધ્યસ્થ વ્યક્તિનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાયને અનુસરે છે (એટલે કે એ, યુક્તિને અનુરૂપ પોતાની વિચારધારા કેળવે છે); જ્યારે તુચ્છ આગ્રહી વ્યક્તિના મનરૂપી વાંદરો યુક્તિરૂપી ગાયને પૂંછડાથી ખેંચે છે (એટલે કે એવી વ્યક્તિ, પોતાની ઘડેલી વિચાર-ધારા તરફ યુક્તિને તાણવા પ્રયાસ કરે છે).**

## વિષય-૮

# કયો ધર્મ કિંપાક ફળતુલ્ય ?

## (તત્ત્વા૦ પૃ. ૪૭)

**ઉપદેશપદમાં શ્રીવજ્રસ્વામીની** દેશનામાં જે ધર્મને કિંપાક ફળની ઉપમા આપીને પરિણામે અસુંદર કહ્યો છે, તે જૈનભિન્ન અન્ય ધર્મ જાણવો. 'મોક્ષનો આશય ન હોય તો જૈનધર્મ પણ જિનાજ્ઞાબાહ્ય છે અને તેથી એ પણ કિંપાક ફળતુલ્ય છે' એવું ઉપસાવવાનો તમે જે પ્રયાસ કર્યો છે (તત્ત્વા૦ પૃ. ૪૭-૫૦) તે ઉચિત નથી એ નીચેની વિચારણા પરથી, મુનિવર ! તમને સ્પષ્ટ થઈ જશે.

**जम्मि न...** શ્લોક પૂર્વે એવો શ્લોક છે કે,

> **धम्मो अत्थो कामो जओ न परिणामसुन्दरा एए ।**
> **किंपागपाग - खललोयसंग - विसभोयणसमाणा ॥**

આમાં જે ધર્મને પરિણામસુંદર ન હોવો કહ્યો છે, એ ધર્મનું એ પછીના શ્લોકમાં પ્રતિપાદન છે :

> **जम्मि न संसारभयं जम्मि न मोक्खाभिलासलेसो वि ।**
> **इह धम्मो सो णेओऽविणाकओ जो जिणाणाए ॥**

અહીં = કિંપાકફળ વગેરે ઉપમાથી પરિણામે અસુંદરતા કહેવાના અધિકારમાં ધર્મ તરીકે તે ધર્મ જાણવો કે જેમાં સંસારનો ભય નથી, જેમાં મોક્ષની અંશમાત્ર પણ અભિલાષા નથી (અર્થાત્ મોક્ષનું નામનિશાન પણ નથી), તથા જે જિનવચન વિના કરાય છે, અર્થાત્ જે જિનોક્ત નથી.

(મહાત્મન્ ! શાસ્ત્રપાઠોના અર્થ-પ્રતિપાદનમાં તમારા દ્વારા જે ગરબડો થયા કરે છે, એના કેટલા નમૂના દર્શાવવા ? શ્રીવજ્રસ્વામીના નામે તમે પૃ. ૫૪ પર જણાવ્યું છે કે xxx તેઓ શ્રીમદે તો સ્પષ્ટ વ્યાખ્યા આપી છે કે 'જેમાં સંસારનો ભય ન હોય, જેમાં મોક્ષાભિલાષનો લેશ પણ ન હોય અને જે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા વિના કરાતો હોય, એવો ધર્મ, **પછી ભલે તે બાહ્યાકારથી દેખાતો જૈન ધર્મ હોય કે જૈનેતર ધર્મ હોય,** તે પરિણામે કિંપાક ફળ જેવો જ છે' xxx આમાં પછી ભલે તે... ઈત્યાદિ જે લખ્યું છે તે તમારા ઘરનું જ ઘુસાડ્યું છે ને ! કારણ કે શ્રીવજ્રસ્વામીએ કહેલા આ શ્લોકમાં તો એને જણાવનાર કોઈ શબ્દો નથી.)

અહીં 'જિનાજ્ઞા વિના કરાયેલો ધર્મ આવો કિંપાક ફળતુલ્ય હોય છે' એવું જે કહ્યું છે તેનાથી અન્ય ધર્મ જ પકડી શકાય છે, જૈનધર્મ નહીં; કારણ કે જૈનધર્મ તો જિનોક્ત છે.

**શંકા :** જિનોક્ત એવો જૈનધર્મ પણ જો સંસારના ભય વિના અને અંશમાત્ર પણ મોક્ષાભિલાષા વિના કરાયો હોય, તો એ જિનાજ્ઞાબાહ્ય છે અને તેથી એ પણ કિંપાક ફળતુલ્ય છે એવું જણાવવાનો શ્રીવજસ્વામીનો અભિપ્રાય છે.

**સમાધાન :** અહીં સૌ પ્રથમ એ જાણવા જેવું છે કે **શ્રીવજસ્વામી** રાજા અને એના પરિવાર વગેરેને દેશના આપી રહ્યા છે. આ બધા કાંઈ જૈન ધર્મ જ પાળી રહ્યા છે એવું નથી કે જેથી તેઓની આશયશુદ્ધિ માટેના પછીના તબક્કા માટે મોક્ષાભિલાષા પર જોર મારવા માટે આ દેશના અપાઈ રહી છે એવું માની શકાય. અહીં તો શ્રોતાવર્ગને જૈન ધર્મ પ્રત્યે આકર્ષવા માટે દેશના અપાઈ રહી છે, એટલે જૈનધર્મને કિંગાક ફળતુલ્ય અસુંદર કહેવાની વાત જ અપ્રસ્તુત છે. વળી, આગળ-પાછળના શ્લોકોનો વિચાર કરતાંય આ જણાય છે કે... મોક્ષના આશયશૂન્ય ધર્મને કિંપાક ફળતુલ્ય કહેવાની અહીં વાત નથી, પણ અજૈનધર્મને કિંપાક ફળ સદશ કહેવાની વાત છે. તે આ રીતે –

કયો ધર્મ કિંપાક ફળતુલ્ય છે એની વ્યાખ્યા जम्मि... ... શ્લોકમાં છે. સંસારભય અને મોક્ષના આશય વિના કરાતા જૈનધર્મને પણ અહીં અસુંદર તરીકે જણાવવાનો અભિપ્રાય છે એવું સ્વીકારીએ, તો એનો અર્થ એ થાય કે ધર્મની સુંદરતા-અસુંદરતા માટે ધર્મી મુખ્ય છે. એટલે કે ધર્મીમાં સંસાર-ભયાદિ હોય તો ધર્મ સુંદર, અન્યથા એ અસુંદર. તેથી, સંસાર-ભયાદિ ધર્મમાં રહેનારી ચીજ રહેતી નથી. તો પછી, 'જે ધર્મમાં સંસારભય કે મોક્ષની અભિલાષાનો અંશ પણ નથી...' આવું વ્યાખ્યાકથન જ અસંગત થઈ જાય છે.

આના બદલે 'અજૈન ધર્મોને અસુંદર કહેવાનો અહીં અભિપ્રાય છે' એવું માનીએ, તો ધર્મની સુંદરતા- અસુંદરતા માટે એનું સ્વરૂપ જ મુખ્ય ભાગ ભજવનારું બનવાથી આવી કોઈ અસંગતિ રહેતી નથી. 'જે ધર્મમાં સંસાર-ભય કે મોક્ષની ઈચ્છામાત્ર પણ નથી... અર્થાત્ જે ધર્મગાં સંસાર-ભયની–સંસાર પરના ઉદ્વેગની અને મોક્ષની ઈચ્છાની = ઉપાદેયતાની કોઈ વાત જ નથી, એ ધર્મને અહીં કિંપાક ફળતુલ્ય અસુંદર તરીકે કહેલો જાણવો. તે ધર્મ

આવો (સંસારભયાદિ ન હોવાના કારણે) અસુંદર હોય છે, જે જિનાજ્ઞા વિના = જિનવચન વિના પ્રવર્તેલો છે.' આવા અર્થમાં કોઈ અસંગતિ છે નહીં એ સ્પષ્ટ છે.

'શ્રીજિનેશ્વરદેવે પ્રરૂપેલો ધર્મ સુંદર અને અન્ય ધર્મ અસુંદર' આવો અભિપ્રાય હોવાના કારણે જ આગળ **जो पुण खमापहाणो...** એ ૨૬૫મા શ્લોકમાં, અસુંદર ધર્મમાંથી બાદબાકી કરવા માટે, 'પણ જે પુરુષપુંડરીક શ્રી તીર્થંકરદેવોએ પ્રરૂપેલો ક્ષમાપ્રધાન ધર્મ છે...' એ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે; નહીં કે 'પણ જે મોક્ષના આશયથી કરાયેલો ધર્મ છે...' ઇત્યાદિ. એટલે કે 'કયો ધર્મ અસુંદર નથી ?' એ જણાવવા માટે શ્રીજિનકથિત ધર્મ અસુંદર નથી' આવું જે કહ્યું છે એનાથી જ નિશ્ચિત થઈ જાય છે કે જે ધર્મ જિનકથિત નથી તેને જ અહીં અસુંદર તરીકે કહેવાનો અભિપ્રાય છે.

વળી કો'ક કદાચ તેવી પરિસ્થિતિના કારણે અર્થ કે કામની અભિલાષા સાથે જિનોક્ત અનુષ્ઠાન કરે, તો એટલા માત્રથી 'એ જિનાજ્ઞા વિના થયેલો ધર્મ છે' એમ કહી શકાતું નથી; કારણ કે **'अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम्'** ઇત્યાદિ શાસ્ત્રવચનો એને જિનાજ્ઞા-અવિરુદ્ધ હોવા જણાવે છે.

વળી, જિનોક્ત ધર્મરૂપે જૈનધર્મનું વિસ્તૃત વર્ણન ત્યાં કર્યું છે. મોક્ષનો આશય હોય, તો ધર્મ કઈ રીતે સુંદર બને છે અને ન હોય, તો કઈ રીતે એ અસુંદર બને છે, એનું કોઈ જ વર્ણન ત્યાં કરવામાં આવ્યું નથી. તથા જૈન ધર્મનાં અનુષ્ઠાનોનું વર્ણન કર્યા બાદ, એના પ્રભાવે જીવ આ ભવમાં ને પરભવમાં કેવું સુખ પામે છે એનું વર્ણન કર્યું છે અને છેવટે, 'મોક્ષ પણ પામે છે' એમ જણાવ્યું છે. હવે જો મોક્ષના આશયની પ્રધાનતાનું જ વર્ણન કરવું હોત અને અન્ય આશય જરા પણ આવી જાય, તો ધર્મ પરિણામે અસુંદર જ બની જાય એવો અભિપ્રાય હોત, તો આલોક-પરલોકમાં સુખ પામે છે એનું વર્ણન જ શા માટે કરત ? કારણ કે એ વર્ણનથી તો પાછું એનું આકર્ષણ પેદા થવાની શક્યતા રહેવાથી, એનો આશય દૂર કરાવી મોક્ષનો આશય પેદા કરવાનો કહેવાતો ઉદ્દેશ સફળ થવો વધુ કઠિન જ બની જાય છે.

બાકી, મોક્ષનો આશય ન હોવામાત્રથી કે ભૌતિક આશંસા હોવા માત્રથી ધર્મ જો કિંપાક ફળતુલ્ય બની જતો હોય, તો નલિનીગુલ્મ વિમાન માટે સંયમ લેનારા અવંતિ સુકુમાલ, ખાવા માટે ચારિત્ર લેનાર ભિખારી (કે જે પછીથી

સંપ્રતિ રાજા બન્યો) તથા મેઘકુમારનો જીવ હાથી... આ બધાનો ધર્મ પણ કિંપાક ફળતુલ્ય બનવો જોઈતો હતો. એ હાથીને મોક્ષાભિલાષા નહોતી, એ વાત ધર્મપરીક્ષા ગ્રન્થમાં સ્પષ્ટ છે. માટે 'મોક્ષના આશયશૂન્ય ધર્મ અસુંદર છે' એવું જણાવવાનો અહીં અભિપ્રાય નથી; કિન્તુ જે જિનોક્ત નથી એવા હિંસાદિપ્રચુર અજૈન ધર્મો અસુંદર છે; એવું જ જણાવવાનો અહીં અભિપ્રાય છે, એ એક ને એક બે જેવી વાત છે.

## (૧) કેટલાક રહસ્યાર્થો

'સાંસારિક ફળ માંગીને રવડ્યો બહુ સંસાર...'

(અ) ગુજરાતી સ્તવન-સજ્ઝાય-દુહા-રાસ વગેરે (પ્રાકૃત-સંસ્કૃત ભાષા ઉપનિબદ્ધ) મૂળ ગ્રન્થોપજીવ્યક પ્રામાણ્યવાળા હોય છે. આ પ્રસિદ્ધ વચનના આધારભૂત મૂળ ગ્રન્થના પણ આવા જ અર્થવાળા વચનને સ્વીકારીને - કલ્પીને આગળની વિચારણા જાણવી.

(બ) કોઈ પણ શાસ્ત્રવચનનો અર્થ પૂર્વાપર વિરોધ ન થાય, એ રીતે કરવો જોઈએ.

**अपि बाध्या फलापेक्षा सदनुष्ठानरागकृत् ।**
**सा च प्रज्ञापनाधीना मुक्त्यद्वेषमपेक्षते** ॥ द्वा.द्वा. १३-२१॥

અનુષ્ઠાનમાં રહેલી સૌભાગ્યાદિ ફળની ઈચ્છા જો યોગ્ય ઉપદેશ મળે તો હટી શકે એવા સ્વભાવવાળી હોય, તો એ બાધ્ય ફળાપેક્ષા કહેવાય છે. એ સદ્અનુષ્ઠાન પ્રત્યે રાગ કેળવનારી હોય છે અને કારણ તરીકે મુક્તિ-અદ્વેષની અપેક્ષાવાળી હોય છે.

સૌભાગ્ય વગેરે સાંસારિક ફળની બાધ્ય સ્વભાવવાળી ઈચ્છાથી થતું અનુષ્ઠાન, સદનુષ્ઠાન-રાગના પ્રભાવે તદ્ધેતુ અનુષ્ઠાન બને છે. આ તદ્ધેતુ અનુષ્ઠાનને **શ્રીહરિભદ્રસૂરિ મહારાજ**, મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી મહારાજ** વગેરેએ ઉપાદેય અને સફળ કહ્યું છે. એટલે જણાય છે કે એવું અનુષ્ઠાન હોય, તો સંસારમાં રખડવાનું રહેતું નથી.

તેથી પ્રસ્તુતમાં **'સાંસારિક ફળ માંગીને રવડ્યો બહુ સંસાર'** એવું જે જણાવ્યું છે તે અબાધ્ય સ્વભાવવાળી ઈચ્છાથી જેમાં સાંસારિક ફળની માંગણી

થતી હોય તે અંગે જાણવું એ પૂર્વાપર અવિરુદ્ધ છે. માટે જ રોહિણી વગેરે દેવતાના ઉદ્દેશથી થતા રોહિણી વગેરે તપોને પણ મુગ્ધ જીવો માટે હિતકર હોવા કહ્યા છે. એમ અષ્ટક પ્રકરણમાં દ્રવ્ય પચ્ચક્ખાણને ભાવ પચ્ચક્ખાણનું કારણ બનવારૂપે સાર્થક કહ્યું છે તથા શ્રીઉત્તરાધ્યયન વગેરેમાં **'अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम्'** અર્થાત્ 'અર્થ-કામના ઈચ્છુકે પણ ધર્મમાં જ ઉદ્યમ કરવો જોઈએ' ઈત્યાદિ ઉપદેશ અપાયો છે.

(ભલે ને બાધ્ય સ્વભાવવાળી હોય) સાંસારિક ફળની ઈચ્છા આવી એટલે અનુષ્ઠાન સફળ બને જ નહીં અને સંસારમાં રવડવાનું ઊભું જ રહે, એવું માનવામાં આ શાસ્ત્રીય વિધાનોનો વિરોધ થવો સ્પષ્ટ છે.

## (૨) નિસિહી કહીને થતા પ્રવેશ અંગે વિચારણા -

'નિસિહી' શબ્દથી શાના નિષેધની પ્રતિજ્ઞા થાય છે ?

સાંસારિક ફળની યાચનાના નિષેધની પ્રતિજ્ઞા થાય છે, એમ જો માનીએ તો પ્રશ્ન એ ઊભો થાય કે જેમાં કોઈ માંગણી ન હોય એવા 'ફલાણા પાસે આજે ૧૦૦૦ની ઉઘરાણી માટે જવાનું છે', 'બજારમાંથી શાક લઈને મારે જવાનું છે' આવા બધા વાણી-વિચારની છૂટ છે ? આ છૂટ પણ હોતી તો નથી જ. એટલે જો એવું માનીએ કે જેમાં સંસારની વાત હોય, એવા કોઈ પણ વાણી-વિચારના નિષેધની પ્રતિજ્ઞા છે, તો એ પણ યોગ્ય નથી.

પુત્રની નજીવી ભૂલ પર ક્રોધાવિષ્ટ થઈને પિતાએ એવી મારઝૂડ કરી કે જેથી સારવાર માટે પાંચ-સાત હજારનું પાણી થયું. એ પિતા દેરાસરમાં નિસિહી કરીને પ્રવેશે છે... સ્તવન લલકારે છે - હું તો ક્રોધકષાયનો દરિયો... ને એની આંખ સામે પુત્રની ભૂલ, પોતાનો ક્રોધ વગેરે તરવરવા લાગ્યાં : હે ભગવન્ ! હું તો ક્રોધથી આવો ધમધમી ઊઠું છું... ઈત્યાદિ એકરાર કરે છે... આ, સંસારમાં બનેલા પ્રસંગની વાત હોવા માત્રથી શું 'નિસિહી'નો ભંગ થઈ ગયો કહેવાશે ?

વળી, ગભારામાં પૂજા કરવા માટે પ્રવેશતી વખતે શ્રાવક બીજી વાર 'નિસિહી' બોલીને પ્રતિજ્ઞા કરે છે. આનાથી દેરાસર સંબંધી વાતોના નિષેધની પ્રતિજ્ઞા હોય છે તેમ જ ચૈત્યવંદન પ્રારંભે ત્રીજી વાર નિસિહી બોલવાની હોય છે, જેનાથી દ્રવ્યપૂજા સંબંધી વાતોનો ત્યાગ હોય છે. એટલે 'નિસિહી' શબ્દ

દ્વારા સંસાર-સંબંધી વાતોના ત્યાગની પ્રતિજ્ઞા હોય છે એવું તો માની શકાતું નથી. .... **તો હવે, શેનો નિષેધ છે ?**

જરાક ઊંડાણથી વિચાર કરીએ, તો જ્યારે જે સાધના ચાલુ હોય ત્યારે તે સાધનામાં વિક્ષેપ કરે, તલ્લીનતાનો ભંગ કરે, એવી વાતોનો 'નિસિહી' વડે નિષેધ થતો હોય છે; એવો અર્થ અબાધિતપણે યોગ્ય ભાસે છે.

પરમાત્માની ભાવપૂજાનું અનુષ્ઠાન પણ પૂર્ણ થવા આવ્યું છે ને હવે 'સર્વમંગલ' થવાનું જ છે, ત્યારે **'જયવીયરાય'** સૂત્રમાં 'ઈષ્ટ ફળસિદ્ધિ' પદ આવે છે. આ પદના વિવેચન તરીકે **યોગશાસ્ત્ર**(૩/૧૨૪)માં જણાવ્યું છે - **इष्टफलसिद्धिः अभिमतार्थनिष्पत्तिरिहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, तस्माच्चोपादेयप्रवृत्तिः ।**

**અર્થ** : તથા, ઈષ્ટ ફળસિદ્ધિ એટલે કે ઈહલૌકિક આજીવિકા વગેરે અભિમત પદાર્થની પ્રાપ્તિ, જેનાથી ઉપગૃહીત થયેલા જીવનું ચિત્ત સ્વસ્થ થાય છે અને તેથી પછી ઉપાદેય એવા ધર્મમાં પ્રવૃત્તિ થાય છે.

આમાં એ વાત સમજવા જેવી છે : આ ઈહલૌકિક – સાંસારિક ફળની આશંસારૂપ હોવા છતાં 'નિસિહી'ની પ્રતિજ્ઞાનો ભંગ નથી; કારણ કે ભાવ-પૂજાની સાધનામાં એ વિક્ષેપરૂપ નથી. તે પણ એટલા માટે કે જો એ આશંસા-રૂપ હોવામાત્રથી વિક્ષેપરૂપ હોય, તો 'ભવનિર્વેદ' વગેરેની આશંસાઓ પણ વિક્ષેપરૂપ બની શકે છે. જો એ સાંસારિક ફળની માંગણીરૂપ હોવાથી વિક્ષેપરૂપ હોય, તો **'દુક્ખખઓ'** પદથી પણ શારીરિક-માનસિક દુઃખોના નાશની માંગણી હોવાથી 'નિસિહી'ની પ્રતિજ્ઞાનો ભંગ માનવાની આપત્તિ આવે. આ **શ્રીશાંતિસૂરિ મ. રચિત 'ચેઈઅવંદણ મહાભાસ'**માં જણાવ્યું છે–

**सारीरमाणसाणं दुक्खाणं खओत्ति होइ दुक्खखओ।**
**नाणावरणाईणं कम्माण खओ उ कम्मखओ ॥८६२॥**

**અર્થ** : અહીં (જયવીયરાય સૂત્રમાં) શારીરિક-માનસિક દુઃખોનો ક્ષય એ દુઃખક્ષય જાણવો અને જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય એ કર્મક્ષય જાણવો.

એટલે અહીં, સાંસારિક ફળની માગણી હોવામાત્રથી ભાવપૂજાની સાધનામાં વિક્ષેપ છે અને તેથી 'નિસિહી'ની પ્રતિજ્ઞાનો ભંગ છે એવું કહી શકાતું નથી.

એ પણ જાણી લેવા યોગ્ય છે કે ઈષ્ટ ફળ તરીકે અહીં મોક્ષ કે તેના ઉપાયરૂપ સમ્યગ્દર્શનાદિ અભિપ્રેત નથી. આવો નિર્ણય આ રીતે થાય છે –

યોગશાસ્ત્ર, સંઘાચારવૃત્તિ, પંચાશક ટીકા, શ્રાદ્ધદિનકૃત્ય, ધર્મસંગ્રહ, વૃન્દારુવૃત્તિ વગેરે ગ્રન્થોમાં ઈહલૌકિક-ઐહિક.. આવાં જે વિશેષણો વપરાયાં છે તે જણાવે છે કે ત્યાં વિશેષ્ય જે છે તે કોઈ સાંસારિક પદાર્થ છે.

વળી, **પ્રશ્નચિન્તામણિ**માં તો આ પ્રમાણે પ્રશ્ન-ઉત્તર છે :

**प्रश्न : जयवीयरायमध्ये 'इट्ठफलसिद्धि' इतिवाक्येन किं मुक्तिफलं मार्गितं वान्यदिति ?**

**उत्तर : वृन्दारुवृत्त्याद्यनुसारेण ज्ञायते धर्मानुष्ठानाचरणनिर्विघ्नहेतुभूतमिहलोके निर्वाहकर द्रव्यादिसुखं मार्गितमिति ॥**

**લલિતવિસ્તરા**માં આવો અર્થ છે કે ઈષ્ટફળસિદ્ધિ એટલે અવિરોધી ફળની પ્રાપ્તિ. આ પ્રાપ્તિ થવાથી ઈચ્છા અધૂરી ન રહેવાના કારણે ચિત્ત પ્રસન્ન થાય છે અને તેનાથી ઉપાદેય એવાં દેવપૂજા વગેરે ધર્માનુષ્ઠાનોમાં પ્રયત્ન થાય છે. જો અન્યત્ર ઔત્સુક્ય નિવૃત્ત થયું ન હોય, તો આ પ્રયત્ન થઈ શકતો નથી. લલિતવિસ્તરાની 'પંજિકા'માં 'અન્યત્ર'નો અર્થ 'જીવનોપાય = આજીવિકા વગેરે' કર્યો છે. એટલે ફલિતાર્થ આ થાય છે કે આજીવિકા વગેરે ઈષ્ટ ફળ છે. એ જો પ્રાપ્ત ન થાય, તો એની ઉત્સુકતા રહેવાથી ચિત્ત વિહ્વલ બને છે અને તેથી ધર્મ-આરાધનામાં પ્રયત્ન થઈ શકતો નથી. એટલે, લલિતવિસ્તરામાં પણ ઈષ્ટ ફળ તરીકે 'આજીવિકા' વગેરે અભિપ્રેત છે એ જણાય છે.

વળી, અહીં ઈષ્ટ ફળની પ્રાપ્તિ, એનાથી ચિત્તની સ્વસ્થતા અને એનાથી ઉપાદેયમાં પ્રયત્ન = ઉપાદેયની આરાધના એમ ક્રમશઃ ત્રણ સ્ટેપ જણાવ્યાં છે. સમ્યગ્દર્શનાદિ તો સ્વયં ઉપાદેય = આરાધનારૂપ ત્રીજું સ્ટેપ છે, એટલે એને જ 'ઈષ્ટ ફળ' તરીકે પ્રથમ સ્ટેપરૂપે શી રીતે લેવાય ?

એટલે, અહીં 'ઈષ્ટ ફળ' તરીકે ઈહલૌકિક સાંસારિક ફળની માંગણી છે. અને તેમ છતાં સાધનામાં વિક્ષેપ નથી કે 'નિસિહી' પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી એ નિશ્ચિત થાય છે.

■

## વિષય - ૯

# વિષયાભિલાષી માટે પણ ધર્મ જ કર્તવ્ય

## (તત્ત્વા૦ પૃષ્ઠ - ૧૮૦)

હવે **ઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિ**ના **'विषयाभिलाषिणाऽपि'** ઇત્યાદિ વચનોના તમે કરેલા અવલોકન અંગે વિચારીએ –

xxx અર્થ-કામના અભિલાષીએ પણ અર્થકામમાં કે હિંસાદિ પાપ-સ્થાનકોમાં પ્રયત્ન ન કરતાં, એકમાત્ર ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઈએ એવું સ્પષ્ટ કરે છે. xxx આવું કહીને તમે જાતે જ તમારા પગ પર કુહાડો માર્યો છે. 'અર્થ-કામની ઇચ્છાથી ધર્મ ન જ કરાય' એવું તમારું મિથ્યાભિમાન હવે શી રીતે ઊભું રહેશે ? અમે પણ આ જ કહીએ છીએ કે 'જેને અર્થ-કામની ઇચ્છા ઊભી થઈ ગઈ છે, તેવા જીવો બીજી-ત્રીજી દોડધામ કર્યા કરે કે અનીતિ વગેરે પાપોનો આશ્રય લે, એના કરતાં તો એણે ધર્મમાં જ ઉદ્યમશીલ બનવું જોઈએ...' આ અમારી વાત સાચી હોવાથી જ જાણતાં-અજાણતાં પણ તમારા દિલમાંથી પણ એ બહાર નીકળી ગઈ.

**પ્રશ્ન :** તમે આ બધું શું કહેવા બેઠા છો ? અમે કાંઈ અમારા પગ પર કુહાડો માર્યો નથી કે તમારા મતમાં બેસી ગયા નથી કે જેથી તમારું આ બધું કહેવું સંગત બને... તમે 'અર્થ-કામની ઇચ્છા' વગેરેથી ધન-વિષયોની ઇચ્છાનો જ ઉલ્લેખ કરો છો; જ્યારે અમે તો તેનાથી સાચા સુખની ઇચ્છાનો જ ઉલ્લેખ કરીએ છીએ... જુઓ, અમે પૃ.૧૮૧ પર કહ્યું જ છે ને કે... જીવો અર્થ-કામની અભિલાષા સુખ માટે કરે છે; પરંતુ અર્થ-કામમાં સુખ આપવાની તાકાત છે નહીં, તેનાથી દેખાતું જે સુખ મળે છે તે સુખ નથી, પણ સુખાભાસ છે; કારણ કે વાસ્તવમાં તે દુઃખરૂપ છે. એના ફળરૂપે પણ દુઃખ મળે છે અને એનાથી દુઃખની પરંપરાનું સર્જન થાય છે. સાચું સુખ આપવાની તાકાત તો એકમાત્ર ધર્મમાં જ છે. માટે અર્થ-કામના અર્થાત્ સુખના અભિલાષીએ અર્થ-કામ કે હિંસાદિ પાપસ્થાનકોમાં પ્રયત્ન ન કરતાં, એકમાત્ર ધર્મમાં જ યત્ન-પ્રયત્ન કરવો જોઈએ.... ઇત્યાદિ.' આમ, આ કથન દ્વારા "**શ્રીઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિ**-નાં આ વચનો પણ 'સાચા સુખ(મોક્ષ)ની ઇચ્છાવાળાએ પણ ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ...' ઇત્યાદિ જણાવે છે." એવું જ કહેવાનો અમારો અભિપ્રાય હોવો અમે સ્પષ્ટ કર્યો જ છે. તો તમે કેમ એમ કહો છો કે અમે અમારા પગ પર કુહાડો મારીએ છીએ ?

**ઉત્તર** : તમે તમારો અભિપ્રાય સ્પષ્ટ કર્યો છે ખરો, પણ એ અનેક દોષોથી ખરડાયેલો હોઈ દુરભિપ્રાય છે અને શાસ્ત્રોને તે અસંમત છે. તમે 'અર્થ-કામના અભિલાષી'નો અર્થ 'સુખનો અભિલાષી' એમ કર્યો છે અને સુખ તરીકે સાચું સુખ જણાવ્યું છે. સાચું સુખ તો મોક્ષમાં જ છે, તેથી 'અર્થ-કામના અભિલાષી' શબ્દ પણ 'મોક્ષનો અભિલાષી' એવા તાત્પર્યવાળો છે, એવો અભિપ્રાય તમે દેખાડ્યો છે. તમે દેખાડેલા આવા અભિપ્રાયમાં નીચેના દોષો રહેલા છે :

(૧) આગળ દેખાડી ગયા એ મુજબ ધન અને શબ્દાદિ વિષયોની ઈચ્છાને જણાવનાર તરીકે અતિ પ્રસિદ્ધ - અતિ પરિચિત અને તેથી જ ધન-શબ્દાદિ વિષયોની ઈચ્છાની શીઘ્ર ઉપસ્થિતિ કરી આપનાર એવા આ **'अर्थकामाभिलाषी'** શબ્દનો સાચા સુખની અર્થાત્ મોક્ષની ઈચ્છાને જણાવવાના અભિપ્રાયમાં પ્રયોગ માનવો એ સંપ્રદાય-વિરુદ્ધ છે. માટે આ શબ્દથી ગ્રંથકારે જો 'મોક્ષાભિલાષી' જણાવવું હોય, તો તેઓનો એ પ્રયોગ સંપ્રદાય-વિરુદ્ધ બની જવાની આપત્તિ આવે.

(૨) "જ્યાં જ્યાં આ રીતે **'अर्थकामाभिलाषी'** શબ્દ આવે ત્યાં ત્યાં તેની લક્ષણા કરી 'મોક્ષાભિલાષી' એવો અર્થ કરવો" એવી નિરૂઢ લક્ષણા છે નહીં... અને તેમ છતાં અહીં લક્ષણા કરવી પડે છે, માટે એ ક્લિષ્ટ કલ્પના વગેરે દોષોથી દુષ્ટ છે.

(૩) જુદી જુદી વસ્તુઓને જણાવનાર એવા અર્થ અને કામ એ બન્ને શબ્દો પરથી સાચા સુખરૂપ એક અર્થ કાઢી શકાતો નથી, કેમ કે બે શબ્દોની એક અર્થમાં આ રીતે લક્ષણા હોવી કોઈને માન્ય નથી. એક શબ્દની જ લક્ષણા કરો, તો બીજો શબ્દ ઉન્મત્તના બબડાટની જેમ વ્યર્થ હોવાની આપત્તિ આવે. તેમ છતાં, શ્રોતાને 'અર્થ-કામ' શબ્દના અર્થ તરીકે મોક્ષ જ ઉપસ્થિત થઈ જાય એમ માની લઈએ, તો તો તમારે 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરો' એવું કહેતા અમારો વિરોધ ન કરવો જોઈએ. જે ઉપદેશવાક્ય સંસ્કૃતમાં બોલી શકાય છે, એનો ગુજરાતીમાં નિષેધ કરવો... આ તે કેવી વિચિત્રતા!

(૪) વળી **'वरविसयसुहं'** શ્લોકની અવતરણિકામાં રહેલા 'તથાપિ' શબ્દની જે વાત કરી, તે મુજબ અહીં પણ **'अर्थकामाभिलाषिणाऽपि'** માં જે **'अपि'** શબ્દ રહ્યો છે તે અસંગત ઠરે છે. બીજી એવી કઈ વસ્તુ છે જેના માટે

મુખ્યવૃત્તિએ ધર્મ કરવાનો હોય અને સાચા સુખ – મોક્ષ માટે ગૌણવૃત્તિએ કરવાનો હોય કે જેથી 'સાચા સુખના અભિલાષીએ **પણ** ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઈએ' એવું '**પણ**' શબ્દયુક્ત વચન સંગત બને ? '**अ**' નામની મોક્ષ-ભિન્ન એવી કોઈ વસ્તુ હોય, તો આવું વચન સંગત ઠરે; કેમ કે એનો ભાવાર્થ આવો નીકળી શકે છે કે '**अ**'ના અભિલાષીએ તો ધર્મમાં પ્રયત્ન કરવો જ જોઈએ, પણ મોક્ષના અભિલાષીએ પણ ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઈએ. પણ આવી કોઈ વસ્તુ છે નહીં; માટે તેવો વચન-પ્રયોગ અયોગ્ય ઠરે છે.

વળી, એક વાસ્તવિકતા ખ્યાલમાં રાખવા જેવી છે. '૪ + ૪' આ દાખલાનો '૮' એ સાચો જવાબ છે અને તે એક જ છે. જ્યારે ૬, ૭, ૯, ૧૦ વગેરે એના ખોટા જવાબો છે અને તે ઘણા છે, પણ એ અનેક જવાબોમાંથી એકેય જવાબ ક્યારેય સાચો બની શકતો નથી કે સાચો હોવો સિદ્ધ થઈ શકતો નથી. તેમ જ એ જવાબો '૮' એવા સાચા જવાબને ક્યારેય ખોટો સિદ્ધ કરી શકતા નથી. એમ તમે પણ આજ્ઞાર્થ-વિધ્યર્થ પ્રયોગવાળાં આવાં સ્થળોના જુદા જુદા અનેક અર્થો કાઢવા પ્રયાસ કર્યો.... જેમકે –

(૧) મનોરમા કથામાં આવતા **'जइ इच्छह धणरिद्धिं'** અને **'चक्कहरा'** શ્લોકોમાં તે શ્લોકો મહિમાદર્શક હોવાનો અર્થ;

(૨) **'वरविसयसुहं...'** માં પરિણામતઃ શ્રેષ્ઠ વિષયસુખોની વાત હોવાનો અર્થ;

(૩) શ્રીઉત્તરાધ્યયન સૂત્ર વૃત્તિનાં આ વચનોમાં સાચા સુખની વાત હોવાનો અર્થ;

(૪) **શ્રી અજિતશાંતિ-સ્તવન**ની છેલ્લી ગાથા **'जइ इच्छह परमपयं अहवा कित्तिं'** ગાથાનો તમે 'અહીં કીર્તિ માટે ધર્મ કરવાનું નથી કહ્યું, પણ શ્રીજિનવચનમાં આદર કરવાનું કહ્યું છે.' આવો અર્થ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે (આમાં શી ભૂલ છે તે આગળ દેખાડીશ); પણ આ બધા અર્થ ખોટા હોઈ, એમાંથી એકેય અર્થ સાચો હોવો સિદ્ધ થઈ શકતો નથી કે એકેય અર્થ 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' એવા સાચા અર્થને ખોટો સિદ્ધ કરી શકતો નથી અને તેથી જ –

xxx 'અર્થ-કામના અભિલાષીએ પણ ધર્મમાં જ પ્રયત્ન કરવો' કે 'વિષયના અભિલાષીએ પણ ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઈએ' આવા સ્પષ્ટ

શાસ્ત્રવચનનું એવું અર્થઘટન કરવામાં આવે કે 'અર્થ-કામ માટે ધર્મ કરી શકાય', 'અર્થ-કામ માટે ધર્મ કરવાનો ઉપદેશ આપી શકાય' તો તે અર્થઘટન જૈનશાસનના પરમાર્થને પામેલા વિદ્વજ્જનોમાં કદાપિ માન્ય બની શકે નહીં. ××× ઈત્યાદિ તમે જે કહ્યું છે તેમાં, તમારા કહેવામાત્રથી જ જો એ અર્થઘટન માન્ય બનતું અટકી શકતું હોય, તો જ તમારું તે કથન સત્ય ઠરી શકે છે, કેમ કે "તમે કહો છો એટલા આધાર સિવાય બીજો તો કોઈ શાસ્ત્ર કે યુક્તિનો આધાર તમારી પાસે છે નહીં...અને 'તમે કહો છો' એટલો આધાર કાંઈ આવી વાતોને સત્ય તરીકે ઊભી રાખવા માટે સમર્થ નથી જ. માટે જ તમે જે લખ્યું છે કે ××× ઉપરોક્ત શાસ્ત્રવચનો અર્થ-કામ માટે ધર્મ કરવાનું વિધાન નથી કરતાં ××× તે ખોટું ઠરે છે. માટે અમુક અપેક્ષાએ બોલાયેલાં આ શાસ્ત્રવચનો 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવાનું વિધાન કરે છે.' " એ સ્વીકારવું જોઈએ. [અહીં એ પણ ખ્યાલમાં રાખવું કે આ જે અર્થઘટનનું હું સમર્થન કરી રહ્યો છું તે પણ આવું સમજવું કે 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરી શકાય', 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવાનો ઉપદેશ આપી શકાય.' તમે અમારા નામે જે અર્થઘટનનો જોરશોરથી પ્રચાર કરો છો તેમાં અને આ અર્થઘટનમાં કેટલો ફેર છે તે તમે સમજી ગયા હશો.]

**પ્રશ્ન :** **'अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम्'** ઈત્યાદિ વાક્યો એટલું જ જણાવે છે કે અર્થ-કામના ઈચ્છુકે પણ ધર્મમાં જ ઉદ્યમશીલ બનવું જોઈએ. અહીં ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો છે, પણ અર્થ-કામની ઈચ્છાથી (અર્થ-કામ મળે એ માટે) ધર્મ કરવાનું ક્યાં કહ્યું છે ?

**ઉત્તર :** સામાન્યથી, કોઈ પણ પ્રવૃત્તિ પ્રત્યે 'ઈચ્છા' એ હેતુ છે. એટલે આ ઉપદેશ સાંભળીને ધર્મ કરનારો શ્રોતા પણ કો'ક ને કો'ક ઈચ્છાથી જ એ ધર્મપ્રવૃત્તિ કરી રહ્યો છે એ સ્પષ્ટ છે. હવે, 'અર્થ-કામનો અભિલાષી' એવો સ્પષ્ટ ઉલ્લેખ જ ત્યાં કરેલો છે, તો અર્થ-કામની ઈચ્છા સિવાયની બીજી કોઈ ઈચ્છા ત્યાં કલ્પી શકાય નહીં.' માટે 'એ ધર્મપ્રવૃત્તિ અર્થ-કામની ઈચ્છાથી નથી થવાની' એમ કે 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવાનો એ ઉપદેશ નથી' એમ કહી શકાય નહીં.

વળી પૃ. **૧૮૨** પર તમે જે લખ્યું છે કે ××× શાસ્ત્રકારોના નામે 'અર્થ-કામ માટે ધર્મ કરી શકાય' એવું વિધાન કરનારા મહાનુભાવો **'अर्थकामौ हि**

**वाञ्छतामपि पुरुषाणां न धर्मव्यतिरेकेण संपद्येते, धर्मवतां पुनरतर्कितौ स्वत एवोपनमेते'** 'અર્થ-કામ પોતાની મેળે જ આવી મળે છે.' - અહીં સુધીનો પાઠ છુપાવીને માત્ર **अतोऽर्थकामार्थिभिः पुरुषैः परमार्थतो धर्म एव उपादातुं युक्तः, तस्मात् स एव प्रधानः'** 'આથી અર્થ-કામના અર્થી પુરુષોએ પણ પરમાર્થથી તો ધર્મ જ કરવો યુક્ત છે, તેથી ધર્મ જ પ્રધાન છે.' આટલો જ પાઠ રજૂ કરે છે; તે પણ તેમની સશલ્ય મનઃસ્થિતિનું દર્શન કરાવે છે. xxx

તમારી આ વાત તો સાવ તુચ્છ જ છે... કેમ કે આમાં આગળનો પાઠ છુપાવવાની કોઈ જરૂર જ નથી કે જેથી એને છુપાવવો પડે... 'અર્થ-કામને ઈચ્છનારા પુરુષોને પણ ધર્મ વિના તે મળતાં નથી... જ્યારે ધર્માત્માને તો નહીં કલ્પેલાં એવાં અર્થ-કામ પોતાની મેળે જ આવી મળે છે.' આટલો અંશ કે જેને પછી કહેલી 'આથી અર્થ-કામના અર્થી પુરુષોએ પણ પરમાર્થથી તો ધર્મ જ કરવો યુક્ત છે, તેથી ધર્મ જ પ્રધાન છે.' આ વાતને બાધિત કરતો હોવાની તમે કલ્પના કરો છો અને તેથી અમે એ છુપાવીએ છીએ એવો તમે આરોપ કરો છો. પણ વાસ્તવમાં કંઈ તે તેને બાધિત કરતો નથી કે જેથી એને છુપાવવો પડે... પ્રથમ વાતનો તે અંશ, જેઓ ધર્મ પામી ગયા છે – ધર્મ કરી રહ્યા છે, તેવા ધર્માત્માનો ઉલ્લેખ કરે છે; જ્યારે બીજી વાત મુખ્યતયા, હજુ જેઓ ધર્મમાં જોડાયા નથી અને તેમ છતાં અર્થ-કામની ઈચ્છાથી પણ એક વાર ધર્મમાં જોડાઈ જાય એ માટે છે... આમ બન્નેનો વિષય જુદો હોઈ પ્રથમ વાત બીજી વાતને બાધિત કરે છે એવું રહે છે જ ક્યાં ? કે જેથી પ્રથમ વાતને છુપાવવાનો પ્રશ્ન ઊભો થાય... ઊલટું, એ અંશ પણ, પાછલી વાતને પુષ્ટ જ કરે છે. તે આ રીતે – (ગ્રન્થકાર જાણે કે અર્થ-કામાર્થી જીવને સંબોધીને કહી રહ્યા છે) 'ભાઈ ! જો તું અર્થ-કામનો ઈચ્છુક છે, તોપણ વાસ્તવિકતા એ છે કે તારે ધર્મ જ કરવો જોઈએ; કેમ કે અર્થ અને કામને ઈચ્છતા માણસોને પણ તે અર્થ-કામ ધર્મ વગર મળતાં નથી; જ્યારે જેઓ ધર્મ કરે છે તેવા ધર્માત્માને તો ન ઈચ્છેલા પદાર્થો પણ સ્વયં આવી મળે છે.' આમ, આવો અર્થ ઉપસ્થિત કરી આપવા દ્વારા આ પૂર્વોક્તવચન 'અર્થ-કામની ઈચ્છાવાળાએ પણ ધર્મ જ કરવો જોઈએ' એ વાતને પુષ્ટ કરે છે.

**પ્રશ્ન :** આમાં તમે જે કહ્યું છે કે 'તેવા ધર્માત્માને ન ઈચ્છેલા પદાર્થો પણ સ્વયં આવી મળે છે' તેમાં 'પણ' શબ્દ તમે તમારા ઘરનો ઘસાડીને

'ઈચ્છેલા પદાર્થોય મળે છે અને ન ઇચ્છેલા પદાર્થોય મળે છે' એવું દેખાડવાનો પ્રચાર કર્યો છે, જે જરાય યોગ્ય નથી. 'ન ઈચ્છેલા પદાર્થો મળી આવે છે' એટલું કહેવા દ્વારા ગ્રન્થકારનો 'ધર્માત્માને અર્થ-કામની ઈચ્છા હોતી નથી' એવું દેખાડવાનો જે અભિપ્રાય છે તેને તમે આ રીતે ઉડાડી દેવાનો પ્રયાસ કરો છો એ શી રીતે યોગ્ય ઠરે ?

**ઉત્તર :** ગ્રન્થકારે **'પણ'**ને જણાવનાર **'અપિ'** શબ્દ વાપર્યો નથી, એ વાત સાચી; પણ એટલા માત્રથી 'અપિ' શબ્દનો અધ્યાહાર પણ જો ન કરવાનો હોય, તો ફલિત એ થાય કે 'ધર્માત્માને ન ઈચ્છેલા પદાર્થ જ મળી આવે છે, ઈચ્છેલા પદાર્થ નહિ.' આવું જો ફલિત થાય તો ગ્રન્થકારનો નવા જીવને ધર્મમાં જોડવાનો જે અભિપ્રાય છે તે સાર્થક નહિ બને, કેમ કે નવો જીવ તો જો એને આવું જાણવા મળે કે 'ધર્મથી ન ઈચ્છેલા પદાર્થો જ મળશે, ઈચ્છેલા અર્થ-કામાદિ નહિ' તો તો એ ધર્મમાં જોડાય જ શાનો ?

**પ્રશ્ન :** પણ ધર્માત્માને તો અર્થ-કામની ઈચ્છા જ હોતી નથી, અને તેથી ઈચ્છેલા અર્થ-કામ જેવી કોઈ ચીજ જ ન હોઈ, તે તેને મળવાની વાત જ ક્યાં રહે ?

**ઉત્તર :** અપ્રમત્ત સંયતાદિ ધર્માત્માને તે ઈચ્છા હોતી નથી એ વાત સાચી, પણ અવિરત સમ્યક્ત્વી વગેરે ધર્માત્માને તો અપ્રત્યાખ્યાનાવરણ -પ્રત્યાખ્યાનાવરણ કોટિના રાગના પ્રભાવે તેની ઈચ્છા પણ હોય જ છે. જો તેઓને પણ એ ઈચ્છા ન હોય, તો તે રાગની જીવ પર અસર શી ?

'અર્થ-કામના અર્થી પુરુષોએ પરમાર્થથી ધર્મ જ કરવો જોઈએ' એવું વિધાન શાસ્ત્રીય છે, એ વાત તમારા અને તમને અનુસરનાર વ્યક્તિઓના મનમાં આ પાછલા પાઠમાત્રથી પણ બેસી જશે એમ સમજીને પ્રથમ વાતનો ઉલ્લેખ નથી કરાયો. ટૂંકેથી પતી જતું હોય તો વગર કારણે વિસ્તાર શા માટે કરવો ? વિવાદાસ્પદ બનેલ વિધાનનો સાચો અર્થ ન કહી શકનારાઓએ તે વિધાન ગૌણ બની જાય - ભુલાઈ જાય એ માટે અન્ય શાસ્ત્ર વગેરેનાં કે પ્રસ્તુત શાસ્ત્રનાં અન્ય વચનોનો વિસ્તાર ખડો કરવાનો પ્રપંચ કરવો પડે, પણ જેઓ સાચી વાતને આગમ-યુક્તિ-પુરસ્સર ટૂંકમાં કહી શકે છે; તેવા મહાત્માઓને કાંઈ તેવાં અન્ય શાસ્ત્રવચનોનો વિસ્તાર કરવો જરૂરી રહેતો નથી. અને તેથી જ 'આવો વિસ્તાર નથી કર્યો' એટલા માત્રથી તે મહાત્માઓની મનઃસ્થિતિ

સશલ્ય હોવાનો આક્ષેપ પણ તેમના ઉપર મૂકવો વાજબી નથી... બાકી કોની મનઃસ્થિતિ સશલ્ય છે તે તો તમે પૃ.૧૬૫ ઉપર ××× પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચન-અનુષ્ઠાન અને અસંગ-અનુષ્ઠાન : આ રીતે **મોક્ષના કારણભૂત** સદનુષ્ઠાન ચાર પ્રકારનું છે, એમ તત્ત્વના જાણકારોએ કહ્યું છે. ××× એવો દશમા **ષોડશક**ના બીજા શ્લોક –

**તત્પ્રીતિભક્તિવચનાસઙ્ગોપપદં ચતુર્વિધં ગીતમ્ ।**
**તત્ત્વાભિજ્ઞૈઃ પરમપદસાધનં સર્વમેવૈતત્ ॥૨॥**

– નો જે અર્થ લખ્યો છે તેના પરથી પ્રગટ થઈ જાય છે; કેમ કે આ શ્લોકમાં तत् અને एतत् એવાં જે બે સર્વનામો વપરાયાં છે, તેના પરથી અને આ શ્લોકની પૂજ્યપાદ આચાર્યભગવંત **શ્રીયશોભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** તેમજ પૂજ્ય **ઉપાધ્યાયજી મહારાજાએ** રચેલી [1]વૃત્તિ પરથી આ શ્લોકનો બે જુદાં વાક્યોવાળો આવો જ અર્થ ફલિત થાય છે કે 'તે = સદ્-અનુષ્ઠાન (પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચન-અનષ્ઠાન અને અસંગ-અનુષ્ઠાન એમ) ચાર પ્રકારનું હોવું તત્ત્વજ્ઞો વડે કહેવાયું છે. આ બધું જ = આ પ્રીતિઅનુષ્ઠાન વગેરે ચારેય પ્રકારનું અનુષ્ઠાન પરમ પદનું - મોક્ષનું સાધન છે.' તમે કર્યો છે એવો અર્થ કાંઈ ફલિત થતો નથી.

**પ્રશ્ન :** પણ આ અર્થમાં અને અમે કરેલા અર્થમાં ફેર શો છે ? કે જેના કારણે તમે અમારું મન સશલ્ય હોવાની વાત કરો છો ?

**ઉત્તર :** ઓહો ! શું આ બેમાં ફેરની ખબર પડતી નથી ? આ વાસ્તવિક ફલિતાર્થમાં ચારેય પ્રકારના અનુષ્ઠાનને ઉદ્દેશ્ય બનાવીને તે દરેકમાં મોક્ષની સાધનતા હોવાનું વિધાન કર્યું છે... જ્યારે તમે મોક્ષ સાધનત્વને ઉદ્દેશ્ય કોટિમાં લઈ જઈ, મોક્ષ સાધનભૂત સદ્અનુષ્ઠાનને ઉદ્દેશ્ય બનાવ્યું છે અને તેમાં ચાર પ્રકારનું હોવાપણાનું (ચતુર્વિધત્વનું) વિધાન કર્યું છે. આ રીતે ઉદ્દેશ્ય – વિધેયભાવ પલટાવીને તમે અનર્થ ઊભો કર્યો છે.

---

૧. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ રચેલી વૃત્તિ - तदेव भेदत आह - तदित्यादि । तत् = सदनुष्ठानं प्रीतिभक्तिवचनासङ्गा एते शब्दा उपपदानि पूर्णभूदानि यस्य तत्तथा, चतुर्विधं गीतं = शब्दितं तत्त्वाभिज्ञैः = तत्त्वविद्भिः परमपदस्य - मोक्षस्य साधनं सर्वमेवैतत् चतुर्विधं प्रीत्यनुष्ठानं, भक्त्यनुष्ठानं, वचनानुष्ठानं, असङ्गानुष्ठानं च ॥२॥

તમારા મનની સશલ્યતાને જણાવનાર એક બીજી વાત ટાંકું ? તત્ત્વા૦ પૃ. ૩૨ ઉપર છટ્ઠા પંચાશકની આઠમી ગાથાની વૃત્તિ રજૂ કરી છે કે 'साध्यश्च मुख्यवृत्त्या मोक्षार्थः, तत्कारणतया धर्मार्थः, प्रसंगतश्चेतराविति' આનો, 'મુખ્યરૂપે મોક્ષરૂપ પદાર્થ (અથવા પુરુષાર્થ) સાધ્ય છે, તેના કારણ તરીકે ધર્મ સાધ્ય છે અને પ્રસંગને = પરિસ્થિતિ-વિશેષને પામીને ઇતર = અર્થ અને કામ સાધ્ય છે.' આવો અર્થ સ્પષ્ટ હોવા છતાં, તમે प्रसंगतश्चेतराविति એટલા અંશનો અર્થ આવો જણાવ્યો છે કે ××× અને અર્થ, કામ પ્રાસંગિક = આનુષાંગિક છે.××× 'प्रसंगतः' શબ્દનો અર્થ 'આનુષાંગિક' કરીને એવું ઉપસાવવાનો તમારો પ્રયાસ છે કે 'અર્થ-કામ આનુષાંગિક ફળરૂપે મળે છે, એવું જણાવવાનો ગ્રન્થકારનો અભિપ્રાય છે', જે ગ્રન્થકારના 'અર્થ-કામ પ્રસંગવિશેષે સાધ્ય છે' એવા અભિપ્રાયથી વિપરીત છે. 'साध्यश्च...' ઇત્યાદિ ગ્રન્થસન્દર્ભ, 'इतरौ' શબ્દ પછી 'साध्यौ' શબ્દના અધ્યાહારને જ સૂચવે છે, 'फले' શબ્દના અધ્યાહારને નહીં.

(ગ્રન્થકારે અર્થ-કામને પ્રસંગતઃ સાધ્ય કેમ કહ્યા છે, એની ચર્ચા અપ્રસ્તુત હોવાથી એનો વિસ્તાર કરતો નથી.)

■

कामरागस्नेहरागावीषत्कर निवारणौ।
दृष्टिरागस्तुपापीयान् दुरुच्छेदः सतामपि ॥ वीतरागस्तोत्र ॥

વિષયો પ્રત્યેના આકર્ષણ-સ્વરૂપ કામરાગ અને સ્નેહી-સ્વજનોના મમત્વ-સ્વરૂપ સ્નેહરાગ... આ બન્ને પ્રકારનો રાગ દૂર કરવો હજુ સહેલો છે; જ્યારે દૃષ્ટિરાગ તો એવો પાપી છે કે (આ બે પ્રકારના રાગ પર વિજય મેળવવામાં સફળ નીવડેલા) સંતપુરુષોએ પણ એનો ઉચ્છેદ કરવો દુષ્કર છે. – રખે ને પોતાની માન્યતાને છોડી દેવી પડે... આવી બીકથી, સ્વમાન્યતાથી ભિન્ન માન્યતાની ગમે એટલી શાસ્ત્રસંગત ને તર્કસભર વિચારણાઓને સાંભળવા-સમજવાની તૈયારી પણ ન દાખવવી... 'અમારી જ માન્યતા સાચી' આવી કાચી સમજણવાળી ગાઢ પકડ – એ દૃષ્ટિરાગ છે. પોતાની માન્યતાઓથી વિપરીત શાસ્ત્રવચનો ને તર્કો જાણવા મળે ત્યારે, પોતાની માન્યતાને બચાવવા માટે ગમે તેવા કુતર્કો લડાવવા... શાસ્ત્રવચનોના મનઘડંત અર્થો કરવા... આ બધો દૃષ્ટિરાગનો મોહવિલાસ છે.

दृष्टिरागो महामोहो दृष्टिरागो महाभयः।
दृष्टिरागो महामारो दृष्टिरागो महाज्वरः ॥ योगसार २-२ ॥

## વિષય-૧૦

# તપ પંચાશકનું રહસ્ય

**પૃ. ૨૧૩** ઉપર તમે લખ્યું છે xxx 'અહીં આ રોહિણી વગેરે તપ સૌ કોઈ માટે હિતકર છે' એવું ન લખતાં 'મુગ્ધ જીવો માટે હિતકર છે' એવું ગ્રન્થકારશ્રી વિધાન કરે છે. તે ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે 'આ રોહિણી વગેરે તપોનું વિધાન મુગ્ધ જીવો માટે છે, નહિ કે મુગ્ધેતર માટે.' xxx

મહાત્મન્ ! તમારી મનઃસ્થિતિ સશલ્ય હોવાનું સૂચન કરનારાં આના જેવાં કેટલાં સ્થાનો દેખાડું ? તમે આમાં જે કહ્યું છે કે xxxઆ રોહિણી વગેરે તપોનું વિધાન મુગ્ધ જીવો માટે છેxxx એમાં 'મુગ્ધ જીવો માટે જ છે' એ રીતે સીધા 'જ'કારનો તમે જે પ્રયોગ કર્યો નથી તે, એમાં તમને સીધેસીધા જ પકડાઈ જવાની દહેશત હોવાના કારણે ન કર્યો હોય, એમ મને લાગે છે; કેમ કે **૧૯ મા પંચાશક**ના પ્રસ્તુત ૨૩ મા શ્લોકની વૃત્તિમાં 'જ'કારનો અન્યત્ર (હિત શબ્દ પછી) પ્રયોગ કરેલો છે... માટે જો તમે 'મુગ્ધ જીવો માટે જ' એ રીતે 'જ'કારનો પ્રયોગ કરો, તો તો પ્રથમ દૃષ્ટિએ પકડાઈ જાઓ. તેથી 'જ'કારથી જે અર્થ મેળવવો ઈષ્ટ છે, તે મેળવી લેવાય એટલા માટે તમે અન્યનો વ્યવચ્છેદ દેખાડનાર xxx 'નહિ કે મુગ્ધેતર માટે' xxx એવો વચનપ્રયોગ તમારા તરફથી ઉમેર્યો હોય એવું મને લાગે છે...

તમારા આ લખાણ પરથી લખનારની મનઃસ્થિતિ સશલ્ય હોવાનું સૂચન શી રીતે થાય છે તે હવે દેખાડું... 'મુગ્ધ જીવો માટે જ હિતકર છે' એવા 'જ'કારયુક્ત પ્રયોગનું જે ફળ છે કે મુગ્ધેતર જીવો માટે તેની હિતકરતાનો નિષેધ કરવો, તે તમે xxx નહીં કે મુગ્ધેતર માટે xxx એમ કહીને પ્રાપ્ત કર્યું છે. વાસ્તવિકતા એ છે કે 'મુગ્ધ જીવોને માટે હિતકર છે' આવા વચન પરથી શ્રોતાને આવા પ્રકારની શંકાઓ ઊઠી શકે છે કે આ રોહિણી વગેરે તપ (૧) 'મુગ્ધ જીવોને માટે હિતકર જેમ છે, એમ એ લોકો માટે અહિતકર પણ છે ખરો ?' (૨) 'મુગ્ધ જીવોને માટે હિતકર છે, પણ મુગ્ધેતર માટે કેવો ?' ઈત્યાદિ... હવે જો 'મુગ્ધ જીવોને માટે હિતકર જ છે' એવો અથવા 'મુગ્ધ જીવો માટે હિતકર છે, અહિતકર નહિ' એવો વચનપ્રયોગ થયો હોય, તો આમાંની પ્રથમ શંકા દૂર થાય છે... પણ જો 'મુગ્ધ જીવો માટે જ હિતકર છે' અથવા 'મુગ્ધ જીવો માટે હિતકર છે, મુગ્ધેતર માટે નહિ' એવો વચન-પ્રયોગ થયો

હોય, તો આમાંની બીજી શંકા દૂર થાય છે... વૃત્તિમાં પ્રથમ શંકા દૂર થાય એવો વચનપ્રયોગ છે – xxx **मुग्धजनानां = अव्युत्पन्नबुद्धिलोकानां हितं खलुपथ्यमेव** xxx અર્થાત્ 'મુગ્ધ લોકોને = જેઓની બુદ્ધિ વ્યુત્પન્ન થઈ નથી તેવા લોકોને 'હિતકર જ છે' આવો 'જ'કારયુક્ત વચન- પ્રયોગ છે. આવો વચનપ્રયોગ તે તપમાં મુગ્ધ જીવોને અહિતકરતા હોવાનો જ વ્યવચ્છેદ કરે છે, મુગ્ધેતર જીવોની હિતકરતાનો નહિ. જો તમારી જેમ એ વ્યવચ્છેદ કરવો ઈષ્ટ હોત તો xxx **मुग्धजनानां = अव्युत्पन्नबुद्धिलोकानां एव हितं = पथ्यम्, खलुरेवकारार्थो भिन्नक्रमश्च, स च योजित एव** xxx ઈત્યાદિ વચનપ્રયોગ વૃત્તિમાં હોત !

**અર્થાત્** - "મુગ્ધ લોકોને = જેઓની બુદ્ધિ વ્યુત્પન્ન થઈ નથી તેવા લોકોને જ હિત = પથ્યરૂપ છે. અહીં 'खलु' શબ્દ 'एव' = 'જ'કારના અર્થમાં છે, તેમ જ તે ભિન્ન ક્રમમાં આવેલો જાણવો. એના યોગ્ય ક્રમ પ્રમાણે એનો અન્વય કરાયો જ છે." આવો વચનપ્રયોગ વૃત્તિમાં હોવો જોઈએ, પણ એવો છે નહિ. માટે શ્લોક અને વૃત્તિનો નિઃશલ્ય બનીને અર્થ કરવામાં આવે, તો જણાય જ છે કે 'મુગ્ધેતર જીવોને આ રોહિણી વગેરે તપોથી હિત ન જ થાય' એવો નિષેધ અહીં કરવામાં આવ્યો નથી. 'મુગ્ધ જીવો માટે હિતકર જ છે' એવું જણાવ્યું છે, એનાથી એમ જણાય છે કે 'મુગ્ધેતર માટે એ હિતકર ન જ બને' એવો નિયમ નથી; પણ ક્યારેક હિતકર બની શકે છે. 'મુગ્ધેતર માટે એ હિતકર બને પણ છે' એ વાતનું સમર્થન આગળની ૨૬મી ગાથામાં જે 'विसेसओ' શબ્દ મૂક્યો છે તેનાથી પણ થાય છે (એ આગળ દેખાડીશ)..

**પ્રશ્ન :** પણ જો આ રીતે રોહિણી વગેરે તપ મુગ્ધેતર જીવો માટે પણ હિતકર હોય, તો 'સૌ કોઈ માટે હિતકર છે' એવું ન લખતાં 'મુગ્ધ જીવો માટે હિતકર છે' એવું કેમ લખ્યું ?

**ઉત્તર :** એવું એટલા માટે લખ્યું છે કે (૧) મુખ્યતયા વિશેષ પ્રકારે એ મુગ્ધ જીવોને માટે હિતકર બને છે અને (૨) મુગ્ધ જીવોને હિતકર જ નીવડવાનો નિયમ છે. જ્યારે મુગ્ધેતર માટે એવો નિયમ નથી; કારણ કે મુગ્ધેતર તો સાધુઓ પણ છે. પણ તેમને તેવા તપ વગેરે જરૂરના નથી. **'जावंत केवि साहू'** સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહમાં રહેલા સાધુઓને નમસ્કાર કહ્યો છે, એનો અર્થ એવો નથી કે એની બહાર રહેલા સાધુઓ અનમસ્કાર્ય છે. એ તો મુખ્યતયા આ ક્ષેત્રોમાં સાધુઓ હોય છે; એટલે એનો

ઉલ્લેખ કર્યો છે. બાકી મુગ્ધેતર જીવોને આ રોહિણી વગેરે તપો હિતકર છે જ નહિ એવું માનનારા તમે, વર્ષોથી જિનવાણી સાંભળનારાં પરિચિત શ્રાવક-શ્રાવિકા કે જેઓ મોક્ષ વગેરેને સમજી ગયાં છે; તેઓને આ રોહિણી વગેરે તપનું પચ્ચક્ખાણ લેવા આવે, તો શું ના કહી દો છો કે 'તમારે માટે આ તપ હિતકર નથી, તમારે એ કરવો ન જોઈએ, કરશો તો ડૂબશો' વગેરે ? શ્રાવક-શ્રાવિકા સંઘમાં અનેક સમજુ જીવો પણ રોહિણી-અક્ષયનિધિ વગેરે તપ આરાધતા હોવાની પરમ્પરા અવિચ્છિન્નપણે ચાલી આવે છે, પણ આજ સુધી કોઈ ગીતાર્થે તેમને નિષેધ કર્યો નથી.

## મુગ્ધ જીવો કોને કહેવાય ?

આ બાબતમાં તમે પૃ. ૨૧૩ પર એવું લખ્યું છે કે ××× આ જ ગાથાની ટીકામાં મુગ્ધ કોને કહેવાય ? એની સ્પષ્ટ વ્યાખ્યા આપતાં જણાવ્યું કે ***'જેની બુદ્ધિનો વિકાસ ન થયો હોય, અર્થાત્ કોઈ પણ વસ્તુનો વિશેષ ખ્યાલ આવે એવી જેનામાં શક્તિ જ ન હોય તે મુગ્ધ કહેવાય.*** ××× વળી, પૃ. ૨૧૭ પર તમે લખ્યું છે કે ×××ટીકાના આ શબ્દો પણ સ્પષ્ટ કરે છે કે મુગ્ધ જીવો વિશેષ જ્ઞાન-શક્તિથી વિકલ હોવાના કારણે પ્રારંભમાં કષાયનિરોધાદિવાળા રોહિણી વગેરે તપમાં જ પ્રવૃત્તિ કરે છે. કષાય-નિરોધાદિવાળા આ તપના અભ્યાસથી તથા પ્રકારનો ક્ષયોપશમ પ્રગટ થતાં તે જીવોની જ્ઞાનશક્તિનો પણ વિકાસ થાય છે. ×××

તમારું આવું બધું લખાણ એ વાતનું સૂચન કરે છે કે **શ્રી પંચાશક-શાસ્ત્ર**(૧૯/૨૩)ની વૃત્તિમાં 'मुग्धजनानां' શબ્દની 'अव्युत्पन्नबुद्धिलोकानां' એવી જે વ્યાખ્યા કરી છે, તેનો તમને એવો અર્થ માન્ય છે કે 'જેને જ્ઞાનાવરણ કર્મના ઉદયનું પ્રાબલ્ય હોય તે મુગ્ધ' અને જેને તેનું પ્રાબલ્ય ન હોય, અને તેથી અનેક વસ્તુઓનો વિશેષ ખ્યાલ હોય (પછી ભલે ને મોક્ષનો વિશેષ ખ્યાલ ન હોય તોપણ) એ અમુગ્ધ (મુગ્ધેતર). હવે આવો અર્થ કોઈ શાસ્ત્રમાં લખેલો નથી, તો પછી એ અર્થ માનવામાં શી આપત્તિ છે એ જોઈએ.

**ઉપદેશપ્રાસાદ શાસ્ત્ર**માં રોહિણી તપ માટે જે જીવોનાં દૃષ્ટાન્ત આવે છે, તે જીવો જ્ઞાનાવરણીય કર્મની પણ પ્રબળતા ધરાવતા હતા એવું માનવાને કોઈ પ્રમાણ મળતું નથી. જુઓ એ અધિકારો –

આ દૃષ્ટાન્તના પ્રારંભનો સંક્ષેપ આવો છે : ધનમિત્ર શ્રેષ્ઠીની પુત્રી દુર્ગન્ધ-વાળી છે અને દુર્ભગા છે. યૌવન પામવા છતાં કોઈ તેને પરણતું નથી. શ્રી ગુરુને પુત્રીના કર્મનું સ્વરૂપ ધનમિત્રે પૂછ્યું. શ્રી ગુરુએ એના પૂર્વભવો કહ્યા. છેલ્લે ગધેડીનો ભવ કહ્યો... આટલા સંક્ષેપ પછી આગળનો અધિકાર આવો છે –

[1] 'તે ભવમાં (ગધેડીના ભવમાં) નવકાર સાંભળીને તે પુણ્યથી તારી પુત્રી થઈ. થોડુંક કર્મ સાવશેષ હોઈ દુર્ગન્ધવાળી અને દુર્ભગા થઈ છે' તે સાંભળીને તે પુત્રીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ જોઈને તે ગુરુને કહે છે, 'હે ભગવન્ ! મને દુઃખોમાંથી ઉગારો !' ગુરુએ કહ્યું, '**તું રોહિણી વ્રત કર.** ૭ વર્ષ ૭ મહિના સુધી રોહિણી નક્ષત્રમાં ઉપવાસ કરવો, **શ્રીવાસુપૂજ્ય સ્વામીનું** ધ્યાન ધરવું, દહેરાસર બંધાવવું. તપ પૂરો થાય એટલે ઉદ્યાપન કરવું. અશોકવૃક્ષ નીચે શ્રીવાસુપૂજ્ય સ્વામીનું રત્નમય બિંબ અશોક રોહિણીયુક્ત કરવું. આ તપના પ્રભાવે તું પછીના ભવમાં અશોક રાજાની પત્ની બનીને સિદ્ધ થશે. આ તપ કરવામાં મોટું સુખ થાય છે.'

પછી ગુરુએ આ બાબતમાં દૃષ્ટાન્ત આપ્યું. એમાં **સિંહસેન** રાજાનો **દુર્ગન્ધ** નામનો પુત્ર અત્યંત દુર્ગન્ધી હતો. બધાંને અનિષ્ટ હતો. રાજાએ **શ્રીપદ્મપ્રભ સ્વામીને** તેનું કર્મ પૂછ્યું. ભગવાને તેનો પૂર્વભવ કહ્યો અને કર્મ કહ્યું. પછીનો અધિકાર આવો છે –

[2] એ સાંભળીને કુમાર જાતિસ્મરણ પામ્યો. શ્રીજિનેશ્વરે રોહિણી તપનો ઉપદેશ આપ્યો. તેણે તપ કર્યો. તેથી સુગન્ધી બન્યો. **શ્રીવાસુપૂજ્ય સ્વામીના શિષ્ય** એવા ગુરુએ દુર્ગન્ધાને કહ્યું કે 'સિંહસેન રાજાના પુત્રની જેમ તું પણ

---

૧. रोहिणीचरितमाह 'तद्भवेऽवसाने नमस्कारं श्रुत्वा तेन पुण्येन तव पुत्री जाता स्वल्पे सावशेषे कर्मणि दुर्भगा च जाता। तच्छ्रुत्वा सापि जातिं स्मृत्वा पूर्वभवं दृष्ट्वा गुरुं प्राह, 'भगवन् ! मां दुःखेभ्यो निस्तारय।' गुरुः स्माह 'त्वं रोहिणीव्रतं कुरु, सप्तवर्षाणि सप्तमासान् यावत् रोहिणीनक्षत्रे उपवासः, वासुपूज्यध्यानं चैत्यकारापणं, पूर्णे तपस्युद्यापनं, अशोकवृक्षतले श्रीवासुपूज्यबिम्बं रत्नमयअशोकरोहिणीयुतं कार्यं, एतत्तपोमहिम्ना त्वमनन्तरभवे श्रीअशोक-राजस्य पत्नी भूत्वा सेत्स्यसि, एतत्तपःकरणे महत्सौख्यं स्यात्।'

(उपदेशप्रासाद-स्तंभ २३, व्याख्यान ३३७, पृ. १३५)

२. भगवन् ! केन कर्मणा कुमारस्य दुर्गंधत्वम् ?... इत्याकर्ण्य कुमारो जातिस्मृतिं ललौ। श्रीजिनेन रोहिणीतप उपदिष्टम्। तेन तपः कृतम्। ततः सुगन्धत्वं जातम्। इति श्रीवासुपूज्यशिष्ये-

રોહિણી તપ કર.' આ સાંભળીને દુર્ગન્ધા(ધનમિત્રની પુત્રી)એ પણ વિધિપૂર્વક ઉજમણા સહિત તપ કર્યો. તેથી તે જ ભવમાં સુગન્ધીપણું પામી સ્વર્ગમાં ગઈ. ત્યાંથી ચ્યવીને **મઘવ રાજાની પુત્રી** અને તારી રાણી બની. તે પુણ્યથી આ જન્મમાં દુ:ખ કે રુદનને જાણતી નથી.

**અશોકે ફરીથી પૂછ્યું**, 'ભગવન્ ! અમારે બેને પરસ્પર અતિ સ્નેહ કેમ છે ?' ગુરુએ કહ્યું, 'સિંહસેન રાજાએ સુગન્ધ રાજકુમારને રાજ્ય આપીને દીક્ષા લીધી... તમે બન્ને જણાંએ પૂર્વમાં સમાન તપ કર્યો હતો, તેથી અન્યોન્ય અત્યંત સ્નેહ છે !'

આમ, બન્ને દૃષ્ટાન્તોમાં જોવા મળે છે કે રોહિણી તપ કરનાર દુર્ગન્ધા શ્રેષ્ઠીપુત્રી અને દુર્ગન્ધ રાજકુમાર કાંઈ જ્ઞાનાવરણના પ્રબળ ઉદયવાળા નહોતા. ઉપરથી જાતિસ્મરણ જ્ઞાનવાળાં હતાં. વળી, રાજકુમાર તો રાજા બની શકે તેવી કલાકુશળતા વગેરેના જ્ઞાનવાળો હતો. માટે જો 'જેઓને કોઈ બાબતમાં વિશેષ સમજ પડી શકતી ન હોય તેઓ જ મુગ્ધ છે અને તેઓને જ આ તપ હિતકર છે' એવું માનવામાં આવે, તો **શ્રીપદ્મપ્રભસ્વામી ભગવાને** અને **શ્રીવાસુપૂજ્ય સ્વામીના શિષ્ય** તે ગુરુમહારાજે આ રાજકુમાર વગેરેને રોહિણી તપ કરાવ્યો એ અયોગ્ય ઠરવાની આપત્તિ આવે.

વળી, મુગ્ધ જીવમાં પાપ-કર્મક્ષયના ઉદ્દેશથી પણ તપ વગેરે હોય છે એવું જે પૃ. ૨૧૭ પર દેખાડ્યું છે, તે અયોગ્ય છે; કેમ કે મુગ્ધ જીવ જો કર્મ-ક્ષયના ઉદ્દેશથી આરાધના કરતો હોય, તો એનું મુગ્ધત્વ જ ઊભું ન રહે – એ જીવ મુગ્ધ જ ન રહે (મુગ્ધત્વ કેમ ઊભું ન રહે ? એ આગળ દેખાડીશ).

કોઈ સ્ત્રીને 'માતા' કહીએ, તો પછી તેનામાં વંધ્યત્વ હોવાની શંકા પણ જેમ ઊભી રહેતી નથી, તેમ જે જીવમાં કર્મક્ષયના ઉદ્દેશથી આરાધના હોવાની વાત કરીએ તેમાં મુગ્ધતા હોવાની શંકા પણ ઊભી રહેતી નથી.

---

णोऽदिषं सुगन्धकुमारवत्त्वमपि तत्तपोऽङ्गीकुरु' इत्थं श्रुत्वा दुर्गन्धया विधिपूर्वं सोद्यापनं तपः कृतम् । तेन तस्मिन्नेव भवे सुगन्धत्वं प्राप्य स्वर्गं गता । ततश्च्युत्वा मघवराजपुत्री तव राज्ञी बभूव, तत्पुण्यतः आजन्म दुःखं रोदनं च न वेत्तीति ।

पुनरशोक पृच्छति, 'भगवन् ! अतिस्नेहत्वं कुतः ? गुरुर्वक्ति सिंहसेनराजेन सुगन्धाय राज्यं दत्त्वा दीक्षा गृहीता.. (उपदेशप्रासाद - स्तंभ २३, व्याख्यान ३३७, पृ. १३५)

વળી પૃ. ૨૧૩ પર ×××આવા જીવોને ઊંડી સમજ ન હોવાના કારણે તેઓ અનાગ્રહી એટલે વાળ્યા વળે તેવા હોય છે.××× આવું તમે જે લખ્યું છે તે પણ અવિચારિત રમણીય છે. ઊંડી સમજનો અભાવ = જડતા એ કાંઈ અનાગ્રહીપણાનું કારણ નથી કે જેથી તે હોવામાત્રથી જીવમાં અનાગ્રહીપણું આવી જાય. એમ હોય તો તો બુદ્ધિશાળી વર્ગને ઉપદેશ આપ્યા કરવા કરતાં જડ જીવોને શોધી શોધીને તેઓને જ ઉપદેશ આપી સન્માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યા કરવાની આપત્તિ આવે. વળી, જેટલા જીવો જડ જોવા મળે છે તે બધા કોઈ આગ્રહ - પકડવાળા હોતા નથી એવું કાંઈ જોવા મળતું નથી... ઊલટું, એમાંનો મોટો ભાગ એવો જ હોય છે કે ગમે તેટલું સમજાવો, તોય સમજે જ નહિ. પોતે જેમ કરતા હોય - પોતાના મનમાં જે બેઠું હોય તે જ કર્યા કરે. માટે તો કહેવાય છે ને કે 'જાણે કાંઈ નહિ ને તાણે ઘણું.'

વળી, પૃ. ૨૧૫ પર તમે લખ્યું છે કે ×××મુગ્ધ જીવોને કરાવાતા તપમાં પણ પહેલાં કષાય-નિરોધ પર ભાર મૂકીને ક્રોધ, માન અને લોભવૃત્તિ ઉપર નિયંત્રણપૂર્વકનો તપ હોવો જોઈએ તેવું જણાવ્યું. બ્રહ્મચર્યની આવશ્યકતા જણાવીને ઈન્દ્રિયોના વિકારથી પર થવાનું જણાવ્યું. એ જ બતાવે છે કે આ તપ વિષય અને કષાય, અર્થ અને કામની લાલસા તોડવા માટે કરવાનો છે, નહિ કે તેની વૃત્તિઓને પોષવા માટે.××× આમાં 'એ જ બતાવે છે કે...' ઈત્યાદિ તમે જે કહ્યું છે તે, તેનો ફલિતાર્થ શું થાય એ સમજ્યા વગર જ તમે કહ્યું હોય એવું મને લાગે છે. 'સાધનભૂત તપમાં વિષય અને કષાયની, અર્થ-કામની લાલસા તોડવાની છે. એ જ બતાવે છે કે તપને લાલસા તોડવા માટે કરવાનો છે.'

આવા તમારા લખાણનો ફલિતાર્થ એ થાય છે કે 'સાધનભૂત ઉપાયમાં જેની જેની આવશ્યકતા હોય, તે તે પ્રયોજન માટે જ તે સાધનનો ઉપયોગ કરાતો હોવો જોઈએ.' કેમ કે એવું હોય, તો જ સાધનભૂત તપમાં તોડાતી લાલસા તમે કહેલી વાતને બતાવી શકે. પણ આવો ફલિતાર્થ તો લોકમાં અને લોકોત્તર શાસનમાં બંનેમાં બાધિત થતો દેખાય જ છે. લૉટરી ખરીદવા માટે રૂપિયો છોડવો આવશ્યક છે. એ વાત કાંઈ આ વાતને બતાવી દેતી નથી કે 'તો પછી લૉટરી રૂપિયા છોડવા માટે જ ખરીદવી જોઈએ.' સાધનભૂત ચારિત્રમાં ઉપસર્ગ-પરિષહ સહવાના કહ્યા છે, એ વાત કાંઈ આ વાતને બતાવી

દેતી નથી કે ચારિત્ર-પાલન આલોક-પરલોકમાં કે મોક્ષમાં પણ ઉપસર્ગ-પરિષહ સહન કરવાનું જ મળ્યા કરે એ માટે કરવાનું છે.

અહીં તમારે બધાએ એટલું ખ્યાલમાં રાખવા જેવું છે કે આ બધી વાતો 'સાધનમાં જે કરવાનું કહ્યું હોય તે સાધ્યમાં પણ હોવું જ જોઈએ.' એવો નિયમ જે તમારા લખાણ પરથી ફલિત થાય છે તે ખોટો છે એ જણાવવા માટે જ છે, પણ સર્વત્ર સાધન કરતાં સાધ્યમાં ભિન્નતા જોઈએ એવું જણાવવા નહિ. માટે પોતાની વાત તૂટી જતી દેખાય અને સામાની વાતને તોડવાનો બીજો કોઈ સાચો ઉપાય હોય નહિ (કેમ કે સામાની વાત સાચી જ હોય) ત્યારે સામાની સાચી વાતમાંથી જે વાતો નીકળતી ન હોય, તેવી પણ શબ્દ અને તેના તાત્પર્યાર્થ સામે આંખ મીંચામણાં કરી બનાવટી વાતો ઉપજાવી કાઢી, લોકોમાં ખોટી ભુમરાણ મચાવવાનો અને એ દ્વારા 'આ લોકો જૈનશાસનની પ્રણાલિકા વિરુદ્ધ કેવી કેવી વાતો કરે છે !' તેવો ખોટો હાઉ ઊભો કરવાનો જે મહાવરો પડી ગયો છે, તેનો અહીં ઉપયોગ ન કરવો; એટલે કે "આ વ્યક્તિ (હું) એવું કહેવા માંગે છે કે 'સાધનભૂત તપમાં કષાય-નિરોધ વગેરે છે, માટે સાધ્ય એવા મોક્ષ વગેરેના કષાય-નિરોધાદિ નથી', જે વાત અત્યંત અયુક્ત છે." એવી ભુમરાણ મચાવશો નહિ. તમારો આ મહાવરો તમે લોકોએ લોકોમાં ઊભા કરેલા નીચેના હાઉ પરથી સ્પષ્ટ જણાય છે :

(૧) મુક્તિપરના દ્વેષ વિનાના જીવે, કદાચ મોક્ષના આશય વિના લજ્જા વગેરેથી ધર્મકાર્ય કર્યાં હોય તોપણ તેને અમેય ફળ મળે છે, એવી શાસ્ત્રસિદ્ધ બાબતનું નિરૂપણ કે જે તમારા પોતાના પકડાયેલા આગ્રહથી વિરુદ્ધ છે; તેના પરથી એવી હવા ફેલાવા મંડાઈ છે કે 'આ લજ્જા વગેરેથી ધર્મ કરવાનું કહેનારાઓ મોક્ષના પવિત્ર આશયની ઠેકડી ઉડાવે છે. એની કોઈ આવશ્યકતા જ નથી એવું થાપે છે, જે કોઈ રીતે યોગ્ય નથી... ઇત્યાદિ.' (પણ આગળ બતાવી ગયો છું તેમ ઉક્ત નિરૂપણ પણ વાસ્તવિક રીતે મોક્ષના આશયની ઠેકડી ઉડાવતું જ નથી.)

(૨) નવો જીવ ધર્મમાં જોડાય - સ્થિર થાય વગેરે અપેક્ષાએ અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવાનો ઉપદેશ આપી શકાય છે, એવી વાત શાસ્ત્રોના 'जइ इच्छह धणरिद्धिं' વગરે શ્લોકો પરથી સ્પષ્ટ જણાય છે. પણ એ વાતનો કોઈ શાસ્ત્રીય વિરોધ દેખાડી શકાય તેવું ન હોવાથી એવી જોરશોરથી વાત

ફેલાવવા માંડી છે કે 'અમે (સ્યાદ્વાદ-સિદ્ધાન્તપ્રરૂપક આચાર્ય ભગવંત શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા વગેરે) તો અર્થ-કામ માટે જ ધર્મનો ઉપદેશ આપીએ છીએ અને તેથી લોકોને ઊંધા માર્ગે દોરી રહ્યા છીએ...' પણ ભલા! વર્ષોથી નીકળતા 'દિવ્ય દર્શન'ના સેંકડો અંકો જોવા બેસો, તો બધાંને સ્પષ્ટ ખબર પડી શકે છે કે મોક્ષ-કર્મક્ષય-ગુણપ્રાપ્તિ વગરે માટે જ ધર્મ કરવાનો ઉપદેશ એમાં અપાયો છે અને આજે પણ અપાય છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રીનાં વૈરાગ્યરસ-તરબોળ વ્યાખ્યાનોમાં આજે પણ એ વાત ધ્વનિત થતી હોય છે.

**પ્રશ્ન :** પણ 'દિવ્યદર્શન' વગેરેમાં વર્ષોથી માર્ગસ્થ લખાણ થતું આવ્યું છે, તે તો અમને બધાને માન્ય છે જ અને તેથીસ્તો તત્ત્વાવલોકનના પૃ. ૫૫-૫૬ ઉપર 'ધર્મ તો કેવળ આત્માની શુદ્ધિ અર્થે જ કરવાનો છે' ઈત્યાદિ લખાણનો આખો ઉતારો આપ્યો છે... પ્રશ્ન તો એટલો જ છે કે આવું માર્ગસ્થ લખાણ કરનાર વ્યક્તિ પણ હવે તે વિધાનોથી વિપરીત આલેખનો વગેરે કરે છે, ત્યારે નિશ્ચિત રીતે શું એવું ન લાગે કે તેઓને દૃષ્ટિવ્યામોહ થયો છે ?

**ઉત્તર :** અન્યત્ર દેખાડ્યું છે એ મુજબ ઉક્ત લખાણ અને 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એમાં વિપરીતતા નથી. તેમ છતાં તમને વિપરીતતા લાગતી હોય, તો આ પ્રશ્નનો જવાબ વિચારતાં પહેલાં એક વાસ્તવિકતા જાણી લો કે કોઈ પણ વ્યક્તિ ધર્મ તરીકે જે જે ચીજનું પ્રતિપાદન કરતી હોય તેની પરીક્ષા કરવી હોય તો પરીક્ષકમાં તે પરીક્ષાને અનુકૂળ (કારણરૂપ) કોઈ મુખ્ય ચીજ હોવી આવશ્યક હોય તો તે માધ્યસ્થ્ય છે. આ માધ્યસ્થ્ય હોય તો જ પરીક્ષક સાચી પરીક્ષા કરી શકે છે, અન્યથા નહિ. **'ધર્મપરીક્ષા ગ્રન્થ'માં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા** ફરમાવે છે કે -

**सो धम्मो जो जीवं धारेइ भवण्णवे निवडमाणं ।**
**तस्स परिक्खामूलं मज्झत्थत्तं चिय जिणुत्तं ॥२॥**

**ગાથાર્થ :** તે ધર્મ છે જે ભવસમુદ્રમાં પડતા જીવને ધારે છે (પડતો અટકાવે છે). તેની પરીક્ષાનું મૂલ (કારણ) માધ્યસ્થ્ય જ છે, એવું શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું છે.

આમ, પરીક્ષક મધ્યસ્થતા ગુણવાળો મધ્યસ્થ હોવો જરૂરી છે તે જણાવ્યું. એ પછી એ મધ્યસ્થ કેવો હોય તે જણાવવા તે જ ગ્રન્થમાં આગળ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા ફરમાવે છે –

**मज्झत्थो अ अणिस्सियववहारी तस्स होइ गुणपक्खो।**
**णो कुलगणाइणिस्सा इय ववहारंमि सुपसिद्धं ॥३॥**

**ગાથાર્થ** : મધ્યસ્થ જીવ અનિશ્રિત વ્યવહારી હોય છે અને (ઉપલક્ષણથી) અનુપશ્રિત વ્યવહારી હોય છે. એમાં નિશ્રા = રાગ અને ઉપશ્રા= દ્વેષ, એટલે કે શાસ્ત્રમાં આભાવ્ય-અનાભાવ્ય, સાધુતા-અસાધુતા વગેરેની પરીક્ષારૂપ જે વ્યવહારો પ્રસિદ્ધ છે, તેને રાગદ્વેષ-રહિતપણે કરનારો હોય છે. તે મધ્યસ્થ જીવને ગુણપક્ષ હોય છે, અર્થાત્ 'ગુણો (સત્ય વાત) જ આદરણીય છે' એવી માન્યતા હોય છે. આવા મધ્યસ્થ જીવને કુલ-ગુણ વગેરેની નિશ્રા હોતી નથી. અર્થાત્ પોતાના કુલ આદિમાં રહેલી વ્યક્તિના છતા પણ દોષોને = જૂઠને દબાવવા અને અછતા ગુણોને કલ્પી કલ્પીને બહાર જાહેર કરવા તેવો, તેમ જ અન્ય કુલાદિમાં રહેલ વ્યક્તિના અછતા એવા પણ દોષને = જૂઠને કલ્પી કલ્પીને જાહેર અને છતા એવા પણ ગુણોને = સત્ય વાતોને છુપાવવા, એવો પક્ષપાત તેઓને હોતો નથી. આ વાત **વ્યવહારસૂત્ર**માં સુપ્રસિદ્ધ છે:

• પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાનાં આ ટંકશાળી વચનો પરથી એ વાત તો નક્કી થઈ ગઈ કે કોઈનાં પણ ધર્મસંબંધી વચનોની - વિધાનોની પરીક્ષા માધ્યસ્થ્ય ગુણથી થઈ શકે છે.

હવે **પ્રસ્તુતમાં** વિચારીએ : પોતે સ્વયં તપ-ત્યાગ-વૈરાગ્ય-શાસ્ત્ર-સ્વાધ્યાયાદિમાં તરબોળ રહેનાર તરીકે તેમ જ ચાતુર્માસાદિમાં પોતાના સંપર્કમાં આવનાર જીવોને પણ તપ-ત્યાગ-વૈરાગ્ય વગેરેમાં તરબોળ કરી નાખનાર તરીકે અને એ રીતે હજારો જીવોને મુક્તિમાર્ગના પ્રવાસી બનાવનાર તરીકે જે મહાત્મા દાયકાઓથી પ્રસિદ્ધ છે, તથા જે મહાત્મા **'ઉચ્ચ પ્રકાશના પંથે'** (પંચસૂત્ર વિવેચન); **'પરમતેજ'** (લલિતવિસ્તરા મહાગ્રન્થની વિવેચના) વગેરે સૂક્ષ્મ બુદ્ધિગમ્ય રહસ્યમય સત્ય પદાર્થોનું યથાર્થ પ્રરૂપણ કરનાર વિવેચના ગ્રન્થોની શ્રી જિનશાસનને ભેટ આપનારા છે, એમ જે મહાત્માને માર્ગસ્થ લખાણ કરનાર તરીકે 'તત્ત્વાવલોકન'માં પણ સ્વીકાર્યા છે; તે મહાત્માનાં વચનો સાંભળીને શું કરવું જોઈએ ? સામાન્યથી, સંવિગ્ન અને ગીતાર્થના વચનમાં **'अविगप्पेण तहक्कारो'** – કોઈ પણ જાતના વિકલ્પ કર્યા વગર **'तहत्ति'** કરવું જોઈએ. અર્થાત્ 'આપ કહો છો તેમ જ છે' એ પ્રમાણે સ્વીકાર કરવો જોઈએ. એવું શ્રી આવશ્યક નિર્યુક્તિ, શ્રી પંચાશક, શ્રી સામાચારી

પ્રકરણ વગેરે અનેક ગ્રન્થોમાં કહ્યું છે... પણ કદાચ એમનું વચન સીધી દૃષ્ટિએ વિરુદ્ધ = ખોટું હોવું પણ ભાસતું હોય, તોપણ એક વાર તો 'તહત્તિ' કરીને સ્વીકારી લેવું (અને પછી કઈ અપેક્ષાએ તેઓ એ વચન બોલ્યા હતા એ એકાન્તમાં પૂછવું જોઈએ) એવો શાસ્ત્રકારોએ વિધિ દેખાડ્યો છે. જુઓ, શ્રી ઉપદેશમાળા ગ્રન્થ –

**कारणविऊ कयाइ सेयं कायं वयंति आयरिया ।**
**तं तह सद्दहिअव्वं भविअव्वं कारणेण तहिं ॥९५॥**

**ગાથાર્થ** : ક્યારેક પ્રયોજનને સમજનાર આચાર્ય (ગુરુ) કાગડાને ધોળો કહે, તોપણ તે વચનને એ રીતે માનવું જોઈએ (એમ સમજીને) કે આમ કહેવામાં કંઈક કારણ હશે.

પણ કદાચ, જેઓ તે મહાત્માના શિષ્ય ન હોય, અથવા તો જેઓ શ્રદ્ધાનુસારી નથી, પણ તર્કાનુસારી છે, તેઓ કદાચ ઉપલક દૃષ્ટિએ વિરોધી જણાતાં વચનોને સીધેસીધાં સ્વીકારી ન પણ લે; તો પણ જો તેઓમાં માધ્યસ્થ્ય હોય, તો તરત જ તેઓ 'તે મહાત્મા ખોટું કહી રહ્યા છે, બેવકૂફ છે, તેમને દૃષ્ટિવ્યામોહ થયો છે; તેઓ ઉત્સૂત્રપ્રરૂપણા કરી રહ્યા છે, એવું જાહેર ન કરે; કેમ કે તેઓમાં રહેલું માધ્યસ્થ્ય જ તેઓને આ વિચાર કરાવે છે કે 'વારંવાર મોક્ષ - કર્મક્ષય વગેરે માટેનું લખાણ કરી ચૂકનારા અને ઉપદેશ આપી ચૂકનારા આ મહાત્મા આવું કેમ લખી રહ્યા છે ? આવો ઉપદેશ કેમ આપે છે ? લાવ, જરા વિચાર કરવા દે, આમાં કોઈ વિશેષ અભિપ્રાય કે અપેક્ષા તો રહી નથી ને ! મારાથી સીધો જ તેઓ પર ઉત્સૂત્ર ભાષણનો આરોપ શી રીતે મૂકી દેવાય ?' માધ્યસ્થ્ય ચીજ જ આ છે કે રાગ-દ્વેષને વશ નિર્ણય ન બાંધી દેતાં સામાની અપેક્ષા - અભિપ્રાયને સમજવાની પણ યોગ્યતા - તૈયારી હોવી તે.

આત્માને કૂટસ્થ નિત્ય માનનાર સાંખ્ય વગેરેની સામે પહેલાં નિત્યતાનું ખંડન કરનાર અને અનિત્યતાનું મંડન કરનાર શાસ્ત્રકાર, પછી ક્ષણિકવાદી બૌદ્ધની સામે નિત્યતાનું મંડન અને અનિત્યતાનું ખંડન કરવા માંડે, તો એટલામાત્રથી તેઓ પર 'તેઓ પૂર્વે કરેલાં વિધાનોને ભૂલીને તેનાથી વિપરીત વિધાનો વગેરે કરનારા છે, તેઓને દૃષ્ટિ-વ્યામોહ થયો છે અને તેથી ઉત્સૂત્ર-ભાષી છે' એવો આરોપ મૂકી દેવો એ શું ન્યાયોચિત છે ? બુદ્ધિશાળીને શોભે

તેવો છે ? એવા અવસરે મધ્યસ્થ વ્યક્તિ તો તરત જ વિચાર કરવા બેસી જાય કે 'અત્યાર સુધી નિત્યતાનું ખંડન કરનાર અને અનિત્યતાનું મંડન કરનાર આ મહાત્મા હવે વિપરીત કેમ કરવા માંડ્યા ? આમાં તેઓનો શો અભિપ્રાય રહ્યો હશે ? કઈ અપેક્ષાએ તેઓ આવું કહી રહ્યા છે ?' આવો વિચાર કરવા બેસે તો તેને પ્રાયઃ તરત જ ખ્યાલ આવી જાય કે 'હં, સમજ્યો, પહેલાં નિત્યતાનું ખંડન વગેરે જે તેઓ કરતા હતા તે એટલા માટે કે તેમની સામે એકાન્ત નિત્યતાની માન્યતાવાળો વાદી ઊભો હતો અને હવે નિત્યતાનું જે મંડન વગેરે કરે છે તે એટલા માટે કે તેમની સામે એકાન્ત અનિત્યતાવાદી બૌદ્ધ ઉપસ્થિત થયો છે.'

આ જ રીતે પ્રસ્તુતમાં પણ 'ધર્મ તો કેવળ આત્માની શુદ્ધિ અર્થે જ કરવાનો છે' ઈત્યાદિ વર્ષો પૂર્વે લખાણ કરી ચૂકનારા અને હાલ પણ પ્રરૂપણા કરતા પૂજ્યપાદ સંઘહિતચિંતક ન્યાયવિશારદ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' એવું કહેતા હોય, તો તે સાંભળીને ખરેખર જેઓમાં માધ્યસ્થ્ય હોય તેઓ વગર વિચારે તરત જ 'તેઓ વિપરીત આલેખનો કરી રહ્યા છે, તેઓને દૃષ્ટિવ્યામોહ થયો છે અને તેથી તેઓ ઉત્સૂત્રભાષી છે' ઈત્યાદિ કહેવાની હિંમત કરે નહિ. 'હવે કેમ આવું કહે છે ? - લખે છે ?' એવો વિચાર કરે... એ વિચાર કરે અને ગુરુકૃપા વગેરેના બળે જો થોડોઘણો પણ ક્ષયોપશમ પ્રગટ થયો હોય, તો પ્રાયઃતરત જ ખ્યાલ આવી જાય કે પૂર્વે, જેઓ (૧) જિનપૂજા, તપસ્યા વગેરે કરવાનો ધર્મ પામી ગયા છે; (૨) પણ તેમ છતાં થોડીઘણી મોહમૂઢતાના કારણે એ ધર્મને મોહથી કે મોહ માટે કરી રહ્યા છે અને તેથી ધર્મના મેળવવા યોગ્ય મુખ્ય ફળથી વંચિત રહે છે; તેમ જ (૩) આ રીતના બોધથી જેઓનો મોહ ખસી શકવાની શક્યતા દેખાય છે, તેવા લોકોને ઉદ્દેશીને તેઓશ્રીને 'ધર્મ તો કેવલ આત્મશુદ્ધિ અર્થે જ કરવાનો છે' ઈત્યાદિ લખાણ કર્યું છે - ઉપદેશ આપ્યો છે. જ્યારે 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' ઈત્યાદિ જે કહે છે તે જેઓ હજુ ધર્મમાં જોડાયા નથી કે સ્થિર થયા નથી તેવાઓને ઉદ્દેશીને અથવા તો જેઓના મનમાં 'અર્થ-કામની ઈચ્છાથી ધર્મ તો ન જ કરાય' એવો ભ્રાન્ત એકાન્તવાદ ઘર કરી ગયો છે તેઓના પકડાઈ ગયેલા એકાન્તને દૂર કરવાના ઉદ્દેશથી કહે છે. અથવા તો, આ બે ઉપદેશવચનો 'ધર્મ શા માટે કરવો' ? અને 'અર્થ-કામ માટે શું કરવું ?' એવા ભિન્ન ભિન્ન

સંભવિત પ્રશ્નોના ઉત્તરરૂપ છે. (જેવો પ્રશ્ન હોય તેને અનુરૂપ ઉત્તર આપવામાં કોંઈ વિરોધ હોતો નથી તે અન્યત્ર દેખાડ્યું છે.)

ઉપલક દૃષ્ટિએ પરસ્પર વિરોધી દેખાય તેવી પણ અન્ય અન્ય ઉદ્દેશથી કરાયેલી વાતો કહેવામાં કોઈ વાસ્તવિક પૂર્વાપર વિરોધ કે ઉત્સૂત્ર ભાષણ હોતું નથી કે દૃષ્ટિ-વ્યામોહ થયો હોતો નથી, એ વાત નિત્યતાના ખંડન-મંડનની વાતથી જણાવી ગયો છું. એ જ રીતે એ વાત, શાસ્ત્રકારોએ પુણ્ય તત્ત્વને પ્રારંભિક કક્ષાના જીવોને ઉદ્દેશીને ઉપાદેય કહ્યા પછી ઉપલી ભૂમિકાવાળા જીવોને ઉદ્દેશીને જે હેય જણાવ્યું છે, તેના પરથી પણ નિશ્ચિત થાય છે. માટે ઉપલક દૃષ્ટિએ પૂર્વાપર વિરોધ દેખાતો હોય એટલામાત્રથી 'ચાલો, સામી વ્યક્તિ પોતે જે પૂર્વે લખેલું-બોલેલું હતું તેનાથી હવે વિરુદ્ધ બોલી રહી છે અને તેથી એમને દૃષ્ટિવ્યામોહ થયો છે અને તેથી તેઓ ઉત્સૂત્ર ભાષણ કરી રહ્યા છે, એ વાતો આપણે સિદ્ધ કરી દીધી, આપણી જીત થઈ ગઈ' એવો મિથ્યા સંતોષ માનવાની કોઈ જરૂર નથી.

હા, કોઈ પણ અવસ્થામાં 'અર્થ-કામની ઈચ્છાથી ધર્મ કરાય જ નહિ' એ વાત શાસ્ત્રસિદ્ધ હોત, તો જરૂર 'અર્થ-કામની ઈચ્છાથી ધર્મ જ કરવો જોઈએ' ઈત્યાદિ વાત ઉત્સૂત્ર ભાષણરૂપે સિદ્ધ કરી શકાત. પણ તેવું તો છે જ નહીં, કેમ કે 'जइ इच्छह धणरिद्धिं' ઈત્યાદિ શ્લોકો અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવાનું વિધાન કરે છે 'તે ઈચ્છાથી ધર્મ ન જ કરાય' એવો તેનો નિષેધ નથી કરતા.

બાકી પૂર્વે કહી ગયેલ વાત સાથે જે વાત ઉપલક દૃષ્ટિએ વિરોધ ધરાવતી હોય તે કહેવા માત્રથી શાસ્ત્રકારાદિ મહાત્માઓ દૃષ્ટિવ્યામોહવાળા, ઉત્સૂત્ર-ભાષી સિદ્ધ થઈ જતા હોય, તો તો 'શાસ્ત્રો લખવાં-લખાવવાં એ શ્રુતજ્ઞાનની ભક્તિરૂપ છે' એવું જણાવનાર શાસ્ત્રકારોને પણ દૃષ્ટિવ્યામોહવાળા, ઉત્સૂત્ર ભાષણ કરનારા માનવાની આપત્તિ આવે.

તાત્પર્ય એ છે કે પૂર્વે શાસ્ત્રકારોએ એક અક્ષર પણ લખવાનું પ્રાયશ્ચિત્ત દેખાડ્યું છે જેના પરથી એ જાણી શકાય છે કે 'અક્ષર લખવો એ વિરાધના-રૂપ છે.' તેમ છતાં તેઓએ તેમ જ પછીના શાસ્ત્રકારોએ અક્ષર (શાસ્ત્રો) લખવાને આરાધનારૂપે કહ્યા છે, પ્રશંસ્યા છે અને શાસ્ત્રો લખવાનો મહિમા ગાયો છે. તેથી તેમાં ઉપલક દૃષ્ટિએ વિરોધ હોવો તો સ્પષ્ટ જ છે... (તેમ છતાં,

શાસ્ત્ર લખવા-લખાવવાનો ઉપદેશ આપનારા શાસ્ત્રકાર ભગવંતો દૃષ્ટિ-વ્યામોહવાળા હોવા કે ઉત્સૂત્રભાષી હોવા કહેવાતા નથી, કેમ કે પૂર્વશાસ્ત્ર-કારોએ જે કહ્યું છે તે પ્રબળ બુદ્ધિધારણા શક્તિવાળા જીવો માટે કહ્યું છે; જ્યારે પછીના શાસ્ત્રકારોએ જે કહ્યું છે તે હીન બુદ્ધિ ધારણાશક્તિ વગરેવાળા જીવોને ઉદ્દેશીને...)

[1] **બૃહત્કલ્પ ભાષ્યની વૃત્તિ**માં કહ્યું છે કે 'પુસ્તકપંચક, તૃણપંચક અને બંને પ્રકારના વસ્ત્રપંચક રાખવામાં સાધુ અને સાધ્વીને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે.' એમાં આગળ કહ્યું છે કે [2] 'જેટલી વાર પુસ્તકને (પોથીને) છોડે, બાંધે અથવા જેટલા અક્ષરોને સાધુ લખે તેટલાં... પ્રાયશ્ચિત્ત જાણવાં. તે ઉપરાંત પોથી ખોલવા-બાંધવામાં જે કુંથવા વગેરેની સંઘટ્ટના-વિરાધના વગેરે થાય તેનું પ્રાયશ્ચિત્ત જુદું આવે.

વળી, એમાં જ આગળ કહ્યું છે કે [3] 'મતિ-મેધા વગેરેની હાનિ જાણીને કાલિકશ્રુત-ઉત્કાલિકશ્રુત આવશ્યકાદિપ્રતિબદ્ધનિર્યુક્તિ વગેરેનું જ્ઞાન લેવા-આપવામાં પુસ્તક કોશની ગરજ સારશે' એવા અભિપ્રાયથી પુસ્તક-પંચક પણ સાધુઓ વડે લેવાય છે - રખાય છે.

**શ્રીહરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિ-સમુચ્ચય**માં કહ્યું છે કે [4] 'સાહજિક ભવોદ્વેગ, દ્રવ્ય અભિગ્રહપાલન તથા સિદ્ધાન્ત ગ્રન્થોને વિધિપૂર્વક લખવા-લખાવવા વગેરે સર્વશ્રેષ્ઠ યોગબીજો છે.' આમ, તેઓશ્રીએ શાસ્ત્રલેખનાદિને આરાધનારૂપે જણાવ્યા છે.

એમ, **ઉપદેશ-તરંગિણી**માં પણ પૃ. ૧૨ ઉપર [5] 'પાત્રમાં આપેલ દાન બહુ ફળવાળું બને છે; જ્યારે કુપાત્રમાં આપેલું તે વિપરીત જ થતું દેખાય

---

૧. पुस्तकपञ्चके तृणपञ्चके दुष्यपञ्चकद्वये निर्ग्रन्थानां च निर्ग्रन्थीनां च चतुर्लघवः ।
(बृ. क. भा. ३८२५, वृत्तिः)

२. जत्तिय मेत्ता वारा उ मुंचइ बंधइ स जतिवारा ।
जति अक्खराणि लिहति य तत्ति लहुगा जं च आवज्जे ॥ (बृ. क. भा. ३८३१)

३. घेप्पति पोत्थगपणगं कालियणिज्जुत्तिकोसट्ठा ॥३८४३॥

४. भवोद्वेगश्च सहजो द्रव्याभिग्रहपालनम् । तथा सिद्धान्तमाश्रित्य विधिना लेखनादि च ॥
(योगदृष्टिसमुच्चय, २१७)

५. पात्रे दत्तं बहुफलं कुपात्रे दत्तं तु विपरीतमेव दृश्यते । (उपदेशतरंगिणी, पृ १२)

છે.' આવું કહ્યા પછી પૃ. ૩૮ પર કહ્યું છે [૧] 'દાનના અવસરે મહેચ્છાવાળા દાનેશ્વરીને પાત્ર અને અપાત્રની વિચારણાથી સર્યું. અર્થાત્ વિચારણા કરવી નહિ, બધાંને દાન આપવું; કેમ કે **શ્રીમહાવીર પ્રભુએ** દીન એવા **બ્રાહ્મણને** કૃપાથી અડધું વસ્ત્ર આપ્યું.' આમ, પહેલાં કુપાત્રને અપાયેલ દાનને વિપરીત ફળવાળું જણાવી ફલત: નિષેધ કર્યો, જ્યારે પછી પાત્રનો વિચાર ન કરવાનું જણાવી ફલત: અનુજ્ઞા આપી. પણ એટલામાત્રથી ગ્રન્થકારને દૃષ્ટિવ્યામોહ-વાળા કે ઉત્સૂત્રભાષી કહી શકાતા નથી. ઊલટું, એવું કહેનાર મહાપાપનો ભાગીદાર થાય.

**પ્રશ્ન** : પણ જો આ રીતે અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવાનો હોય, તો 'ધર્મ તો કેવલ આત્મશુદ્ધિ અર્થે જ કરવાનો છે' ઈત્યાદિ લખાણ 'જ'કારપૂર્વક કેમ કર્યું ? પૂર્વે આ રીતે 'જ'કારયુક્ત વિધાન કર્યા પછી, હવે આવું વિપરીત વિધાન કરી શી રીતે શકાય ?

**ઉત્તર** : આ વિચારણામાં અન્યત્ર જણાવ્યું છે તેમ 'ધર્મ તો કેવળ આત્મશુદ્ધિ અર્થે જ કરવાનો છે' એ વાક્ય અને 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવો' એવાં વાક્યો પરસ્પર વિપરીત છે નહિ. તેમ છતાં એમાં કોઈને વિપરીતતા જ ભાસ્યા કરતી હોય, તો તેવા માટે બીજો એક જવાબ આ પણ છે કે શિષ્ય વગેરે શ્રોતાની બુદ્ધિને પ્રસ્તુત બાબતમાં વ્યુત્પન્ન કરવા માટે એકનય(એક અપેક્ષા)ને મુખ્ય કરીને કરાતી વાત નિર્ધારણ('જ'કાર)પૂર્વક પણ કરી શકાય છે.

**પ્રશ્ન** : આવું તમે શેના ઉપરથી કહે છો ?

**ઉત્તર** : મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાના **'ધર્મ-પરીક્ષા ગ્રન્થ'**માં કહેલાં વચનો પરથી... જુઓ, તેઓશ્રીએ તે ગ્રન્થમાં શ્લોક ૮ ની વૃત્તિમાં પ્રતના ૨૮મા પૃષ્ઠ પર ફરમાવ્યું છે કે [૨] 'જોકે પરમોપેક્ષાવાળા

---

૧. दानक्षणे महेच्छानां किं पात्रापात्रचिन्तया ।
दीनाय देवदुष्यार्थं यथाऽदात् कृपया प्रभुः ॥१०२॥ (उपदेशतरंगिणी, पृ. ३८)

२. यद्यपि परमोपेक्षावतां निश्चयपरिकर्मितमतीनां सम्यग्दृष्टीनां स्वस्थाने सर्वनयश्रद्धानमस्ति, शिष्यमतिविस्फारणरूपकारणं विनैकतरनयार्थनिर्द्धारणस्याशास्त्रार्थत्वात् ।
(धर्मपरीक्षा, श्लोक ८, प्रत पृ. २८)

નિશ્ચયથી પરિકર્મિત બુદ્ધિવાળા સમ્યગ્-દૃષ્ટિ જીવોને સ્વસ્થાનમાં સર્વનયોની શ્રદ્ધા હોય છે, કેમ કે શિષ્યની બુદ્ધિનો વિકાસ કરવારૂપ કારણ વિના કોઈ એક નયથી પ્રતિપાદિત અર્થનું નિર્ધારણ કરવું = 'જ'કારપૂર્વક પ્રરૂપણ કરવું એ અશાસ્ત્રાર્થરૂપ (શાસ્ત્ર વિરુદ્ધ બાબતરૂપ) છે.' અહીં શિષ્યની બુદ્ધિનો વિકાસ કરવારૂપ કારણ વિના કોઈ એક નયથી પ્રતિપાદિત અર્થનું 'જ'કાર-પૂર્વકનું પ્રરૂપણ અશાસ્ત્રાર્થરૂપ કહ્યું છે. તેના પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે શિષ્ટ બુદ્ધિના વિકાસરૂપ કારણ હોય, તો તેવું 'જ'કારપૂર્વકનું પ્રરૂપણ પણ અશાસ્ત્રાર્થરૂપ બનતું નથી.

તેથી, વર્ધમાન તપોનિધિ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રીના પૂર્વનાં 'ધર્મ તો કેવળ આત્માની શુદ્ધિ અર્થે જ કરવાનો છે' એવાં વચનો પણ અશાસ્ત્રાર્થરૂપ નથી કે 'અર્થ-કામની ઇચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' એવાં વચન પણ 'તેઓને હવે દૃષ્ટિ-વ્યામોહ થયો છે, તેઓ ઉત્સૂત્ર ભાષણ કરે છે.' ઇત્યાદિ સિદ્ધ કરી શકતાં નથી એ વાત નિર્વિવાદ છે...

■

## વિષય - ૧૧

# 'विसेसओ' પદની વિશેષતા

## (તત્ત્વા૦ પૃ. ૨૧૭)

**– આવા શીર્ષક** હેઠળ તમે પૃ. ૨૧૭ પર જણાવ્યું છે કે ××× વસ્તુત: 'આ તપ વિશેષ પ્રકારે મુગ્ધ લોકોમાં હોય છે' એવો અર્થ ન કરતાં 'મુગ્ધ લોકોમાં વિશેષ પ્રકારે આ તપ હોય છે' એવો અર્થ કરવો જ ન્યાય્ય છે; કેમ કે એ જ ચાલુ પ્રકરણ સાથે અને ગ્રન્થકારશ્રીના આશય સાથે સંગત થાય છે.××× તમારું આ લખાણ કેટલું યોગ્ય છે ? તે હવે વિચારીએ...

**તપ-પંચાશક**ની ૨૩ મી ગાથામાં નીચે મુજબ જણાવ્યું છે કે [૧]'લોકમાં રૂઢ તે તે પ્રકારનો રોહિણી વગેરે દેવતાના ઉદ્દેશથી કરાતો બીજો પણ વિવિધ પ્રકારનો તપ છે. આ રોહિણી વગેરે તપ વિષયાભ્યાસરૂપ હોઈ મુગ્ધ લોકો = જેઓની બુદ્ધિ વ્યુત્પન્ન થઈ નથી તેવા જીવો માટે હિતકર જ હોય છે. (અહીં શ્લોકમાં **'તપ' શબ્દનો સર્વત્ર પુંલિંગમાં ઉલ્લેખ થયો છે**, તે પ્રાકૃત ભાષાના કારણે જાણવો.)' આ પછી એ જ પંચાશકની ૨૬ મી ગાથામાં જણાવ્યું છે કે 'જેમાં કષાયોનો નિરોધ હોય, બ્રહ્મચર્યનું પાલન હોય, શ્રીજિનેશ્વરદેવનું પૂજન હોય અને અનશન = આહારનો ત્યાગ હોય, તે બધું જ અનુષ્ઠાન તપરૂપ બને છે. વિશેષ કરીને મુગ્ધ લોકોમાં (તે બધું જ તપરૂપ બને છે એટલે કે હિતકર બને છે).

**પ્રશ્ન :** પણ અમે પૃષ્ઠ ૨૧૭ પર દેખાડ્યું જ છે ને કે એવો અર્થ યુક્ત નથી. 'विसेसओ' શબ્દનો અન્વય 'मुद्धलोयम्मि' શબ્દથી પૂર્વે નહિ, પણ પછી કરવાનો છે. અને એનો અર્થ એ થાય છે કે 'મુગ્ધ લોકોમાં આ તપ વિશેષ પ્રકારે હોય છે.' આના પરથી એવો તાત્પર્યાર્થ ફલિત થાય છે કે 'મુગ્ધ લોકોમાં મોટે ભાગે ઉપર્યુક્ત લક્ષણવાળો તપ હોય છે અને તે જ મુગ્ધ

---

૧. अण्णोऽवि अत्थि चित्तो तहा तहा देवयानिओएण ।
मुद्धजणाण हिओ खलु रोहिणीमाई मुणेयव्वो ॥२३॥

अण्णोवीत्यादि, अन्यदपि अस्ति = विद्यते चित्रं तप इति गम्यते, तथा तथा = तेन तेन प्रकारेण लोकरूढेन 'देवता नियोगेन' देवतोद्देशेन मुग्धजनानां = अव्युत्पन्नबुद्धिलोकानां हितं = पथ्यमेव विषयाभ्यासरूपत्वात्, रोहिण्यादिदेवतोद्देशेन च तद्रोहिण्यादि मुणेयव्वोत्ति = ज्ञातव्यं, पुल्लिंगता च सर्वत्र प्राकृतत्वादिति गाथार्थः ॥२३॥ (पञ्चाशक - ११)

જીવોમાં અભ્યાસના યોગે કોઈ કોઈ વાર કર્મનિર્જરાના હેતુપૂર્વકનો તપ પણ હોય છે અને તે તપ મુગ્ધ જીવો માટે હિતકર છે; માટે તમે કેમ જે અર્થને અમે અસંગત હોવો દેખાડ્યો છે, તેવો અર્થ ફરીથી કર્યા કરો છો ?

**ઉત્તર : 'विसेसओ'** શબ્દનો મનફાવતી રીતે પાછળ અન્વય કરી તમને અનુકૂળ આવે એવો ફલિતાર્થ તમે કરી દેખાડ્યો છે, એ વાત સાચી. અને અમારા કરેલા વાસ્તવિક અર્થને અસંગત સિદ્ધ કરવાનો તમે પ્રયાસ કર્યો છે, એ પણ સાચું... પરંતુ એમાં તમે ક્યાં ગંભીર થાપ ખાઈ ગયા છો અને પૂર્વાપર વિરુદ્ધ લખાઈ ગયું છે તે જોઈ લો, જેથી કયો અર્થ સંગત છે અને કયો અસંગત છે એનો તમને સ્પષ્ટ ખ્યાલ આવી જાય.

વૃત્તિકારે આ શ્લોકની અવતરણિકા આપી છે કે 'દેવતાના ઉદ્દેશથી કરાતું યથોક્ત (રોહિણી વગેરે) અનુષ્ઠાન 'તપ'રૂપ (હિતકર અનુષ્ઠાનરૂપ) શી રીતે બને ? એવી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે કે [1]**'जत्थ-कसाय...'** - આ અવતરણિકા પરથી એટલું સ્પષ્ટ જાણવા મળે છે કે ''આ શ્લોકમાં મુગ્ધ લોકોમાં કયા પ્રકારનો તપ હોય ? વગેરે જણાવવાની વાત પ્રસ્તુત નથી, પણ કર્મક્ષયનો ઉદ્દેશ ન હોવા છતાં ઉક્ત અનુષ્ઠાન શાના કારણે તપરૂપ બને છે ? એ જણાવવું પ્રસ્તુત છે. આ કારણો તરીકે શ્લોકમાં કષાયનિરોધ વગેરે ચાર ચીજો જણાવીને એના કારણે બધું અનુષ્ઠાન તપરૂપ બને છે એમ સામાન્યથી = કોઈ પણ જીવ માટે જણાવ્યું અને પછી વિશેષ રીતે જણાવતાં કહ્યું છે કે 'વિશેષ કરીને આ બધું અનુષ્ઠાન મુગ્ધ લોકોમાં તપરૂપ બને છે' અથવા 'विसेसओ' પદનો અન્વય 'मुद्धलोयम्मि' પદની પછી કરીએ; તોપણ અર્થ તો આવો જ નીકળે છે કે 'આ બધું અનુષ્ઠાન, મુગ્ધ લોકોમાં વિશેષ પ્રકારે તપરૂપ બને છે.'' પણ તમે જે ફલિતાર્થ કાઢ્યો છે કે – 'મુગ્ધ લોકમાં વિશેષ પ્રકારે આ (રોહિણી વગેરે) તપ હોય છે અને ક્વચિત્ કર્મક્ષયના ઉદ્દેશવાળો તપ હોય છે' એવો जत्थकसाय० શ્લોકનો અર્થ છે – તે જો સંગત હોત, તો વૃત્તિકારે 'મુગ્ધ લોકમાં કયા પ્રકારનો તપ હોય છે ?' એવી અવતરણિકા કરી હોત.

---

૧. अथ कथं देवतोद्देशेन विधीयमानं यथोक्तं तपः स्यादित्याशङ्क्याह जत्थ कसाय...

(पञ्चाशक, १०-२६ अवतरणिका)

जत्थ कसायनिरोहो बंभं जिणपूयणं अणसणं च ।
सो सव्वो चेव तवो विसेसओ मुद्धलोयम्मि ॥२६॥

વળી, તમે તમારા અભિપ્રાય મુજબ એવું ફલિત કરી દેખાડ્યું છે કે 'મુગ્ધ લોકોમાં મોટે ભાગે આ તપ હોય અને ક્યારેક કર્મક્ષયના ઉદ્દેશવાળો તપ પણ હોય.' પણ આ વાત બરાબર નથી; કેમ કે મુગ્ધ લોકમાં કર્મક્ષયના ઉદ્દેશવાળો તપ હોવો સંભવિત નથી... જો એ લોકોમાં કર્મક્ષયના ઉદ્દેશવાળો તપ આવી જાય, તો તેઓનું મુગ્ધત્વ જ ઊભું ન રહે. 'આ તપ વગેરે મોક્ષ–કર્મક્ષય માટે વિહિત કરાયા છે, એવી બુદ્ધિનો અભાવ હોઈ, મોક્ષ કે કર્મક્ષય વગેરેના ઉદ્દેશથી તપ વગેરે અનુષ્ઠાન ન કરવાં એ જ તો તેઓનું મુગ્ધત્વ છે.' માટે એ તો નક્કી જ છે કે મુગ્ધ લોકોમાં મોક્ષના ઉદ્દેશથી તપ હોતો નથી અને તેથી 'આ તપ મુગ્ધ લોકોમાં વિશેષ પ્રકારે હોય છે અને ક્વચિત્ મોક્ષના ઉદ્દેશવાળો તપ પણ હોય છે' એવો અર્થ અસંગત છે.

**પ્રશ્ન :** પણ **પંચાશક શાસ્ત્ર**માં કહ્યું જ છે ને કે 'મુગ્ધ લોકો પણ અભ્યાસથી પછી કર્મક્ષયના ઉદ્દેશથી પણ પ્રવર્તે છે.' તો તમે એમ કહો છો કે મુગ્ધ લોકોમાં કર્મક્ષયના ઉદ્દેશથી તપ હોય નહિ.

**ઉત્તર :** હા, પંચાશકમાં એમ કહ્યું છે ખરું કે અભ્યાસથી પછી કર્મ-ક્ષયના ઉદ્દેશથી પણ તે પ્રવર્તે છે; પણ એનો તાત્પર્યાર્થ વિચારીએ તો ખબર પડે કે અભ્યાંસ થયા પછી જ્યારે તે કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તવા માંડે છે ત્યારે તે મુગ્ધ જ રહ્યો હોતો નથી, વિશિષ્ટમતિ બની ગયો હોય છે. જુઓ ને પૃ. ૨૧૮ પર તમે પણ લખ્યું જ છે ને કે xxx કષાયનિરોધાદિવાળા આ તપના અભ્યાસથી તથા પ્રકારનો ક્ષયોપશમ પ્રગટ થતાં તે જીવોની જ્ઞાનશક્તિનો પણ વિકાસ થાય છે, જેથી 'આ તપ કર્મક્ષય માટે કરવો જોઈએ' એવું જ્ઞાન થતાં કર્મક્ષય માટે પણ તપ કરે છે. xxx વળી, 'આ તપ વગેરે અનુષ્ઠાન મોક્ષ–કર્મક્ષય માટે વિહિત છે' આ રીતે બુદ્ધિ વ્યુત્પન્ન થઈ ગયેલી હોવી તે જ વિશિષ્ટમતિપણું છે. તમે પણ પૃ. ૨૩૧ પર લખ્યું છે કે 'મુગ્ધ એટલે વિચારશક્તિ વિનાનો.' તેથી જો અભ્યાસથી જ્ઞાનશક્તિનો વિકાસ થવા દ્વારા 'આ તપ કર્મક્ષય માટે કરવો જોઈએ' આવી વિચારશક્તિ ખીલી ગઈ હોય (બુદ્ધિ વ્યુત્પન્ન થઈ ગઈ હોય), તો પછી મુગ્ધત્વ શી રીતે ઊભું રહે ? માટે જ્યારે કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તવા માંડે છે ત્યારે એ મુગ્ધ રહ્યો ન હોવાથી, 'મુગ્ધ જીવમાં પણ કર્મક્ષયના ઉદ્દેશથી તપ હોય છે' એવું સિદ્ધ થઈ શકતું નથી.

**પ્રશ્ન :** "કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તવા માંડેલો તે જીવ 'મુગ્ધ' રહ્યો હોતો નથી, કિન્તુ મુગ્ધેતર બની ગયો છે." આવી તમારી વાત યોગ્ય લાગતી નથી, કેમ કે **પંચાશકજી**માં આવું જે કહ્યું છે કે [1]'મુગ્ધ લોકો તે રીતે (એટલે કે દેવતાના ઉદ્દેશ વગેરેથી) પ્રવૃત્ત થઈને પછી અભ્યાસના યોગે કર્મક્ષયના ઉદ્દેશથી પણ પ્રવૃત્તિ કરે છે. પણ પહેલેથી જ એ કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવૃત્તિ કરી શકતો નથી, એમાં એનું મુગ્ધત્વ જ કારણ છે.' તેના પરથી એ વાત સ્પષ્ટ રીતે જણાય છે કે મુગ્ધ જીવ જ પહેલાં દેવતા વગેરેના ઉદ્દેશથી તપ કરતો હતો અને એ જ પછીથી કર્મક્ષયના ઉદ્દેશથી તપ કરે છે. માટે કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તવા માંડેલો તે પણ મુગ્ધ જ હોય છે... બાકી એ 'મુગ્ધ' ન હોય, તો એનો 'મુગ્ધ જીવ પછીથી કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તવા માંડે છે' ઇત્યાદિ રીતે 'મુગ્ધ' તરીકે ઉલ્લેખ શી રીતે થાય ?

**ઉત્તર :** પુણ્યશાલિન્ ! લોકમાં અને શાસ્ત્રમાં 'ભૂતપૂર્વ નયે' આ રીતે ઉલ્લેખ થાય છે. જેમ કે લોકમાં જે કહેવાય છે કે 'જુઓ ! આ કરોડપતિ ભીખ માંગે છે !' એમાં તે વ્યક્તિ વિવક્ષિત કાળે ભિખારી બની ગયો હોવા છતાં અને કરોડપતિ ન રહ્યો હોવા છતાં એનો એના ભૂતકાલીન કરોડપતિપણાના કારણે 'કરોડપતિ' તરીકે ઉલ્લેખ થાય છે. શાસ્ત્રમાં પણ જે વાતો આવે છે કે 'ચૌદપૂર્વી પણ પ્રમાદને વશ બનીને નિગોદમાં જાય છે' એમાં નિગોદમાં જતા પ્રમાદવશ જીવનો જે 'ચૌદપૂર્વી' તરીકેનો ઉલ્લેખ થયેલો છે તે તેના ભૂતકાળના ચૌદપૂર્વને નજરમાં લઈને જ. જ્યારે એ નિગોદમાં જાય છે ત્યારે કે નિગોદનું આયુષ્ય બાંધતો હોય ત્યારે કાંઈ એ ચૌદપૂર્વી હોતો નથી, કેમ કે ચૌદપૂર્વની હાજરીમાં તો અવશ્ય સમ્યક્ત્વી હોઈ નિગોદનું આયુષ્ય બાંધતા નથી કે નિગોદમાં જતા નથી. એમ પ્રસ્તુતમાં પણ વિવક્ષિત જીવ જ્યારે કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તવા માંડે છે, ત્યારે 'મુગ્ધ' રહ્યો ન હોવા છતાં, પૂર્વમાં એની મુગ્ધ અવસ્થા હતી એને આશ્રીને એનો 'મુગ્ધ' તરીકે ઉલ્લેખ થયો છે.

**પ્રશ્ન :** અહીં તે જીવના વર્તમાનકાલીન (વિવક્ષિત કાલીન) મુગ્ધત્વના કારણે 'મુગ્ધ' તરીકે ઉલ્લેખ નથી, કિન્તુ ભૂતકાલીન મુગ્ધત્વના કારણે 'મુગ્ધ' તરીકે ઉલ્લેખ છે; એ વાત તમે કહો છો એટલા માત્રથી જ માની લેવી કે એમાં કાંઈ યુક્તિ પણ છે ?

---

૧. मुग्धलोको हि तथाप्रथमतया प्रवृत्तः सन्नभ्यासात् कर्मक्षयोद्देशेन प्रवर्त्तते, न पुनरादित एव तदर्थं प्रवर्तितुं शक्नोति, मुग्धत्वादेव । (पंचा. ११/२६ वृत्तौ)

**ઉત્તર :** આમાં યુક્તિ પણ છે જ. અમે કહીએ છીએ એટલા માત્રથી એ માની લેવાની જરૂર નથી. તે યુક્તિ આ - મુગ્ધ પહેલેથી કર્મક્ષયના ઉદ્દેશથી તપ વગેરે જે કરી શકતો નથી, તેનું કારણ 'મુગ્ધત્વ' જ છે; એવું પંચાશક-વૃત્તિમાં જણાવ્યું છે એ દેખાડ્યું. આના પરથી નિશ્ચિત થાય છે કે 'મુગ્ધત્વ' એ કર્મક્ષયના ઉદ્દેશથી થનારી પ્રવૃત્તિમાં પ્રતિબંધક છે. તેથી એ વાત સ્પષ્ટ છે કે 'જ્યાં સુધી એનામાં મુગ્ધત્વ હોય, ત્યાં સુધી કર્મક્ષયના ઉદ્દેશથી થનારી પ્રવૃત્તિનો પ્રતિબંધક હાજર હોવાથી જીવ કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તી શકતો નથી.' તેથી જ જ્યારે એ કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તવા માંડે છે ત્યારે તેનામાં પ્રતિબંધકાભાવ ઊભો થયો હોય છે; એટલે કે મુગ્ધત્વ રહ્યું હોતું નથી. એ વાત તેની એ પ્રવૃત્તિરૂપ કાર્યથી જ નિશ્ચિત થઈ જાય છે. વળી, તેમ છતાં એનો મુગ્ધ તરીકે ઉલ્લેખ થયો છે, એ પણ એક હકીકત છે. તેથી જણાય છે કે એ ઉલ્લેખ ભૂતકાલીન 'મુગ્ધત્વ'ને નજરમાં રાખીને થયો છે. માટે 'મુગ્ધ જીવો ક્યારેક કર્મક્ષયના ઉદ્દેશથી પણ પ્રવર્તે છે' એવો પ્રસ્તુત શ્લોક પરથી તાત્પર્યાર્થ કાઢવો એ અયોગ્ય છે, એવું સ્વીકારો.

વળી, તમે પૃ. ૨૧૯ પર જણાવ્યું છે કે ××× કથનનું હાર્દ એ છે કે - તે જીવો ભોળાભદ્રિક હોવાના કારણે પ્રારંભમાં કર્મક્ષય કે મોક્ષ વગેરે તત્ત્વોને સમજી શકતા ન હોય. આથી કર્મક્ષય કે મોક્ષના ઉદ્દેશથી તેઓ પ્રવૃત્તિ કરે નહિ એ સમજી શકાય તેવી વાત છે. એ સાથે એ હકીકત પણ મહત્ત્વની છે કે 'મારે આ ધર્મ, કર્મક્ષય કે મોક્ષ માટે નથી કરવો, પણ મારી ભૌતિક ઈચ્છાઓને પૂર્ણ કરવા જ કરવો છે' એવી વૃત્તિ પણ તેની હોતી નથી. ××× પણ તમે તમારું આ કથન, 'તે યથાર્થ છે' એવું સિદ્ધ કરી આપે એવા કોઈ આગમવચન કે યુક્તિના આધાર વિના કહ્યું છે... માટે એ વાત પ્રામાણિક હોવી સિદ્ધ થતી નથી. તેમ જ એમાં પંચાશક શાસ્ત્રવૃત્તિ ગ્રન્થનો વિરોધ પણ થાય છે, જેના કારણે એ અપ્રમાણ હોવું સિદ્ધ થઈ જાય છે. તે આ રીતે - તમે જે એવું લખ્યું છે કે ××× 'મારે આ ધર્મ કર્મક્ષય કે મોક્ષ માટે નથી કરવો, પણ મારી ભૌતિક ઈચ્છાઓને પૂર્ણ કરવા જ કરવો છે' એવી વૃત્તિ પણ તેની હોતી નથી ××× તેમાં કર્મક્ષય કે મોક્ષ માટે નથી કરવો એટલો અંશ તો તેની વૃત્તિમાં હોવો સંભવતો નથી, કેમ કે એ જીવ મુગ્ધત્વના કારણે કર્મક્ષય (મોક્ષ) વગેરેને મુખ્યતયા જાણતો જ નથી, તો 'મોક્ષ માટે કરવો છે' કે 'મોક્ષ માટે નથી કરવો'

એ બેમાંથી એકેય અંશ તેની વૃત્તિમાં સંભવી શકતો નથી. પણ તમે વૃત્તિમાં આગળ જે લખ્યું છે કે xxx મારી ભૌતિક ઈચ્છાઓને પૂર્ણ કરવા જ કરવો છે એવી તેની વૃત્તિ પણ હોતી નથી. xxx એ બરાબર નથી. શી રીતે ? આ રીતે – ૧૯ મા પંચાશકના ૨૯ મા શ્લોકની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે–

xxx **શંકા :**[1] અન્ય ગ્રન્થકારોએ તે તે શાસ્ત્રોમાં કહેલો પણ આ તપ સાભિષ્વંગ = આકાંક્ષાગર્ભિત હોઈ મુક્તિ-માર્ગરૂપ નથી.

**સમાધાન :** તેમ છતાં એ તપ મોક્ષમાર્ગની પ્રાપ્તિના કારણભૂત છે... અને જે મોક્ષમાર્ગની પ્રાપ્તિના કારણભૂત હોય તે પણ ઉપચારથી માર્ગરૂપ જ છે. xxx

આ ગ્રન્થ-સન્દર્ભમાં મુગ્ધ જીવોના આ તપો સાભિષ્વંગ હોવા કહી જ દીધા છે.

**પ્રશ્ન :** એ તો શંકાકારે એનો સાભિષ્વંગ તરીકે ઉલ્લેખ કર્યો છે, ગ્રંથકારે ક્યાં એ તપોનો સાભિષ્વંગ તરીકે ઉલ્લેખ કર્યો છે કે સ્વીકાર્યા છે ?

**ઉત્તર :** ગ્રંથકારે સાક્ષાત્ શબ્દથી એ તપોનો સાભિષ્વંગ તરીકે ઉલ્લેખ કર્યો નથી એ વાત સાચી, તેમ છતાં પોતે જે સમાધાન આપ્યું છે તેનાથી દેખાય છે કે એ તપો સાભિષ્વંગ હોવા સ્વીકારી તો લીધા જ છે. **તે આ રીતે** – શંકાકારે એને સાભિષ્વંગ હોવાના કારણે મોક્ષમાર્ગરૂપ ન હોવાની જે શંકા કરી છે તેનું ગ્રન્થકારે 'એ ઉપચારથી મોક્ષમાર્ગરૂપ છે' એવું સમાધાન આપ્યું છે. તેથી એ તપમાં શંકાકારે આરોપેલ સાભિષ્વંગપણાનો તેઓશ્રીએ જે નિષેધ નથી કર્યો, તેનાથી જ સાભિષ્વંગપણાનો સ્વીકાર કરેલો જણાઈ જાય છે. બાકી જો સાભિષ્વંગ તરીકે એ તપ ગ્રન્થકારને પોતાને માન્ય ન હોત, તો 'આ તપો સાભિષ્વંગ જ નથી કે જેના કારણે મોક્ષમાર્ગરૂપ ન હોવાની શંકા ઊભી થાય...' ઈત્યાદિ જ સીધું સમાધાન આપત. આમ સાભિષ્વંગ = ભૌતિક પદાર્થોના રાગ = ઈચ્છાવાળા એ તપ હોય છે; એટલે કે ભૌતિક પદાર્થોની ઈચ્છાથી એ તપ થાય છે, એ વાત શાસ્ત્રસિદ્ધ જ છે. અને તેથી જ તમે પૃ. ૨૧૯ પર 'આ તપ કરું, જેથી મારી ભૌતિક ઈચ્છાઓ પૂર્ણ થાય એવી પણ મુગ્ધ જીવોની

---

૧. नन्वयं पठितोऽपि साभिष्वङ्गत्वान्न मुक्तिमार्ग इत्याशङ्क्याह 'मार्गप्रतिपत्तिहेतुः' = शिवपथाश्रयकारणं यश्च तत्प्रतिपत्तिहेतुः स मार्ग एवोपचारात् ॥ (पंचा. १९/२९ वृत्तौ)

વૃત્તિ હોતી નથી' ઇત્યાદિ દેખાડવાનો જે પ્રયાસ કર્યો છે તે પંચાશકશાસ્ત્રથી વિરુદ્ધ છે એ પણ સિદ્ધ થઈ ગયું.

## એક વિચારણા

સમ્યગ્દર્શન વગેરેને પામેલો જીવ લાખ રૂા. વગેરેની ઇચ્છા ન કરવા જેવી - ખસેડવા જેવી માનતો જ હોય છે, તેમ છતાં જેને તેવા વિશિષ્ટ પ્રકારના અપ્રત્યાખ્યાનાવરણ- પ્રત્યાખ્યાનાવરણ કક્ષાના રાગદ્વેષનો ઉદય હોય છે, તે જીવ સમ્યગ્દર્શન હોવા છતાં તેવી ઇચ્છાને દબાવતો નથી કે દબાવી શકતો નથી અને તેથી તેના ઉપાયોને અજમાવવા તૈયાર થઈ જાય છે. અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ કષાયરૂપ ચારિત્ર-મોહનીય કર્મના ઉદયનું કાર્ય જ આ છે કે સમ્યગ્ જ્ઞાન-દર્શનના પ્રભાવે જે ચીજને હેયરૂપ - દોષરૂપ જાણી હોય, તે ચીજની પણ ક્ષણિક સુખ-અનુકૂળતા વગરે માટે ઇચ્છા કરાવે - પ્રવૃત્તિ કરાવે. સત્યકીને સમ્યગ્દર્શન અને આગમોનો અભ્યાસ હોવા છતાં વિવિધ સ્ત્રીઓને ભોગવવાની ઇચ્છા અને પ્રવૃત્તિ શું ન હતાં ? (હા, ચારિત્ર-મોહનીયનો ઉદય બંધ થાય અને ચારિત્ર પ્રાપ્ત થાય, પછી આવી ઇચ્છાઓ વગેરે ચારિત્રની હાજરીમાં જાગતાં નથી એમ કહી શકાય.)

જ્યારે આવા જીવને પણ ધન વગેરેની આવશ્યકતા ઊભી થાય છે કે ઇચ્છા જાગે છે, ત્યારે તે એના ઉપાયો તરફ નજર નાખે છે. ધનપ્રાપ્તિના ઉપાય તરીકે લોકમાં આચરાતાં વેપારધંધા–નોકરી–ચોરી–લૂંટફાટ–ધર્મ વગેરે ઉપાયો એની નજરમાં આવે છે. એમાંથી સૌથી વધુ સચોટ અને નિરવદ્ય ઉપાય તરીકે ધર્મ દેખાવાથી એ ધર્મની પ્રવૃત્તિ શા માટે ન કરે ?

શાસ્ત્રકારોને પણ બીજા બધા ઉપાયો કરતાં ધર્મ જ ધનાદિ પ્રાપ્તિના મુખ્ય હેતુ તરીકે માન્ય છે. **શ્રાદ્ધ પ્રતિક્રમણ અર્થદીપિકા**માં કહ્યું છે કે (પૃ. ૧૭૭)[1] 'ધર્મ એ ધનાદિનો વ્યભિચારશૂન્ય મુખ્ય હેતુ છે. જેમ કે ફળનો મુખ્ય હેતુ બીજ છે, વેપાર વગેરેમાં મહેનત કે બુદ્ધિ દોડાવવી એ ધનપ્રાપ્તિનાં સહકારી કારણો છે. જેમ કે પાણી સીંચવું વગેરે ફળનાં સહકારી કારણો છે. આ બધાં સહકારી કારણો વ્યભિચારી (પોતાનું ફળ આપવાનું કાર્ય ન પણ કરે એવાં) પણ હોય છે.'

---

૧. धर्मो धनादेर्व्यभिचारवन्ध्यो बीजं फलस्येव हि मुख्यहेतुः । उपक्रमाद्याः सहकारिणोऽम्भः-सेकादिवत्ते व्यभिचारिणोऽपि ॥ (अ. श्राद्धविभागवृत्त, पृ. १७७-४६)

એવો તો કોણ મૂર્ખ હોય કે પોતાની ઈચ્છિત વસ્તુના સચોટ રામબાણ ઈલાજને જાણવા છતાં અને તે ઉપાયને અજમાવવાનું પોતાનુ સામર્થ્ય - સ્થિરતા વગેરે હોવા છતાં તે સચોટ ઉપાયને અજમાવે નહિ ?

**પ્રશ્ન :** કોઈ સજ્જનને કામવાસના જાગી. ખીસામાં પૈસા છે. પોતે જાણે છે કે વેશ્યાને પૈસા આપીશ, તો મારી કામવાસનાની પૂર્તિ થઈ જશે. તેમ છતાં એ વેશ્યાગમન નથી કરતા, કેમ કે એ જુએ છે કે અહીં મારી વાસના શાંત થઈ જશે, પણ ભવિષ્યમાં દુર્ગતિ વગેરેમાં મારે ભયકર દુઃખો સહન કરવાં પડશે, તેથી ભલે થોડી વહેલી મોડી વાસનાપૂર્તિ થાય; તોપણ મારે એ સ્વસ્ત્રીથી જ કરવી જોઈએ. આમ, ઈચ્છિત વસ્તુને શીઘ્ર આપનાર ઉપાય દેખાવા છતાં સજ્જન એ ઉપાયને અજમાવતો નથી, એટલા માત્રથી કાંઈ એ મૂર્ખ બની જતો નથી. એમ સમ્યગ્દષ્ટિ વગેરે જીવ પણ ધર્મને પોતાની ઈચ્છિત વસ્તુરૂપ લાખ રૂપિયા વગેરેના સચોટ ઉપાય તરીકે જાણવા છતાં 'આવી ઈચ્છાની પૂર્તિ કરવા ધર્મ કરીશ, તો મારે ભવિષ્યમાં ભયંકર દુઃખો સહન કરવાં પડશે' એવું જાણવાથી એ ઉપાયને અજમાવતો નથી... અને તેમ છતાં એ મૂર્ખ શી રીતે ઠરે ?

**ઉત્તર :** આવો પ્રશ્ન ઉઠાવીને મુનિવર ! શું તમે એવું સિદ્ધ કરવા માગો છો કે વાસનાની પૂર્તિ કરવા માટે સ્વસ્ત્રીના વિલાસ કરતાં વેશ્યાગમન એ જેમ બદતર ચીજ છે અને તેથી એનાથી ભયંકર દુર્ગતિઓ ઊભી થાય છે, એમ ધન મેળવવા માટે વેપાર કરવો, આરંભ-સમારંભાદિ યુક્ત ધંધા કરવા કે જૂઠ-અનીતિ વગેરે કરવી કે ચોરી-લૂંટફાટ કરવી એના કરતાં ધર્મ કરવો એ વધુ બદતર ચીજ છે ? અને તેથી લૂંટફાટ વગેરે કરી ધન મેળવવાથી એને જે દુઃખો ઊભાં થાત, એના કરતાં પણ આ ધર્મ કરીને તે ધન મેળવવાથી એને વધુ દુઃખો ઊભાં થાય છે ?

જો તમે આવું સિદ્ધ કરવા માગતા ન હો, તો પુણ્યાત્મન્ ! તમારે કહેવું જ જોઈએ કે ધન મેળવવા માટે પણ વેપાર-ધંધો કરવો, ચોરી-લૂંટફાટ વગેરે કરવાં તેના કરતાં તો ધર્મ કરવો જ વધુ સારો છે. અને તો પછી સમ્યગ્દષ્ટિ જીવ વગેરે પણ 'ધન વગેરેની ઈચ્છાથી ધર્મ તો ન જ કરે' એ વાત નિઃશંક ખોટી ઠરી જાય છે, અને તમે 'ધન વગેરે માટે ધર્મ કરવો એ બદતર ચીજ છે' એવું પણ સિદ્ધ કરવા માગતા જ હો, તો 'છોડવા જેવો

સંસાર, લેવા જેવું સંયમ, મેળવવા જેવો મોક્ષ' વગેરે સૂત્રોની જેમ આવાં સૂત્રોનો પણ તમારે પ્રચાર કરાવવો જોઈએ કે 'લાખો રૂપિયા કમાવાના ઉદ્દેશથી પેઢી જમાવવા માટે નીતિ-પ્રામાણિકતા જાળવવાનો ધર્મ કરવો એ લાખો રૂપિયા મેળવવા માટે કરાતી અપ્રામાણિકતા કરતાં વધુ બદતર છે', 'રોગગ્રસ્ત શરીરને નીરોગી બનાવવા માટે સચિત્ત પાણીનો ત્યાગ કરવો (ઉકાળેલું પાણી પીવું), ઉપવાસ કરવો વગેરેરૂપ તપધર્મ કરવો એ નીરોગી બનવા માટે ગમે તેવી ભક્ષ્યાભક્ષ્ય દવાઓ ખાવા કરતાં પણ વધુ ભૂંડો છે' ઈત્યાદિ...

પણ એ વાત મને નક્કી લાગે છે મહાત્મન્ ! કે તમે પણ આવાં સૂત્રો સાથે તો સંમત નહીં જ હો.

**તત્ત્વાવલોકન**ના પૃષ્ઠ ૨૪ ઉપર તમે જે લખ્યું છે તેના પરથી પણ તમારી અસંમતિ ફલિત થાય છે. તમે ત્યાં લખ્યું છે કે ××× વ્યાપારમાં ફાવટ મેળવવા **ખંધાઈથી** ક્ષમા રાખનારા, **કપટથી** નમ્રતા દાખવનારા, **કપટ કરતાં ફસામણ જણાય** તો સરળતા દાખવનારા અને વધારે મેળવવા, મળેલું જતું કરનારા આત્માઓની ક્ષમા વગેરે શું વખાણવા યોગ્ય છે ? આવાં સ્વાર્થપ્રેરિત ક્ષમાદિ તો કસાઈ-પારધિ વગેરેમાં પણ જોવા મળે. ×××

મહાત્મન્ ! અર્થ-કામનો ઈચ્છુક જે **ધર્મ** કરે તેની વિચારણા અહીં પ્રસ્તુત છે. કસાઈ-પારધિનાં ક્ષમાદિને શું દુનિયામાં કોઈ પણ સુજ્ઞે **'ધર્મ'** તરીકે સ્વીકાર્યાં છે ? **'अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम्'** વગેરે વચનો દ્વારા શાસ્ત્રકારો અર્થકામના અભિલાષુકોને જે ધર્મ કરવાનું કહે છે, તે શું પારધિની પંખીઓને ચણ નાંખવું - વગેરે જેવી પ્રવૃત્તિ કરવાનું કહે છે ? શું તમે આવી પ્રવૃત્તિને ધર્મ માનો છો ? ને શું એને જ ભૂંડો કહો છો ? કસાઈ-પારધિ વગેરેની સ્વાર્થપ્રેરિત ક્ષમાદિને કોઈ 'ધર્મ' તરીકે માનતું ન હોવા છતાં અહીં ધર્મની વિચારણામાં એનો તમે જે ઉલ્લેખ કર્યો છે તેનો જો નિરાગ્રહપણે શાંત ચિત્તે વિચાર કરશો ને, તો મુનિવર ! તમારું મન પોકારી ઊઠશે કે આવો ઉલ્લેખ ગાડીને ઊંધે પાટે ચડાવી દેવા બરાબર છે.

બીજી વાત મુનિવર ! તમારે અહીં ક્ષમા, નમ્રતા વગેરેની પૂર્વે **ખંધાઈથી... કપટથી** આવું બધું લખવાની કેમ જરૂર પડી ? એ પણ મધ્યસ્થ-ભાવે જાતને પૂછી લેજો. ખંધાઈથી ક્ષમા રાખવી એ તો દંભ છે. એ ધર્મ જ

ક્યાં છે કે એને પ્રશંસનીય કે કર્તવ્ય માનવાનો પ્રશ્ન ઊભો થાય ? તેમ છતાં, તમે 'ખંધાઈથી', 'કપટથી' ઈત્યાદિ શબ્દપ્રયોગ કર્યો છે એ જણાવે છે કે તમારા દિલમાં પણ એ તો બેસેલું જ છે કે વગર ખંધાઈએ જે ક્ષમા વગેરે રખાય છે તે પ્રશંસનીય છે જ. શબ્દોની એવી મર્યાદા જ છે કે જ્યારે એક વિશેષ વાતનો નિષેધ કરવામાં આવ્યો હોય, ત્યારે સામાન્યનું વિધાન થઈ જ જાય છે. એટલે જ **ઉપાધ્યાયજી મહારાજે અધ્યાત્મ મતપરીક્ષા ગ્રન્થમાં** 'ગર્ભિણી સ્ત્રીને દીક્ષા ન આપવી' એવા શાસ્ત્રવચન પરથી દિગંબરને સિદ્ધ કરી દેખાડ્યું છે કે સ્ત્રીઓમાં ચારિત્રની વિદ્યમાનતા હોય છે. તે આ રીતે કે 'ગર્ભિણી સ્ત્રીને દીક્ષા ન આપવી' એનો અર્થ જ એ કે 'સામાન્ય સ્ત્રીને દીક્ષા આપી શકાય.' પ્રસ્તુતમાં, વ્યાપાર વધે એ માટે ખંધાઈથી રખાતી ક્ષમા વખાણવા યોગ્ય નથી. એનો અર્થ જ એ કે વ્યાપાર વધે એ માટે વગર ખંધાઈએ રખાતી ક્ષમા વગેરે પ્રશંસનીય છે જ. આનાથી જ જણાય છે કે ઉપર જણાવેલાં સૂત્રો તમને પણ અસંમત છે.

ધન વગેરે માટે ધર્મ કરવો એ વેપાર-ધંધા કે લૂંટફાટ વગેરે કરતાં ભૂંડી નહિ, પણ સારી ચીજ હોવી સિદ્ધ થવાથી અવિરત સમ્યક્ત્વી જીવ પણ એ માટે સચોટ ઉપાયરૂપ ધર્મ કરે એ વાત નિઃશંક બને છે. બાકી 'સમ્યગ્દૃષ્ટિ વગેરે જીવો ઊભી થયેલી ઈચ્છા વગેરેની પૂર્તિરૂપે ધન વગેરે માટે ધર્મ ન જ કરે' એવો એકાન્ત તો સરાસર ખોટો જ છે. તેઓ ધન વગેરેની ઈચ્છાથી પણ ધર્મ કરે છે એ વાત ઉપરોક્ત રીતે સિદ્ધ જ છે. વળી, એ વાત યોગ્ય પણ છે જ, નહિતર તો **ભરતચક્રીએ** પણ શેષ ત્રણ ખંડ જીતવા માટે **વૈતાઢ્ય** પર્વતની ગુફા ખોલવા વગેરેના પ્રયોજનથી જે અટ્ઠમ તપ કર્યો હતો તે ન કરત કે (૨) **શ્રીપાળ રાજાએ** પણ કુતૂહલ જોવાની ઈચ્છાથી નવપદનું ધ્યાન કરવારૂપ જે ધર્મ કર્યો હતો તે ન કરત. શ્રીપાળ કુંવરે કુતૂહલ જોવાની ઈચ્છારૂપ ભૌતિક ઈચ્છાથી નવપદજીનું ધ્યાન ધર્યું હતું, તે **'સિરિ-સિરિવાલ-કહા'**માં આવતા નીચેના ગ્રન્થાધિકાર પરથી જણાય છે –

[1]તેને બે (પુત્રો) પર 'ગુણસુંદરી' નામની એક પુત્રી છે, જે રૂપમાં રંભા જેવી અને કલાકૌશલ્યમાં બ્રાહ્મી જેવી છે. તેણીએ પ્રતિજ્ઞા કરી છે કે 'જે

---

૧. ताण उवरि च एगापुत्ती, गुणसुंदरित्ति नामेणं ।
जा रूवेणं रंभा बंभी अ कलाकलावेण ॥७६४॥

મને વીણાકલામાં જીતશે તે જ મારો પતિ થશે. બીજા કોઈનું મારે કામ નથી.' તે પ્રતિજ્ઞા સાંભળીને ત્યાં આવેલા અનેક રાજકુમારો દરરોજ વીણાવાદનની પ્રેક્ટીસ કરવા માંડ્યા. તેઓની દર મહિને પરીક્ષા થાય છે, પણ કોઈનાથી પ્રત્યક્ષ સરસ્વતીદેવી સમાન તે રાજકુમારી વીણાવાદનમાં જીતી શકાતી નથી. હે દેવ ! એક પરીક્ષાના દિવસે તે રાજકુમારી અમારા વડે ત્યાં દેખાઈ. તે રાજકુમારી સ્ત્રીઓમાં શિરોમણિ છે, જ્યારે હે દેવ ! તમે પુરુષોમાં શિરોમણિ છો. અશક્ય લાગતો હોવા છતાં પણ જો કોઈ રીતે તમારા બેનો સંયોગ થાય, તો હે દેવ ! પ્રજાપતિનો આ પ્રયાસ સફળ થાય. તે સાંભળીને (શ્રીપાળ)કુમારે સાર્થાધિપતિનું પ્રશસ્ત વસ્ત્રોથી સન્માન કર્યું. સંધ્યાસમયે પોતાના આવાસમાં આવ્યા પછી કુમાર વિચારે છે કે આ કુતૂહલને હું શી રીતે જોઈ શકીશ ? અથવા તો આ બાબતમાં 'શ્રીઅરિહંત આદિ નવપદોનું ધ્યાન પ્રમાણ છે (અર્થાત્ એ

---

तीए कया पइन्ना जो मं वीणाकलाइ निज्जिणइ ।
सो चेव मज्झ भत्ता अन्नेहिं न किंपि महकज्जं ॥ ७६५ ॥

तं सोऊण पत्ता तत्थ नरिंदाण नंदणाऽणेगे ।
वीणाए अब्भासं कुणमाणा संति पइदिवसं ॥ ७६६ ॥

मासे मासे तेसिं होइ परिक्खा परं न केणावि ।
सा वीणाए जिप्पइ पच्चक्खसरस्सईतुल्ला ॥ ७६७ ॥

एगपरिक्खादियसे दिट्ठा सा तत्थ देव ! अम्हेहिं ।
रमणीण सिरोरयणं सा पुरिसाणं तुमं देव ॥ ७६८ ॥

अघडतो वि हु, जइ कहवि होइ दुण्हंपि तुम्ह संजोगो ।
ता देव ! पयावइणो एस पयासो हवइ सहलो ॥ ७६९ ॥

तं सोऊणं कुमारो सत्थाहिवइं पसत्थवत्थेहिं ।
पहिराविऊण संझासमये पत्तो नियावासं ॥ ७७० ॥

चिंतेइ तओ कुमारो, कह पिक्खिस्सं कुऊहलं एयं ।
अहवा नवपयझाणं इत्थ पमाणं किमन्नेणं ? ॥ ७७१ ॥

इअ चिंतिऊण सम्मं नवपयझाणं मणंमि ठावित्ता ।
ताहे झाउं पवत्तो कुमारो तक्खणा चेव ॥ ७७२ ॥

अथवा अत्र अस्मिन् कार्ये नवपदानां अर्हदादीनां ध्यानं प्रमाणमस्ति, अन्येन विमर्शेन (किं ? न) किञ्चिदित्यर्थः ॥

(पू. रत्नशेखरसूरिविरचित सिरि-सिरिवालकहा, भाग १-२; पृ. १४१-४२)

જ મારે માટે તો મુખ્ય ઉપાય છે), બીજા (ઉપાયોના) વિચારથી સર્યું.' આ પ્રમાણે વિચારીને મનમાં સારી રીતે નવપદનું ધ્યાન સ્થાપીને તેવી રીતે ધ્યાન કરવામાં પ્રવૃત્ત થયો કે જેથી તત્ક્ષણે જ .....

(**શ્રીપાલ રાજાના રાસ**માં પણ) કહ્યું છે કે -

**'આવ્યો નિજ આવાસે કુંવર મન ચિંતવે હો લાલ,**
**નયર રહ્યું તે દૂર તો કિમ જાસ્યું હવે હો લાલ. તો૦**
**દેત વિધાતા પાંખ તો માણસ રૂઅડાં હો લાલ, તો૦**
**ફરી ફરી કૌતુક જોત જુવે તિમ સુખડાં હો લાલ. જુવે૦ ॥૭॥**
**સિદ્ધચક્ર મુજ એહ મનોરથ પૂરશે હો લાલ, મનો૦**
**એહિ જ મુજ આધાર વિઘ્ન સવિ ચૂરશે હો લાલ. ॥**

ક્ષાયિક સમ્યક્ત્વી એવા **શ્રીકૃષ્ણે** પુત્રપ્રાપ્તિ માટે પૂર્વપરિચિત દેવને ઉદ્દેશીને અટ્ઠમ તપ વગેરે કરેલ... **શ્રીસોમપ્રભસૂરિવિરચિત કુમારપાળ પ્રતિબોધ ગ્રન્થ**માં કહ્યું છે કે -[1] એક વાર **પ્રદ્યુમ્નકુમાર**ના આશ્ચર્યકારી પ્રસંગો સાંભળીને **સત્યભામા** કૃષ્ણને કહે છે, 'તમે તેવું કરો કે જેથી મને પણ આના (પ્રદ્યુમ્ન) જેવો પુત્ર થાય.' કૃષ્ણે કહ્યું, 'પ્રિયે ! પુણ્યથી એવું થાય (અર્થાત્ પુણ્યથી એવા પુત્રની પ્રાપ્તિ થાય).' સત્યભામા વડે વારંવાર કહેવાતાં શ્રીકૃષ્ણ પૂર્વપરિચિત દેવને સ્મૃતિમાં રાખીને એકાન્તમાં જઈ પૌષધ કરી રહ્યા. ત્રીજે દિવસે દેવ પ્રત્યક્ષ થયા. શ્રીકૃષ્ણે તેમને કહ્યું, 'મને પ્રદ્યુમ્ન સરખો બીજો પુત્ર આપો.'

શ્રીકૃષ્ણ ત્રણ ખંડના સ્વામી છે અને ક્ષાયિક સમ્યક્ત્વી છે, તેથી મુગ્ધેતર તો છે જ અને તેમ છતાં તેમણે પુત્રપ્રાપ્તિ માટે દેવને ઉદ્દેશીને અટ્ઠમ તપ - પૌષધ કર્યો છે. વળી, આ રીતે અન્ય ઇચ્છાથી ધર્મ કરવાની વાત જ માત્ર શાસ્ત્રસિદ્ધ છે એવું નથી, ધર્મ કરાવવાની વાત પણ શાસ્ત્રસિદ્ધ છે જ. અર્થાત્ અન્ય ઉદ્દેશથી પણ ધર્મ જ કરવાનો શાસ્ત્રકારો ઉપદેશ આપે જ છે.

---

૧. अन्नया पज्जुन्नकुमारचरियाइं कयच्छरियाइं सोऊण सच्चभामा भणइ कण्हं तहा करेसु, जह्म ममावि जायए एरिसो पुत्तो । कण्हेणं जंपियं पिए पुन्नेहिं एवं होइ । पुणरुत्तं सच्चाए वुच्चंतो पुव्वपरिचियं देवं सुमरंतो एगंते चिट्ठइ कयपोसहो कण्हो । तयदिणे पच्चक्खीहूओ देवो । तमुल्लवइ कण्हो - मह देसु पुत्तमन्नं पज्जुन्नकुमारसारिच्छं... ॥ (कुमारपाळ प्रतिबोध)

જુઓ, **શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રના અર્થદીપિકા** નામના વિવરણમાં નીચેની વાત આવે છે –

[1]**જયસ્થલપુર** નામના નગરમાં **પદ્મદેવ** નામના શ્રેષ્ઠિને **ગુણાકર** નામે યથાર્થ નામવાળો પુત્ર હતો. તેનો નામમાત્રથી 'ગુણધર' એવો **ગુણધર** નામે પ્રિય મિત્ર હતો. એક વખત ફરતાં ફરતાં તે બે જણા એક મઠમાં જઈ ચડ્યા. ત્યાં નીચેનું **સુભાષિત** તેમના સાંભળવામાં આવ્યું : 'પિતાની લક્ષ્મી બહેન સમાન છે, તેથી યૌવનાભિમુખ સુનીતિજ્ઞોએ તેને ભોગવવી ન જોઈએ, પણ સુપાત્રમાં જોડવી જોઈએ.' આ બધી વાતો સાંભળીને ગુણાકર ગુણધરને કહે છે કે 'હવે આપણે પિતાની લક્ષ્મી ન વાપરવી જોઈએ, આપણે જ ક્યાંક જઈને કરોડોનું ધન પ્રાપ્ત કરીએ...' ઈત્યાદિ. મિત્રની વાતો સાંભળીને ગુણધર કહે છે કે "આપણે વણિક છીએ, તેથી વ્યાપારની કુશળતા જ આપણે માટે કામદુગ્ધા ગાય સમાન હોઈ તેનાથી જ ધન મેળવીએ... ઈત્યાદિ... આ

---

૧. एवं गर्वोद्धुरेणाथ, सार्द्धं गुणधरेण सः । गुणाकरः समुत्तस्थौ, तन्मठादशठाशयः ॥४०॥
क्रीडन्नाक्रीडमासन्नं दृष्ट्वा धर्ममिवाङ्गिनाम् । धर्मदेवगुरुं हृष्टः पृष्ट्वान्नतिपूर्वकम् ॥४१॥
प्रभो ! प्रसीदादिश मे, सद्यः स्वेष्टश्रियोऽर्जना । केनोपायेन जायेतेत्यथो यावद्गुरुर्वदेत् ॥४२॥
तावत्तुच्छतयौत्सुक्यधारी गुणधरोऽभ्यधात् । हु मया व्यवसायादिरुपायः प्राक्तवोदितः ॥४३॥
गुणाकरोऽगृणान्मित्र ! मयाऽपि ज्ञायते ह्यदः । प्रश्नोऽयं तु विशेषार्थं, विशेषज्ञा हि साधवः ॥४४॥
वाचं वाचंयमेन्द्रोऽपि, प्रोचे भोः ! स्थिरचेतसौ । शृणुतं वच्मि वां तत्त्वं, तत्त्ववाचो हि साधवः ॥४५॥

तद्येदम्-धर्मो धनादेर्व्यभिचार वन्ध्यो, बीजं फलस्येव हि मुख्यहेतुः ।
उपक्रमाद्याः सहकारिणोऽम्भःसेकादिवत्ते व्यभिचारिणोऽपि ॥४६॥
दृश्यन्ते सुधियोपि हि महोद्यमा अप्यमन्दारिद्र्याः ।
अधियोऽप्यलसा अपि च श्रीपतयः श्रीविलासेन ॥४७॥

उक्तं च समास्वतुल्यं विषमासु तुल्यं, सतीष्वसद्याप्यसतीषु सद्य ।
फलं क्रियास्वित्यथ यन्निमित्तं तद्देहिनां सोऽस्ति तु कोऽपि धर्मः ॥४८॥
तद्धर्म एव यत्नो विधीयतां धीयतां च हृदि सैव ।
यः सर्वा अपि दत्ते चित्तेप्सितसम्पदः सपदि ॥४९॥

*यतः* – धर्माद्धनं धनत एव समस्तकामाः, कामेभ्यः एव सकलेन्द्रियजं सुखं च ।
कार्यार्थिना हि खलु कारणमेषणीयं धर्मो विधेय इति तत्त्वविदो वदन्ति ॥५०॥

*(श्राद्ध प्रतिक्रमण सूत्र वृत्ति - अर्थदीपिका)*

विशिष्यपात्रदानादौ, यतनीयं धनार्थिना । नादत्तं लभ्यते क्वापि । नानुप्तमपि लूयते ॥६३॥

*(श्राद्ध प्रतिक्रमण सूत्रवृत्ति, गाथा ३०, पृ. १७७)*

સાંભળીને ત્યાં રહેલ કોઈ સામુદ્રિક ગુણધરનો તિરસ્કાર કરતાં કહે છે કે – 'હે નિર્લક્ષણ ! તું સ્વભુજાથી મેળવેલ કોઈ લક્ષ્મીને ભોગવવાનો નથી, ઈત્યાદિ... આવું બધું સાંભળીને અંતરમાં દુઃખી થયેલો ગુણધર વિચારે છે કે 'હું પણ આનું વચન અન્યથા કરી મારો અભ્યુદય બધાંને દેખાડીશ.' આવા **સંક્ષિપ્ત અધિકાર પછી** એ કથામાં નીચે મુજબનો અધિકાર આવે છે : 'આમ ગર્વોદ્ધુર થયેલા ગુણધર સાથે અશઠ આશયવાળો તે ગુણાકર તે મઠમાંથી બહાર નીકળ્યો. ક્રીડા કરતો તે મેદાનમાં પહોંચ્યો. ત્યાં જાણે સાક્ષાત્ શરીર ધારણ કરીને રહેલો ધર્મ ન હોય, એવા ધર્મદેવ નામના ગુરુને જોઈને હર્ષ પામેલા તેણે નમનપૂર્વક પૂછ્યું, 'પ્રભો ! પ્રસન્ન થાઓ. મને કહો કે મારા ઈષ્ટ એવા ધનની પ્રાપ્તિ મને કયા ઉપાયથી શીઘ્ર થશે ?' હવે, જ્યાં સુધીમાં ગુરુ જવાબ આપે તે પહેલાં તો તુચ્છતાના કારણે ઉત્સુકતાવાળો ગુણધર બોલ્યો, 'અરે ! મેં પહેલાં તો તેનો વ્યવસાય વગેરે ઉપાય કહ્યો જ છે. (તો પછી હવે તું કેમ ગુરુ મહારાજને ઉપાય પૂછે છે ?)' ગુણાકરે તેને કહ્યું, 'હે મિત્ર ! હું પણ તે ઉપાયને જાણું છું. પણ મેં આ જે ગુરુ મહારાજને પ્રશ્ન પૂછ્યો છે તે વિશેષ ઉપાય જાણવા માટે પૂછ્યો છે; કેમ કે સાધુઓ વિશેષ જાણકાર હોય છે.' ત્યારે મુનીન્દ્રે પણ વાણી પ્રકાશી, "હે સ્થિર ચિત્તવાળા બે મહાનુભાવો! સાંભળો. હું તમને તત્ત્વ કહું, કેમ કે સાધુઓ તત્ત્વને જાણનારા - કહેનારા હોય છે. તે તત્ત્વ આવું છે. ધન વગેરેનું અમોઘ કારણ ધર્મ છે, જેમ કે બીજ ફળનું મુખ્ય કારણ છે. સાહસ, વ્યાપાર વગેરે તો ધનપ્રાપ્તિનાં સહકારી કારણો છે, જેમ કે ફળપ્રાપ્તિનાં 'પાણી સીંચવું' વગેરે સહકારી કારણો છે. તે સહકારી કારણો વ્યભિચારી પણ હોય છે. દુનિયામાં પણ કેટલાય બુદ્ધિશાળી અને અત્યંત ઉદ્યમશીલ લોકો 'પાસે એક કોડી પણ ન હોય' તેવું દારિદ્રય અનુભવતા હોય છે, જ્યારે બીજા કેટલાક બુદ્ધિહીન અને આળસુ માણસો લક્ષ્મીપતિ હોય છે. કહ્યું છે કે 'જીવોને સમાન ક્રિયાઓનું પણ અસમાન ફળ અને અસમાન ક્રિયાઓનું સમાન ફળ જે મળે છે, તેમ જ ક્રિયા હોવા છતાં જે ફળ નથી મળતું અને ન હોવા છતાં જે ફળ મળે છે, તે બધાંનું કોઈ પણ કારણ હોય તો એ ધર્મ છે. તેથી ધર્મમાં જ ઉદ્યમ કરો અને હૃદયમાં તેને જ ધારણ કરો. ધર્મ ચિત્તમાં ઈચ્છેલી બધી સંપત્તિ-ઓને શીઘ્ર આપે છે, કેમ કે 'ધર્મથી ધન મળે છે, ધનથી સમસ્ત વિષયો પ્રાપ્ત થાય છે, વિષયોથી બધી ઈન્દ્રિયોનું સુખ મળે છે. ખરેખર ધન વગેરેરૂપ કાર્યના અર્થીએ કારણને જ

ખોળવું જોઈએ (અર્થાત્ કારણમાં જ પ્રયત્ન કરવો જોઈએ); જેથી 'ધન વગેરેના અર્થીએ પણ ધર્મ કરવો જોઈએ' એવું તત્ત્વના જાણકારો કહે છે." આ બધું કહ્યા પછી આગળ પણ ધર્મદેવ ગુરુ મહારાજ કહે છે કે "ધનના અર્થી માણસે વિશેષ પ્રકારે સુપાત્ર દાનાદિમાં પ્રયત્ન કરવો જોઈએ, કેમ કે ક્યાંય પણ ન આપેલી વસ્તુ મળતી નથી કે ન વાવેલી ચીજ લણી શકાતી નથી."

અહીં સ્પષ્ટ જોવા મળે છે કે કરોડોનું ધન મેળવવાની ઈચ્છાવાળા ગુણાકરને, ગુરુભગવંતે એ ધન મેળવવા માટે પણ ધર્મ કરવાનું જ કહ્યું.

**શ્રી અજિતપ્રભસૂરિ-વિરચિત શ્રી શાન્તિનાથચરિત્ર**માં પણ જુઓ, આવો અધિકાર આવે છે –

[1]આચાર્ય ભગવંતને નમીને રાજા યથાસ્થાને બેઠો. તેને ઉદ્દેશીને આચાર્યે ધર્મદેશના આપી, '**ઉજ્જૈની** મહાનગરીમાં **વૈરિસિંહ રાજા, સોમચન્દ્રા રાણી** અને **ધનદત્ત શ્રેષ્ઠી** થયા. તે ધનદત્ત શ્રેષ્ઠી ધર્માર્થી, સુવિનીત, સત્યશીલ, દયાથી યુક્ત અને ગુરુદેવની પૂજામાં પ્રીતિવાળો હતો. તેની સત્યભામા નામની શીલરૂપી અલંકારથી શોભતી પત્ની હતી. તે પતિ પર અત્યંત પ્રેમવાળી હતી, પણ તેને કોઈ પુત્ર નહોતો.'

એક વખત પુત્રચિંતાથી મ્લાન થયેલા મુખકમલવાળા પતિને જોઈને તેણીએ પૂછ્યું કે 'હે નાથ ! તમારા દુઃખનું કારણ શું છે ?' શ્રેષ્ઠીએ તેણીને

---

૧. सूरिं नत्वा यथास्थानमुपाविक्षन् महीपतिः । तमुद्दिश्य मुनीन्द्रोऽथ विदधे धर्मदेशनाम् ॥६३॥
उज्जयिन्यां महापुर्यां वैरिसिंहो महीपतिः । सोमचन्द्रा च तद्भार्या धनदत्तश्रेष्ठ्यभूत् ॥६६॥
धर्मार्थी सुविनीतात्मा सत्यशीलदयान्वितः । गुरुदेवार्चनप्रीतः स श्रेष्ठी धनदत्तकः ॥६७॥
सत्यभामेति तद्भार्या शीलालङ्कृतिशालिनी । पत्यौ प्रेमपरा किंत्वपत्यभाण्डविवर्जिता ॥६८॥
साऽन्यदा श्रेष्ठिनं पुत्रचिन्ताम्लानमुखाम्बुजम् । दृष्ट्वा पप्रच्छ हे नाथ ! किं ते दुःखस्य कारणम् ॥६९॥
श्रेष्ठिना च समाख्याते तस्यै तस्मिन् यथातथे । श्रेष्ठिनी पुनरप्यूचे पर्याप्तं चिन्तयाऽनया ॥७०॥
धर्म एव भवेन्नृणामिहामुत्र सुखप्रदः । स एव सेवनीयो हि विशेषेण सुखैषिणा ॥७१॥
तत्त्वं देवे गुरौ चापि कुरु भक्तिं यथोचिताम् । देहि दानं सुपात्रेभ्यः पुस्तकं चापि लेखय ॥७२॥
एवं च कुर्वतो पुत्रो भावी यदि तदा वरम् । भविता निर्मलो नाथ परलोकोऽन्यथाऽऽवयोः ॥७३॥
हृष्टः श्रेष्ठ्यप्युवाचैवं प्रिये साधूदितं त्वया । सम्यगाराधितो धर्म्मो भवेच्चिन्तामणिर्नृणाम् ॥७४॥
(श्री अजितप्रभसूरिविरचित श्रीशान्तिनाथचरित्रम्)

સાચી વાત કર્યે છતે શેઠાણીએ પુનઃ કહ્યું કે 'આ ચિંતાથી સર્યું, (કેમ કે) ધર્મ જ માણસોને આલોક-પરલોકમાં સુખ આપનારો બને છે. તેથી સુખેચ્છુએ વિશેષ પ્રકારે ધર્મને જ સેવવો જોઈએ.' માટે '(હે નાથ !) તમે દેવ અને ગુરુની યથોચિત ભક્તિ કરો, સુપાત્રોને દાન આપો અને પુસ્તક લખાવો. આ રીતે કરતાં આપણને પુત્ર થશે તો તો ઘણું સુંદર, પણ અન્યથા – કદાચ ન થાય, તોપણ આપણા બેનો પરલોક તો સુધરશે.' ખુશ થયેલા શ્રેષ્ઠીએ પણ આ પ્રમાણે કહ્યું કે 'હે પ્રિયે ! તેં ઘણી સુંદર વાત કરી. સમ્યગ્ આરાધાયેલો ધર્મ ખરેખર મનુષ્યોને માટે ચિન્તામણિ બને છે.'

આમાં 'સુખેચ્છુએ વિશેષ પ્રકારે ધર્મને જ સેવવો જોઈએ' એવું જે કહ્યું છે તેમાં 'સુખેચ્છુ' એટલે પ્રસ્તુતમાં 'પુત્ર સુખેચ્છુ'ની વાત હોઈ 'પુત્રસુખની ઇચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' એવું પત્નીએ કહ્યું છે અને ધર્મપરિણતિ-વાળા શ્રેષ્ઠીએ પણ એને એવું નથી કહ્યું કે 'એ ય ! તું આ શું કહે છે ? પુત્રની ઇચ્છાથી ધર્મ કરાય ? ન કરાય !' આવું ન કહેતાં શ્રેષ્ઠીએ એમ જ કહ્યું છે કે 'તેં ઘણી સુંદર વાત કહી.' ઇત્યાદિ...

'ચરિત્રગ્રન્થોમાં આવતાં આવાં દૃષ્ટાન્તોથી સિદ્ધાન્તને ન બદલાય' એવી ચવાઈ ગયેલી તમારી વાતને પુનઃ ઉચ્ચારશો નહિ, કેમકે પુણ્યાત્મન્ ! જો આ દૃષ્ટાન્તો સિદ્ધાન્તને અનુરૂપ ન હોય અને વિરુદ્ધ હોય, તો તો ભવભીરુ સંવિગ્ન ગીતાર્થ આચાર્ય ભગવંતો એવા દૃષ્ટાન્તને ધર્મપ્રેરણા કરવા માટે ટાંકે પણ નહિ.

એમ **કુમારનંદી સોની**ની પણ નીચે મુજબ વાતો શાસ્ત્રોમાં આવે છે : શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની **શ્રીલક્ષ્મીવલ્લભગણિકૃત વૃત્તિ**માં કહ્યું છે કે [1]હવે કુમારનંદીએ પોતાના અંગૂઠા પર અગ્નિ મૂકીને મસ્તક સુધીનું સ્વશરીર

---

૧. अथात्र कुमारनन्दिना स्वाङ्गुष्ठेऽग्निं मोचयित्वा मस्तकं यावत् स्वशरीरं ज्वालयितुमारब्धं, तदा मित्रेणायं वारितः। भोः मित्र ! तवेदं कापुरुषजनोचितं चेष्टितं न युक्तम्। महानुभाव ! दुर्लभं मनुष्यजन्म मा हारय ! तुच्छमिदं भोगसुखमस्ति ! किं च यद्यपि त्वं भोगार्थी तथापि सद्धर्मानुष्ठानमेव कुरु। यत उक्तं –

धणओ धणत्थियाणं, कामत्थीणं च सव्वकामकरो।
सग्गापवग्गसंगमहेऊ जिणदेसिओ धम्मो ॥

(उत्तराध्ययनसूत्र, लक्ष्मीवल्लभकृत वृत्तौ, अध्य. १८, पृ. ४७९)

સળગાવી દેવાનું શરૂ કર્યું, ત્યારે મિત્રે તેને અટકાવીને કહ્યું કે "હે મિત્ર ! કાયર પુરુષને ઉચિત એવી આ ચેષ્ટા તારે યોગ્ય નથી. મહાનુભાવ ! દુર્લભ મનુષ્ય-ભવને તું હાર નહિ. આ (હાસા-પ્રહાસાનું) ભોગસુખ તુચ્છ છે. **વળી, જો તું ભોગાર્થી છે તોપણ સદ્ધર્મ અનુષ્ઠાન જ કર,** કેમ કે કહ્યું છે કે શ્રી જિનકથિત ધર્મ ધનાર્થીઓને ધન આપનાર છે, કામાર્થીઓને સર્વ કામભોગો પૂરા પાડનાર છે અને સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિનો હેતુ છે."

**શ્રીમાન્ નેમિચન્દ્રાચાર્યે** પણ પોતાની વૃત્તિમાં આ રીતે કહ્યું છે કે [1] તેણે (કુમારનંદીએ) હાસા-પ્રહાસા મેળવવાની ઈચ્છાથી અગ્નિમાં બળી મરવાનું શરૂ કર્યું, ત્યારે મિત્રે તેને અટકાવ્યો, 'હે મિત્ર ! તારે પામર પુરુષને ઉચિત આવું કાર્ય કરવું યોગ્ય નથી. તેથી મહાનુભાવ ! દુર્લભ એવા મનુષ્ય-જન્મને તુચ્છ ભોગસુખ માટે હાર નહિ. વૈડૂર્યમણિની કિંમત ચૂકવીને શું કોઈ કાચનો મણી ખરીદે ? વળી, **જો તું ભોગાર્થી છે તોપણ સદ્ધર્માનુષ્ઠાન જ કર;** કેમ કે શ્રીજિનકથિત ધર્મ ધનાર્થીઓને ધન આપનાર છે, કામાર્થીઓને સર્વ કામ-ભોગો આપનાર છે અને સ્વર્ગ-અપવર્ગની પ્રાપ્તિનો હેતુ છે.'

એમ **નિશીથભાષ્યની** ૩૧૮૩-૩૧૮૪ શ્લોકની ચૂર્ણિમાં **શ્રીજિનદાસ મહત્તરે** કહ્યું છે કે [2] તેનો નાગિલ નામનો શ્રાવક મિત્ર હતો. તેણે શ્રીજિનકથિત ધર્મ કહ્યો. પછી કહ્યું, 'તું વૈમાનિકી દેવીઓ સાથે ઉત્તમ ભોગોને ભોગવશે. અલ્પ સ્થિતિવાળી આ વ્યંતરી દેવીઓથી સર્યું.'

**પ્રશ્ન :** આ તો શ્રાવક મિત્રે તેવી સલાહ આપી છે. એનાથી મહાત્મા-ઓને પણ તે માન્ય છે, એવું શી રીતે મનાય ?

---

૧. आढत्तं च तेण तयभिसंधिणा जलणासेवणा, वारितो य मित्तेण 'भो मित्त ! न जुत्तं तुह काउरिसजणोचियमेयं चेट्ठियं, ता महानुभाव ! दुल्लहं माणुसजम्मं मा हारसु तुच्छभोगसुहहेउं ।

अन्नं च, जइवि तुमं भोगत्थी तहावि सद्धम्माणुट्ठाणं चेव करेनु ।

**जत्तो -** धणओ धणत्थियाणं, कामत्थीणं च सव्वकामकरो ।
सग्गापवग्गसंगमहेऊ जिणदेसिओ धम्मो ॥१॥

(उत्तराध्ययनसूत्र : श्रीमन्नेमिचन्द्राचार्यकृत टीका)

૨. तस्स य वयंसे णाइलो णाम सावगो । सो से जिणपण्णत्तं धम्मं कहेति । एयं करेहि । ततो सोधम्माइसु कप्पेसु दीहकालट्ठितिओ सह वेमाणिणीहिं उत्तमे भोगे भुंजिहिसि, किमेतिहिं वधूतेहिं वाणमंतरीहिं अप्पकालट्ठितीएहिं ॥ (निशीथभाष्य, चूर्णि ३१८३-८४)

ઉત્તર : અહીં સલાહ આપનાર મિત્રનો 'શ્રાવક' તરીકે ઉલલેખ કર્યો છે, જે તેની ધર્મપરિણતિને જણાવે છે. ધર્મપરિણતિવાળા તેણે આવી સલાહ આપી છે, એનાથી જણાય છે કે એ જિનાજ્ઞાવિરુદ્ધ નહોતી. વળી, જો શાસ્ત્રકાર મહાત્માઓને શ્રાવકે આપેલી સલાહ માન્ય ન હોત તો તેઓએ એવો જરૂર ઉલ્લેખ કર્યો હોત કે 'જોકે અહીં શ્રાવકે ભોગ માટે ધર્મ કરવાની સલાહ આપી છે, પણ એ જિનાજ્ઞાવિરુદ્ધ જાણવી... ઇત્યાદિ. પણ શ્રી લક્ષ્મીવલ્લભગણિ મહારાજ, શ્રીનેમિચંદ્રાચાર્ય કે શ્રીજિનદાસ મહત્તર – કોઈએ આવો નિર્દેશ કર્યો હોય તેવું જોવા મળ્યું નથી. માટે નક્કી થાય છે કે 'ભોગસુખ માટે પણ ધર્મ જ કરાવવો' એ શાસ્ત્રકારોને માન્ય છે જ.

આમ 'ધન-ભોગ-કીર્તિ વગેરે ભૌતિક સુખની ઇચ્છાથી પણ ધર્મ જ કરવો અને ધર્મ જ કરવાનો ઉપદેશ આપવો' એ વાત શાસ્ત્રસિદ્ધ હોવી સિદ્ધ થઈ, અને તેથી જ શ્રીઅજિત શાંતિ-સ્તવનની છેલ્લી ગાથામાં જે કહ્યું છે કે [1]'જો તમે પરમપદને ઇચ્છો છો અથવા જો તમે જગતમાં સુવિસ્તૃત કીર્તિને ઇચ્છો છો, તો ત્રણે લોકનો ઉદ્ધાર કરનાર શ્રી જિનવચનમાં આદર કરો.' તેનો મનઘડંત અર્થ કરવાની જરૂર રહેતી નથી; કારણ કે કીર્તિ માટે ધર્મ કરવાનો ઉપદેશ આપવો પણ અબાધિત છે.

વળી, મહાત્મન્ ! જિનવચનમાં આદર કરવો એ શું ધર્મરૂપ નથી ? કે જેથી 'અહીં કીર્તિ માટે ધર્મ કરવાનું વિધાન કર્યું નથી, પણ જિનવચનમાં આદર કરવાનું વિધાન છે' એવો અર્થ ઉપસાવવાનો તમે તત્ત્વા૦ પૃ. ૮૫ ઉપર પ્રયાસ કર્યો છે. હું તમને એટલું પૂછું છું કે જિનવચનમાં આદર કરવો એને તમે ધર્મરૂપ માનો છો કે નહિ ? જો એને ધર્મરૂપ ન માનતા હો તો તમે જાહેર કરો કે 'જિનવચનમાં આદર કરવો એ ધર્મ નથી, પણ અધર્મ છે' અને જો ધર્મરૂપ માનતા હો તો તમે જાહેર કરો કે 'કીર્તિ વગેરે માટે પણ ધર્મ કરવાનો ઉપદેશ આપી શકાય છે.'

■

૧. जइ इच्छह परमपयं, अहवा कित्तिं सुवित्थडं भुवणे ।
ता तेलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥४०॥ (श्रीअजितशांतिस्तव)

## વિષય - ૧૨

# સતતાભ્યાસાદિ વિચાર

## (તત્ત્વા૦ પૃ. ૧૭૬)

આ અવલોકનમાં મુખ્યતયા તો તમે મહાત્મન્ ! શાસ્ત્રપાઠો ટાંકીને તેનો અનુવાદ જ કર્યો છે, માટે મારે વધારે લખવાનું ન હોય... પણ તેમ છતાં, તમે એ પરથી જે તાત્પર્યાર્થ કાઢ્યો છે તે જાણીને, મુનિવર ! તમારા ક્ષયોપશમની વિચિત્રતાનું મને અકથ્ય દુઃખ થાય છે. યોગબિન્દુના શ્લોક ૧૧૫ની વૃત્તિમાં જે કહ્યું છે કે 'માતાપિતાદિ ગુરુજનના અલંકારાદિ દ્રવ્યને તીર્થસ્થાનમાં વાપરી દેવું. અન્યથા જો તેને પોતાના વપરાશમાં લે તો ગુરુજનના મૃત્યુ વગેરેની અનુમોદનાનો દોષ લાગે.' આવાં વચનો પરથી તમે તાત્પર્યાર્થ કાઢ્યો છે કે (તત્ત્વા૦ પૃ.૧૭૮) xxx 'આ પરથી સમજી શકાશે કે પ્રારંભિક કક્ષાના સતતાભ્યાસમાં કરાતી માતા-પિતાદિ ગુરુજનની સેવા પણ નિરાશંસ ભાવે કરવાનું શાસ્ત્રકારો ઉપદેશે છે.' xxx યોગબિન્દુવૃત્તિનાં ઉક્ત વચનો પરથી આવો તાત્પર્યાર્થ તો તમે જ કાઢી શકો ! અન્ય સુજ્ઞજન નહિ; કારણ અહીં કાંઈ એવું કહ્યું નથી કે 'અન્યથા જો તેને પોતાના વપરાશમાં લે, તો પોતે ગુરુજનની સેવા કરી છે તે આશંસાવાળી થઈ જવાનો દોષ લાગે.' આવું કહ્યું હોત તો તમે કહ્યો એવો અર્થ નીકળી શકત. 'ગુરુજનનાં અલંકારાદિને તીર્થસ્થાનમાં વાપરી દેવાં, પોતાના વપરાશમાં ન લેવાં, ઈત્યાદિ વચન પરથી તમે જે કહ્યું છે - xxx 'પ્રારંભિક કક્ષાના સતતાભ્યાસમાં કરાતી માતા-પિતાદિ ગુરુજનની સેવા પણ નિરાશંસભાવે કરવાનું શાસ્ત્રકારો ઉપદેશે છે.' xxx એના પરથી નીચેની બે વાતો ફલિત થાય છે : (૧) ગુરુજનની વસ્તુઓને વાપરવા માત્રથી પૂર્વે કરેલી સેવા આશંવાળી બની જાય છે, અને (૨) તેવી આશંસાવાળી સેવા શ્રીજિનાજ્ઞાને માન્ય નથી.

**હવે, આ તમારી વાતમાં શાસ્ત્રનો વિરોધ શી રીતે થાય છે તે જોઈએ...**

**યોગબિન્દુમાં 'મૃત્યુની અનુમોદનાનો દોષ ન લાગે એ માટે વપરાશનો નિષેધ કર્યો છે.' તેના પરથી ફલિત એ થાય છે કે 'આવો દોષ ન લાગતો હોય તો એ નિષેધ નથી (જેમ કે માતા-પિતાએ દીક્ષા લીધી હોય, તો પછી એમનાં અલંકારાદિ વાપરવામાં એ દોષ નથી); તેમ છતાં તમારા અભિપ્રાય પ્રમાણે તો એ રીતે પણ કોઈ ગુરુજનની ચીજ વાપરે, તો એની પૂર્વે કરેલી**

સેવા આશંસાવાળી હોવી સિદ્ધ થવાથી જિનાજ્ઞાથી નિષિદ્ધ બની જાય છે. માટે એમાં શાસ્ત્રવિરોધ સ્પષ્ટ છે... માટે મૃત્યુની અનુમોદનાનો દોષ લાગી જવાના કારણે વપરાશનો જે નિષેધ કર્યો છે, તેના પરથી પુત્રાદિએ વડીલોની કોઈ વસ્તુ વાપરવી ન જોઈએ; નહીં તો આશંસાભાવનો દોષ લાગી જાય અને તેથી કરેલી સેવા નિષ્ફળ જાય, એવો શાસ્ત્રોપદેશનો તાત્પર્યાર્થ કાઢી શકાતો નથી.

વળી, પૃ ૧૭૯ પર ઉપદેશરહસ્ય ગ્રન્થની વૃત્તિનો અર્થ કરતાં તમે આમ લખ્યું છે કે ××× અપુનર્બંધક જીવો સંસારનું સુખ, દુઃખનું અનુબંધી = દુઃખની પરંપરાનું જનક હોવાથી, તેને અનિષ્ટ માનનારા હોય છે. ×××

**ઉપદેશરહસ્ય**માં આવતા આગળના પાઠનો ઉલ્લેખ કરવાનું ટાળી, માત્ર આટલો જ ઉલ્લેખ કરીને તમે એવું ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો છે કે 'સંસારના સુખ પર તેને રાગ હોતો નથી.' પણ એ વાત બરાબર નથી; કેમ કે ઉપદેશરહસ્ય ગ્રન્થમાં અપુનર્બંધક જીવના લક્ષણ તરીકે કહ્યું છે કે 'સંસારને બહુ માનતો નથી (સંસારને ઉત્કટ ઇચ્છાનો વિષય બનાવતો નથી); એટલે કે સંસાર પર અભવ્યાદિને કે અચરમાવર્તવર્તી જીવોને જેવો તીવ્ર રાગ હોય છે, તેવો આ જીવને હોતો નથી, કેમ કે સંસારમાં મળતા સુખને પણ તેઓ દુઃખનું અનુબંધી માનનારા હોઈ અનિષ્ટ માનનારા હોય છે.'

આમ, અહીં 'સુખને અનિષ્ટ માનનારા હોય છે' એવું જે કહ્યું છે તે 'સંસારસુખ પર તેને રાગ જ હોતો નથી એવું જણાવવા નહિ, પણ સંસારસુખ પર તીવ્રરાગ હોતો નથી' એવું જણાવવા માટે. ઊલટું અહીં 'તીવ્રરાગ હોતો નથી' એવું જે કહ્યું છે તેના પરથી પણ જણાય છે કે 'અતીવ્રરાગ તો તેને પણ હોય જ છે.'

એમ 'વિષયાભ્યાસ અનુષ્ઠાનમાં **ભવવૈરાગ્યાદિ ભાવોનો અભાવ** હોઈ તે અનુષ્ઠાન નિશ્ચયનયે ધર્માનુષ્ઠાન નથી' એવું જે **ઉપદેશરહસ્ય**માં કહ્યું છે તેના પરથી પણ શું જાણી શકાતું નથી કે 'એમાં સંસાર પર વૈરાગ્યનો અભાવ હોવો કહ્યો હોવાથી રાગ હોવો નિષિદ્ધ નથી' અને જો 'રાગ હોવો નિષિદ્ધ નથી' તો 'માતૃસેવાદિ આશંસાપૂર્વક નથી કરાયાં' એવો નિષેધ શી રીતે કરી શકાય ? વળી, આમ 'એ આશંસાવાળાં ન જ હોય' એવું ન હોવા છતાં સતતાભ્યાસરૂપ બનતાં હોવાથી, 'આશંસાવાળી સેવા શ્રીજિનાજ્ઞાને માન્ય નથી' એવી તમારી બીજી ફલિત વાત પણ ઊભી રહી શકતી નથી. ■

## વિષય - ૧૩

# 'ધનાર્થિનાં' શબ્દથી સૂચિતાર્થ

**ધર્મબિંદુશાસ્ત્ર**માં આચાર્ય ધુરંધર **શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** પણ **'धनदो धनार्थिनां धर्मः'** એવું જે કહ્યું છે, તે પણ સૂચવે છે કે 'ધનની ઈચ્છાવાળાને ધર્મ ધન આપે છે.' પણ એ ક્યારે ધન આપે ? ધર્મને સેવે ત્યારે. વળી, ઈચ્છા પ્રવૃત્તિનો હેતુ હોવાથી પ્રસ્તુતમાં પણ, ધર્મપ્રવૃત્તિમાં કઈ ઈચ્છા કારણ બની છે એ નિર્ણય કરવાનો છે. 'ધનાર્થી' તરીકેનો ઉલ્લેખ સ્પષ્ટ જણાવે છે કે 'ધનની ઈચ્છા' એ ધર્મપ્રવૃત્તિનું કારણ બની છે. અર્થાત્ 'ધનની ઈચ્છાવાળો ધનની ઈચ્છાથી ધર્મને સેવે, તો એ ધર્મ એને ધન આપે છે.' એવું વિધાન શ્રી હરિ-ભદ્રસૂરિ મહારાજે કર્યું છે. આ વિધાન તેઓશ્રીએ શું શ્રોતા જીવની પાસે ધન વગેરેની ઈચ્છાથી ધર્મ કરાવી, પછી એને દુર્ગતિઓમાં રિબાવી રિબાવીને મારવાના ઉદ્દેશથી કર્યું છે ? શ્રોતા પર દયાના મહાસાગર ઉપદેશક આચાર્ય આવું ઈચ્છે ખરા ? આવું ન ઈચ્છે એ તો નક્કી જ છે. વળી, આ ગાથામાં ધર્મનો જો માત્ર મહિમા જ દેખાડવો હોત તો **'धनार्थिनां'** પદની જરૂર જ નહોતી. સીધું એમ લખી શકત કે **'धनदो धर्मः' 'कामदो धर्मः'** પણ એટલું જ ન લખતાં, **'धनार्थिनां धनदो धर्मः, कामिनां कामदः'** એમ લખ્યું. આ ચોખ્ખું વિધાન જણાવે છે કે 'તમને ધનની ઈચ્છા હોય તો ધર્મ કરો, ધર્મ વિના ધન નહિ જ મળે.'

બીજી આ પણ વાત છે કે જો **'धनदो धनार्थिनां धर्मः'** એ વાક્ય માત્ર ધર્મનો મહિમાસૂચક હોત, ધર્મનું વિધાન કરનારું નહિ; તો પછી **'धर्म एव अपवर्गस्य पारंपर्येण साधकः'** એ કથન પણ 'ધર્મ અપવર્ગ(મોક્ષ)દાતા છે' એટલા ધર્મના મહિમામાત્રને બતાવનારું માનવું પડે, 'મોક્ષ માટે ધર્મ' કરવાના વિધાનને કરનારું નહિ.

**સારાંશ : 'धनदो धनार्थिनां धर्मः'** શ્લોક ધર્મનો માત્ર મહિમા જણાવનાર નથી, પણ ધર્મના આવા વિધાનને કરનારો છે કે 'તમારે ધનની ઈચ્છા હોય તો ધર્મ કરો. તમારે મોક્ષની ઇચ્છા હોય તો ધર્મ જ કરો.' તાત્પર્ય કે જેમ મોક્ષની ઈચ્છા હોય તો ધર્મ જ કરાય, એમ ધનની ઈચ્છાથી પણ ધર્મ જ કરાય. વળી, એ પણ વાત છે કે આ શ્લોકથી શાસ્ત્રકાર ભગવંતને 'ધર્મ શા માટે કરવો ?' એ કહેવું અભિપ્રેત નથી. એટલે કે ધર્મના પ્રયોજનનું વિધાન કરવું અભિપ્રેત નથી. એવું જો અભિપ્રેત હોત તો તો એમ જ લખત કે 'ધર્મ મોક્ષ માટે જ

કરાય, અર્થકામ માટે નહિ.' પણ એવું ન લખતાં, આવું જે એકસરખું લખ્યું છે કે 'ધનાર્થીને ધર્મ એ ધનદાતા છે, કામાર્થીને ધર્મ એ કામદાતા છે, મોક્ષાર્થીને ધર્મ એ મોક્ષદાતા છે.' તે સૂચવે છે કે આમાં ગ્રન્થકારને ધનાર્થી વગેરે જીવોને તે ધન વગેરેને આપનાર ઉપાયનું વિધાન કરવું છે; એટલે કે તેઓશ્રીએ એવું વિધાન કરવું છે કે 'ધનની ઇચ્છા હોય, કામની ઇચ્છા હોય કે મોક્ષની ઇચ્છા હોય, તે તે ઇચ્છાને પૂરી પાડનાર સાધન 'ધર્મ' છે. માટે આમાંની કોઈ પણ ઇચ્છા હોય તો ધર્મ જ કરો.'

શાસ્ત્રવચનોનું રહસ્ય પકડવા માટે એ વિવેક કરવો જોઈએ કે આ ઉત્સર્ગ-વચન છે કે અપવાદ-વચન. આ અનુવાદ-વચન છે કે વિધાન-વચન છે? અનુવાદ-વચન હોય તો અનુવાદ્ય-અનૂદ્ય કોણ ને અનુવાદક કોણ ? તે જોવું પડે. વિધિ-નિષેધ વચન હોય તો 'આ વચનમાં ઉદ્દેશ્ય શું છે ? ને વિધેય કે નિષેધ્ય શું છે ? - અર્થાત્ ઉદ્દેશ્યને ઉદ્દેશીને શું કહેવું છે ? શાનું વિધાન કે નિષેધ કરવો છે ?' એ જોવું પડે. પ્રસ્તુતમાં મોક્ષાર્થીને ઉદ્દેશીને જેમ ધર્મકરણ કહેવું છે, તેમ ધનાર્થીને ઉદ્દેશીને પણ ધર્મકરણ કહેવું છે; ધર્મકરણનું વિધાન કરવું છે.

આ હિસાબે આ શ્લોકમાં ધર્મના આશયનું વિધાન નથી કે 'ધર્મ શા માટે કરવો ?' કિન્તુ ચાહે ધન, ચાહે કામ કે ચાહે મોક્ષ – ગમે તેની ઇચ્છા હોય તોપણ 'તમે ધર્મ જ કરો' એ વિધાન છે. ટૂંકમાં, ધમાર્થી વગેરે શ્રોતાને આ શ્લોકથી ધર્મ કરવાનો બોધ થાઓ એવું શાસ્ત્રકારને આ શ્લોક લખવા પાછળ અભિપ્રેત છે.

બાકી, અર્થકામનાં પૌદ્ગલિક સુખોની ઇચ્છાવાળો માણસ તે તે ઇચ્છાથી જે ધર્મ કરે, એ ધર્મ મહાભૂંડો જ છે, તેને સંસારમાં રિબાવી રિબાવીને મારનારો જ છે, વિષાનુષ્ઠાનરૂપ જ છે, સંસાર વધારનારો જ છે ઇત્યાદિ બધી તમારી જે માન્યતાઓ છે ને, તેનો મુનિવર !તમારા પ્રત્યક્ષ ગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં પૂર્વપ્રવચનોનાં વચનો સાથે કેટલો મેળ છે તેનું તમે સ્વયં નિરીક્ષણ કરી લેશો એવી ભલામણ છે. જુઓ, તેઓ શ્રીમદ્‌નાં વચનો – (**આત્મોન્નતિનાં સોપાન ભાગ-૩**) (૧) ××× વિમધ્યમ પ્રકૃતિના જીવો પૌદ્ગલિક સુખના અર્થી હોય. એ જેમ આલોકના પૌદ્ગલિક સુખના અર્થી હોય, તેમ પરલોકના પૌદ્ગલિક સુખના

અર્થી હોય: xxx (૨) પરલોકમાં પૌદ્‌ગલિક સુખો પામવાની અપેક્ષાએ આલોકનાં પૌદ્‌ગલિક સુખોને તજી દઈને તપ-ધ્યાન આદિમાં લાગી ગયેલા ત્યાગી જીવો તો મધ્યમ પ્રકૃતિવાળા જીવોમાં ગણાય. વિમધ્યમ પ્રકૃતિવાળા જીવો તો એવા કે એમને આલોકના સુખનો લોભેય ઘણો અને પરલોકના સુખનો લોભેય ઘણો. xxx (૩) xxx ઊલટું વિમધ્યમ પ્રકૃતિવાળાને સદ્‌ગુરુનો સુયોગ આદિ મળી જતાં ઉત્તમ બનતાં પ્રાય:વાર લાગે નહિ, જ્યારે અધમાધમ પ્રકૃતિવાળા તો ધર્મ સાંભળવાની લાયકાતથી પણ વિમુખ હોય છે. xxx (૪) xxx જેમને એમ થતું ના હોય કે 'મારે તો એક મોક્ષ જ જોઈએ' તેમણે પણ વિમધ્યમ પ્રકૃતિવાળા બનવાનો પ્રયત્ન કરવા જેવો છે. મિથ્યાત્વ ગાઢ હોય તો મોક્ષની ઈચ્છા ન જન્મે એવું પણ બને, પણ એવા જીવોય જો વિમધ્યમ પ્રકૃતિવાળા બની જાય તો એમનું ભવિષ્ય સુધરવાનો સંભવ ઘણો છે. અહીં પરલોકને આંખ સામે રાખીને જીવ, પરલોક બગડે નહિ એ માટે ભૂંડાં કામોથી બચતો રહે અને પરલોક સુધરે એ માટે પુણ્યનાં કામ રસપૂર્વક કર્યા કરે. એવા જીવોની ભવિતવ્યતા જો સારી હોય તો એ જીવો પરલોકનું સુધારીને સારે ઠેકાણે જન્મી જાય. ત્યાં સદ્‌ગુરુ આદિની સુંદર સામગ્રી પામી જાય. એથી મિથ્યાત્વ ગળી જાય અને ભગવાને કહેલ માર્ગને એ પામી જાય એવું પણ બને. xxx (૫) xxx પણ વિમધ્યમ પ્રકૃતિ કેળવીને પોતાના પરલોકને સુધારવાને મથનાર જીવોને આવો લાભ થવાનો સંભવ ઘણો મોટો, એમ જરૂર કહી શકાય. xxx (૬) xxx અસલ તો મોક્ષ માટે જ મથવું જોઈએ, પણ એવી ઉત્તમતા ન આવી હોય અને આ લોકમાં સુખે જીવવા સાથે પરલોકમાં સુખ પામવાની ઈચ્છા હોય તોય પોતાની પાસે જે કાંઈ હોય અને પોતાને જે કાંઈ મળે તેનાથી પુણ્યનાં કામ કર્યા કરવાનું મન તો થયા જ કરવું જોઈએ ને ? xxx

આના પરથી એ સ્પષ્ટ છે કે વિમધ્યમ જીવોને મોક્ષની ઈચ્છા હોતી નથી, કિન્તુ આલોક-પરલોકનાં પૌદ્‌ગલિક-સુખોની (અર્થકામની) ઈચ્છા હોય છે. આવા જીવોના પણ પુણ્યના કામ(ધર્મકાર્ય)થી જિનોક્ત માર્ગની પ્રાપ્તિ થવાની બહુધા શક્યતાની વાત ફલિત થાય છે. મોટા ભાગે લાભ થવાની જ સંભાવના ઘણી છે, તેથી સંસાર વૃદ્ધિ - ભયંકર રિબામણ વગેરેની વાતો ક્યાં ઊભી રહે ?

વળી, આમાં જે (૩) નંબરની વાત કહી, તેની સાથે તમારા ૨૩૦ પૃષ્ઠ પરના ××× વિમધ્યમ જીવો ભવાભિનંદી હોય છે અને ભવાભિનંદી જીવો માટે શાસ્ત્રકારોએ કોઈ પણ ધર્મ કરાવવાનું કે તેમને ધર્મોપદેશ આપવાનું વિધાન કર્યું જ નથી. ××× આ લખાણને વિરોધ છે કે નહિ ? એ વિચારો. શું સદ્ગુરુનો ધર્મોપદેશ સાંભળ્યા વિના જ એ વિમધ્યમમાંથી ઉત્તમ બની જશે? વળી, ઉપરની (૪) અને (૬) નંબરની વાતો પણ આલોક-પરલોકના સુખની ઇચ્છાથી પણ પુણ્યનાં (ધર્મનાં) કામ કર્યા કરવાની જ પ્રેરણારૂપ શું નથી ? એને પણ મહાત્મન્ ! મધ્યસ્થ બુદ્ધિથી વિચારવા માટે હું ખાસ ભલામણ કરું છું.

■

## વિષય - ૧૪

# દ્રવ્ય-પચ્ચક્ખાણ વિચાર

## (તત્ત્વા૰ પૃ. ૨૮૪)

શ્રીઅષ્ટકપ્રકરણમાંના 'પ્રત્યાખ્યાનાષ્ટક'માં સૂરિપુરંદર શ્રીહરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે –

**द्रव्यतो भावतश्चैव प्रत्याख्यानं द्विधा मतम् ।**
**अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यच्चरमं मतम् ॥८-१॥**

**અર્થ :** પચ્ચક્ખાણ બે પ્રકારે કહેવાયું છે : (૧) દ્રવ્યથી અને (૨) ભાવથી. એમાંથી જે પચ્ચક્ખાણ અપેક્ષા-અવિધિ વગેરેવાળું હોય તે દ્રવ્ય પચ્ચક્ખાણ જાણવું અને એ સિવાયનું અન્ય બધું પચ્ચક્ખાણ ભાવ પચ્ચક્ખાણ જાણવું.

આ પછી એ જ અષ્ટકના **ચરમશ્લોક**માં ગ્રન્થકાર ફરમાવે છે કે -

**जिनोक्तमिति सद्भक्त्या ग्रहणे द्रव्यतोऽप्यदः ।**
**बाध्यमानं भवेद्भावप्रत्याख्यानस्य कारणम् ॥८-८॥**

**અર્થ :** દ્રવ્યથી સ્વીકારેલું એવું પણ આ પચ્ચક્ખાણ 'આ શ્રીજિનેશ્વર-દેવોએ કહેલું પચ્ચક્ખાણ છે' એવી સદ્‌ભક્તિથી બાધા પામતું હોય (એનું દ્રવ્યપણું પ્રતિબંધ પામતું હોય) તો એ ભાવપચ્ચક્ખાણનું કારણ બને છે.

આમાં જે પચ્ચક્ખાણ ભૌતિક અપેક્ષા વગેરેવાળું હોવાના કારણે દ્રવ્ય પચ્ચક્ખાણરૂપ છે, એને પણ (સદ્‌ભક્તિના પ્રભાવે) ભાવપચ્ચક્ખાણના કારણરૂપે જણાવ્યું છે. તેથી જણાય છે કે એમાં ભૌતિક અપેક્ષા વગેરે હોવા છતાં એ વિષાનુષ્ઠાન બનતું નથી કે અહિતકર બનતું નથી, પણ ઉપરથી હિતકર જ બને છે. પણ આ વાત તમારા પેટમાં દુઃખે છે; તેથી તમે તેનો તાત્પર્યાર્થ કેવો ફેરવી નાખ્યો છે તે હવે જોઈએ.

ગાથામાં 'બાધ્યમાનં' એવા વર્તમાન કૃદંતનો પ્રયોગ છે, જેનો અર્થ 'બાધા (પ્રતિબંધ) પામતું' એવો થાય, પણ 'પ્રતિબંધ પામી ચૂકેલું' એવો ન થાય. એવો અર્થ જણાવવો હોત, તો ગ્રન્થકાર '**બાધિતં**' એવા ભૂતકૃદન્તનો

પ્રયોગ કરત. આ વાત સંસ્કૃત ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવેલી વ્યક્તિ પણ સ્પષ્ટપણે સમજી શકે છે. તેમ છતાં તમે આ શ્લોકનો તાત્પર્યાર્થ લખવામાં 'બાધિત' શબ્દ વાપરીને શાસ્ત્રકારથી વિરુદ્ધ જઈ રહ્યા છો. જુઓ, પૃ. ૨૮૫ ઉપર તમે લખ્યું છે કે xxx 'આ દ્રવ્યપચ્ચક્ખાણ પણ જ્યારે બાધિત થાય છે, અર્થાત્ તેમાં કારણભૂત અપેક્ષા-અવિધિ આદિ જ્યારે દૂર થાય છે; ત્યારે તે દ્રવ્યપચ્ચક્ખાણ ભાવપચ્ચક્ખાણનું કારણ બને છે. પરન્તુ જ્યાં સુધી દ્રવ્ય પચ્ચક્ખાણના કારણભૂત અપેક્ષા-અવિધિ આદિ દૂર ન થાય ત્યાં સુધી તે ભાવપચ્ચક્ખાણનું કારણ બનતું નથી.' xxx

વળી મહાત્મન્ ! વધુ ખેદની વાત તો એ છે કે આવો તાત્પર્યાર્થ તમારા પર શ્રદ્ધા રાખનારા જીવોને ઊંધે માર્ગે દોરનારો છે, કેમ કે આ અષ્ટક-પ્રકરણમાં દ્રવ્ય-ભાવપચ્ચક્ખાણની જે વ્યાખ્યા કરી છે કે 'જેમાં અવિધિ - અપેક્ષા વગેરે હોય તે દ્રવ્યપચ્ચક્ખાણ અને જેમાં તે ન હોય તે ભાવ પચ્ચક્ખાણ' તેને તમે પોતે પણ જાણતા જ હશો. અને તેમ છતાં xxx અપેક્ષા - અવિધિ આદિ જ્યારે દૂર થાય છે, ત્યારે તે દ્રવ્યપચ્ચક્ખાણ... xxx આ રીતે, અપેક્ષા વગેરેથી શૂન્ય બનેલા પચ્ચક્ખાણને પણ તમે 'દ્રવ્ય પચ્ચક્ખાણ' તરીકે જણાવો છો ! શાસ્ત્રકારે કહેલી વ્યાખ્યા મુજબ તો એ ભાવપચ્ચક્ખાણ બની ગયું છે, એ વાત તમે પણ જાણો જ છો અને તમારા દિલમાં પણ બેઠેલી જ છે; માટેસ્તો પૃ. ૨૮૮ પર તમારાથી જ લખાઈ ગયું છે કે xxx આથી જેનામાં આવી સદ્ભક્તિ હોય તેના અપેક્ષા-અવિધિ વગેરે દોષો દૂર થઈ જાય છે. એ દૂર થતાં દ્રવ્યપચ્ચક્ખાણવાળો આત્મા ભાવ પચ્ચક્ખાણવાળો બને છે. xxx આમ, અપેક્ષા વગેરે દૂર થતાં દ્રવ્ય પચ્ચક્ખાણ, ભાવપચ્ચક્ખાણ બની જાય છે, એ વાત તમે જાણતા હોવા છતાં તમે એનો દ્રવ્યપચ્ચક્ખાણ તરીકે અને ભાવપચ્ચક્ખાણના કારણ તરીકે ઉલ્લેખ કર્યા કરો, તો એમાં વિશ્વાસાર્હતા ક્યાં રહી ?

વળી, આમ શાસ્ત્રકારની વ્યાખ્યા મુજબ અપેક્ષાદિ વિનાનું થયેલું પચ્ચક્ખાણ એ ભાવપચ્ચક્ખાણ છે. માટે જ તમે જે જણાવ્યું છે કે xxx આવી અપેક્ષા વગેરેથી શૂન્ય બનેલું દ્રવ્યપચ્ચક્ખાણ ભાવપચ્ચક્ખાણનું કારણ બને છે. xxx તે પણ સરાસર ખોટું હોવું શું સિદ્ધ થઈ જતું નથી ? કેમ કે જ્યારે પચ્ચક્ખાણ અપેક્ષા વગેરેથી શૂન્ય બન્યું હોય, ત્યારે તો એ

સ્વયં-પોતે જ ભાવપચ્ચક્ખાણ બની ગયું હોવાથી પછી એણે ભાવ પચ્ચક્ખાણનું કારણ બનવાનું ક્યાં રહ્યું ?

આમ એ વાત નક્કી છે કે (૧) અપેક્ષા વગેરે દોષો દૂર થયા પછી પચ્ચક્ખાણ દ્રવ્યપચ્ચક્ખાણ નથી રહેતું, પણ ખુદ ભાવપચ્ચક્ખાણ બની જાય છે. (૨) જે દ્રવ્યપચ્ચક્ખાણ ભાવપચ્ચક્ખાણનું કારણ બને છે, તેમાંથી પણ તે 'કારણ' બનવાની અવસ્થા સુધી અપેક્ષા વગેરે 'બાધિત' થઈ ગયાં હોતાં નથી; એટલે કે દૂર થઈ ગયાં હોતાં નથી, પણ 'બાધ્યમાન' હોય છે; એટલે કે સદ્ભક્તિના યોગે એ દૂર થવાની પ્રક્રિયામાં હોય છે. (૩) આના પરથી એ પણ નક્કી થાય છે કે જે દ્રવ્યપચ્ચક્ખાણ ભાવપચ્ચક્ખાણનું કારણ બને છે અને તેથી હિતકર નીવડે છે તે પણ કારણપણાની અવસ્થામાં જરૂર અપેક્ષા-અવિધિ વગેરેવાળું જ હોય છે.

આમ, (અ) ભૌતિક અપેક્ષાવાળું પચ્ચક્ખાણ હોય, તોપણ એ ભાવ પચ્ચક્ખાણનું કારણ બનવારૂપે હિતકર બની શકે છે એ વાત અષ્ટક-પ્રકરણના આ અધિકાર પરથી સ્પષ્ટ છે.

(બ) પૂજ્ય ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ પણ બત્રીસીમાં ફરમાવ્યું છે કે –

**अपि बाध्या फलापेक्षा सदनुष्ठानरागकृत्।**
**सा च प्रज्ञापनाधीना मुक्त्यद्वेषमपेक्षते ॥१३-२१॥**

**અર્થ :** સૌભાગ્ય વગેરે ફળની અપેક્ષા બાધ્ય સ્વભાવવાળી હોય, તો તે પણ સદ્અનુષ્ઠાનનો રાગ કરાવનારી હોય છે (અને તેથી એવી અપેક્ષાવાળું અનુષ્ઠાન પણ હિતકર બને છે). આ બાધ્ય ફળાપેક્ષા ઉપદેશાધીન હોય છે અને કારણરૂપે મુક્તિના અદ્વેષની અપેક્ષા રાખે છે.

વળી, આ શ્લોકનો અમારા તરફથી કરાતો અર્થ આવો સુસ્પષ્ટ હોવા છતાં તમે મુનિવર ! **'બત્રીસીના શ્લોકોનો અનુચિત અર્થ'** એવા હેડિંગ નીચે પૃ. ૨૮૬ પર જે ઘણું ઘણું લખ્યું છે, તે તમારી વિચિત્રતાની સાખ પૂરે છે. ત્યાં તમે ××× ૧૩મી બત્રીસીના ૨૧મા શ્લોકનો એવો અર્થ કરાય છે કે - 'સૌભાગ્યાદિ ફળની વાંછા પણ બાધ્ય સ્વભાવવાળી તથા સદનુષ્ઠાનનો રાગ

કરાવનારી હોય છે... xxx ઇત્યાદિ લખ્યું છે. મહાત્મન્ ! તમે એ જણાવશો કે અમારા તરફથી આવા અર્થનું પ્રતિપાદન ક્યાં કરાયું છે ? કે પછી અમારા પ્રતિપાદનમાં કોઈ દોષોદ્ભાવન શક્ય ન હોવાથી, સ્વયં અનુચિત પ્રતિપાદનની કલ્પના કરી એવી રીતે રજૂઆત કરવી કે જેથી અમે એવો અનુચિત અર્થ કરી રહ્યા છીએ એવો વાંચનારના મનમાં ભાવ આવે, એ માટેની આ ચાલાકી છે ? 'સૌભાગ્યાદિ ફળની વાંછા બાધ્ય અને અબાધ્ય એમ ઉભય સ્વભાવવાળી હોય છે...' ઇત્યાદિ તમે જે લખ્યું છે એમાં નવી ધાડ શું મારી? કેમ કે અમે પણ જેવો અર્થ કરીએ છીએ એમાંથી 'સૌભાગ્યાદિ ફળની દરેક ઇચ્છા બાધ્ય સ્વભાવવાળી જ હોય છે.' અને તેથી 'સદનુષ્ઠાનનો રાગ કરાવનારી જ હોય છે.' એવો તાત્પર્યાર્થ ધ્વનિત થતો નથી.

અમારો તાત્પર્યાર્થ પણ આ જ ધ્વનિત થાય છે કે 'સૌભાગ્યાદિ ફળની ઇચ્છા બન્ને પ્રકારની હોય છે : બાધ્ય સ્વભાવવાળી અને અબાધ્ય સ્વભાવવાળી. એમાંથી જે બાધ્ય સ્વભાવવાળી હોય છે તે સદનુષ્ઠાનનો રાગ કરાવનારી હોય છે.' આ ઉપરથી અમે એટલું પણ કહીએ છીએ કે 'જેમાં સૌભાગ્યાદિ ફળની વાંછા હોય તે વિષાનુષ્ઠાન જ હોય.' ઇત્યાદિ જે હાઉ લોકોના મનમાં ઊભો કરવામાં આવે છે તે ખોટો છે. 'જો એ વાંછા બાધ્ય સ્વભાવવાળી હોય, તો એ અનુષ્ઠાન તદ્ધેતુ અનુષ્ઠાન બની શકે છે.'

માટે અમારાં વચનોનો તાત્પર્યાર્થ સમજ્યા વિના જ ખોટો તાત્પર્યાર્થ મનમાં કલ્પી, એનું ખંડન કરવા પાનાંનાં પાનાં ભર્યાં છે તે વિપ્રલંભક આડંબર સિવાય બીજું શું છે ?

(ક) તત્ત્વાવલોકનમાં પણ તપપંચાશકની વિચારણામાં પૃ. ૨૩૪ ઉપર લખ્યું છે કે xxx કેટલાક જીવો એવા હોય છે કે જે અભિષ્વંગ અર્થાત્ આશંસાવાળા અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થઈને અભિષ્વંગ વિનાના એટલે કે નિરાશંસ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થાય છે. xxx તેમજ એ પૃષ્ઠ પર આગળ પણ લખ્યું છે કે xxx એટલે જે જીવોનો અભિષ્વંગ દૂર થઈ શકે તેવો એટલે કે મંદ કોટિનો હોય તેવા જીવના સાભિષ્વંગ અનુષ્ઠાનને માર્ગની પ્રાપ્તિના કારણરૂપે સ્વીકારી શકાય. xxx

આમ, પ્રત્યાખ્યાન અષ્ટક, બત્રીસીનો ઉક્ત શ્લોક, તપપંચાશક વગેરેની આ બાબતો આટલી બધી સુસ્પષ્ટ હોવા છતાં, અને તમે પણ આગળ-પાછળ

આ રીતે 'સાભિષ્વંગ અનુષ્ઠાન પણ નિરભિષ્વંગ અનુષ્ઠાનનું કારણ બની શકે છે, એ પણ હિતકર બની શકે છે'... ઇત્યાદિ વાતો લખી હોવા છતાં મહાત્મન્ ! પૃ. ૬૫ ઉપર તમે આવું વિધાન કરી દો કે xxx સંસારસુખની કામનાઓથી ઉપયોગપૂર્વક કરાતું ધર્માનુષ્ઠાન પણ ભાવ-અનુષ્ઠાનરૂપ બનતું નથી. તેમ જ ભાવાનુષ્ઠાનના કારણરૂપ પ્રધાન દ્રવ્યાનુષ્ઠાન સ્વરૂપ પણ બનતું નથી xxx તો પછી એ સજ્જનોને માન્ય શી રીતે બને ? પુણ્યાત્મન્ ! 'ભૌતિક અપેક્ષાવાળું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન છે, તે ધર્મરૂપ બનતું નથી. થોડું સુખ આપી તેમાં જીવને આસક્ત બનાવી એના પરિણામે પછી જીવને ભયંકર દુઃખો ભોગવવાં પડે છે...' ઇત્યાદિ જણાવનાર જેમ વચનો મળે છે તેમ 'ભૌતિક અપેક્ષાવાળા અનુષ્ઠાનથી પણ જીવનું અહિત તો નથી થતું, પણ એ દ્વારા જીવ ઊંચો આવી જાય છે, ભાવઅનુષ્ઠાન પામી આત્મહિત સાધી જાય છે.' એવાં શાસ્ત્રવચનો પણ ઠેરઠેર મળે જ છે. જેમ કે શ્રી **પંચાશક**માં દેવતાના ઉદ્દેશ-વાળા સાભિષ્વંગ રોહિણી વગેરે તપને હિતકર કહ્યો છે, બત્રીસીમાં બાધ્ય ફળાપેક્ષાવાળા અનુષ્ઠાનને સદનુષ્ઠાનનો રાગ કરાવનારું કહી હિતકર કહ્યું છે. પચ્ચક્ખાણ અષ્ટકમાં અપેક્ષાવાળાં સદ્‌ભક્તિયુક્ત દ્રવ્યપચ્ચક્ખાણને ભાવ પચ્ચક્ખાણનું કારણ કહ્યું છે. **ધર્મબિન્દુ**માં પણ કહ્યું છે કે 'તેવા ભોગાભિલાષ વગેરે આલંબને દ્રવ્યદીક્ષાને સ્વીકારીને ભાવદીક્ષામાં આરાધક બની ગયા...' ઇત્યાદિ.

મહાત્મન્ ! જ્યારે આવાં બન્ને શાસ્ત્રવચનો મળે છે, ત્યારે એક બાજુનાં શાસ્ત્રવચનોની ઉપેક્ષા કરી ઠેરઠેર અન્ય અભિપ્રાયવાળાં જ શાસ્ત્રવચનોનો ઉલ્લેખ કરવો અને એ રીતે, ઉપેક્ષા કરાતાં શાસ્ત્રવચનોના અભિપ્રાયને ઉડાડવાનો પ્રયાસ કરવો એ શી રીતે હિતકર નીવડે ? પરીક્ષા કરનાર પરીક્ષકે તો બન્ને તરફનાં શાસ્ત્રવચનોને નજરમાં લઈ વિચાર કરવો જોઈએ. બન્ને કથનોનો વિષયવિભાગ-અપેક્ષા વગેરે શોધી, રહસ્ય કાઢવાનો પ્રયાસ કરવો જોઈએ. એક અભિપ્રાયવાળાં વચનોનો ઢગલો કરી એના અર્થનો પ્રપંચ ખડો કરી દેવામાત્રથી અન્ય અભિપ્રાયવાળાં વચનો કંઈ ઊડી જતાં નથી કે અસત્ય ઠરી જતાં નથી કે એવું કરવાથી સાચું તત્ત્વ પણ હાથમાં આવી શકતું નથી. તમે એક અભિપ્રાયવાળાં શાસ્ત્રવચનો ટાંકી ટાંકીને એનો જેટલો યથાર્થ અર્થ કર્યો છે, તે બધો કોને અમાન્ય છે કે આટલાં બધાં પાનાં ભરવાની જરૂર પડી?

એના કરતાં તો અન્ય અભિપ્રાયવાળાં પણ થોડાં શાસ્ત્રવચનો ટાંકી, બેમાંથી રહસ્ય કાઢી બતાવ્યું હોત, તો સ્વ-પર બધાને ઉપકારી પણ થાત !

ટૂંકમાં, આશય એ છે કે ભૌતિક અપેક્ષાવાળું બધું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન બની જતું નથી કે સંસાર વધારનારું હોતું નથી. કેટલાક જીવોનું તેવું પણ અનુષ્ઠાન ઉપરોક્ત રીતે હિતકર બનવું સિદ્ધ જ છે. આ વાત તો તમને પણ માન્ય જ છે... તો પછી અનતિશાયી જ્ઞાની એવા આપણે સામાન્યથી, 'ભાઈ ! તું ભૌતિક આશંસાથી ધર્મ કરે છે, તો નક્કી તેનાથી તારો સંસાર વધી જશે ! તારો આ ધર્મ મહાભૂંડો છે.' ઇત્યાદિ શી રીતે કહી શકાય ? સંભવ છે કે એની એ આશંસા બાધ્ય ફળાપેક્ષારૂપ હોય અને એમાંથી એનો આત્મિક અભ્યુદય થવાનો હોય. આ વાતો તમારા દિલમાં પણ બેઠી તો છે જ. તો મહાત્મન્ ! શા માટે 'આ વિષાનુષ્ઠાન છે', 'એનાથી સંસાર વધી જશે', 'આવો ધર્મ મહાભૂંડો છે'... ઇત્યાદિ એકાન્ત ભરેલાં કથનોનું જોરશોરથી પ્રતિપાદન કરી શ્રી જૈનશાસનના મહોપકારી પૂર્વાચાર્યોની અને વર્તમાનકાલીન સુસંયમી ગીતાર્થ સંવિગ્ન આચાર્ય ભગવંત આદિ મહાત્માઓની વિરુદ્ધ જઈ રહ્યા છો ? આત્માને આ રીતે ભારે કરીને શા માટે ભવિષ્યના દુર્લભ બોધિપણા વગેરે તૈયાર કરી રહ્યા છો ? અમારો પણ આમાં આશય એટલો જ છે કે આવાં એકાન્તભરેલાં કથનોનું જોરશોરથી થતું પ્રતિપાદન અયોગ્ય છે, એ સાબિત કરવું. 'ભૌતિક અપેક્ષા રાખો તોપણ કોઈ વાંધો નથી' ઇત્યાદિ પ્રતિપાદન કરવાનો કોઈ આશય નથી કે એવું પ્રતિપાદન આનાથી થઈ જતું પણ નથી. ભૌતિક આશંસાવાળા પણ કેટલાકનું જ અનુષ્ઠાન પરંપરાએ મુક્તિ સુધી પહોંચાડનારું બને છે, બધાંનું નહિ. જ્યારે નિરાશંસભાવે થતું અનુષ્ઠાન તો નિશ્ચિત રીતે આત્મહિત સાધી આપે છે, માટે ભૌતિક અપેક્ષાઓને કર્તવ્ય તરીકે જણાવવાનો તો કોઈ પ્રશ્ન જ નથી !

વળી, કેટલાક જીવોનું જ 'અપેક્ષાદિયુક્ત અનુષ્ઠાન ભાવઅનુષ્ઠાન લાવી આપનારું બને છે' એ જેમ એક વાસ્તવિકતા છે; તેમ આ પણ એક વાસ્તવિકતા છે કે ભાવઅનુષ્ઠાન પામી ગયેલા, પામતા અને પામી જનારા જે જીવો છે; તેમાંથી (લગભગ બધા જ) મોટા ભાગના જીવો આ રીતે અપેક્ષાદિયુક્ત દ્રવ્યઅનુષ્ઠાન દ્વારા જ પામેલા છે, પામે છે અને પામવાના છે. શ્રી મહેશ્વરસૂરિ-વિરચિત જ્ઞાનપંચમીકથામાં કહ્યું છે કે –

'पढमं सनियाणाओ वयाओ जेणेत्थ होए लोयाणं।
सव्वपवित्ति धम्मे पाएणं तेण न हु दोसा ॥४१०॥'

**અર્થ :** લોકોની ધર્મમાં થતી બધી પ્રવૃત્તિ પ્રાયઃ કરીને પહેલાં સનિદાન (= આશંસાયુક્ત) વ્રતનિયમથી થાય છે ...

જ્યારે આ એક નરી વાસ્તવિકતા છે, ત્યારે અતિશયિત જ્ઞાનશૂન્ય આપણે 'અપેક્ષા' હોવામાત્રથી કોઈના અનુષ્ઠાનને વિષાનુષ્ઠાન આદિરૂપે શી રીતે કહી શકીએ ?

મોટા ભાગના જીવોએ અનંતી વાર ઓઘા લીધા છે. ભાવચારિત્ર તો ૭-૮ ભવમાં જ આવે છે, માટે નક્કી થાય છે કે મોટા ભાગનાં ચારિત્ર દ્રવ્યચારિત્ર જ હોય છે. તેમ છતાં, આ ભાવચારિત્ર પામનાર મોટા ભાગના જીવો આ દ્રવ્યચારિત્રનું જ પાલન કરતાં કરતાં ક્યારેક ભાવચારિત્ર પામી જવાના છે એ વાસ્તવિકતા હોવાથી કોઈ જરા ઓછું-વત્તું ચારિત્ર પાળતો હોય, તેવા જીવને પણ સામાન્ય રીતે 'ભાઈ ! આ ચારિત્ર મૂકી દે, આનાથી તને કાંઈ લાભ થવાનો નથી, ઉપરથી સંસાર જ વધવાનો છે, પરિણામે ભયંકર રિબામણો આવવાની છે'... ઈત્યાદિ જેમ કહી શકાતું નથી, તેમ આ જિનપૂજા-તપશ્ચર્યા વગેરે અનુષ્ઠાનો અંગે પણ સમજવું જોઈએ...

■

**'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ' આવું વાક્ય ધર્મને ઉદ્દેશ્ય બનાવીને, એના પ્રયોજન તરીકે મોક્ષનું વિધાન કરે છે. એટલે ધર્મને જ ઉદ્દેશ્ય બનાવીને મોક્ષભિન્ન અર્થકામનું પ્રયોજન તરીકે વિધાન કરતું વાક્ય ('ધર્મ, અર્થ-કામ માટે કરવો જોઈએ' આવું વાક્ય) એનાથી વિરુદ્ધ ઠરે... પણ,**

**'અર્થ-કામ માટે ધર્મ જ કરવો જોઈએ' આ વાક્ય, અર્થ-કામને ઉદ્દેશ્ય બનાવીને, એના ઉપાય તરીકે ધર્મનું વિધાન કરનારું છે. માટે એ શી રીતે 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ' એવા વાક્યનું વિરોધી ઠરે ?**

# ચાર પુરુષાર્થો

**શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**ના **'अर्थस्तु मोक्ष एवैकः'** એવા વચનને પકડીને મોક્ષ એકમાત્ર અર્થકર પુરુષાર્થ છે. 'ધર્મ પણ સ્વરૂપતઃ અર્થરૂપ નથી, આદરણીય નથી કે ઇચ્છનીય નથી, પણ મોક્ષના સાધન તરીકે જ તેવો છે' આવી માન્યતા ધરાવનારા તમારે **ઉપમિતિ ગ્રંથ** વગેરેની નીચેની બાબતો ખાસ વિચારવા જેવી છે –

[1] 'જોકે અનંત જ્ઞાન, દર્શન, વીર્ય, આનંદરૂપ જીવનો સ્વરૂપ-અવસ્થાત્મક ચોથો મોક્ષ-પુરુષાર્થ પણ સમસ્ત દુઃખોના સમૂહના વિચ્છેદરૂપ હોઈ તથા સ્વાભાવિક અને સ્વાધીન આનંદરૂપ હોઈ પ્રધાન જ છે. **તોપણ** તે ધર્મના કાર્યફળરૂપ હોવાથી મોક્ષની પ્રધાનતા વર્ણનથી પણ પરમાર્થથી વિચારીએ, તો તેનો = મોક્ષનો સંપાદક = પ્રાપક એવો ધર્મ જ પ્રધાન પુરુષાર્થ હોવો જણાય છે.' (અર્થાત્ મોક્ષને પ્રધાન તરીકે જ્યાં કહ્યો ત્યાં પણ ફલિતાર્થ તરીકે તો ધર્મ જ પ્રધાન તરીકે હોવો સિદ્ધ થાય છે.)

**શ્રી ઉપમિતિ ભવપ્રપંચાકથા**માં ચાર પુરુષાર્થોના વર્ણનના અધિકારમાં મોક્ષની પ્રધાનતાને પણ પરમાર્થથી ધર્મની પ્રધાનતામાં જ ફલિત થતી હોવાનું કહીને, અપેક્ષાએ મોક્ષ કરતાં પણ ધર્મને વધુ પ્રધાન જણાવ્યો જ છે. એને જ મુખ્યત્વે પ્રધાન તરીકે જણાવવાનો **શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજે** પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યો જ છે; કેમ કે આ રીતે 'યદ્યપિ **(જોકે)**' અને 'તથાપિ' **(તોપણ)**' શબ્દના પ્રયોગવાળો જ્યાં વાક્યપ્રયોગ થતો હોય, ત્યાં લગભગ પ્રથમ વાત કરતાં બીજી વાતનું વધુ મહત્ત્વ જણાવવાનું વક્તાનું મુખ્ય તાત્પર્ય હોય છે. જેમ કે... 'જોકે (યદ્યપિ) ખેતી કરવાથી ઘાસ પણ ઊગે જ છે, તોપણ (તથાપિ) ધાન્ય જે ઊગે છે તે જ તેનું મુખ્ય ફળ છે.' આવા વચનપ્રયોગથી ધાન્યની મુખ્યતા જણાય છે. જે વસ્તુ મુખ્ય હોય - મુખ્ય તરીકે જણાવવાનો અભિપ્રાય હોય, તેનો આવા વાક્યપ્રયોગના પ્રથમ વાક્યાંશમાં

---

૧. यद्यप्यनन्तज्ञानदर्शनवीर्यानान्दात्मकजीवस्वरूपावस्थानलक्षणश्चतुर्थोऽपि मोक्षरूपः पुरुषार्थो निःशेषक्लेशराशिविच्छेदरूपतया स्वाभाविक-स्वाधीनानन्दात्मकतया च प्रधान एव, तथापि तस्य धर्मकार्यत्वात् तत्प्राधान्यवर्णनेनापि परमार्थतः तत्सम्पादको धर्म एव प्रधानः पुरुषार्थ इति दर्शितं भवति । (उपमिति० प्रस्ताव-१, पुस्तक पत्र ४२)

ક્યારેય પ્રયોગ થઈ શકતો નથી. જેમ કે ઘાસ કરતાં ધાન્ય એ મુખ્ય ચીજ છે. તો આવો પ્રયોગ સામાન્યથી કરી શકાતો નથી કે 'જોકે ખેતી કરવાથી ધાન્ય ઊગે છે, તોપણ ઘાસ જે ઊગે છે તે જ તેનું મુખ્ય ફળ છે.'

આ વિચારણા પરથી તમને એટલું તો સ્પષ્ટ થઈ ગયું હશે મહાત્મન્! કે આવા વાક્યપ્રયોગમાં **'યદ્યપિ'** કહીને પ્રથમ વાક્યાંશમાં જે કહેવાયું હોય તેને ગૌણ તરીકે જણાવવાનો વક્તાનો અભિપ્રાય હોય છે; અને **'તથાપિ'** કહીને દ્વિતીય વાક્યાંશમાં જે કહેવાયું હોય, તેને મુખ્ય તરીકે જણાવવાનો વક્તાનો અભિપ્રાય હોય છે.

**પ્રશ્ન :** અરે ! આ તમે કેવું પૂર્વાપર-વિરોધી કહી રહ્યા છો ? પહેલાં वरविसयसुहं... શ્લોકની વિચારણામાં કહી ગયા કે 'તથાપિ' શબ્દ સાથે જે કહેવાયું હોય તે ગૌણવૃત્તિએ કહેવાયું હોય, અને હવે અહીં કહો છો કે 'તથાપિ' કહીને જે કહેવાયું હોય તે મુખ્ય હોય... તેથી આમાં પૂર્વાપર-વિરોધ હોવો શું સ્પષ્ટ નથી ?

**ઉત્તર :** નહીં મહાત્મન્! અલ્પજ્ઞને ભલે વિરોધ લાગે, તમને ન લાગવો જોઈએ; કારણ કે આમાં વાસ્તવિક તેવો પૂર્વાપર વિરોધ નથી. જ્યાં આ રીતે 'યદ્યપિ' શબ્દના પ્રયોગ સાથે 'તથાપિ'નો પ્રયોગ હોય, ત્યાં 'તથાપિ' શબ્દ પછી કહેવાતી વાત મુખ્ય હોય છે અને જ્યાં આ રીતે 'યદ્યપિ' શબ્દનો પ્રયોગ ન હોય, તેવા વાક્યમાં (અથવા કદાચ 'યદિ' શબ્દનો પ્રયોગ કર્યો હોય, તો) તથાપિ (કે અપિ) શબ્દની પૂર્વે જે આવે તે ગૌણવૃત્તિએ હોય છે. પ્રસ્તુતમાં 'યદ્યપિ' શબ્દનો પ્રયોગ છે, તેથી 'ધર્મ જ પ્રધાન છે' એવા વાક્યાંશને જ મુખ્ય જણાવવાનો ગ્રન્થકારનો અહીં અભિપ્રાય છે એ સ્પષ્ટ છે.

હું તમને જ પૂછું. કોઈ વ્યક્તિ પહેલાં શ્રીતીર્થંકર પરમાત્માએ કરેલા ઉપકારોની ઘણા વિસ્તારથી વાતો કર્યા પછી આવો વાક્યપ્રયોગ કરે કે **'જોકે** સૂત્રરચના કરીને ગણધર દેવોએ પણ આપણા પર અનુપમ ઉપકાર કર્યો છે, **તોપણ** તેઓના એ ઉપકાર વગેરેનું વર્ણન કરવામાં પરમાર્થથી વિચારીએ, તો તેઓને ગણધર બનાવનારા શ્રીતીર્થંકર પરમાત્માના ઉપકારોનું જ વર્ણન થવું જણાય છે.' તો આવા વચનપ્રયોગ પરથી શું તમે એનો આવો ફલિતાર્થ કાઢશો કે **(અ)** આમાં પણ શ્રીતીર્થંકર પરમાત્મા (કે એમના ઉપકાર) કરતાં

શ્રીગણધર દેવો (કે તેમના ઉપકારો) મહાન છે ? અથવા તો શું આવો ફલિતાર્થ કાઢશો કે (બ) શ્રીતીર્થંકર પરમાત્મા(કે તેમના ઉપકાર)ની જે મહાનતા છે તે તેઓશ્રીએ ગણધર દેવોને તૈયાર કર્યા એટલા જ રૂપે, અન્યરૂપે નહિ ! આવો ફલિતાર્થ કાઢવો એ શું અજ્ઞાન નથી ?

ઉપમિતિના ઉક્ત અધિકારમાં પણ ધર્મની પ્રધાનતાના વિસ્તૃત વર્ણન પછી મોક્ષને પ્રધાન તરીકે જણાવેલો છે. અને ત્યાર બાદ એવા આશયનો પ્રયોગ છે કે **'જોકે** મોક્ષ પુરુષાર્થ પણ પ્રધાન જ છે, **તોપણ** તે ધર્મના કાર્યરૂપ હોવાથી મોક્ષની પ્રધાનતાના વર્ણનથી પરમાર્થથી તેના સંપાદક ધર્મની જ પ્રધાનતાનું દર્શન થાય છે.'

માટે ઉપમિતિના આ અધિકાર પરથી પણ 'મોક્ષ જ પ્રધાન પુરુષાર્થ છે' એવું અને 'મોક્ષનો સંપાદક હોવાથી જ ધર્મ પ્રધાન પુરુષાર્થ છે' એવું તાત્પર્ય તત્ત્વાવલોકન, પૃ. ૧૮૫ પર જે જણાવ્યું છે તે શું અજ્ઞાનભરેલું નથી?

(૨) **होही मोहुच्छेओ तुहसेवाई धुवत्ति नंदामि।**
**जं पुण न वंदिअवो तत्थ तुमं तेण झिज्झामि॥** (ऋषभ पंचा., ३५)

પરમ શ્રાવક **શ્રી ધનપાલ કવિએ** રચેલ શ્રી **ઋષભપંચાશિકામાં કહ્યું** છે કે – (હે નાથ !) આપની સેવાથી જરૂર (મારા) મોહનો નાશ થશે. એ(વાત)થી હું આનંદ પામું છું; પરંતુ મોહનો ઉચ્છેદ થતાં મને કેવલજ્ઞાન પ્રાપ્ત થશે અને એક કેવલજ્ઞાની અન્ય કેવલજ્ઞાનીને નમન ન કરતા હોવાથી, મારા ઉપર અનુપમ ઉપકાર કરનારા એવા આપને પણ હું વાંદી નહીં શકું, તેથી કરીને હું ક્ષીણ થાઉં છું (શોકાતુર થાઉં છું).

આમાં પણ સ્પષ્ટ જેવા મળે છે કે ભગવદ્-ભક્તિથી મોહક્ષય, કેવલ જ્ઞાનના ક્રમે મોક્ષ મેળવવાનો આનંદ હોવા છતાં ભગવદ્-ભક્તિ કરવારૂપ લાભ નહિ મળે, એનો ખેદ જણાવ્યો છે. આના પરથી સ્પષ્ટ જણાય છે કે મુક્તિ મળે એનાં કરતાં પણ પ્રભુની ભક્તિ કરવા મળે એનો એમને વધુ આનંદ હતો. **એટલે** કે એ ભક્તિરૂપ ધર્મની તેમને મન વધુ કિંમત હતી, માટેસ્તો, **પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ** વગેરે કવિઓએ પણ **'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી'**... ઇત્યાદિ કહ્યું છે.

**પ્રશ્ન :** આ તો માત્ર કહેવા ખાતર આવું કહેવાયું છે... બાકી એ ભક્તિથી પણ અંતે તો મુક્તિ જ મેળવવાની ઈચ્છા હોઈ, મુક્તિ જ વાસ્તવમાં વધુ ઈષ્ટ હતી. માટે જ તો આગળ તેઓ કહે છે કે –

*'ચમક પાષાણ જિમ લોહને ખીંચશ્યે,*
*મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.'*

**ઉત્તર :** આવું કહેવું એ ખરેખર મને લાગે છે કે 'મોક્ષ જ પ્રધાન છે, ધર્મ નહિ જ.' એવા પકડાયેલા એકાન્તનો જ વિલાસ છે; કેમ કે એ વગર તો આવા પરમશ્રાવક શ્રી ધનપાલ કવિ, પૂજ્ય ઉપાધ્યાય મહારાજા વગેરે ઉપર **'તેઓ માયાવી હતા'** એવો આરોપ મૂકવાનું થાય નહિ. 'મનમાં તો તેઓ બધાને મુક્તિ જ વધુ ગમતી હતી, ભગવાન આગળ આવું જે તેઓ બોલતા હતા તે તો ખાલી ઉપર ઉપરથી જ બોલતા હતા.' આવું માનવું એ શું 'ભગવાન આગળ તેઓ માયા કરતા હતા.' એવો આરોપ મૂકવારૂપ નથી? આવો આરોપ ન મૂકવો હોય તો સ્વીકારવું જ પડે કે આ વાત દિલથી નિષ્કપટરૂપે બોલાઈ હતી. અને તેથી એ સત્ય અથવા વ્યવહાર-ભાષારૂપ હતી. અને તેથી સ્વીકારવું પડે છે કે અમુક અપેક્ષાએ મુક્તિ કરતાં પણ ભક્તિરૂપ ધર્મ પ્રધાન છે, ઈચ્છનીય છે.

(૩) પરમાર્હત્ **શ્રી કુમારપાળ રાજાએ** પણ સાધારણ **જિનસ્તવનમાં** કહ્યું છે કે [૧] 'હે નાથ ! તારી આજ્ઞાનું પાલન કરવાથી તત્ત્વ પામેલો હું સંસારના એક કંદરૂપ મમત્વાદિને છોડીને આત્મામાં જ એકમાત્ર લીન ક્યારે બનું ? અને અન્ય સર્વથી નિરપેક્ષ વૃત્તિવાળો ક્યારે બનું ? તેમ જ મોક્ષની પણ ઈચ્છા વગરનો ક્યારે થઈશ ?

આમાં મોક્ષની પણ ઈચ્છા ન રહે એવી માગણી કરી છે.

**પ્રશ્ન :** એ તો અમે કહ્યું જ છે ને કે એવી ઊંચી ભૂમિકા પ્રાપ્ત થાય, ત્યારે અવસ્થા જ એવી થઈ ગઈ હોય છે કે મોક્ષ વગેરે કશાની ઈચ્છા રહેતી નથી. તેથી તે વખતે ધર્મની પણ ઈચ્છા રહી ન હોવાથી 'ધર્મ મોક્ષ કરતાં અમુક અપેક્ષાએ પ્રધાન છે - ઈચ્છનીય છે' એવું શી રીતે સિદ્ધ થાય ?

---

૧. कदा त्वदाज्ञाकरणाप्ततत्त्वस्त्यक्त्वा ममत्वादि भवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्तिर्मोक्षेप्यनिच्छो भवितास्मि नाथ ? ।।

**ઉત્તર :** એવી ઊંચી ભૂમિકાએ પહોંચ્યા પછી તો કોઈ ઇચ્છા રહેતી નથી, એ વાત સાચી. પણ કુમારપાળ રાજાએ જ્યારે આ શ્લોક રચ્યો, ત્યારે કાંઈ તેઓ એવી ભૂમિકાએ નહોતા. શ્રાવકપણાની અવસ્થામાં રહેલા જ તેઓએ મોક્ષમાં અનિચ્છ બનવાની ઇચ્છા પ્રકટ કરી છે. વળી, એ જ વખતે આત્મામાં લીન બનવા વગેરેની ઇચ્છા તો પ્રગટ કરી જ છે, અર્થાત્ 'નિજગુણમાં રમણતા કરવારૂપ ધર્મની ઇચ્છા કરી છે.' એ ધર્મની સિદ્ધિ કરવા માટે મોક્ષની ઇચ્છા છોડવી આવશ્યક બને, તો એ છોડવા માટેની પણ તૈયારી દેખાડી છે. તેથી 'મોક્ષ એક જ પ્રધાન છે, પણ ધર્મ વાસ્તવિક રીતે સ્વરૂપે પ્રધાન નથી. મોક્ષના કારણરૂપે જ પ્રધાન છે, એવો આગ્રહ રાખવા જેવો નથી.

વળી, તમે પૃ. ૬૨ પર લખ્યું છે કે ××× મોક્ષના આશયથી કરાયેલો ધર્મ જ તાત્ત્વિક રીતે ધર્મ કહેવાય છે. સંસારના આશયથી કરાયેલ (ધર્મ) તો તથા પ્રકારની મોહની પ્રવૃત્તિથી કરાયેલ હોવાથી અધર્મ છે. ××× બ્રહ્મપ્રકરણના –

**तन्निर्वाणाशयो धर्मस्तत्त्वतो धर्म उच्यते।**
**भवाशयस्त्वधर्मः स्यात् तथामोहप्रवृत्तितः ॥२०२॥**

– આ શ્લોકનો તમે અર્થ કર્યો ખરો... પણ ત્યાં તમે સમ્યક્ તાત્પયાર્થ કર્યો તેમ કહેવાય એવું નથી; કેમ કે આને જ જો તાત્પર્યાર્થ માનવાનો હોય, તો આ જ ગ્રન્થના ગ્રન્થકાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ **પંચાશકજી**-માં દેવતાના ઉદ્દેશથી કરાતા રોહિણી વગેરે સાભિષ્વંગ તપને પણ તપધર્મરૂપે કહ્યો છે, અધર્મરૂપે નહિ; એનું શું કરશો ? વળી, મુક્તિનો અદ્વેષ પણ શુભાશયરૂપ હોવાથી મુક્તિની ઇચ્છા ન હોવા છતાંય મુક્તિ અદ્વેષપૂર્વક જે ધર્માનુષ્ઠાન થાય, તે (બાધ્ય) ફલાકાંક્ષાગર્ભિત હોય તોપણ તે તદ્ધેતુ અનુષ્ઠાન સદ્અનુષ્ઠાનનો રાગ કરાવનારું હોવાથી તેને ધર્મ કહેવામાં કશો જ બાધ નથી. માટે તમે ટાંકેલા આ શ્લોકથી પણ 'મુક્તિની ઇચ્છાથી થાય તો જ ધર્મ' એવો એકાન્ત ફલિત થઈ શકે તેમ નથી.

કહેવાનો આશય એ જ કે **'अर्थस्तु मोक्ष एवैकः'** એવા વચન પરથી મોક્ષને જ જેમ પ્રધાન પુરુષાર્થ માનો છો; તેમ ઉપમિતિ વગેરેનો **'धर्म एव प्रधानः पुरुषार्थः'** એવા વચન પરથી ધર્મને પ્રધાન પુરુષાર્થ માનવો જ જોઈએ. બીજા પણ અનેક શાસ્ત્રકારોએ અર્થ, કામ અને મોક્ષ - એ ત્રણેયનો ધર્મ એ સાધક

હોવાથી તે રીતે એની સર્વોપરિતા દેખાડી છે. જુઓ, **આખ્યાનક મણિકોશ-વૃત્તિકાર શ્રી આમ્રદેવસૂરિ મહારાજે શ્રી નેમિનાથ** ભગવાનની દેશનામાં કહ્યું છે કે (પૃ. ૩૧૩) –

**धम्मो अत्थो कामो मोक्खो चत्तारि हुंति पुरिसत्था।**
**धम्माओ जेण सेसा ता धम्मो तेसिं परमतरो ॥७९॥**

**અર્થ :** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો છે. ધર્મથી બાકીના મળે છે, માટે **તે બધામાં ધર્મ શ્રેષ્ઠતર પુરુષાર્થ છે.**

વળી, **સમ્યક્ત્વ કૌમુદી**માં પૃ ૨૧૦ ઉપર શ્રી જિનહર્ષ ગણિએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહ્યા છે, પણ ધર્મ એ જ અર્થાદિ ત્રણેયનું કારણ હોવાથી આદરપૂર્વક તેનું સેવન કરવાનો ઉપદેશ કર્યો છે –

**धर्मार्थकाममोक्षास्ते चत्वारः प्रथिता सताम् ।**
**किन्त्वर्थकाममोक्षाणां निदानं धर्म एव हि ॥**
**तस्मात्सर्वपुमर्थानां धर्मो बीजमिति ध्रुवम् ।**
**मन्वानैरमलज्ञानैः जनैः सेव्योऽयमादरात् ॥**

તથા **સૂત્રકૃતાંગ** સૂત્ર શ્રુત. ૧, અ. ૨, ઉ. ૩ ની ટીકામાં **શ્રી શીલાંકસૂરિ મહારાજે** કહ્યું છે કે – **धर्मश्चार्थः, परमार्थतोऽन्यस्यानर्थरूपत्वात् ।**

**અર્થ :** ધર્મ એ અર્થ છે, કેમ કે બાકીના પરમાર્થથી અનર્થરૂપ છે.

વળી, 'ધર્મ મોક્ષનું કારણ હોવાથી જ ઉપાદેય છે' એવો તમારો એકાન્ત કદાગ્રહ પણ ઉપરની બાબતોથી રદબાતલ થઈ જવો જોઈએ; કારણ કે શાસ્ત્રકારોએ આખ્યાનક-મણિકોશ વગેરેમાં અર્થ, કામ અને મોક્ષ એ ત્રણેયનો હેતુ હોવાથી ધર્મને પ્રધાન ઉપાદેય ગણાવ્યો છે.

**પ્રશ્ન :** પણ જો આ રીતે 'ધર્મ'ને પણ પ્રધાન પુરુષાર્થ માનવો હોય, તો **'अर्थस्तु मोक्ष एवैकः'** એવા શાસ્ત્રવચનમાં 'एव' = **'જ'કાર** શા માટે વાપર્યો છે ? કેમ કે 'જ'કાર અન્યનો વ્યવચ્છેદ કરનાર હોઈ, પોતાના સિવાયના અર્થ પુરુષાર્થ વગેરે બધાનો પ્રધાન પુરુષાર્થ તરીકે વ્યવચ્છેદ કરી જ દે છે.

**ઉત્તર :** અહીં વપરાયેલા 'જ'કારથી ધર્મની બાદબાકી કરવાની નથી, કિન્તુ અર્થ અને કામની જ પ્રધાન પુરુષાર્થમાંથી બાદબાકી કરવાની છે. બાકી

આ વાક્યોમાં રહેલા 'જ'કારથી જો ધર્મ પુરુષાર્થની પણ બાદબાકી કરવાની હોય, તો **'धर्म एव प्रधानः पुरुषार्थः'** એવા ઉપમિતિના વાક્યમાં રહેલા 'જ'કારથી તમારે મતે મોક્ષની પણ બાદબાકી કરવી આવશ્યક બનવાથી, કોઈ પુરુષાર્થ પ્રધાન રહેશે જ નહિ.

**પ્રશ્ન :** ''પણ 'જ'કારથી સ્વભિન્ન અન્ય બધાની બાદબાકી નથી કરવાની, અમુકની જ કરવાની છે'' એવું તો ક્યાંય જોવા મળ્યું નથી. જ્યાં કશે પણ 'જ'કાર જોવા મળે છે ત્યાં સ્વભિન્ન અન્ય બધાની બાદબાકી હોવી જ જોવા મળે છે. જેમ કે 'રામ જ સીતાના પતિ છે' - આ વાક્યમાં. તો તમે કેમ એમ કહો છો કે **'अर्थस्तु मोक्ष एवैकः'** વાક્યમાં રહેલો 'જ'કાર સ્વભિન્ન અર્થ, કામ, ધર્મ એ ત્રણેયનો વ્યવચ્છેદ નથી કરતો, પણ અર્થ અને કામનો જ વ્યવચ્છેદ કરે છે ?

**ઉત્તર :** સામાન્યથી જ્યાં એક જ સ્થાને 'જ'કારનો પ્રયોગ જોવા મળતો હોય, ત્યાં તમારી વાત બરોબર છે. પણ અનેક સ્થળે 'જ'કાર જોવા મળતો હોય, તેવાં સ્થળોમાં એવું હોતું નથી. નહિતર તો બતાવ્યું એમ આ બાબતમાં જ વિરોધ ઊભો થઈ જાય. કેમ કે - **'अर्थस्तु मोक्ष एवैकः'** વાક્ય મોક્ષને પ્રધાન અને ધર્મને અપ્રધાન ઠેરવી દે છે; જ્યારે **'धर्म एव प्रधानः पुरुषार्थः'** એ વાક્ય મોક્ષને અપ્રધાન અને ધર્મને પ્રધાન ઠેરવે છે. આવો વિરોધ ઊભો ન થાય એ માટે એની ઉપર બતાવ્યા પ્રમાણે સંગતિ કરવી પડે છે 'ધર્મ' અને 'મોક્ષ' સાથે વપરાયેલ 'જ'કાર અર્થકામ પુરુષાર્થનો જ વ્યવચ્છેદ કરે છે.

વળી, આવી સંગતિ કરવી અન્યત્ર પણ આવશ્યક બને જ છે. કેમ કે કહ્યું છે કે -[1]''હે ભગવંત ! 'કાળ' શું છે ? **ગૌતમ !** જીવો જ છે અને અજીવો જ છે. (અર્થાત્ જીવ સ્વરૂપ જ છે અને અજીવ સ્વરૂપ જ છે.)''

આ રીતે **સ્થાનાંગ**માં પણ કહ્યું છે કે [2]'આ લોકમાં જે કાંઈ છે તે બે પ્રકારે રહેલું છે : તે આ રીતે – જીવો જ છે અને અજીવો જ છે...' આ સૂત્રોમાં જીવની પાછળ જે 'જ'કાર છે તે 'જીવભિન્ન તમામ વસ્તુ અંતર્ગત અજીવની બાદબાકી કરે છે' એવું તો કહી શકાતું નથી; કેમ કે એ જ સૂત્રમાં પછી

---

૧. 'किमयं भंते ! कालेत्ति पवुच्चइ ? गोयम ! जीवा चेव, अजीवा चेव ।'

૨. *'जदित्थं च णं लोए तं सव्वं दुपडिहारं, तं जहा, जीवा चेव, अजीवा चेव ।'*

અજીવની ગણતરી ભેગી કરી જ લેવી છે. એમ 'અજીવ' શબ્દની પાછળ રહેલ 'જ'કારથી પણ અજીવભિન્ન સર્વ વસ્તુ અંતર્ગત જીવની બાદબાકી કરી શકાતી નથી, કેમ કે જીવની ગણતરી કરવાની તો આગળ કહી જ ગયા છે. તેથી માનવું પડે છે કે આ 'જ'કાર જીવભિન્ન અન્ય સર્વનો કે અજીવભિન્ન અન્ય સર્વનો વ્યવચ્છેદ કરે છે એવું નથી; કિન્તુ 'જીવ' અને 'અજીવ' એ બન્ને સિવાયના 'નોજીવ'નો વ્યવચ્છેદ કરે છે. માટે પ્રસ્તુતમાં પણ જો બે સ્થળે 'જ'કાર જોવા મળે છે, તો તે 'જ'કારોથી એ બેથી ભિન્ન એવા અર્થકામનો જ વ્યવચ્છેદ જાણવો યોગ્ય લાગે છે.

બાકી, તમે ધર્મની બાદબાકી, **ત્રિષષ્ઠિ**.ના ૧૦મા પર્વના જે **अर्थस्तु मोक्ष एवैको धर्मस्तस्य च कारणम् । संयमादिर्दशविधः संसाराम्भोधितारणः ॥** – આ શ્લોક પરથી કરો છો, તે શ્લોક પરથી પણ થઈ શકતી નથી. કારણ કે 'એકમાત્ર મોક્ષ જ અર્થભૂત છે' એવો તાત્પર્યાર્થ કાઢીને તમે ધર્મની અર્થભૂત પુરુષાર્થ તરીકે બાદબાકી કરી દો છો, પણ એ ઉચિત નથી. એની બાદબાકી કરવાનો અર્થ એ થાય કે 'ધર્મ અનર્થભૂત છે.' આવો ફલિતાર્થ જો કાઢવામાં આવે, તો આ શ્લોકની પૂર્વના શ્લોકમાં માત્ર અર્થ-કામને જ અનર્થભૂત જે કહ્યા છે તેનો વિરોધ સ્પષ્ટ છે. [ પૂર્વનો શ્લોક આવો છે – **पुमर्था इह चत्वारः कामार्थौ तत्र जन्मिनाम् । अर्थभूतौ नामधेयादनर्थौ परमार्थतः ॥१॥** **અર્થ** : જગતમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ, એમ ચાર પુરુષાર્થ કહેવાય છે, પરંતુ તેમાં અર્થ અને કામ એ બે નામના જ પુરુષાર્થ છે, પરમાર્થથી તો એ અનર્થને કરનારા છે.

આ શ્લોકમાં, ચારમાંથી માત્ર બેને અનર્થભૂત કહ્યા છે. એનાથી જ જણાય છે કે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવને ધર્મ-પુરુષાર્થ અર્થભૂત તરીકે જ અભિપ્રેત છે.] ... 'કેવળ શબ્દગ્રાહી ન બનાય, આગળ-પાછળનો સંદર્ભ વિચારવો જોઈએ' – આવું ઠેર ઠેર જણાવનારા તમે, અહીં અવ્યવહિતપૂર્વના શ્લોકનો સંદર્ભ પણ ન લ્યો એ કેવી કમનસીબ ઘટના છે !

**પ્રશ્ન** : પણ તો પછી '**अर्थस्तु मोक्ष एवैको**' આમાં જે '**જ'કાર** છે, તેનો વિરોધ થશે તેનું શું ?

**ઉત્તર** : ઉપર કહ્યા મુજબ પૂર્વના શ્લોકનો વિરોધ ન થાય તેમજ ધર્મને પ્રધાન પુરુષાર્થ તરીકે જણાવનારાં જે અન્ય શાસ્ત્રવચનો મળે છે તેનો વિરોધ

ન થાય; એ માટે ધર્મને પણ પ્રધાન પુરુષાર્થ માનવાનો તો છે જ. હવે આ 'જ'કારનો વિરોધ ન થાય એ માટે પૂર્વે કહ્યા પ્રમાણે "એ 'જ'કારથી અર્થકામનો જ વ્યવચ્છેદ છે, ધર્મનો નહીં" એવું સમાધાન માનવું ઉચિત છે.

[વળી, તમે પૃ. ૩૧ પર જે લખ્યું છે ××× એટલે પરમાત્માના વચનથી એ નક્કી સમજાય છે કે અર્થ-કામ પુરુષાર્થની અનર્થકારકતા નિશ્ચિત છે, મોક્ષ પુરુષાર્થની સાર્થકતા નિશ્ચિત છે; જ્યારે ધર્મપુરુષાર્થની સાર્થકતા વૈકલ્પિક છે.××× મહાત્મન્ ! પરમાત્માની દેશનાને શબ્દદેહ આપતાં કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે જે શ્લોકો ટાંક્યા છે, એમાં તો ક્યાંય ધર્મપુરુષાર્થની સાર્થકતા વૈકલ્પિક છે એવું જણાવ્યું નથી, તો તમે આ ક્યાંથી લઈ આવ્યા ? 'જ'કારથી ધર્મનો વ્યવચ્છેદ કરો તો એ અનર્થરૂપ જ થઈ ગયો, ને વ્યવચ્છેદ ન કરો તો એ અર્થરૂપ જ થઈ ગયો. પણ વૈકલ્પિક અર્થરૂપ હોવાની વાત પરમાત્માનાં એ વચનો પરથી નીકળતી નથી.

એટલે પૃષ્ઠ ૨૮-૨૯ પર તમે નીચે મુજબનું જે લખ્યું છે એ બધું તમને જ લાગુ પડશે ને ! ××× પરમકૃપાળુ, વિશ્વવંદ્ય ચરમતીર્થપતિ દેવાધિદેવ શ્રમણ ભગવાન **શ્રીમહાવીર પરમાત્માએ** શરણે આવેલા ભવ્ય જીવોને ઉદ્દેશીને જે અંતિમ હિતોપદેશ ફરમાવ્યો છે તેનો ધ્વનિ પણ આ જ વાતની સાખ પૂરે છે. એવા હિતકર ઉપદેશમાંથી મનફાવતો અર્થ કાઢી અજ્ઞાન જગતને ઊંધે માર્ગે દોરવાનો જેઓ પ્રયાસ કરે છે, તેઓ સન્માર્ગને ભારે નુકસાન પહોંચાડવાનો ધંધો કરી રહ્યા છે, જે અત્યંત કમનસીબી છે. એકવીશ એકવીશ હજાર વર્ષ સુધી જે પવિત્ર સંદેશો ભવ્ય જનોને સાચા રાહે ચાલવા પથપ્રદર્શક બનવાનો છે, તેને વિકૃત કરવાનો પ્રયાસ ભારે અનર્થકારી છે. ×××

**પ્રશ્ન** : પણ એ શ્લોકોમાં ધર્મને મોક્ષના કારણરૂપે અર્થભૂત કહ્યો છે ને ! માટે અમે એની વૈકલ્પિક સાર્થકતા કહીએ છીએ. વળી, સમરાઈચ્ચકહામાં, નવમા ભવમાં કહ્યું છે કે – **'न कामफलयोर्धर्मार्थयोः पुरुषार्थता, अपि च मोक्षफलयोरेव ।'** **અર્થ** : 'કામભોગ જેનું ફળ છે તેવા ધર્મ અને અર્થની પુરુષાર્થતા નથી, પરંતુ મોક્ષફળવાળા ધર્મ અને અર્થની પુરુષાર્થતા છે.' આના પરથી પણ જણાય છે કે ધર્મની પુરુષાર્થતા વૈકલ્પિક છે.

**ઉત્તર** : ત્રિષષ્ટિના શ્લોકોમાં તો 'સંયમાદિ દશવિધ ધર્મ મોક્ષનું કારણ છે' એટલું જ કહ્યું છે, 'મોક્ષના કારણરૂપે અર્થભૂત છે' એમ નહીં. એવું જો

જણાવવું હોત તો '**कारणम्**' એવા શબ્દપ્રયોગના સ્થાને '**कारणतया**' એવો શબ્દપ્રયોગ હોત. **સમરાઈચ્ચકહા**ના ઉક્ત વચન પરથી એની વૈકલ્પિક અર્થરૂપતા સિદ્ધ થાય છે અને તેથી માન્ય છે જ; પણ એનાથી તો અર્થ-પુરુષાર્થની પણ વૈકલ્પિક પુરુષાર્થતા સિદ્ધ થાય છે. એટલે, પૃષ્ઠ ૩૧ ઉપર તમે 'અર્થકામ પુરુષાર્થની અનર્થકારકતા નિશ્ચિત છે' એમ લખવા દ્વારા અર્થને સર્વથા અનર્થકર જે કહ્યો છે, તે શાસ્ત્રવચનોના તાત્પર્યાર્થને વિકૃત કરવાનો પ્રયાસ જ છે ને કે બીજું કાંઈ ?]

**અથવા તો** બે સ્થળે વપરાયેલા આ 'જ'કારોની સંગતિ આ રીતે કરવી જોઈએ. મોક્ષને જ પ્રધાન પુરુષાર્થ જણાવનાર વાક્યો કાર્યને પ્રધાન માનનાર કાર્યનયની અપેક્ષાએ બોલાયેલાં છે; જ્યારે ધર્મને પ્રધાન પુરુષાર્થ જણાવનાર વાક્યો કારણને પ્રધાન માનનાર કારણનયની અપેક્ષાએ બોલાયેલાં છે. તેથી કોઈ અસંગતિ રહેશે નહિ. વળી, કલિકાલસર્વજ્ઞ પોતે જ યોગશાસ્ત્રમાં સમ્યક્ત્વની વાત કરતાં સુદેવ-સુગુરુ-સુધર્મમાં શ્રદ્ધાને સમ્યક્ત્વ તરીકે ગણાવે છે. હવે જો ધર્મ અનર્થરૂપ હોત, તો '**સુધર્મમાં શ્રદ્ધાને**' સમ્યક્ત્વરૂપ કઈ રીતે કહી શકાય ? વળી, ચોથા પ્રકાશમાં બાર ભાવનામાં ધર્મસુભાષિત ભાવનામાં તેઓએ ધર્મનાં ખૂબ ખૂબ વખાણ કર્યાં છે; તે પણ, ધર્મ જો પુરુષાર્થરૂપ ન માનતા હોત તો કરત જ નહીં.

બાકી, 'મોક્ષ માટે જ ધર્મ કરવો જોઈએ' એવાં મળતાં વાક્યો પરથી જો એવો તાત્પર્યાર્થ કાઢવાનો હોય કે -'અન્ય ઉદ્દેશથી જેઓ ધર્મ આચરે છે તે બધાને નુકસાન જ થાય છે અને તેથી એ રીતે ધર્મ કરવાનો ઉપદેશ આપવો શાસ્ત્રકારોને અભિમત નથી' તો '**अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम्**', '**जइ इच्छइ' धणरिद्धिं'** વગેરેરૂપ ઉપદેશો ઠેરઠેર શાસ્ત્રોમાં જે જોવા મળે છે તે મળત નહિ, પણ એ મળે તો છે જ... તેથી વાસ્તવિકતા એ છે કે 'જીવોને જ્યારે કોઈ પણ આવશ્યકતા કે ઈચ્છા ઊભી થાય, ત્યારે તેઓ બીજાત્રીજા પાપ ઉપાયો કરે એના કરતાં, ધર્મનાં અનુષ્ઠાનો કરે એ જ શાસ્ત્રકારોને વધારે ઈષ્ટ છે; કેમ કે એ જ ઈષ્ટસિદ્ધિના સચોટ અને નિરવદ્ય ઉપાયો છે. વળી આ રીતે પણ જીવો ધર્મમાં રસવાળા થાય, ધર્મમાં જોડાય અને જોડાયા પછી સ્થિર થાય, તો પછી એ જીવોમાં અર્થકામ પ્રત્યેની વાસના ઓછી કરાવવી = દૂર કરાવવી શક્ય બને. બાકી પહેલેથી જ જો આ રીતે પણ એને આકર્ષવાનો ન જ હોય,

તો પ્રાયઃ કરીને કોઈ જીવો ધર્મમાં આકર્ષાય કે જોડાય જ નહિ; કેમ કે હજુ સુધી ધર્મ કર્યો ન હોઈ મોહનીયનો તેવો ક્ષયોપશમ જ તેને પ્રગટ્યો હોતો નથી. માટેસ્તો ઉપમિતિમાં નીચેનો અધિકાર આવે છે – [1]'આ જગતમાં જે જીવ જે રીતે બોધ પમાડી શકાય એમ હોય, તેને બોધ પમાડવા માટે હિતકારીએ તેવો જ પ્રયત્ન કરવો જોઈએ. મુગ્ધ બુદ્ધિવાળા જીવોના મનમાં પહેલાં ધર્મ ભાસતો નથી, તેથી અર્થ અને કામની કથા કહેવા દ્વારા તેઓનું મન આકર્ષિત કરાય છે. આ રીતે આકર્ષિત કરાયેલા તેઓને પછી ધર્મ પમાડવા શક્ય બને છે.'

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે પણ પ્રતિમાશતક ગ્રન્થમાં કહ્યું છે કે – [2]'ગુડજિહ્વિકા ન્યાયને અનુસારે સ્વર્ગાદિની ઈચ્છા પણ ઉપેયભૂત મોક્ષની ઈચ્છાને વ્યાઘાત ન પહોંચાડનાર હોઈ દોષરૂપ નથી.'

આમાં કહેવાનો આશય આ છે કે જીદ્દે સીધી કડવી દવા પીવા માટે જેની જીભ તૈયાર નથી, તેની જીભને ગોળ સાથે મિશ્રણ કરી પછી કડવી દવા આપવામાં આવે છે. આમાં ગોળ આપવો એ જેમ કડવી દવાને વ્યાઘાત પહોંચાડનાર ન હોઈ દોષરૂપ નથી, તેમ મોક્ષ - તેનું સ્વરૂપ વગેરેની સમ્યક્ જાણકારી વગરના જીવને સીધી તેની જ ઈચ્છા કરવી કડવી લાગે છે, અર્થાત્ 'તું ધર્મ કર, જેથી તને મોક્ષ મળે' આ વાત તેને રુચતી નથી અને તેથી એ ધર્મમાં જોડાતો નથી. તેમ છતાં તેને ધર્મમાં જોડવો શાસ્ત્રકારોને ઈષ્ટ તો છે જ, તેથી તે ધર્મમાં જોડાય એ માટે 'તું ધર્મ કર, જેથી તને સ્વર્ગાદિ સુખો મળે' એવો ઉપદેશ આપવો પણ શાસ્ત્રકારોને માન્ય છે. આમ સ્વર્ગાદિ માટે ધર્મનો રસ પેદા કરવા દ્વારા પણ મોક્ષ માટે ધર્મ કરવાનો રસ પેદા થવો શક્ય બને છે અને તેથી તેને પહેલાં થયેલી સ્વર્ગાદિની ઈચ્છા મોક્ષેચ્છાની બાધક

---

૧. किन्त्वत्र यो यथा जन्तुः शक्यते बोधभाजनम् ।
कर्तुं तथैव तद्बोध्ये विधेयो हितकारिभिः ॥४०॥

૨. न चादौ मुग्ध-बुद्धीनां धर्मो मनसि भासते ।
कामार्थकथनात्तेन, तेषामाक्षिप्यते मनः ॥४८॥
आक्षिप्तास्ते ततः शक्या, धर्मं ग्राहयितुं नराः ।
गुडजिह्विकया स्वर्गादीच्छाया अपि मोक्षेच्छाऽव्याघातकत्वेनादोषत्वात् ॥
(प्रतिमाशतक वृत्ति, श्लोक ९५)

બનતી નથી કે બાધક ગણાતી નથી... અને તેથી એવી સ્વર્ગની ઈચ્છા દોષ રૂપ પણ નથી. વળી, **ધર્મબિંદુ** વગેરે ગ્રન્થોમાં 'સ્વર્ગ અને કેવલજ્ઞાનના અર્થીઓએ તપ-ધ્યાનાદિ કરવાં' એમ કહેનાર શાસ્ત્રને કષ-શુદ્ધ હોવાનું જણાવ્યું છે તે પણ અહીં ભૂલવા જેવું નથી. એટલે કે સ્વર્ગેચ્છુને પણ તપ-ધ્યાનાદિ કરવાનું કહેનાર શાસ્ત્રને અશુદ્ધ નથી કહ્યું; અર્થાત્ એને કુશાસ્ત્રરૂપે = અહિતકર શાસ્ત્રરૂપે નથી જણાવ્યું. એમ ધર્મમાં જોડાઈ ગયેલા જીવો પણ જ્યારે ઊભી થયેલી ભૌતિક આવશ્યકતા કે ઈચ્છા માટે બીજા-ત્રીજા પ્રયત્ન કરવાના જ છે, તો તેના કરતાં તો ધર્મ કરે, એ જ શાસ્ત્રકારોને માન્ય છે. આ વાત શાસ્ત્રસિદ્ધ પણ છે જ; કેમ કે **શ્રીપાળકુંવરે** ગુણસુંદરી કન્યા અંગેના કૌતુક માટે નવપદજીનું ધ્યાન ધર્યું. **શ્રીકૃષ્ણ વાસુદેવે** પુત્રપ્રાપ્તિ માટે દેવના ઉદ્દેશપૂર્વક અટ્ઠમ તપ કર્યો... ઈત્યાદિ શાસ્ત્રસિદ્ધ દૃષ્ટાંતો આગળ બતાવાઈ જ ગયાં છે.

વળી, **અગડદત્ત મુનિએ ધમ્મિલને** આલોક સંબંધી ઈચ્છાની પૂર્તિ માટે પણ ધર્મમાં જ જોડ્યો છે. એ અગડદત્ત મુનિ પણ કેવા ગીતાર્થતા વગેરે ગુણોને પામેલા છે, તેનું વર્ણન વસુદેવહિંડી ગ્રંથમાં અંતર્ગત ધમ્મિલહિંડીમાં કર્યું છે.

[1] 'ધમ્મિલ પણ ત્યાંથી ઊઠીને જીર્ણ ઉદ્યાનમાં ફરવા લાગ્યો. ત્યાં શ્રેષ્ઠ અશોકવૃક્ષની નીચે બેઠેલા શ્રી અગડદત્ત મુનિને જુએ છે, જેઓ શ્રી જિન-શાસનનાં સારભૂત પારમાર્થિક રહસ્યોના જ્ઞાતા છે. બહુ ગુણગણથી સુંદર મનવાળા છે તેમ જ સાધુઓમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન છે.

ત્યાં અગડદત્ત મુનિ પોતાની કથા વગેરે કહે છે. પછી ધમ્મિલ તેમને કહે છે કે - [2] 'માતા-પિતા, વૈભવ વગેરેના વિયોગથી દુઃખી થયેલા મને ઉપાયો

---

૧. ततो धम्मिल्लोवि उट्ठेऊण तहिं जिण्णुज्जाणे हिंडिउं पयत्तो। तत्थ य... असोगवरपायवस्स हिट्ठानिविट्ठं जिणसासणसारदिट्ठपरमत्थसब्भावं बहुगुणमणंतसुमणं, समणवरगंधहत्थिं पेच्छति।

२. मम पुण माउपिउविभवविओगविहुरियस्स दुक्खियस्स उवायं साहिउं पसीयह, जेण अहं विभवं पावेमि। अवित्तिण्णकामभोगो इहलोइयसुहाइं इच्छामिति। ततो तेण लवियं 'अत्थि जिण-सासणे बहवे उवाया दिट्ठा विज्जाफलदेवयप्पसाया य, तत्थ देवयाओ उववासेहिं भत्तीए य आराहियाओ जहाचिंतियं फलं देंति, विज्जाओ य पुरचरणबलिविहाणेहिं सिज्झति उववास-विहिओ य बहुविहप्पयाराओ, जा इहलोए परलोए य फलं देंति। तत्थ पुण अमोहं उववासं साहुणो भणंति। जो छम्मासं आयंबिलं करेहिं तस्स इहलोइया इच्छियफलसंपत्ति होइ।

બતાવવાને પ્રસન્ન થાઓ, જેથી હું વૈભવ પામું. કામભોગોની તૃષ્ણા વગરનો ન થયેલો હું આ લોકના સુખને ઇચ્છું છું.' પછી અગડદત્ત મુનિએ કહ્યું, 'જિનશાસનમાં મેં વિદ્યાફળ, દેવતા-પ્રસાદ વગેરે ઘણા ઉપાયો (કહેલા) જોયા છે. એમાં ઉપવાસો વડે અને ભક્તિથી આરાધાયેલા દેવતાઓ દ્વારા ચિંતવેલાં ફળ મળે છે અને વિદ્યાઓ પુરશ્ચરણ-બલિવિદ્યાઓથી સિદ્ધ થાય છે. ઉપવાસની વિધિઓ પણ અનેક પ્રકારની છે, જે આલોક અને પરલોકમાં ફળ આપે છે. તેમાં અમોઘ સાધન ઉપવાસ છે, એવું સાધુઓ કહે છે. જે છ મહિના આયંબિલ કરે છે તેને આલોક સંબંધી ઈષ્ટ ફળની સંપ્રાપ્તિ થાય છે.'

આ પછી એ પ્રમાણે તપ વગેરે કરવાથી એ ઘણી વૈભવઋદ્ધિ વગેરે પામે છે અને છેવટે... પછી સાધુ પાસેથી તે [1]વચન સાંભળીને ઇહા-અપોહ વગેરે કરતા ધમ્મિલને જાતિ-સ્મરણજ્ઞાન થયું. જાતિ-સ્મરણજ્ઞાનથી દ્વિગુણિત થયેલ તીવ્ર સંવેગ અને શ્રદ્ધાવાળો અને આનંદાશ્રુપૂર્ણ આંખવાળો થયેલો તે મનુષ્ય-પણાને અનિત્ય અને બહુ દુઃખદ તરીકે વિચારીને તેમ જ સંયોગ-વિયોગને મહાદુઃખદ વિચારીને કામભોગો પર નિર્વેદવાળો થયો. તે જ સાધુ પાસે દીક્ષા લીધી. સામાયિક વગેરે અગિયાર અંગો તે ભણ્યો. પછી વર્ષોનો પર્યાય પાળીને માસિક સંલેખનાપૂર્વક ૬૦ ભક્ત અનશન કરીને અચ્યુત-કલ્પમાં દેવેન્દ્ર સમાન ૨૨ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો. તે દેવ લોકમાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ માનવ અવતાર પામી સિદ્ધ થશે.

આમ, આ પ્રસિદ્ધ દૃષ્ટાંત પરથી આપણને જાણવા મળે છે કે સુવિહિત ગીતાર્થ મુનિ ભગવંતે આ શ્લોકમાં કામ-ભોગો અને વૈભવ મેળવવાની ઇચ્છાથી તેના ઉપાય પૂછનાર ધમ્મિલને ઉપાય તરીકે પણ તપ વગેરે દેખાડેલાં છે; તેમ જ એ રીતે ફળ તરીકે વૈભવાદિની ઇચ્છાવાળા એ તપ

---

૧. ततो धम्मिल्लस्स साहुसगासाओ तं वयणं सोउं इहा-उपुहमग्गणगवेसणकरेमाणस्स सण्णिस्स पुव्वजाइसरणे समुप्पण्णे। ततो सो संभारियपुव्वजाइसरणो दुगुणाणि य तिव्व-संवेगजायसद्धो आणंदस्सुपुण्णनयणो अणिच्चयं बहुदुक्खयं च माणुस्सं संजोगविप्पओगे य चिंतिऊणं निव्विण्णकामभोगो तस्सेव पायमूले पव्वइओ, सामाइयमाइयाणि एक्कारसअंगाणि अहिज्जिओ। ततो बहूणि वासाणि सामण्णपरियागं पाउणित्ता मासियाए संलेहणाए अप्पाणं झोसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता अच्चुए कप्पे देविंदसमाणो बावीससागरोवमट्ठिइओ देवो जाओ। तओ य देवलोयाओ चइत्ता महाविदेहे वासे सिज्झिहिति।

વગેરેમાં નિયાણાની પણ કોઈ વાત શાસ્ત્રકારોએ કરી નથી કે એનાથી ધમ્મિલનું દુર્ગતિ કે સંસાર વધવાનું પણ કાંઈ થયું નથી કે સચ્ચિત્તનું મારણ થયું નથી. (કેમ કે મારણ થયું હોત, તો એ છેવટે ચારિત્ર સ્વીકારી -અનશનાદિ ન કરત.)

**પ્રશ્ન :** પણ એ અગડદત્ત મુનિ તો અતિશય જ્ઞાનવાળા હશે અને તેથી આ રીતે એનો ભવિષ્યમાં અભ્યુદય થવાનો જાણી એ તપોવિધિ દેખાડ્યો હોય. માટે આપણે કાંઈ તેના પરથી આ ફલિત ન કરી શકીએ કે આ રીતે આલોક સંબંધી સુખની ઈચ્છાની પૂર્તિના ઉપાય તરીકે તપ વગેરે દેખાડી શકાય.

**ઉત્તર :** 'તે મહર્ષિએ એ રીતનો તપ કરવો તે વ્યક્તિવિશેષરૂપ ધમ્મિલને માટે દુષ્ટ બનનારો નથી એ જ્ઞાનથી જાણીને ઉપદેશ્યો છે' એવું નથી... કેમ કે તેઓશ્રીએ તો સામાન્ય કાયદા તરીકે જ કહ્યું છે કે 'જિનશાસનમાં વૈભવાદિની પ્રાપ્તિના મેં ઘણા ઉપાયો (કહેલા) જોયા છે... ઉપવાસની વિધિઓ પણ અનેક પ્રકારની છે, જે આલોકમાં અને પરલોકમાં ફળ આપે છે. અમોઘ સાધન ઉપવાસ છે, એવું સાધુઓ કહે છે. જે છ મહિના આયંબિલ કરે છે તેને આલોક સંબંધી ઈષ્ટ ફળની સંપ્રાપ્તિ થાય છે.' આ બધી વાતો સામાન્ય જ કહી છે. ક્યાંય 'આમ તો આ રીતે આલોક-પરલોકની ઈચ્છાથી ધર્મ કરવો એ નિષિદ્ધ છે, પણ તને આ રીતે તપ કરવાથી પણ લાભ થવાનો છે એવું મને જ્ઞાનમાં દેખાય છે; માટે તું આ તપ કર...' ઈત્યાદિ આવું કાંઈ તે ગીતાર્થ મુનિએ કહ્યું નથી.

એમ ઘર પડી જાય એવું લાગે છે, એ ન પડે એ માટે યા ઉપદ્રવની શાંતિ થઈ જાય એ માટે મથુરાના લોકો ઘરની બારસાખ ઉપર શ્રી જિનબિંબ પધરાવતા હતા, જે 'મંગલ ચૈત્ય' તરીકે પ્રસિદ્ધિ પામ્યું. આ જિનબિંબ પધરાવવામાં લોકોનો આશય સ્પષ્ટ રીતે ઘરને પડતું અટકાવવાનો હતો. એટલા માત્રથી જો એ વિષાનુષ્ઠાન બની ગયું હોત, તો શાસ્ત્રકારોએ જિનબિંબ પધરાવવારૂપ અનુષ્ઠાનને વખાણ્યું ન હોત... પણ શાસ્ત્રકારોએ તો એને વખાણ્યું જ છે. જુઓ, **શ્રી પ્રવચન સારોદ્ધાર** વૃત્તિમાં કહ્યું છે કે -

**तथा उत्तरङ्गस्य - गृहद्वारोपरिवरिवर्तितिर्यक्काष्ठस्य मध्यभागे घटिते = निष्पादिते जिनबिम्बे मङ्गलचैत्यमिति समयज्ञाः - सिद्धान्तवेदिनो ब्रुवते = वदन्ति, मथुरायां हि नगर्यां**

**गृहे कृते मङ्गलनिमित्तमुत्तरङ्गेषु प्रथममर्हत्प्रतिमाः प्रतिष्ठाप्यन्ते, अन्यथा तद्गृहं पतति, तथा चावोचाम स्तुतिषु –**

**जंमि सिरिपासपडिमं संतिकए करइ पंडिगिहदुवारे।**
**अज्जवि जणोपरि तं महुरमधन्ना न पेच्छंति ॥१॥**

(प्रवचन सारोद्धार, ६६ वृत्ति)

"ગૃહના દ્વારના ઉપરના ભાગમાં રહેલા તીરછા કાષ્ઠના મધ્યભાગમાં લગાડેલ શ્રીજિનબિંબને શાસ્ત્રજ્ઞો 'મંગલચૈત્ય' કહે છે. મથુરા નગરીમાં ઘર તૈયાર થઈ ગયે છતે, મંગલ માટે બારસાખમાં સૌ પ્રથમ શ્રીઅરિહંતની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાતી હતી; નહિતર એ ઘર પડી જતું હતું. અમે સ્તુતિઓમાં કહ્યું છે, 'આજે પણ જે નગરીમાં લોકો શાંતિ માટે ઘરેઘરે દ્વારમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા પધરાવે છે, તે મથુરાને અધન્યો જોતા નથી.' આમાં મંગલ ચૈત્યયુક્ત ઘરો હોવાના કારણે કહેવાયું છે કે મથુરાને ધન્યો જુએ છે, અધન્યો નહિ; તેથી મંગલ ચૈત્યની પણ એમાં પ્રશંસા થઈ જ ગઈ છે.

**પ્રશ્ન :** પણ **શ્રીદશવૈકાલિક સૂત્રની હારિભદ્રીય વૃત્તિ**માં તો કહ્યું છે કે [1]"ઇહલોકમાં લબ્ધિ વગેરેની ઇચ્છાથી અનશનાદિ તપ ન કરવો, ધમ્મિલની જેમ.' આમ, ધમ્મિલની જેમ તપ કરવાનો તો શાસ્ત્રમાં નિષેધ છે, તો તમે કેમ આવો તપ પણ કરવાનું કહો છો ?

**ઉત્તર :** હા, શ્રી દશવૈકાલિક સૂત્રવૃત્તિમાં કહ્યું છે ખરું...પણ એ સાધુને આશ્રીને કહ્યું છે, કેમ કે આ શ્રી દશવૈકાલિક સૂત્ર મુખ્યતયા મનક મુનિને એ છ મહિનામાં આરાધના કરી જાય, એ અપેક્ષાએ રચવામાં આવ્યું છે (તેથીસ્તો પૂ. શ્રી શય્યંભવસૂરિ મહારાજે તેના કાળધર્મ પછી એને પાછું ચૌદપૂર્વમાં વિસર્જિત કરી નાખવાની તૈયારી કરેલી.) સુવિશુદ્ધ ચારિત્ર પામી જનાર જીવ માટે તો અમે પણ કહીએ જ છીએ કે એણે ઇહલોકાદિ અર્થ માટે તપ કરવો ન જોઈએ; કર્મનિર્જરા માટે જ કરવો જોઈએ. આવું સમાધાન કરવું આવશ્યક પણ છે જ અને યોગ્ય પણ લાગે જ છે; કેમ કે નહિતર તો (એટલે કે જો એ માત્ર સાધુ માટે અકર્ત્તવ્ય છે એવું નહિ, પણ બધા માટે અકર્ત્તવ્ય છે એવું

---

१. चउव्विहा खलु तवसमाहि भवइ, तं जहा जो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा ××× इहलोकनिमित्तं लब्ध्यादिवाञ्छया अनशनादिरूपं अधितिष्ठेत न कुर्यात् धम्मिलवत्।

માનીએ તો) ઉપદેશતરંગિણી ગ્રન્થનો વિરોધ થશે. તે ગ્રન્થમાં ધમ્મિલના તપને ભાવધર્મમંગલની આરાધનારૂપે કહ્યો છે. જુઓ, એ ગ્રન્થાધિકાર -

**भावधर्ममङ्गलाराधने फलं यथा –**

**धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो। देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो ॥१०॥ दृष्टान्तो यथा धम्मिलादीनां सुसंपदः।**

(પાંચમા તરંગનો ચોથો ઉપદેશ, પ્રત - પૃ. ૨૬૦)

**અર્થ :** ભાવધર્મ મંગલની આરાધના કરવામાં ફલ આ પ્રમાણે જાણવું:

'અહિંસા, સંજમ અને તપરૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન હમેશાં ધર્મમાં રમે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.' આમાં દૃષ્ટાન્ત તરીકે ધમ્મિલ વગેરેની સુસંપત્તિઓ જાણવી.

**શંકા :** ઢગલાબંધ શાસ્ત્રપાઠો સાથે તમે જે તર્કપુરસ્સર વિસ્તૃત ચર્ચા કરી, એનાથી અને અનેક શાસ્ત્રીય દૃષ્ટાંતોમાં જોવા મળે છે એનાથી હવે સ્વીકારવાનું તો મન થઈ જાય છે કે 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો' એ, તેમજ ગીતાર્થ સંવિગ્નોએ એવો ઉપદેશ આપવો તે આ બન્ને શાસ્ત્ર-અવિરુદ્ધ છે. તેમ છતાં 'ધર્મ નિરાશંસભાવે જ કરવો જોઈએ', 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ', 'વિષાનુષ્ઠાન વગેરેની પ્રરૂપણા; ધર્મના બદલામાં ભૌતિક સામગ્રી માગી લેવી એ નિયાણું છે, જે જીવનું ભારે અહિત કરનારું હોવાથી અકર્તવ્ય છે...' આ બધું જણાવનારાં શાસ્ત્રવચનો પણ ઢેર ઢેર મળે છે... એટલે મન મૂંઝાય છે...

**સમાધાન :** હા, આવા પણ ઢગલાબંધ શાસ્ત્રપાઠો મળે જ છે અને એ પણ પ્રમાણભૂત જ છે, માન્ય જ છે. એને અમાન્ય ઠેરવીને ઉડાવી દેવાનો કોઈને અધિકાર નથી અને એટલે જ અમે એ શાસ્ત્રપાઠોનો અપલાપ કરતા નથી કે "એ શાસ્ત્રપાઠો પણ, 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એવું વિધાન કરનારા છે" એવો અર્થ મારી મચડીને, તાણીતૂસીને કાઢવાનો પ્રયાસ કરતા નથી. અન્યથા, મનોરમા કથાના 'જઈ ઈચ્છહ ધણરિદ્ધિં' વગેરે શ્લોકો કે જે 'જો તમે ધનઋદ્ધિને ઈચ્છો છો તો ગંધપૂજા કરો' ઈત્યાદિ સ્પષ્ટ વિધાન કરનારા હોવા છતાં, એ જ ગ્રન્થકારે અન્યત્ર 'જે ધન, સુવર્ણ, દ્વિપદ, ચતુષ્પદ વગેરે ઋદ્ધિવાળા સુખી છે, તે પરમાર્થથી દુઃખી જ છે.' આવું બધું જે કહ્યું હોય

તેને બિનજરૂરી વિસ્તાર ખડો કરી, 'આવું કહેનારા ઉપદેશક શું ધનઋદ્ધિ માટે ધર્મ કરવાની પ્રેરણા કરે ખરા ?' એવો નાદાન પ્રશ્ન માત્ર ખડો કરી, તમે જેમ, 'જઈ ઈચ્છહ ધણરિદ્ધિં' વગેરે શ્લોકો (એનો જે સીધો અર્થ છે કે – ધન ઋદ્ધિની ઈચ્છા હોય તોપણ ધર્મ જ કરવાની પ્રેરણા કરવી, - તેનાથી સાવ વિપરીત એવો) એવી પ્રેરણા કરનારા નથી એમ પ્રતિપાદન કરી દો છો, એમ અમે પણ તમારા જેવું કરી શકીએ છીએ. એટલે કે 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ' ઈત્યાદિ જણાવનારા શાસ્ત્રપાઠો તમે જે ટાંક્યા હોય, એના તો શબ્દોને કે અર્થને સ્પર્શ્યા વિના જ, " 'અર્થ-કામની ઈચ્છા હોય તોપણ ધર્મ જ કરવો જોઈએ' ઈત્યાદિ જણાવનારા પણ જે ઢગલાબંધ શાસ્ત્રપાઠો મળે છે તેનો વિસ્તાર ખડો કરીને, 'અર્થ-કામ માટે પણ ધર્મ જ' કરવાની પ્રેરણા કરનારા શાસ્ત્રકારો, 'ધર્મ ખાલી મોક્ષ માટે જ કરાય' એવું કહે ખરા ?" એવો પ્રશ્ન માત્ર ઉઠાવી 'તમે ટાંકેલા એ શાસ્ત્રપાઠો પણ માત્ર મોક્ષ માટે જ ધર્મનું વિધાન કરનારા નથી' એવો અધ્ધરિયો જવાબ અમે પણ આપી શકીએ છીએ. પણ અમારે એવું કરવાની જરૂર જ નથી; કારણ કે અમે તો એ શાસ્ત્રપાઠોનો યથાર્થ અર્થ પણ સ્વીકારીએ જ છીએ. અર્થાત્ 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ' એવો અને 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એવો... આ બન્ને પ્રકારનો ઉપદેશ શાસ્ત્રાનુસારી છે એવું અમે સ્વીકારીએ જ છીએ, એટલે અમારે કોઈ પણ શાસ્ત્રપાઠની કદર્થના કરવી આવશ્યક રહેતી નથી. તમે પણ **'अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम्'** ઈત્યાદિ શાસ્ત્રપાઠોના આંધારે અપાતા 'અર્થકામના ઈચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ' ઈત્યાદિ સ્વીકારી લ્યો તો તમારે પણ આવું બધું દર્શાવનાર શાસ્ત્રવચનોની કદર્થના કરવી ન પડે.

**પ્રશ્ન :** પણ,એ શાસ્ત્રવચનોના યથાશ્રુત અર્થરૂપ 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' આ વાતને સ્વીકારી લઈએ, તો 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ' એવું જણાવનાર શાસ્ત્રવચનોનો વિરોધ થાય છે તેનું શું ? એનો વિરોધ ન થાય એ માટે તો **'अर्थकामाभिलाषिणाऽपि...'** ઈત્યાદિ શાસ્ત્રવચનોનો અર્થ બદલવાનાં અમે ફાંફાં મારીએ છીએ !

**ઉત્તર :** આ બન્ને પ્રકારનાં શાસ્ત્રવચનો વચ્ચે પરસ્પર વિરોધ હોવો અલ્પજ્ઞોને ભલે ભાસે, વિદ્વાનોને ભાસવો ન જોઈએ; કારણ કે શ્રી જૈનશાસનનાં

શાસ્ત્રવચનોમાં પૂર્વાપરવિરોધ હોતો નથી. આ બેમાં પરસ્પર વિરોધ નથી, એ પ્રસ્તાવનામાં દર્શાવી ગયો છું; છતાં ફરીથી વિચારી લઈએ...

શાસ્ત્રકારો જે કાંઈ પ્રરૂપણ કરે છે, તે જિજ્ઞાસુઓના પ્રશ્નો-શંકાઓનું સમાધાન કરવા માટે કરતા હોય છે. ક્યારેક એ પ્રશ્નો-શંકાઓનો ગ્રન્થમાં સ્પષ્ટ ઉલ્લેખ થઈ ગયેલો હોય છે અને ક્યારેક ગ્રન્થકાર પોતે જ, શ્રોતાની સંભવિત શંકાનો ઉલ્લેખ ન કરતાં, માત્ર મનમાં એ શંકા કલ્પીને પ્રરૂપણા કરતા હોય છે. આ વાત ગ્રન્થોના પરિશીલનથી સ્પષ્ટ સમજાય છે. એટલે જે રીતે પ્રશ્ન ઊઠ્યો હોય, એ મુજબ જવાબ અપાય છે.

મોક્ષના જાણકાર શ્રોતા સમક્ષ, 'ધર્મ શા માટે કરવો ?' આવા પ્રશ્નના ઉત્તર તરીકે ગીતાર્થ મહાત્મા 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ', 'ધર્મ કર્મનિર્જરા માટે જ કરવો જોઈએ', 'ધર્મ ગુણપ્રાપ્તિ માટે જ કરવો જોઈએ', 'ધર્મ આત્મશુદ્ધિ અર્થે જ કરવો જોઈએ'... ઈત્યાદિ કહે છે (આ બધાનું તાત્પર્ય એક જ છે), પણ જ્યારે અનેક જાતની ઉપાધિઓમાં ઘેરાયેલા માણસને માટે 'અર્થકામ માટે શું કરવું ?' આ રીતે પ્રશ્ન ઊઠ્યો હોય, ત્યારે ગીતાર્થ મહાત્મા 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો' એમ ઉપદેશે છે. આમાં કોઈ વિરોધ છે જ નહીં...

જેમ કે કોઈ પૂછે, 'પરમાત્માનું નામસ્મરણ કરતાં કરતાં ચા પીવાય?' તો જવાબમાં 'ના' જ કહેવી પડે કે 'પરમાત્માનું નામસ્મરણ કરતાં કરતાં ચા ન પીવાય.' પણ કોઈ એમ પૂછે કે 'ચા પીતાં પીતાં પરમાત્માનું નામ-સ્મરણ કરાય ?' તો જવાબમાં 'હા' જ કહેવી પડે કે 'ચા પીતાં પીતાં પરમાત્માનું નામસ્મરણ કરી શકાય.' એમ, 'ઉપધાન કરનારે રાત્રીભોજન કરાય ?' એવા પ્રશ્નનો જવાબ 'ના'માં આવે, પણ 'રાત્રીભોજન કરનારો ઉપધાન કરી શકે ?' તો એવા પ્રશ્નનો જવાબ 'હા'માં આવે.

આવા તો ઢગલાબંધ પ્રશ્નો અને ઉત્તરો મળશે... જેમ કે 'પ્રભુદર્શન કરનારે સિનેમા જોવાય ?' આ રીતે પ્રશ્ન ઊઠે તો જવાબમાં 'ના', ને 'સિનેમા જોનારે પ્રભુદર્શન કરાય ?' આ રીતે પ્રશ્ન ઊઠે તો જવાબ 'હા'માં આવશે.

પરસ્પર વિરુદ્ધ ભાસતી આ વાતો પ્રત્યેકને બુદ્ધિગમ્ય હોવાથી જેમ વિરુદ્ધ નથી, એમ પ્રસ્તુતમાં જાણવું.

વળી, એક વાર માની લઈએ કે 'અર્થ-કામ માટે ધર્મ તો ન જ કરાય.' તો પ્રશ્ન ઊભો થશે કે 'ધર્મ ન જ કરાય તો શું પાપ કરાય ?... કાંઈ જ ન કરાય.' એમ તો કહી શકાય નહીં; કારણ કે ગૃહસ્થને અર્થ-કામની આવશ્યકતાઓ ઊભી થવાની જ છે ને તેના માટે એ કંઈ ને કંઈ તો કરવાના જ છે.

હા, ગીતાર્થ ગુરુભગવંત, અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવાનું જે કહે છે, તે પણ, એ જીવ અર્થ-કામ મેળવીને એમાં જ અટવાઈ જાય એ માટે નહીં; પણ આ રીતેય ધર્મ કરતો થાય, ધર્મમાં સ્થિર થાય, આગળ વધે ને પરંપરાએ મોક્ષ પામે એ માટે જ હોય છે. આ વાત પૂર્વે પણ કહેવાયેલી જ છે; તેમ છતાં પુન: એટલા માટે કહું છું કે આ વાત તમે જાણતા ન હો એવું માની શકાતું નથી અને તેમ છતાં, તમે ઠેર ઠેર એવા ભાવનું પ્રતિપાદન કર્યું છે કે અમે તો જાણે 'અર્થ-કામ માટે જ... એમાં જ બધા જીવો મોજ-મજા કરતાં થઈ જાય એ માટે જ... જાણે કે આવો ઉપદેશ આપીએ છીએ.'(તમારે આવું કેમ કરવું પડે છે એ તમે જ તમારા અંતઃકરણને પૂછી લેશો)

વળી, આવો ઉપદેશ આપવા પાછળ, **શાસ્ત્રકાર મહર્ષિઓનો** તેમજ અમારો આશય ઉપર કહ્યા મુજબ, પરિણામે તો સામા જીવને ધર્મમાં આગળ વધારી ભવ-વૈરાગ્ય વગેરે કેળવાવી, મોક્ષ સુધી પહોંચાડવાનો હોય જ છે. આ જ કારણસર, 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' ઈત્યાદિ વાતો ધરાવનાર ઉપદેશ પણ શુદ્ધ ધર્મના જ ઉપદેશરૂપ છે. આ વાત આ સમીક્ષામાં અન્યત્ર **ઉપમિતિ-ભવપ્રપંચાકથાના** આધારે જણાવેલી જ છે. અને જ્યારે એ શુદ્ધધર્મના ઉપદેશરૂપ છે, ત્યારે એને મોક્ષમાર્ગમાં બાધા પહોંચાડનાર કે સંસારમાર્ગની પોષક કે આસક્તિ વધારનાર... વગેરે કહી શકાય નહીં.

એટલે તમારાં નીચેનાં પ્રતિપાદનો પ્રસ્તુત વિચારણામાં કેટલાં બધાં અપ્રસ્તુત છે, એ હવે તમે જ સ્વયં વિચારી લેશો...

(૧) xxx જૈન શાસનનું ગુરુતત્ત્વ એટલે મોક્ષમાર્ગનું સાધક, સહાયક, પ્રકાશક અને સંરક્ષક તત્ત્વ. એ કદાપિ મોક્ષમાર્ગમાં બાધા પહોંચે કે સંસાર માર્ગની પુષ્ટિ થાય; અર્થાત્ જે ઉપદેશથી રાગદ્વેષ કે મોહની વૃદ્ધિ થાય, વિષયોની આસક્તિ વધે કે કષાયોનો આવેશ પ્રગટે તેવા ઉપદેશ કદાપિ આપે નહિ, અપાવે નહિ કે આપનારનું અનુમોદન પણ કરે નહિ. xxx (તત્ત્વા. પૃ. ૨૦)

જોકે, આમાં સીધેસીધું કાંઈ વાંધાજનક નથી; તેમ છતાં, 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એવો જે શાસ્ત્રાધારપૂર્વક ઉપદેશ અપાયો છે, એને મનમાં રાખીને, એને ખોટો ઠરાવવા માટે તમે આ બધું પ્રતિપાદન કરી રહ્યા છો, માટે એ અયોગ્ય છે.

(૨) આ જ રીતે તમે આગળ કહ્યું છે કે xxx સર્વ સાવદ્ય યોગની ત્રિવિધ ત્રિવિધે પ્રતિજ્ઞા કરનાર મહર્ષિઓ સ્વપ્ને પણ એવું કેમ વિચારી શકે કે - 'જગતૂના જીવોને સંસારનાં નાશવંત અને દારુણ વિપાકવાળાં સુખો મેળવવાનો હું પણ માર્ગ બતાવું ! બધા જ મોક્ષનો ઉપદેશ આપશે, તો આ બિચારા જીવોને સંસારમાં સુખ મેળવવાનો - સંસારનાં દુઃખોથી બચવાનો માર્ગ કોણ બતાવશે ? xxx

વળી આગળ, (૩) xxx જેની વિવેકદૃષ્ટિમાં કોઈ પણ કારણે વ્યામોહ પ્રગટ્યો હોય, તેઓ મૂળ માર્ગને ચૂકી જાય છે. પરિણામે તેઓને મહાઅનર્થ કરનાર ભૌતિક સુખોના માર્ગ બતાવવાનું દિલ થઈ આવે છે. xxx

(૪) xxx ત્યારે માત્ર ધર્મની - પછી ભલે તે અર્થ-કામના સાધનભૂત જ હોય... xxx

(૫) xxx જ્યારે સંસારનાં દુઃખ ટાળવા અને સુખ મેળવવા માટે જ કરાતો ધર્મ xxx (તત્ત્વા૦ પૃ. ૩૬)

મહાત્મન્ ! આમાંથી (૨) અને (૩) નંબરનાં જે પ્રતિપાદનો છે, તે પૂર્વના શાસ્ત્રકારો તરફ કાદવ ઉછાળવા બરાબર છે; કારણ કે અમે તો **ઉત્તરાધ્યયન-સૂત્રવૃત્તિ, મનોરમાકહા** વગેરેના 'अर्थ-कामा...', 'जइ इच्छह'... ઈત્યાદિ જે વચનો સંસ્કૃત-પ્રાકૃતમાં છે, એનો ગુજરાતી અનુવાદ કરી લોકોને ઉપદેશ આપીએ છીએ કે 'અર્થ-કામના ઈચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ...' ઈત્યાદિ. એટલે, સંસારનાં નાશવંત અને દારુણ વિપાકવાળાં સુખો મેળવવાનો માર્ગ એ શાસ્ત્રકારોએ આપ્યો છે એવું, તેમજ તેઓને વ્યામોહ પ્રગટવાના કારણે મહાઅનર્થ કરનાર ભૌતિક સુખોનો માર્ગ બતાવવાનું દિલ થઈ ગયું હતું એવું ભયાનક આક્ષેપાત્મક દોષારોપણ તમે જાણે-અજાણે તેઓ પર કરી રહ્યા છો, એ કેટલું ઘોર અહિતકર નીવડશે એ સ્વયં વિચારી લેવા ભલામણ.

એમ (૪) અને (૫) માં 'જ'કાર શા માટે ઘુસાડ્યો છે ? શું સંસારનાં દુઃખ

ટાળવા અને સુખ મેળવવા **માટે જ ધર્મ કરવો** એવું કોઈ કહે છે ? કે કોઈ શાસ્ત્રકારે કહ્યું છે ?

આવા તમારા ઘરના 'જ'કાર ઘુસાડીને ઠેર ઠેર કરેલું પ્રતિપાદન કે જે વાચકના મનમાં આવો જ ભાવ પેદા કરે કે 'આ બધા (અમે) તો 'અર્થ-કામ **માટે જ** ધર્મ કરવાનું' કહે છે... ઈત્યાદિ', તે બિલકુલ અનુચિત છે; એ હવે તમે સમજી ગયા હશો.

**પ્રશ્ન :** વાચકવર **શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થકારિકા**માં કહ્યું છે કે 'મોક્ષમાર્ગ સિવાય આ જગતમાં બીજો કોઈ હિતોપદેશ નથી.' વળી, જે હિતોપદેશ ન હોય તે તો સાધુએ અપાય જ નહીં; એટલે અર્થકામ માટે પણ ધર્મ જ કરવાની વાત હિતોપદેશરૂપ ન હોવાથી સાધુએ શી રીતે કહેવાય?

**ઉત્તર :** ભલા આદમી ! પૂર્વે તો દેખાડી ગયો છું કે આ પણ પરંપરાએ મોક્ષ સુધી લઈ જવા માટેનો જ ગીતાર્થ ગુરુનો પ્રયાસ છે અને તેથી મોક્ષમાર્ગરૂપ છે. અર્થ-કામની ઈચ્છાવાળો હોવાના કારણે સાભિષ્વંગ હોવા માત્રથી એને સંસારમાર્ગરૂપ કહી શકાતો નથી. **૧૯મા પંચાશકની ૨૯મી ગાથાની વૃત્તિ**માં જણાવ્યું જ છે ને કે –

**नन्वयं पठितोऽपि साभिष्वङ्गत्वान्न मुक्तिमार्ग इत्याशङ्क्याह - मार्गप्रतिपत्तिहेतुः = शिवपथाश्रयकारणं, यश्च तत्प्रतिपत्तिहेतुः स मार्ग एवोपचारात् ॥** – 'શાસ્ત્રોક્ત હોવા છતાં આ રોહિણી વગેરે તપ સાભિષ્વંગ હોવાથી મુક્તિમાર્ગરૂપ નહીં બને.' એવી શંકાના જવાબમાં અહીં જણાવ્યું છે કે એ તપ મોક્ષમાર્ગની પ્રાપ્તિનું કારણ છે અને તેથી ઉપચારથી મોક્ષમાર્ગરૂપ જ છે.

વળી 'એ તો ઉપચારથી મોક્ષમાર્ગ છે, મૌલિક રીતે ક્યાં મોક્ષમાર્ગરૂપ છે ? અને તેથી હિતોપદેશરૂપ નથી.' એવો પ્રશ્ન ઉઠાવશો, તો ફલિત એ થાય કે આ રોહિણી વગેરે તપને ઉપદેશનાર તેમજ 'अर्थकामाभि०' ઈત્યાદિ ઉપદેશનાર શાસ્ત્રકારોએ હિતોપદેશ સિવાયનો ઉપદેશ આપ્યો છે. આવો ફલિતાર્થ બિલકુલ અનુચિત છે એ સ્પષ્ટ જ છે. જેને અમદાવાદ પહોંચાડવો છે તેવા પથિકને, અમદાવાદ તરફ જતા હાઈવે પર ચડાવી આપનાર ઍપ્રોચ રોડ દેખાડવો, એ હકીકતમાં અમદાવાદ તરફ લઈ જવાનો જ પ્રયાસ છે.

**'नर्ते च मोक्षमार्गाद्...'** ઈત્યાદિ તત્ત્વાર્થકારિકાની વૃત્તિમાં **શ્રીદેવગુપ્ત સૂરિ મહારાજે** જે જણાવ્યું છે કે – **'ये त्वन्ये राग-बुद्धिविकल्पवशेन हितोपदेशत्वेन गृहीतास्ते भवबीजानुबन्धित्वाद्धितोपदेशाभासा अपि न भवन्ति, कुतो हितोपदेशाः ?'** – એનાથી પણ સ્પષ્ટ છે કે આ હિતોપદેશાભાસ નથી, પણ હિતોપદેશ જ છે. રાગ બુદ્ધિના વિકલ્પવશથી જે હિતોપદેશરૂપે મનાયા હોય, તેને સંસારબીજની પરંપરા ઊભી કરનારા હોવાથી હિતોપદેશરૂપે નકારાયા છે. એટલે કે પિતા વગેરે વડીલ સ્વસંતાનને વધુ ને વધુ શ્રીમંતાઈ માટે વેપાર વગેરે વધારવાની સલાહ આપે અને એમ માને કે અમે તેના હિતની વાત કરીએ છીએ, તો એને માટે અહીં હિતોપદેશાભાસરૂપ પણ નથી, તો હિતોપદેશરૂપ ક્યાંથી હોય એમ જણાવ્યું છે. સદ્ગુરુ તો પરંપરાએ વૈરાગ્ય ઊભો કરાવવા દ્વારા મોક્ષ સુધી પહોંચાડવાની કલ્પનાથી 'अर्थकामाभि०' ઈત્યાદિ શાસ્ત્રોક્ત ઉપદેશ આપે છે. માટે એ ઉપદેશ રાગબુદ્ધિ-વિકલ્પવશાત્ થયેલો ન હોવાથી એની હિતોપદેશમાંથી બાદબાકી કરી શકાતી નથી.

**પ્રશ્ન :** પણ આમાં તો, અર્થ-કામમાં જીવ આગળ વધવાનો છે એ સ્પષ્ટ છે; એટલે મોક્ષથી એ દૂર જઈ રહ્યો હોવાથી એવા ઉપદેશને હિતોપદેશ તરીકે સ્વીકારવાનું મન કેમ થાય ?

**ઉત્તર :** ઉપલક દૃષ્ટિએ એમ જરૂર લાગે કે એ દૂર થઈ રહ્યો છે, તેમ છતાં વસ્તુતઃ એ મોક્ષ તરફ જ ધપી રહ્યો હોય છે. અમદાવાદ કે રાજકોટના રહીશ માટે ન્યૂયોર્ક કે લંડન ઉત્તર-પશ્ચિમમાં છે. તેમ છતાં, ત્યાં પહોંચવા માટે એ વ્યક્તિ મુંબઈ ઍરપોર્ટ કે જે એના માટે દક્ષિણ-પૂર્વમાં છે ત્યાં આવશે જ. છતાં એ પણ એની અમેરિકા તરફની જ ગતિ કહેવાય છે. પોતે જે સ્થાનમાં રહ્યો છે એ સ્થાન જ એવું છે કે ઉપલક દૃષ્ટિએ, પોતાના લક્ષ્યથી વિપરીત દિશામાં રહ્યું હોય, એવા સ્થાને પહેલાં જવું પડે. એમ કેટલાક જીવોની ભૂમિકા જ એવી હોય છે કે સીધા મોક્ષ તરફ આગળ વધવાનો તેઓ પ્રારંભ જ ન કરી શકે. પહેલાં, જે ઉપલક દૃષ્ટિએ મોક્ષથી દૂર તરફ દેખાતા હોય એવા અર્થકામ તરફ જતા દેખાય અને છતાં એને માટે કરાતા ધર્મ દ્વારા પરિણામે મોક્ષ તરફના સીધા માર્ગ પર આવી જાય. એટલે તો **ઉપમિતિ-ભવપ્રપંચા-કથામાં** કહ્યું છે ને કે 'किलात्र यो यथा जन्तु० ...' જે જીવને જે રીતે બોધ પમાડી શકાય એ રીતે પ્રયાસ કરવો. એમાં જરૂર પડ્યે અર્થકામની વાતો કરીને પણ એને ધર્મ તરફ આકર્ષવો.

અને મહાત્મન્ ! આમાં બીજી પણ એક વાત ખ્યાલમાં રાખવા જેવી છે કે અમેરિકા પહોંચવા માટે અમેરિકાને યાદ કર્યા જ કરવું પડે એવું કાંઈ નથી. જે અમેરિકાનો જાણકાર છે અને એ જ લક્ષ્યથી જે નીકળ્યો છે, એ તો અમેરિકાને ભૂલે નહીં એમ બને, પણ જે અમેરિકાને જાણતો પણ નથી એવો આદમી જો અમેરિકાના માર્ગ પર હોય, તો જરૂર અમેરિકા પહોંચી જાય છે. **કોલંબસને** અમેરિકાના નામની પણ ક્યાં ખબર હતી, છતાં પહોંચી ગયો હતો ને ? અમેરિકા પહોંચવા માટે, અમેરિકા-અમેરિકા નામનું રટણ એટલું આવશ્યક નથી, જેટલું અમેરિકાના માર્ગ પર ચાલવું એ આવશ્યક છે. આ ખાસ સમજી રાખવાની વસ્તુ છે.

એમ, કદાચ એવી ભૂમિકાના કારણે કોઈ જીવ હજુ મોક્ષને ન પણ જાણતો હોય, તોપણ જો એને મોક્ષના માર્ગ પર ચડાવી દેવામાં આવે, તો એ જરૂર મોક્ષે પહોંચી શકે છે. દરેક વખતે મોક્ષ ભૂલવો ન જ જોઈએ એવું નથી. [જોકે મોક્ષમાર્ગ તો એવી ચીજ છે કે અમુક આગળ વધ્યા પછી લગભગ એવો ક્ષયોપશમ ખીલી જ જાય છે કે જેથી મોક્ષની સમજણ વગેરે મળી જ જાય એ વાત જુદી છે.]

આ જ કારણે **શ્રી ઉમાસ્વાતિજી** મહારાજે પણ, 'नर्त्ते च मोक्षाद्०...' ન કહેતાં 'नर्त्ते च मोक्षमार्गाद्०...' એમ કહ્યું છે. અર્થાત્ 'મોક્ષ સિવાય બીજો કોઈ હિતોપદેશ નથી' એમ ન કહેતાં, 'મોક્ષમાર્ગ સિવાય બીજો કોઈ હિતોપદેશ નથી' એમ જણાવ્યું છે. અને મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-સ્વરૂપ ધર્મરૂપ છે. એ તો તેઓશ્રીએ તત્ત્વાર્થસૂત્રના પ્રથમ સૂત્રમાં જ જણાવી દીધું છે. એટલે **આ અપેક્ષાએ તો એમ પણ કહી શકાય કે તેઓશ્રીએ મોક્ષ કરતાં પણ મોક્ષમાર્ગ-સ્વરૂપ ધર્મને જ પ્રાધાન્ય આપ્યું છે.**

**પ્રશ્ન :** મોક્ષમાર્ગ એટલે ધર્મ વગેરે વાતો અમે સ્વીકારીએ છીએ; પણ છતાં, શ્રી ઉમાસ્વાતિજી મહારાજે 'नर्त्ते च धर्मात्०...' એમ ન કહેતાં 'नर्त्ते च मोक्षमार्गाद्०...' એમ જે કહ્યું છે, તે પણ વિચાર માગી લે છે. જુઓ, અમે તત્ત્વા૦ પૃ. ૨૦ ઉપર કહ્યું છે કે ××× 'ધર્મોપદેશ' શબ્દનો પ્રયોગ ન કરતાં 'મોક્ષમાર્ગનો ઉપદેશ' એવા શબ્દનો જે ઉપયોગ કર્યો છે, તે ઘણા જ ઊંડા વિમર્શપૂર્વક કર્યો હોય તેમ જણાય છે. 'ધર્મ'પદથી જેને જે અર્થ કરવો હોય, તે કરીને અનર્થો સર્જી શકે છે. તેથી કોઈ અજ્ઞાનના યોગે 'ધર્મ'નો અર્થ, 'અર્થ-

કામના સાધનરૂપે' પણ કરીને ખોટે માર્ગે દોરવાઈ જાય તે સંભવિત છે. એવી સંભાવનાને ટાળવા માટે શાસ્ત્રકારશ્રીએ 'મોક્ષમાર્ગ' એ ધર્મરૂપ હોવા છતાંય, 'ધર્મ' શબ્દનો પ્રયોગ ન કરતાં, 'મોક્ષમાર્ગ' શબ્દનો પ્રયોગ કર્યો છે. ×××

**ઉત્તર :** 'नर्ते च०...' આ વચન **તત્ત્વાર્થકારિકાનું** છે. તત્ત્વાર્થકારિકા પર **શ્રીદેવગુપ્તસૂરિ** મહારાજે અને **શ્રી સિદ્ધસેનગણિ** મહારાજે વૃત્તિઓ રચેલી છે. જો તમારા જણાવ્યા પ્રમાણેના ઊંડા વિમર્શપૂર્વક **'મોક્ષમાર્ગ'** શબ્દનો પ્રયોગ ગ્રન્થકારે કર્યો હોય અને એ શબ્દ આટલા બધા મહત્ત્વનો હોય, તો બેમાંથી એકેય વૃત્તિકાર એના પર કોઈ પ્રકાશ ન ફેંકે ? 'ધર્મ'-પદથી જેને જે અર્થ કરવો હોય તે કરીને અનર્થો સર્જી શકે છે... આવી તમે દર્શાવેલી સંભાવના તો 'મોક્ષમાર્ગ' શબ્દ માટે પણ ક્યાં અશક્ય છે ? કુતર્કો દોડાવીને વાંકોચૂંકો ગમે તેવો અર્થ કાઢી અનર્થ જ જેને ફેલાવવો છે, એ તો ગમે તે શબ્દ પરથી ગમે તે અર્થ કાઢી શકે છે ! તેઓ 'મોક્ષમાર્ગ' શબ્દનો અર્થ 'અર્થ-કામનો માર્ગ' એવો શા માટે ન કાઢે ?

**શંકા :** અરે ! 'મોક્ષ' શબ્દનો અર્થ કોઈ પણ રીતે 'અર્થ-કામ' થોડો થઈ શકે ?

**સમાધાન :** તમે 'અર્થકામ' શબ્દનો અર્થ 'મોક્ષ' કરી શકો છો તો અન્ય વક્રદ્રષ્ટાઓ 'મોક્ષ' શબ્દનો અર્થ 'અર્થકામ' શા માટે ન કરી શકે ? જુઓ ને, તમે તમારા તેરમા અવલોકનમાં 'अर्थकामाभि०' નો રહસ્યાર્થ શો કાઢ્યો છે ? પૃ. ૧૮૧ પર તમે, 'સાચું સુખ શાથી મળે ?' એવું શીર્ષક બાંધી, એમાં જણાવ્યું છે કે ××× જીવો અર્થકામની અભિલાષા સુખ માટે કરે છે; પરંતુ અર્થકામમાં સુખ આપવાની તાકાત છે નહિ. તેનાથી દેખીતું જે સુખ મળે છે, તે સુખ નથી પણ સુખાભાસ છે; કારણ કે વાસ્તવમાં તે દુઃખરૂપ છે. એના ફળરૂપે પણ દુઃખ મળે છે અને એનાથી દુઃખની પરંપરાનું સર્જન થાય છે. સાચું સુખ આપવાની તાકાત તો એકમાત્ર ધર્મમાં જ છે. માટે અર્થકામના અર્થાત્ કે સુખના અભિલાષીએ.....××× અહીં અર્થકામનો તો તમે સુખ તરીકે નિષેધ કર્યો છે, એટલે સુખ તરીકે સાચું સુખ–મોક્ષ જ બાકી રહે છે. તેથી 'અર્થ કામના અભિલાષી'નો અર્થ 'સાચા સુખના અભિલાષી' એવું જણાવવા દ્વારા 'મોક્ષના અભિલાષી' એવો અર્થ ઉપસ્થિત કરવાનો તમારો પ્રયાસ છે એ સ્પષ્ટ છે. એટલે જેમ તમે 'અર્થકામ' શબ્દનો અર્થ 'મોક્ષ' કાઢી શકો છો, એમ અન્ય

વ્યક્તિ 'મોક્ષ' એટલે મુક્તિ.... એટલે કે છુટકારો... દારિદ્રયમાંથી કે જેલમાંથી છુટકારો... વગેરે આડીઅવળી દલીલો કરી 'મોક્ષ' શબ્દનો અર્થ **'અર્થકામ' પણ કરી શકે** છે અને તેથી તમે જણાવેલો ઊંડો વિમર્શ અવિચારિત રમણીય છે, અર્થાત્ એ ઊંડા વિમર્શ પર ઊંડો વિમર્શ ન કરીએ, ત્યાં સુધી જ એ સુંદર લાગે એવો છે. ઊંડો વિચાર કરવાથી તો એ સાવ બોદો જ લાગે છે.

એટલે, ધર્મનો રસ વગેરે વધારી પરંપરાએ મોક્ષ સુધી પહોંચાડવાની ઈચ્છાથી અપાતો 'अर्थकामाभि०'... ઈત્યાદિ શાસ્ત્રસિદ્ધ ઉપદેશ, એ મોક્ષ-માર્ગના ઉપદેશરૂપ જ હોવાથી હિતોપદેશરૂપ જ છે.

**પ્રશ્ન :** પણ, આ રીતે અર્થકામની ઈચ્છાથી ધર્મ કરનારો જીવ, એ ધર્મના ફળરૂપે અર્થકામને ઈચ્છી રહ્યો છે એ સ્પષ્ટ છે. અને તેથી એ નિયાણું બનવાથી અકર્તવ્ય હોવાનું સ્પષ્ટ જ છે ને ? શું મહાત્માઓ અકર્તવ્યનો ઉપદેશ આપે ખરા ?

**ઉત્તર :** ચૈત્યવંદન મહાભાષ્યમાં કહ્યું છે કે –

**जो पुण सुकयसुधम्मो, पच्छा मग्गइ भवे भवे भोत्तुं ।**
**सद्दाइकामभोगे भोगनियाणं इमं भणियं ॥८५१॥**

**અર્થ :** સારી રીતે સુધર્મ કર્યા પછી ભવોભવમાં ભોગવવા માટે શબ્દાદિ કામભોગો જે મંગાય છે તે ભોગનિયાણું જાણવું.

અન્યત્ર પણ કહ્યું છે કે 'જે અજ્ઞ જીવ વિશુદ્ધ ચારિત્ર પાળીને ભોગનું નિયાણું કરે છે, તે મૂઢ જીવ ફળ આપવામાં કુશળ એવા કલ્પવૃક્ષને વધારીને ભસ્મસાત્ કરી નાંખે છે.'

**શ્રીશ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની અર્થદીપિકા** ટીકામાં **શ્રી રત્નશેખરસૂરિ** મહારાજે સાક્ષીશ્લોક ટાંક્યો છે કે –

**सुबहुंपि तवं चिन्नं सुदीहमवि पालिअं सुसामण्णं ।**
**तो काऊण निआणं मुहाइ हारिंति अत्ताणं ॥१॥**

**અર્થ :** ઘણો એવો તપ કર્યો છે, સુદીર્ઘકાળ સુધી સુંદર રીતે સાધુ-પણું પણ પાળ્યું છે, (પણ) પછીથી નિયાણું કરીને (જીવો) આત્માને હારી જાય છે.

નિયાણા અંગેનાં આ બધાં શાસ્ત્રવચનોનો વિચાર કરીએ તો જણાય છે કે પહેલાં વિશુદ્ધ ધર્મ કર્યો હોય અને પછી એના બદલામાં કામભોગો વગેરેની પ્રબળ ઇચ્છા કરી હોય, તો 'નિયાણું' થાય છે. આમાં વિશુદ્ધ ધર્મ કરતાં પૂર્વે કે કરતી વખતે એવી ઇચ્છા નહોતી; એટલે કે પહેલાં તો નિરાશંસભાવનો ધર્મ કર્યો હોય છે, પણ પછીથી એવી ઇચ્છા ઊભી કરવામાં આવી છે એ જાણી શકાય છે.

જ્યારે 'अर्थकामाभि०' ઇત્યાદિ જે ઉપદેશ અપાય છે, એમાં તો જણાય છે કે જેને અર્થ-કામની ઇચ્છા પહેલાં ઊભી થઇ ગયેલી જ છે, તેને પણ ધર્મ જ કરાવવાની વાત છે. એટલે કે અહીં, પહેલાં આશંસા વગરનો ધર્મ અને પછી આશંસા એવું નથી; માટે નિયાણારૂપ નથી, દોષરૂપ નથી.

**પ્રશ્ન :** ધર્મ કર્યા પૂર્વે ઇચ્છા થયેલી હોય કે પછી ઇચ્છા ઊભી થાય, એમાં એવો તે શો ફેર છે કે પૂર્વે ઇચ્છા થયેલી હોય તો નિયાણાનો દોષ નહીં અને પછી ઇચ્છા થાય તો એમાં દોષ લાગે ?

**ઉત્તર : સિદ્ધાન્ત-મુક્તાવલિ-દિનકરી**માં સમાસ-પુનરાત્તત્વ નામના કાવ્યદોષ અંગે કહ્યું છે કે 'ઉત્થિત આકાંક્ષા હોય (આકાંક્ષા પહેલેથી ઊભેલી હોય) તો વિશેષ્યપદનું પુનરનુસંધાન એ કાવ્યના દોષરૂપ નથી અને ઉત્થાપ્ય આકાંક્ષા હોય (એટલે કે નવી આકાંક્ષા ઊભી કરવી પડતી હોય) તો એ દોષરૂપ છે.' આવું જ સમાધાન પ્રસ્તુતમાં પણ સમજી શકાય છે.

શાસ્ત્રોમાં નિયાણા તરીકેનાં ત્રિપૃષ્ઠવાસુદેવ, બ્રહ્મદત્ત ચક્રી વગેરે જે કોઇ દૃષ્ટાંતો આવે છે, તે બધાંમાં પણ આ જ જોવા મળે છે કે પહેલાં નિરાશંસ-ભાવનો ધર્મ આદર્યો હતો ને પછી ભૌતિક પ્રબળ ઇચ્છા જાગી હતી. એમ, શાસ્ત્રોમાં આ પણ જોવા મળે છે કે જ્યારે એવી ભૌતિક આવશ્યકતા કે ઇચ્છા ઊભી થઇ જ ગયેલી હોય, ત્યારે સારી ધર્મપરિણતિવાળા **શ્રીપાળકુંવર, શ્રી કૃષ્ણ** વગેરેએ એની પૂર્તિ માટે ધર્મ કર્યો છે અને છતાં ક્યાંય 'નિયાણું કર્યું' એવો ઉલ્લેખ નથી. આ સમીક્ષામાં, **શ્રી અજિતપ્રભસૂરિ**-વિરચિત **શ્રી શાન્તિનાથચરિત્ર**નો જે અધિકાર અન્યત્ર આપેલો છે, દેવ-ગુરુની પૂજા કરવામાં આનંદ માનનારા; સત્ય, શીલ, દયાથી યુક્ત ધર્માર્થી **શ્રેષ્ઠી ધન-દત્ત**ને એની **'સત્યભામા'** નામની પત્નીએ પુત્રપ્રાપ્તિ માટે ધર્મ કરવાનું જે

કહ્યું છે તે સાંભળીને પણ આ ધર્માર્થી શ્રેષ્ઠીએ એમ નથી કહ્યું કે 'એ'ય, આ તો નિયાણું કહેવાય, નિયાણું ન કરાય...' ઈત્યાદિ. પણ ઉપરથી 'તેં બહુ સુંદર વાત કહી' એમ કહીને એની ઉપબૃંહણા જ કરી છે. વળી, નોંધનીય વાત એ છે કે ધનદત્ત શ્રેષ્ઠી માટે વપરાયેલાં 'સત્યશીલદયાન્વિત', 'ગુરુદેવાર્ચનપ્રીત', 'ધર્માર્થી...' આદિ વિશેષણો સૂચિત કરે છે કે એના જીવનમાં ધર્મઆરાધના હતી જ, પણ એની પત્નીએ એ ધર્મના બદલામાં પુત્ર માગવાનું નથી કહ્યું. કિન્તુ પુત્રસુખેચ્છાને સફળ કરવા બીજો વિશેષ ધર્મ કરવા કહ્યું છે; જેનો ધર્મી શ્રેષ્ઠીએ સ્વીકાર કર્યો છે. જો વધારાનો વિશેષ ધર્મ કરવાનું કહેવું ન હોત, તો દેવ-ગુરુની યથોચિત ભક્તિ કરો, સુપાત્રદાન દો, પુસ્તક લખાવો...' ઈત્યાદિ એ કહેત નહીં; કારણ કે (સામાન્યથી) ધર્મ તો એના જીવનમાં હતો જ.

વિશાળ **શ્રુતસાગરમાં મળતાં અઢળક દૃષ્ટાન્તો**માં ક્યાંય એવું જોવા મળતું નથી કે આ રીતે ઊભી થયેલી ઈચ્છાની પૂર્તિ માટે ધર્મ કરવાનો પ્રસ્તાવ આવ્યો હોય, ત્યારે ધર્મપરિણત શ્રાવક કે ઉપસ્થિત ગીતાર્થ મહાત્મા વગેરેએ 'આ તો નિયાણું કહેવાય, એ અકર્તવ્ય છે' એમ વિચારીને કે જણાવીને ધર્મ કરવાનું-કરાવવાનું માંડી વાળ્યું હોય !

એટલે નક્કી થયું કે ઉત્થિત ઈચ્છાની પૂર્તિ માટેનું ધર્માનુષ્ઠાન એ નિયાણારૂપ નથી. અને તેથી '**अर्थकामाभि०** ઈત્યાદિ ઉપદેશ નિયાણાના ઉપદેશ-સ્વરૂપ હોઈ અહિતોપદેશ છે' એવું નથી.

**પ્રશ્ન :** જ્યાં ઉત્થાપ્ય ઈચ્છા હોય ત્યાં નિયાણું લાગે, એ તો હવે સમજાય છે; તો પછી '**શ્રીજયવીયરાયસૂત્ર**'માં '**इट्ठफलसिद्धि**' પદથી જે ઈહલૌકિકી ભૌતિક ચીજની માગણી છે એમાં આ દોષ લાગશે ને ? કારણ કે એમાં તો પ્રથમ પરમાત્મભક્તિ કરી લીધા પછી, એના બદલામાં આ માગણી છે....

**ઉત્તર :** આનું (એક) સમાધાન એ છે કે ભગવાનની જે દ્રવ્ય-ભાવપૂજા કરી છે, એના બદલામાં આ માંગવામાં નથી આવી રહ્યું; કિન્તુ '**होउ ममं तुह पभावओ भयवं...**' - 'હે પ્રભો ! તારા પ્રભાવથી મને આ આ ચીજ હો' એમ પ્રાર્થના કરાઈ રહી છે.

છતાં જો પ્રભુભક્તિના બદલામાં જ આ માગણીઓ થઈ રહી છે, એમ જ માનવું હોય તો (બીજું) સમાધાન એ છે કે પ્રભુભક્તિ કર્યા બાદ આ ચીજની

નવી ઇચ્છા ઊભી કરાઈ રહી નથી, કિન્તુ ચૈત્યવન્દન કરવા પૂર્વે જ ઇહલૌકિક આ ચીજની પહેલેથી આવશ્યકતા – ઇચ્છા ઊભી થયેલી છે, જેના કારણે ચિત્તૌત્સુક્ય એમાં રહ્યા કરવાથી ચિત્તસ્વાસ્થ્ય બન્યું રહેતું નથી. વળી, આ એવી ઇહલૌકિક ચીજ છે, જેની પ્રાપ્તિ થવાથી ચિત્ત સ્વસ્થ બને છે. ચિત્ત સ્વસ્થ બનતાં જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ મોક્ષસાધનોની આરાધના વધુ સારી રીતે થાય છે; માટે એ નિયાણારૂપ નથી. કારણ કે નિયાણાથી મળેલી સામગ્રી તો સામાન્યથી, દુર્ગતિગમનહેતુ બને છે. **સંવેગરંગશાળા**માં કહ્યું છે :

**मुहमुहुरमंतविरसं भोत्तुं च सुहं नियाणवसलद्धं।**
**नरयावडम्मि निवडइ बहुदुक्खे बम्भदत्तोव्व ॥ ९१४२॥**

**અર્થ :** નિયાણું કરીને મેળવેલું સુખ કે જે પ્રારંભે મધુર અને અંતે વિરસ હોય છે, તેને ભોગવીને 'બ્રહ્મદત્તની જેમ' જીવ બહુ દુ:ખમય નરકરૂપી ખાડામાં પડે છે (અહીં નિયાણા તરીકે જે નિષેધ કરવો છે તે અપ્રશસ્ત નિયાણારૂપે. બાકી શ્રીજયવીયરાયસૂત્રમાં આવતી માગણીઓને પ્રશસ્ત નિયાણારૂપ માનવું હોય તોપણ પ્રસ્તુતમાં કોઈ વાંધો નથી; કેમકે એ તો માત્ર નિરભિષ્વંગ સાધુઓને જ નિષિદ્ધ છે, સરાગી જીવોને નહીં. સંવેગરંગશાળામાં કહ્યું છે કે-

**पुरिसत्ताइनियाणं पसत्थमवि जं निवारियं एत्थ।**
**तं निरभिसंगमुणिणो पडुच्च नेयं न उण इयरे ॥९१३८॥**
**दुक्खक्खय-कम्मक्खय समाहिमरणं च बोहिलाभो य।**
**एमाइपत्थणं वि हु साभिस्संगाण संभवइ ॥९१३९॥**

**અર્થ :** પુરુષપણું વગેરેનું નિયાણું પ્રશસ્ત હોવા છતાં અહીં (આ અધિકારમાં) જે નિષેધ્યું છે, તે નિરભિષ્વંગ મુનિઓની અપેક્ષાએ જાણવું, બીજાઓની અપેક્ષાએ નહીં. દુ:ખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધિલાભ... આવી બધી (પ્રશસ્ત) પ્રાર્થનાઓ પણ સરાગીઓને જ સંભવે છે (નિરભિષ્વંગ જીવોને નહીં). (**લલિતવિસ્તરાલોગસ્સસૂત્રવૃત્તિ**માં આરોગ્ય-બોધિલાભની પ્રાર્થનાને અનિયાણારૂપે જ કહી છે) ॥૯૧૩૮- ૩૯॥

**શંકા :** 'ઇષ્ટફળસિદ્ધિ' પદથી માગેલી ચીજથી તો પરિણામે ધર્મ-આરાધના સુદૃઢ થાય છે, માટે એ નિયાણારૂપ નથી એ તો બરાબર છે, પણ આનાથી એ પણ સૂચિત થાય છે ને કે હકીકતમાં આ માગણી મોક્ષના

સાધનની જ થઈ. એટલે સિદ્ધ થાય છે કે 'ઈષ્ટ ફળસિદ્ધિ'માં ઈષ્ટ ફળ તરીકે મોક્ષ કે મોક્ષની સામગ્રી જ માગી શકાય.

**સમાધાન :** અહીં વસ્તુસ્થિતિ બરાબર સમજવા જેવી છે. એક વ્યક્તિને નોકરી-વેપાર કાંઈ છે નહીં ને એના કારણે એનું ચિત્ત સંતપ્ત રહે છે. જો એને આજીવિકા મળી જાય તો ચિત્ત સ્વસ્થ થાય. એ પ્રભુ પાસે ઈષ્ટ ફળસિદ્ધિ તરીકે આ પ્રાર્થના કરે છે, 'હે પ્રભો ! મને તારા પ્રભાવે આજીવિકા (ધારો કે મહિને ૨૦૦૦ રૂા.) સ્વરૂપ ઈહલૌકિક ચીજ પ્રાપ્ત હો.' પ્રભુના પ્રભાવે એને આજીવિકા મળી જાય છે. ચિત્ત સ્વસ્થ થાય છે. તેથી પછી એ વધુ સારી રીતે પ્રભુભક્તિ વગેરે કરે છે. જેમાં શ્રીજયવીયરાયસૂત્રની વિવેચના હોય એવા ઢગલાબંધ ગ્રન્થોમાં આ પ્રમાણે જણાવ્યું છે કે 'ઈષ્ટ ફળસિદ્ધિ એટલે ઈહલૌકિક અર્થની પ્રાપ્તિ. આ પ્રાપ્તિ થવાથી ચિત્ત સ્વસ્થ થાય છે અને તેથી પછી ધર્મની પ્રવૃત્તિ થાય છે.'

જુઓ : **(૧) લલિતવિસ્તરા તથા એના પર પંજિકા -**

(१) **'इष्टफलसिद्धिः'** = अविरोधि-फलनिष्पत्तिः, अतो हीच्छाविघाताभावेन सौमनस्यं, ततो उपादेयादरः । न त्वयमन्यत्राऽनिवृत्तौत्सुक्यस्येत्यमपि विद्वज्जनप्रवादः ।

(२) **पंजिका** - अतो हीत्यादि, अतः = इष्टफलसिद्धेः, हिः = यस्मात्, इच्छा विघाताभावेन=अभिलाषभंगनिवृत्त्या किमित्याह- **सौमनस्यं** = चितप्रसादः, ततः = सौमनस्याद्, उपादेयादरः = उपादेये देवपूजनादौ आदरः = प्रयत्नः, अन्यथापि कस्यचिदयं स्यादित्याशंकया 'न तु' = न पुनः अयं = उपादेयादरः अन्यत्र = जीवनोपायादौ, अनिवृत्तौत्सुक्यस्य = अव्यावृत्ताकांक्षातिरेकस्येति तदौत्सुक्येन चेतसो विह्वलीकृतत्वात् ॥

(३) **योगशास्त्र** - ३/१२४ - तथा, इष्टफलसिद्धिः = अभिमतार्थनिष्पत्ति-रिहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, तस्माच्चोपादेयप्रवृत्तिः ।

(४) **संघाचारवृत्ति** - तथा, इष्टफलसिद्धिः = अभिमतार्थनिष्पत्तिः लौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, तस्माच्चोपादेयप्रवृत्तिः ।

(५) **पंचाशक टीका (४-३३)** - इष्टफलसिद्धिः = अभिमतार्थनिष्पत्तिः ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, ततश्च धर्मे प्रवृत्तिः स्यादिति ।

(૬) **श्राद्धदिनकृत्य (भाग १)** - इष्टफलसिद्धिः = ऐहिकार्थनिष्पत्तिः ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति।

(૭) **धर्मसंग्रह** - तथा इष्टफलसिद्धिरभिमतार्थनिष्पत्तिरैहलौकिकी, ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, तस्माच्चोपादेयप्रवृत्तिः।

(૮) **वृन्दारुवृत्ति** - इष्टफलसिद्धिः = ऐहिकार्थनिष्पतिः ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति।

(९) **प्रश्नचिन्तामणि : प्रश्न** - जयवीयरायमध्ये 'इष्टफलसिद्धि' इति वाक्येन किं मुक्तिफलं मार्गितं वाऽन्यदिति ?

**उत्तर** - वृन्दारुवृत्याद्यनुसारेण ज्ञायते धर्मानुष्ठानाचरणनिर्विघ्नहेतुभूतमिहलोक-निर्वाहकरं द्रव्यादिसुखं मार्गितमिति ॥

આમાં પણ છેલ્લે **પ્રશ્નચિન્તામણિ**ના જે પ્રશ્નોત્તર છે, એનો આવો અર્થ સ્પષ્ટ છે કે – **પ્રશ્ન :** જયવીયરાયસૂત્રમાં 'ઇષ્ટ ફળસિદ્ધિ' એ વાક્યથી શું મોક્ષફળની માગણી કરી છે કે બીજી કોઈ વસ્તુની ?

**ઉત્તર :** વૃન્દારુવૃત્તિ વગેરેને અનુસરીને જણાય છે કે ધર્માનુષ્ઠાનોનું આચરણ નિર્વિઘ્નપણે થઈ શકે, એમાં કારણભૂત આલોકમાં નિર્વાહ કરી આપે એવું દ્રવ્યાદિસુખ માગ્યું છે.'

આ ઉત્તર બરાબર પણ છે, કારણ કે મોક્ષનાં સાધનભૂત જે સમ્યગ્ દર્શન વગેરેની આરાધના છે, એ ત્રીજું પગથિયું છે, એવું ઉપરોક્ત ગ્રન્થ-સન્દર્ભોથી સ્પષ્ટ છે; જ્યારે જે ઇષ્ટ ફળ તરીકે ઇહલૌકિક ચીજની માગણી છે એ પ્રથમ પગથિયું છે (ચિત્તસ્વસ્થતા એ બીજું પગથિયું છે); એટલે 'ઇષ્ટ ફળ' તરીકે મોક્ષનું સાધન ક્યાં રહ્યું ?

**પ્રશ્ન :** તમારી વાત તો બરાબર છે. તેમ છતાં, આ આજીવિકા વગેરે ઇષ્ટ ચીજો છેવટે મોક્ષમાર્ગની સાધના માટે જ માગવામાં આવી રહી છે અને તેના દ્વારા ચિત્તસ્વસ્થતા મેળવી સુંદર આરાધના થાય જ છે. એટલે એ પણ હકીકતમાં તો મોક્ષની સામગ્રી જ થઈ ને ? અને તેથી અમે જે કહીએ છીએ કે 'ભગવાન પાસે ઇષ્ટ ફળ તરીકે મોક્ષ કે મોક્ષની સામગ્રી જ માગી શકાય' એમાં શું ખોટું છે ?

**ઉત્તર :** મહાત્મન્ ! પ્રથમ વાત એ છે કે 'ભગવાન્ પાસે મોક્ષ કે મોક્ષની સામગ્રી જ માગી શકાય' એવું પ્રતિપાદન કરવા પાછળ 'ભગવાન પાસે ઈહલૌકિક ધન વગેરે ચીજ તો માગી શકાય જ નહીં' એવું પ્રતિપાદન કરવાનો આશય જે ભળેલો હતો, તે તો ખોટો જ ઠરે છે ને ! (જો આવો આશય ભળેલો ન હોત, તો તો આ ચર્ચા જ ઊપડત નહીં.) બીજી વાત એ છે કે મોક્ષનું સાધન તો સમ્યગ્ દર્શન વગેરે છે, જે પ્રસ્તુતમાં રહેલા 'ઈષ્ટ ફળ' શબ્દના અર્થરૂપ નથી, એ ઉપર સ્પષ્ટ થયેલું છે. 'ધન વગેરેની માગણી પણ છેવટે ધર્મ-આરાધના માટે હોવાથી એ ધન વગેરેને પણ **મોક્ષની સામગ્રી** જ કહેવાય.' એવી દલીલ યોગ્ય નથી; કારણ કે જો ધન વગેરેનો પણ મોક્ષની સામગ્રી તરીકે ઉલ્લેખ થવા માંડશે, તો પછી સંસારની સામગ્રી કોઈ રહેશે જ નહીં... કો'ક ઝેરને રસાયન બનાવીને સેવન કરવા દ્વારા સ્વાસ્થ્ય મેળવીને જીવન પામી જાય, એટલા માત્રથી ઝેરની જીવવાના સાધન તરીકે જાહેરાત કરી શકાય ?

તેમ છતાં, ચિત્તસ્વાસ્થ્ય વગેરેની પરંપરા દ્વારા મોક્ષપ્રાપ્તિનું કારણ બનતાં હોવાથી, આ ધન વગેરે ઈષ્ટ ફળની 'મોક્ષાંગ' તરીકે વિવક્ષા કરવી જ હોય, તોપણ આટલો ખુલાસો અવશ્ય કરવો જોઈએ કે ઈષ્ટ ફળ તરીકે આ જે 'મોક્ષાંગ' કહેવાય છે તે ધન વગેરે સ્વરૂપ ઇહલૌકિક ચીજ જાણવી. કારણ કે, સામાન્યથી ધન વગેરેની સંસારના કારણ તરીકે જ ઉપસ્થિતિ થતી હોવાથી સહજ રીતે 'મોક્ષાંગ' તરીકે ઉપસ્થિતિ થઈ શકતી નથી. અસ્તુ.

હવે પ્રસ્તુતમાં આવીએ... 'અર્થકામના અભિલાષીએ પણ ધર્મ જ કરવો જોઈએ' એવા શાસ્ત્રકારપ્રદત્ત ઉપદેશને સાંભળી કોઈ અર્થકામનો ઈચ્છુક જીવ ધર્મ-આરાધના કરે, તો એ નિયાણારૂપ નથી એ સિદ્ધ થયું.

**પ્રશ્ન :** ઈહલૌકિક લબ્ધિ વગેરેની આશંસાથી થતા અનુષ્ઠાનને યોગબિન્દુ વગેરેમાં વિષાનુષ્ઠાનરૂપે જણાવેલ છે. તેથી, આ અર્થ-કામની ઈચ્છાથી થતું ધર્માનુષ્ઠાન શું વિષાનુષ્ઠાનરૂપ નહીં બને ? અને તેથી શું એ અકર્તવ્ય નથી ?

**ઉત્તર :** કોઈ પણ ધર્માનુષ્ઠાન સ્વરૂપે 'વિષ' નથી. જ્યાં લબ્ધિ વગેરેની અપેક્ષાના કારણે એ વિષાનુષ્ઠાન બને છે, ત્યાં પણ એ મહત્ત્વનું છે કે એવી અપેક્ષા હોવામાત્રથી એ 'વિષ' બની જતું નથી; કારણ કે જો એ અપેક્ષા બાહ્ય કક્ષાની હોય અને મુક્તિ-અદ્વેષ અથવા મુક્તિ-રાગ રહેલો હોય, તો એ

અનુષ્ઠાન તદ્ધેતુઅનુષ્ઠાન બને છે, એમ 'યોગબિન્દુ' વગેરેમાં જ કહેલું છે. વળી, વિષાનુષ્ઠાનની જે વ્યાખ્યા આપી છે એમાં પણ જણાવ્યું છે કે -

विषं लब्ध्याद्यपेक्षातः, इदं सच्चित्तमारणात्।
महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापादनात्तथा ॥१५६॥

लब्ध्यादेः = लब्धिकीर्त्यादिः अपेक्षातः = स्पृहातः, इदं = अनुष्ठानं विषं, सच्चित्तमारणात् = परिशुद्धान्तःकरणपरिणामविनाशनात्, तथा महतोऽनुष्ठानस्य अल्पार्थनात् = तुच्छलब्ध्यादिप्रार्थनेन लघुत्वस्यापादनादिदं विषं ज्ञेयम् ॥

**અર્થ :** લબ્ધિ, કીર્તિ વગેરેની સ્પૃહાથી આ અનુષ્ઠાન વિષરૂપ બને છે; કારણ કે સચ્ચિત્ત =અંતઃકરણના પરિશુદ્ધ પરિણામનો નાશ થાય છે. તેમજ મોટા અનુષ્ઠાનની, અલ્પ ચીજની પ્રાર્થના દ્વારા લઘુતા થાય છે, માટે આ વિષાનુષ્ઠાન જાણવું.

આ વ્યાખ્યા પરથી પણ જાણી શકાય છે કે અપેક્ષા હોવામાત્રથી અનુષ્ઠાન 'વિષ' બનતું નથી, પણ જો સચ્ચિત્તનું મારણ વગેરે થતું હોય, તો એ વિષાનુષ્ઠાન બને છે.

હવે પ્રસ્તુતમાં વિચારીએ... જેને પૈસાની કે પુત્ર વગેરેની કંઈક આવશ્યકતા ઊભી થઈ છે, એ વિચાર કરે છે કે મારે બીજો વિચાર શું કામ કરવો જોઈએ કે બીજાં ફાંફાં શા માટે મારવાં જોઈએ ? મારે તો મારા અરિહંત પરમાત્મા જ પ્રમાણ છે. હું તો એમની જ ભક્તિ કરીશ. એમની ભક્તિના પ્રભાવે મારી બધી જ ઇચ્છાઓ સફળ થવાની છે.... ઇત્યાદિ. આ વિચારધારા એ સચ્ચિત્તનું મારણ નથી, પણ ઉપરથી 'ચિત્તશુદ્ધિ'રૂપ છે. શ્રીપાળ કુંવરે ગુણસુંદરી નામની કન્યા અંગે જે વિચાર્યું હતું કે 'આ કુતૂહલને હું શી રીતે જોઈ શકીશ ? અથવા તો આ બાબતમાં શ્રીઅરિહંત આદિ નવપદોનું ધ્યાન જ પ્રમાણ છે, બીજા (ઉપાયોના) વિચારથી સર્યું.' [આ પ્રમાણે વિચારીને મનમાં સારી રીતે નવપદનું ધ્યાન ધર્યું. **સિરિ-સિરિવાલ-કહા** તથા **શ્રીપાળ રાજાના રાસ**નો આ અંગેનો પાઠ અન્યત્ર આપેલો છે.] તેઓની આ વિચાર શું સચ્ચિત્તના મારણરૂપ હતો ? ને તેઓએ ધરેલું નવપદધ્યાન શું વિષાનુષ્ઠાન થયેલું ?

મહાત્મન્ ! **'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી નવિ થાય રે;**
**એહવું જે મુખે ભાખવું તેને વચનશુદ્ધિ કહેવાય રે...'**

**સમ્યક્ત્વની ૬૭ બોલની સજ્ઝાયમાં**, 'મારા પરમાત્માની ભક્તિથી જે ન થાય, એ બીજા કશાથી ન થાય.' એવું વચન કહેવાને **વચનશુદ્ધિ** કહી છે, તો 'બીજા-ત્રીજા ઉપાયથી શું મારી ઇષ્ટસિદ્ધિ થવાની ? મારા ભગવાનની ભક્તિથી જ મારી ઇષ્ટસિષ્ટિ થશે.' ઇત્યાદિ વિચારીને કોઈ પ્રભુભક્તિમાં પ્રવૃત્ત થાય, તો એની આ શ્રદ્ધાગર્ભિત વિચારધારાને ચિત્તની અશુદ્ધિ કે સચ્ચિત્તનું મારણ શી રીતે કહી શકાય ?

વળી, આ રીતે આવશ્યક ધન વગેરે માટે બીજાત્રીજા ઉપાયો અજમાવવાને બદલે ધર્મને જ ઉપાય તરીકે અજમાવવામાં ધર્મની લઘુતા પણ થતી નથી. 'બીજી-ત્રીજી ચીજ શું મારી ઇષ્ટસિદ્ધિ કરી આપે ? મારો ધર્મ જ મારી ઇષ્ટસિદ્ધિ કરી આપશે.' આવી પ્રબળ શ્રદ્ધા તો બીજા-ત્રીજા ઉપાયો કરતાં ધર્મનું વધુ ઊંચું મૂલ્યાંકન કરાવી એની મહત્તા સ્થાપે છે; એટલે ધર્મની લઘુતા થવાનો તો પ્રશ્ન જ ક્યાં રહે ?

**પ્રશ્ન :** બીજા-ત્રીજા ઉપાયની અપેક્ષાએ એ ધર્માનુષ્ઠાનની ભલે મહત્તા કહેવાય, પણ મોક્ષ અપાવવાની તાકાતવાળા ધર્માનુષ્ઠાનને ધન વગેરે ઇષ્ટ ચીજના સાધન તરીકે લેખવવું, એ અપેક્ષાએ તો ધર્માનુષ્ઠાનની લઘુતા થઈ જ ને ?

**ઉત્તર :** સ્વઇષ્ટના સાધન તરીકે ધર્માનુષ્ઠાન લેખાય છે, એનો અર્થ એવો નથી થઈ જતો કે એમાં મોક્ષ-સાધનતાનો ઇનકાર જ થઈ રહ્યો છે. મોક્ષની સાધનતા તો એમાં રહેલી જ છે. ધન વગેરેના સાધન તરીકે લેખવવા માત્રથી મોક્ષ-સાધનતા નકારાઈ જતી હોય અને અનુષ્ઠાનની લઘુતા થઈ જતી હોય, તો તો **શ્રી શ્રાદ્ધ-પ્રતિક્રમણ સૂત્રની અર્થદીપિકા-વૃત્તિમાંની ગુણાકરની કથામાં**, ગુણાકર વડે અઢળક સંપત્તિની પ્રાપ્તિનો ઉપાય પુછાયેલા ગુરુ ભગવંતે જે કહ્યું છે કે :

**धर्मो धनादेर्व्यभिचारवन्ध्यो बीजं फलस्येव हि मुख्य हेतुः ।**
**उपक्रमाद्याः सहकारिणोऽम्भःसेकादिवत्ते व्यभिचारिणोऽपि ॥४६॥**

**અર્થ :** ધર્મ, ધન વગેરેનું અમોઘ કારણ છે, જેમ કે બીજ ફળનું મુખ્ય કારણ છે. સાહસ-વ્યાપાર વગેરે તો ધનપ્રાપ્તિનાં સહકારી કારણો છે, જેમ કે ફળપ્રાપ્તિનાં જળસિંચન વગેરે સહકારી કારણો. તે સહકારી કારણો વ્યભિચારી પણ હોય છે.

તમારાં કહ્યા મુજબ તો અહીં પણ ગુરુભગવંતે આ કથનથી ધર્મની લઘુતા કરી કહેવાશે.... પણ વાસ્તવમાં લઘુતા કરી કહેવાતી નથી, ઉપરથી ગુરુભગવંત ધર્મનો મહિમા ગાઈ રહ્યા છે, એની મહત્તા કરી રહ્યા છે – એમ જ કહેવાય છે.

માટે બાધ્ય કક્ષાની ઈચ્છાવાળો અર્થ-કામનો ઈચ્છુક ધર્મ કરે, તો એમાં સચ્ચિત્તનું મારણ કે ધર્માનુષ્ઠાનની લઘુતા થતી નથી કે એ વિષાનુષ્ઠાન બનતું નથી, એ સ્વીકારવું જોઈએ.

આ જ કારણ છે કે શાસ્ત્રોમાં જ્યાં જ્યાં તેવો પ્રસંગ ઊભો થયો છે, ત્યાં ત્યાં સર્વત્ર ગીતાર્થ ગુરુભગવંતોએ અર્થકામના ઈચ્છુકને એના ઉપાય તરીકે ધર્મ જ કરવાનું કહ્યું છે. શાસ્ત્રોમાં આવતાં ઢગલાબંધ દૃષ્ટાન્તોમાંથી એક પણ દૃષ્ટાન્ત એવું નહીં મળે કે જેમાં ગીતાર્થ ભગવંતે, 'તને અર્થકામની ઈચ્છા છે? તો તારે ધર્મ તો કરાય જ નહીં !' એમ ઈન્કાર કર્યો હોય.

શાસ્ત્રાન્તર્ગત ઢગલાબંધ દૃષ્ટાંતો જ્યારે એકસરખી રીતે આ માર્ગ-દર્શન આપે છે, ત્યારે 'મોક્ષની ઈચ્છા વગર થયેલો ધર્મ ભૂંડામાં ભૂંડો છે', 'અર્થ-કામની ઈચ્છાથી થતો ધર્મ સંસારમાં રિબાવી-રિબાવીને મારનારો છે', 'મોક્ષના આશય વગર ધર્મ કરનારો મહાભૂંડો છે', 'એને દેરાસરમાં પગ મૂકવાનો અધિકાર નથી', 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ થાય તેવો ઉપદેશ આપનારા બેવકૂફ છે...' ઈત્યાદિ અમર્યાદ પ્રરૂપણાઓ સૂત્રાનુસારી છે કે ઉત્સૂત્રરૂપ છે, એ મહાત્મન્ ! સ્વયં વિચારશો તથા બેધડક આવું પ્રતિપાદન કર્યા કરનારાઓ ભવોભવ સદ્ગતિ પામશે કે દુર્ગતિ, એનો પણ વિચાર કરી લેવો આત્મહિતેચ્છુ માટે અતિ આવશ્યક છે.

મહાત્મન્ ! અહીં સપ્રસંગ એક બીજી વાત પણ જણાવી દઉં.

**'બનાવટી ધર્મ'** એવા શીર્ષક હેઠળના પૂર્વે થયેલા લખાણનો જે અંશ તમે તત્ત્વાવલોકનમાં આપેલો છે, એ આજે પણ એટલો જ માન્ય છે. આ સમીક્ષામાં, અન્યત્ર જણાવેલું છે એમ ધર્મમાં સ્થિર થઈ ગયેલા જીવોને જ્યારે આશયશુદ્ધિ વગેરે કરવા આગળ વધારવાની ભાવનાથી પ્રરૂપણા થઈ રહી હોય, ત્યારે 'ધર્મ તો કેવળ આત્મશુદ્ધિ અર્થે જ કરવાનો છે' ઈત્યાદિ 'જ'કાર સહિતની પ્રરૂપણા કરવામાં કાંઈ જ શાસ્ત્રવિરુદ્ધ નથી. શાસ્ત્રોમાં પણ, 'ધર્મ

મોક્ષ માટે જ કરવો જોઈએ', 'મોક્ષના આશય વિનાના ધર્મની કોઈ કિંમત નથી', 'એ આત્મહિત કરી શકતો નથી'... ઈત્યાદિ જણાવનાર જે વચનો મળે છે એ બધાં પણ આશયશુદ્ધિ પર ભાર મૂકવાના ઉદ્દેશ્યથી બોલાઈ રહ્યાં છે એમ માનવું જોઈએ.

હવે, 'બનાવટી ધર્મ' શીર્ષકવાળો જે લેખ છે એમાં, ધર્મ બે રીતે થાય છે : મોહના ઉદયથી અને મોહના ક્ષયોપશમથી - એમ જણાવીને જે ધર્મ મોહના ઉદયથી થઈ રહ્યો છે, એને 'બનાવટી ધર્મ' તરીકે જણાવેલ છે. હું હમણાં જ પૂર્વે બતાવી ગયો કે 'જેને અર્થ-કામની એવી આવશ્યકતા ઊભી થઈ છે એવો જીવ પ્રબળ શ્રદ્ધાપૂર્વક જે ધર્મ કરે છે, એ કાંઈ મોહના ઉદયથી થયો હોતો નથી, કિન્તુ મોહના ક્ષયોપશમથી થયો હોય છે. **'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી નવિ થાય રે...'** આવી પ્રબળ શ્રદ્ધા કે જેને સમ્યક્ત્વની શુદ્ધિ કહેવાય છે, એ મોહનીય કર્મનો ક્ષયોપશમ છે કે ઉદય એ શું જાણી શકાય એમ નથી ?

વળી, એ લેખમાં લખ્યું છે કે ××× આમાં કષાયની પ્રેરણાથી કરાતો ધર્મ એ બનાવટી છે. એમાં ધર્મના ઓઠા હેઠળ આત્માનો મોહ મસ્ત બને છે. એવો ધર્મ સેવવા છતાં આત્માને શાંતિ, ગુણસંપત્તિ કે ઉન્નતિ મળતી નથી. જ્યારે સાચા ભાવધર્મની સેવના આત્માને પરમ શાંતિ, સમાધિ અને ઉન્નતિ આપે છે. ×××

અભવ્ય જીવ કે અચરમાવર્તવર્તી જીવ જે ધર્માનુષ્ઠાનો કરે છે એ તો એનો ભવાભિષ્વંગ તીવ્ર હોવાના કારણે, એનું અમે પણ સમર્થન કરતા જ નથી. અને તેથી એ આપણી ચર્ચાનો વિષય જ નથી. ચરમાવર્તવર્તી ભવ્ય જીવ, મોક્ષ પ્રત્યેના કંઈક અનુરાગ અથવા અદ્વેષ સાથે બાહ્ય કક્ષાની ફળાપેક્ષાથી જે ધર્મ કરે છે, એ ધર્મનો 'અર્થકામની ઈચ્છાથી કરાયેલો ધર્મ ભૂંડો છે, સંસારવર્ધક છે, રિબાવી રિબાવીને મારનારો છે' ઈત્યાદિ પ્રચાર દ્વારા તમે નિષેધ કરો છો અને અમે સમર્થન કરીએ છીએ. માટે એ જ આપણી ચર્ચાનો વિષય છે.

હવે, આવો જે ધર્મ હોય છે, તે ભલે અર્થ-કામ માટે કરાયેલો હોય, છતાં એના દ્વારા આત્માનો મોહ મસ્ત બનતો નથી; કિન્તુ મોળો જ પડે છે. તેમજ

'એનાથી આત્માની ઉન્નતિ થતી નથી' એવું નથી; કિન્તુ આત્માની ઉન્નતિ થાય છે જ. એટલે જ પંચાશક વગેરે ગ્રન્થોમાં આવા સાભિષ્વંગ અનુષ્ઠાનને પણ 'તપધર્મ'રૂપે સ્વીકાર્યો છે, મોક્ષમાર્ગની પ્રાપ્તિના કારણ તરીકે જણાવ્યો છે અને તેથી ઉપચારથી મોક્ષમાર્ગરૂપ કહ્યો છે. એના અભ્યાસ દ્વારા જીવ કર્મનિર્જરાના ઉદ્દેશવાળું અનુષ્ઠાન -નિરભિષ્વંગ અનુષ્ઠાન કરતો થાય છે, એમ જણાવ્યું છે. તેમજ પ્રાર્થનાગર્ભિત એવા પણ આ વિષયશુદ્ધ અનુષ્ઠાનને, એ આરોગ્યબોધિલાભાદિ પ્રાર્થનાથી યુક્ત ચિત્તતુલ્ય હોવાના કારણે એકાન્તે યુક્ત = સંગત કહ્યું છે. યોગબિન્દુ વગેરેમાં એને તદ્ધેતુઅનુષ્ઠાન તરીકે ઉપાદેય કોટિમાં ગણાવ્યું છે. એટલે આ અનુષ્ઠાનથી મોહ મોળો પડી રહ્યો છે અને આત્માની ઉન્નતિ થઈ રહી છે, એ સ્પષ્ટ છે અને તેથી એ 'બનાવટી ધર્મ'રૂપ નથી એ સમજવું પણ સુગમ છે.

આવું અનુષ્ઠાન આરોગ્યબોધિલાભાદિ પ્રાર્થનાથી યુક્ત ચિત્તતુલ્ય હોય છે, ઈત્યાદિ વાત ૧૯ મા પંચાશકની ૪૩મી ગાથામાં કરવામાં આવી છે. આ ગાથા અને તેની વૃત્તિનો તમે જે અભૂતપૂર્વ (!) અર્થ તત્ત્વાવલોકન, પૃ. ૨૩૬ ઉપર કર્યો છે તે બદલ તમને ખૂબખૂબ ધન્યવાદ !!

જુઓ એ ગ્રન્થાધિકાર -

**एयं च विसयसुद्धं एगंतेणेव जं तओ जुत्तं। आरोग्गबोहिलाभाइपत्थणाचित्ततुल्लं ति ॥**

**वृत्ति** : एतच्च = एतत्पुनरनन्तरोक्तं तपः विषयशुद्धं = निर्दोषगोचरं, सकलदोषमोषिजिनपतिविषयत्वात्, एकान्तेनैव = सर्वथैव यद् = यस्मात् ततः = तस्माद्धेतोः युक्तं = संगतं **प्रार्थनागर्भमपीदं तपः कुतः** ? इत्याह - आरोग्यबोधिलाभादीनां = 'आरुग्ग-बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु' इत्येवंरूपा या प्रार्थना = याञ्चा तत्प्रधानं यच्चित्तं = मनस्तेन तुल्यं = समानं यत् तदारोग्यबोधिलाभादि**प्रार्थनाचित्ततुल्यमिति कृत्वा**। इति गाथार्थः ॥

(पंचाशक १९-४३)

આનો **તમે કરેલો અર્થ** : ××× મુગ્ધજીવો દ્વારા કરાતો ઉપરોક્ત તપ, સકળ દોષનો ક્ષય કરનાર શ્રીજિનેશ્વરદેવના વિષયવાળો હોવાથી વિષયશુદ્ધ છે. આથી આ તપ પ્રાર્થનાપૂર્વકનો હોવા છતાં પણ સર્વથા સંગત છે; કારણ કે **આ તપમાં કરાતી પ્રાર્થનાથી યુક્ત ચિત્ત, એ આરોગ્યબોધિલાભાદિ-પ્રાર્થનાયુક્ત ચિત્ત જેવું જ છે.**' આ ગાથામાં ગ્રંથકારશ્રીએ રોહિણી વગેરે

તપમાં જે પ્રાર્થના કરાય છે કે ઈચ્છા રખાય છે, તે પ્રાર્થના કે ઈચ્છાવાળા ચિત્તને 'આરોગ્યબોધિલાભાદિ'ની પ્રાર્થનામાં જોડાયેલ ચિત્ત સાથે સરખાવ્યું છે. આથી 'આરોગ્યબોધિલાભાદિ'ની પ્રાર્થનામાં જોડાયેલ ચિત્તને યથાર્થ રૂપમાં સમજીએ, તો રોહિણી વગેરે તપમાં પણ કેવા પ્રકારની પ્રાર્થનાવાળું ચિત્ત હોય તો યોગ્ય ગણાય તે સમજી શકાય. xxx **(તત્ત્વા૦ પૃ. ૨૩૬-૨૩૭)**

મહાત્મન્ ! આમાં અર્થ કરવામાં ક્યાં સ્ખલના થઈ છે એ તો તમે સમજી ગયા હશો ! ગ્રંથકારશ્રીએ પ્રાર્થનાગર્ભિત આ (રોહિણી વગેરે) **તપને** આરોગ્યબોધિ-લાભાદિની પ્રાર્થનાથી યુક્ત ચિત્તતુલ્ય **કહ્યો** છે; જ્યારે તમે 'આ તપમાં કરાતી પ્રાર્થનાથી **યુક્ત ચિત્ત** એ આરોગ્યબોધિ-લાભાદિની પ્રાર્થનાયુક્ત **ચિત્ત જેવું જ છે'** એવો અર્થ કર્યો છે, એટલે કે ચિત્તને ચિત્તતુલ્ય જણાવવાનો અર્થ કર્યો છે.

મુનિવર ! માની લઈએ કે કદાચ અર્થ કરવામાં થોડી સ્ખલના થઈ જાય... પણ તમે તો સર્વત્ર આગળ-પાછળના સંદર્ભોનો વિચાર કરનારા છો (!). જો પ્રસ્તુતમાં પણ નિષ્કપટપણે તમે આવો વિચાર કર્યો હોત, તો તમે કરેલા અર્થથી આગળ-પાછળના શાસ્ત્રાધિકારોનો કેવો જબરદસ્ત વિરોધ થાય છે એ તમારી નજરમાં આવ્યા વિના રહેત નહીં. જુઓ, ઊભા થતા કેટલાક વિરોધો -

**(૧) શ્રીહરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ **લલિતવિસ્તરા**માં લોગસ્સ સૂત્રની વ્યાખ્યા કરતાં 'आरुग्ग...' ઈત્યાદિ પદની વ્યાખ્યા કરી છે, એનો અર્થ તમે પૃ. ૨૩૭ ઉપર લખ્યો છે કે xxx આ જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિલાભની પ્રાર્થના પૌદ્‌ગલિક આશંસારૂપ નિયાણાથી રહિત છે અને માત્ર મોક્ષના ઉદ્દેશવાળી જ છે. xxx હવે જો રોહિણી વગેરે તપમાં પણ આવી જ પ્રાર્થના-યુક્ત ચિત્ત હોય, તો આમાં કશું જ અનિચ્છનીય ન હોવાથી એ અનુષ્ઠાન તપરૂપ હોવું, હિતકર હોવું અને સંગત હોવું - એ નિઃશંક બાબત બની જાય છે. જ્યારે ગ્રંથકારે તો એ દેવતાના ઉદ્દેશથી કરાતો હોવાથી તપરૂપ શી રીતે બને ? ઈત્યાદિ શંકાઓ ઉઠાવી એની સિદ્ધિ કરવા માટે પ્રયાસ કર્યો છે, એટલે એનો વિરોધ સ્પષ્ટ છે.

**(૨)** 'आरुग्ग...' ઈત્યાદિ ચિત્તમાં માત્ર મોક્ષનો ઉદ્દેશ હોવાથી આ રોહિણી તપમાં પણ માત્ર મોક્ષના ઉદ્દેશવાળું ચિત્ત માનવું પડે, જેથી દેવતાના

ઉદ્દેશથી સૌભાગ્યાદિની ઈચ્છાથી આ રોહિણી વગેરે તપ કરાય છે; એવા શાસ્ત્રવચનનો વિરોધ છે.

(૩) વળી, આ રીતે મોક્ષના ઉદ્દેશવાળો જ એ તપ થવાથી, તપ પંચાશકમાં રોહિણી તપની વાત પૂર્વે જે બાર પ્રકારના તપનું તથા જિન-કલ્યાણક વગેરે અન્ય તપોનું વર્ણન કર્યું છે, એમાં જ આ રોહિણી વગેરે તપનો પણ સમાવેશ થઈ જવાથી, 'अण्णोवि अत्थि चित्तो' ઈત્યાદિ ગાથા દ્વારા 'અન્ય પણ અનેક પ્રકારનો તપ છે...' ઈત્યાદિરૂપે કરેલી સ્વતંત્ર પ્રરૂપણાનો વિરોધ થશે.

(૪) 'આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થના એ નિયાણું નથી, કારણ કે આમાં નિયાણાનું લક્ષણ જતું નથી. તે પણ એટલા માટે કે નિયાણું તો દ્વેષ, અભિષ્વંગ કે મોહગર્ભિત હોય છે - એમ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.' આ પ્રમાણે લલિતવિસ્તરામાં જે જણાવ્યું છે એનાથી જણાય છે કે આરોગ્યબોધિ-લાભાદિની પ્રાર્થનાયુક્ત ચિત્તમાં અભિષ્વંગ હોતો નથી; જ્યારે આ રોહિણી વગેરે તપોને ગ્રન્થકારે સાભિષ્વંગ જણાવ્યા છે, માટે એનો વિરોધ.

(૫) રોહિણી વગેરે તપો તો મુખ્યતયા મુગ્ધ જીવો માટે છે, જેઓની બુદ્ધિ અવ્યુત્પન્ન હોવાથી મોક્ષની કે મોક્ષના ઉદ્દેશથી જ તપ કરવો જોઈએ એની જાણકારી હોતી નથી. આવાના ચિત્તને માત્ર મોક્ષના ઉદ્દેશવાળી પ્રાર્થનાયુક્ત ચિત્ત કહેવું એમાં વિરોધ સ્પષ્ટ છે.

(૬) માત્ર મોક્ષના ઉદ્દેશવાળી પ્રાર્થનારૂપ આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થનાવાળું ચિત્ત તો સાધુઓનું પણ હોય છે, કેમ કે તેઓ પણ એવી પ્રાર્થના કરે છે. તેથી તેઓ પણ રોહિણી વગેરે તપના અધિકારી બની જશે, કારણ કે તેમાં પણ તમારા મતે એવું જ ચિત્ત જોઈએ છે !'

આમ, 'રોહિણી વગેરે તપ કરનાર મુગ્ધ જીવનું ચિત્ત પણ માત્ર મોક્ષના જ ઉદ્દેશવાળું અને તેથી અભિષ્વંગ વિનાનું હોય છે' એવું પ્રતિપાદન કરીને, 'રોહિણી વગેરે તપો મુગ્ધ જીવોને હિતકર છે એ વાત સાચી, પણ એ કાંઈ ભૌતિક આશંસાથી કરાયા હોતા નથી અને તેથી ભૌતિક આશંસાથી કરાતું અનુષ્ઠાન પણ હિતકર નીવડી શકે છે, એવું પંચાશકજીના અધિકાર પરથી સિદ્ધ થતું નથી.' આવું ઉપસાવવાનો તમારો અભિપ્રાય ગલત છે એ તમારે

સ્વીકારવું જોઈએ; કારણ કે ઉપરોક્ત અનેક વિરોધ પેદા થતા હોવાથી રોહિણી વગેરે તપની પાછળ રહેલા ચિત્તને આરોગ્યબોધિલાભ પ્રાર્થના વગેરેની પાછળ રહેલા ચિત્તતુલ્ય માનવાનો તમારો **પાયો જ ખોટો છે !**

**પ્રશ્ન :** રોહિણી આદિ તપગત ચિત્તને, આરોગ્યાદિ-પ્રાર્થનાગત ચિત્તતુલ્ય માનવામાં તમે દર્શાવેલા અનેક વિરોધો ખ્યાલમાં આવ્યા અને તેથી અમે કરેલો એવો અર્થ મૂળવૃત્તિના યથાશ્રુત અર્થથી અને આગળ-પાછળના સંદર્ભથી પણ વિરુદ્ધ છે એ અમે સ્વીકારીએ છીએ, પણ તમે જે અર્થ કર્યો એ મુજબ, રોહિણી વગેરે તપને ઉક્ત ચિત્તતુલ્ય માનવામાં પણ આગળ-પાછળના સંદર્ભનો વિરોધ તો આવે જ છે; કારણ કે આરોગ્યાદિ પ્રાર્થનાયુક્ત જે ઉક્તચિત્ત છે, એમાં તો **લલિત-વિસ્તરા**ના ઉક્ત અધિકાર મુજબ પૌદ્ગલિક આશંસાનો અભાવ, માત્ર મોક્ષનો જ ઉદ્દેશ વગેરે છે; જ્યારે આ તપમાં તો આશંસા પણ છે અને મોક્ષનો ઉદ્દેશ તો છે નહીં; એટલે ચિત્તને ચિત્તતુલ્ય માનવામાં જે દોષો તમે અમને આપ્યા એ બધા દોષો તપને ચિત્તતુલ્ય માનવાના તમારા અર્થમાં પણ લાગુ પડે છે, તેનું શું ?

**ઉત્તર :** મુનિવર ! એક ટૂચકો કહું ? પરણ્યાની પ્રથમ રાત્રીએ જ પત્નીના રૂપ પર આફરિન થઈ ગયેલો પતિ પત્નીને કહે છે : 'ખરેખર ! તું તો ચન્દ્રમા જેવી છો...' ને કોને ખબર શું થયું ? પણ પત્ની રિસાઈ ગઈ અને બીજે દિવસે પિયર ચાલી ગઈ. અને માને કહે છે કે હું મારા પતિ સાથે રહેવા માગતી નથી. માએ જમાઈને બોલાવીને બંને વચ્ચે સમાધાન કરાવવા પ્રયાસ કર્યો. માએ દીકરીને પૂછ્યું, 'બોલ ! તું શા માટે પતિ પાસે રહેવા ઈચ્છતી નથી ?' દીકરીએ કહ્યું : 'મા ! હું સર્વથા નિર્દોષ હોવા છતાં મારા પર આરોપ મૂકે છે કે તું કલંકિત છે, માટે...' જમાઈને તો આશ્ચર્યનો પાર નહીં ! એ સામું પૂછે છે, 'મેં તને ક્યારે કલંકવાળી કહી ?...' કન્યા કહે છે, 'કેમ ? તમે નહોતું કહ્યું કે તું તો ચન્દ્રમા જેવી છો ?' 'પણ એ તો તારું રૂપ જોઈને પ્રશંસા કરવા માટે કહ્યું હતું...' 'ભલે ને, રૂપ માટે ચન્દ્રમા જેવી કહી, પણ ચન્દ્રમા કલંકી છે, એટલે હું પણ કલંકી તો ઠરી જ ગઈ ને !'

આશય એ છે કે જ્યારે એક વસ્તુને બીજી વસ્તુ સાથે સરખાવવામાં આવતી હોય છે, ત્યારે જે અંશમાં સરખામણી કરવી અભિપ્રેત હોય, એ અંશની જ સમાનતા જોવાની હોય છે, સર્વ અંશોની નહીં.

પ્રસ્તુતમાં 'પ્રાર્થનાગર્ભિત હોવા છતાં યુક્ત હોવું' આટલા જ અંશની સરખામણી કરવાની છે. આ વાત વૃત્તિકારના શબ્દો પરથી જણાય છે. તેઓશ્રીએ '**युक्तं**'નો અર્થ 'સંગત' એમ જણાવ્યા પછી, કોણ યુક્ત છે ? એ જણાવવા માટે આગળ-પાછળના સંદર્ભથી '**इदं तपः**' તો જણાવ્યું છે, પણ એને 'આ તપ' - એટલી જ રીતે ન જણાવતાં, '**प्रार्थनागर्भमपि**' 'પ્રાર્થનાગર્ભિત હોવા છતાં પણ' એમ વિશેષણ સાથે જણાવ્યું છે. એટલે સ્પષ્ટ છે કે 'આ રોહિણી વગેરે તપ પ્રાર્થનાગર્ભિત છે, માટે એ યુક્ત શી રીતે હોઈ શકે ? એવી શંકાનું સમાધાન આપવા માટે '**आरुग्ग**' ઈત્યાદિ ઉત્તરપદ કહેવાયું છે. વળી, આ શ્લોકની વૃત્તિનો આવો જે અર્થાધિકાર છે કે -"આ ઉપરોક્ત તપ, સર્વ દોષનો લોપ કરનારા એવા તીર્થંકર સંબંધી હોવાથી સર્વથા શુદ્ધ વિષય-વાળો છે અને તેથી જ આ તપ પ્રાર્થનાગર્ભિત હોવા છતાં પણ એકાંતે યોગ્ય જ છે. પ્રાર્થનાગર્ભિત હોવા છતાં તપ એકાંતે યોગ્ય શી રીતે ? તેનું સમાધાન આપવા માટે કહે છે -" એનાથી પણ જણાય છે કે અહીં તપ પ્રાર્થનાગર્ભિત હોવા છતાં સંગત શા માટે છે ? એ જણાવવાનો અભિપ્રાય છે અને એ માટે આરોગ્યબોધિલાભ ચિત્તતુલ્યતા કહી છે. એટલે આવો અર્થ સ્પષ્ટ થાય છે કે જેમ આરોગ્યબોધિલાભ વગેરેની પ્રાર્થનાયુક્ત ચિત્ત, પ્રાર્થનાગર્ભિત હોવા છતાં યુક્ત = સંગત જ છે, અસંગત નથી, એમ આ રોહિણી વગેરે તપ, પ્રાર્થનાગર્ભિત હોવા છતાં યુક્ત જ છે, અયુક્ત નહીં.

આમ, 'પ્રાર્થનાગર્ભિત હોવા છતાં યુક્ત હોવું' એટલા અંશની તુલ્યતા જોવાની હોવાથી, ઉદ્દેશ વગેરેની તુલ્યતા ન હોવા છતાં કોઈ વિરોધ નથી.

**પ્રશ્ન** : જો આટલા જ અંશની તુલ્યતા જોવાની હોય, તો ચિત્તને ચિત્તતુલ્ય કહેવાનો અમે જે અર્થ કર્યો છે એમાં પણ કોઈ વિરોધ રહેતો નથી. માટે અમે કરેલો અર્થ પણ ક્યાં ગલત છે ?

**ઉત્તર** : ના, તમારો આવો પ્રશ્ન ઉચિત નથી; કારણ કે (૧) મૂળકારે અને વૃત્તિકારે જ્યારે 'તપ'ને ચિત્તતુલ્ય કહ્યો છે, ત્યારે ચિત્તને ચિત્તતુલ્ય કહેવાનો અર્થ શાસ્ત્રકારથી વિપરીત જ ઠરે છે. અને (૨) તમે માત્ર આ એક અંશમાં તુલ્ય કહેવા માગતા નથી; કિન્તુ જેવું ચિત્ત બોધિલાભાદિની પ્રાર્થનામાં જોઈએ એવું જ રોહિણી તપ વગેરેમાં જોઈએ એવું કહેવા માગો છો - એ તમે ત્યાં લલિતવિસ્તરાનો જે અધિકાર ટાંક્યો છે ને એનું વિવેચન

કર્યું છે, તેના પરથી સ્પષ્ટ રીતે જણાય છે. અન્યથા, આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થનાવાળું ચિત્ત કેવું હોય છે ? એ બધું જણાવનાર ગ્રન્થાધિકારને અહીં ટાંકવાની જરૂર શી હતી ? કારણ કે 'એ ચિત્ત સંગત છે એ વાત તો પ્રસિદ્ધ જ છે.' [**અન્યથા,** ગ્રન્થકાર પણ એની સાથે સરખામણી ન જ કરે, અપ્રસિદ્ધ વસ્તુની ઉપમા આપવાનો શો અર્થ ?] અને 'એ ચિત્ત પ્રાર્થનાગર્ભિત છે' એ વાત તો પંચાશકના ગ્રન્થકારે પોતે જ જણાવી દીધી છે. વળી, લલિત-વિસ્તરાના એ અધિકારના વિવેચન બાદ તમે જે લખ્યું છે કે ××× લલિત-વિસ્તરાનો ઉપરોક્ત પાઠ જોયા પછી ઘણી જ સારી રીતે સમજી શકાય છે કે રોહિણી વગેરે તપોનું આચરણ કરનારા જીવોનું ચિત્ત કેવા પ્રકારનું હોય, તો 'આરોગ્યબોધિલાભાદિની પ્રાર્થનાવાળા ચિત્ત સાથે તેનાં ચિત્તની તુલના થઈ શકે ! (પૃ. ૨૩૯) ××× આનાથી પણ જણાય છે કે તમારે તો રોહિણી તપ સંબંધી ચિત્તમાં પણ મોક્ષનો ઉદ્દેશ વગેરે બધા અંશો હોય તે અભિપ્રેત છે અને તેથી પૂર્વદર્શિત વિરોધ આવે જ છે.'

**પ્રશ્ન :** આ આરોગ્યબોધિલાભાદિ પ્રાર્થનાયુક્ત ચિત્ત અંગેની તમે જે બધી વાતો કરી, એ પૂર્વે આપણા બેઉની વચ્ચે ચર્ચાનો શો વિષય છે ? એનો તમે નિર્દેશ કર્યો છે. તમે, ચરમાવર્તવર્તી ભવ્ય જીવ મોક્ષ પ્રત્યેનો કંઈક અનુરાગ કે અદ્વેષ સાથે બાધ્ય ફળાપેક્ષાવાળો જે ધર્મ કરે છે એને ચર્ચાના વિષય તરીકે જણાવેલ છે, પણ તમારું આ કથન અમે સ્વીકારતા નથી; કારણ કે અમે 'અર્થકામની ઈચ્છાથી કરાયેલો ધર્મ ભૂંડો છે' ઇત્યાદિ જે કહીએ છીએ, તે અબાધ્ય ફળાપેક્ષાવાળા ધર્માનુષ્ઠાનને નજરમાં રાખીને જ કહીએ છીએ. બાધ્ય ફળાપેક્ષાવાળું અનુષ્ઠાન હિતકર બને છે, એ તો અનેક શાસ્ત્રાધિકારોથી સિદ્ધ હોવાથી અમને પણ માન્ય જ છે.

**ઉત્તર :** જો માત્ર અબાધ્ય ફળાપેક્ષાવાળું અનુષ્ઠાન જ તમને હિતકર ન હોવારૂપે અભિમત હોય અને બાધ્ય ફળાપેક્ષાવાળું હિતકર હોવારૂપે માન્ય જ હોય, તો કોઈ ચર્ચા જ કરવાની રહેતી નથી; કારણ કે અમારી પણ એ જ માન્યતા છે. પણ હકીકત જુદી છે. જો બાધ્ય ફળાપેક્ષાવાળા અનુષ્ઠાનને તમે હિતકર તરીકે સ્વીકારતા હોત, તો તમે તમારાં પ્રતિપાદનોમાં એની બાદબાકી કરવા માટે 'અબાધ્ય ફળાપેક્ષાવાળા' એવો ઉલ્લેખ કરતા જ હોત. અર્થાત્ તમારું પ્રતિપાદન આવા પ્રકારનું હોત કે 'અબાધ્ય ફળાપેક્ષાવાળો

ધર્મ શાસ્ત્રનિષિદ્ધ છે, હિતકર નથી, ન કરવો જોઈએ - ઈત્યાદિ.' પણ તમે તો સામાન્યથી જ કહે છો કે 'જો અર્થકામની ઈચ્છાથી ધર્મ કરીશ, તો તું ડૂબીશ...' ઈત્યાદિ. એથી એમાં બન્ને પ્રકારની ફળાપેક્ષાવાળા ધર્મની વાત આવી જાય છે.

પ્રશ્ન : એમ તો તમે પણ 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' ઈત્યાદિ જે પ્રતિપાદન કરો છો, એ પણ કોઈ પણ પ્રકારના વિશેષણ વિના જ કરો છો. 'અર્થકામની બાધ્ય કક્ષાની ઈચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ, એવું તમે ક્યાં કહો છો ? એટલે તમારા પ્રતિપાદનમાં, અબાધ્ય કક્ષાની ફળાપેક્ષાથી થતો ધર્મ કે જેને શાસ્ત્રોએ ઉપાદેય તરીકે જણાવ્યો નથી, એની પણ કર્તવ્યતા ઉપદેશાય છે ને ! ને એનો જ અમે વિરોધ કરીએ છીએ.

ઉત્તર : મહાત્મંનૂ ! તમારી વાત સાચી છે. અમે અબાધ્ય કક્ષાની ફળાપેક્ષાવાળા અનુષ્ઠાનની બાદબાકી કરી આપે એવું 'બાધ્ય ફળાપેક્ષા' વિશેષણ વાપરતા નથી (કેમ કે શાસ્ત્રકારોએ પણ એવા ઉપદેશદાનમાં એ વાપર્યું નથી).

પ્રશ્ન : તો તો 'આશંસાપૂર્વકનું અનુષ્ઠાન કાંઈ લાભ કરાવી આપતું નથી'... ઈત્યાદિ પ્રતિપાદન શાસ્ત્રોમાં જ્યાં જ્યાં આવે છે, ત્યાં સર્વત્ર કાંઈ 'અબાધ્ય ફળાપેક્ષારૂપ આશંસાથી...' એમ સવિશેષણ ઉલ્લેખ હોતો નથી, માટે જ અમે પણ એવા વિશેષણનો ઉલ્લેખ કરતા નથી.

ઉત્તર : અમે જેમ 'બાધ્ય ફળાપેક્ષા' એવા વિશેષણનો સર્વત્ર ઉલ્લેખ કરતા નથી, તેમ તમે 'અબાધ્ય ફળાપેક્ષા' એવા વિશેષણનો સર્વત્ર ઉલ્લેખ કરતા નથી, એ વાત સમાન હોવા છતાં એ બેમાં ફરક એ છે કે અમારાં પ્રતિપાદનોમાં 'બાધ્ય ફળાપેક્ષા' એવું વિશેષણ ન હોય ત્યાં પણ એ ગર્ભિત હોય જ છે; જ્યારે તમારાં પ્રતિપાદનોમાં 'અબાધ્ય ફળાપેક્ષા' એવું વિશેષણ ગર્ભિત પણ હોતું નથી.

પ્રશ્ન : આવું શાના પરથી કહો છો ?

ઉત્તર : આપણા બન્નેનાં પ્રતિપાદનો પરથી. તમારાં પ્રતિપાદનોમાં જો 'અબાધ્ય ફળાપેક્ષા' એવું વિશેષણ ગર્ભિત હોત... એટલે કે, અબાધ્ય ફળાપેક્ષાવાળા જીવનું જ ધર્માનુષ્ઠાન હિતકર નથી, એવી ઈચ્છાવાળા જીવને

જ ધર્મ કરવાનો ઉપદેશ આપી ન શકાય... ઇત્યાદિ અભિપ્રાય તમારો હોત... તો 'અર્થ-કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઇએ' એવા મતલબનાં શાસ્ત્ર વચનો - કે જેની સાથે તમારા પ્રતિપાદનનો વિરોધ ભાસે છે, એ વિરોધને દૂર કરવા તમારે ન એ શાસ્ત્રવચનોનો અપલાપ કરવો પડત કે ન એનો અર્થ કરવામાં તરંગ અને તુક્કા ચલાવવા પડત. કારણ કે આવાં શાસ્ત્રવચનો અંગે તમે સીધું જ સમાધાન આપી શકતા હતા કે "આ ઉપદેશ બાધ્ય કક્ષાની ફળેચ્છાવાળા માટે છે ને એવા જીવનું એવી ઇચ્છાથી થયેલું ધર્માનુષ્ઠાન પણ ક્રમશ: એને આગળ વધારે છે, એ તો શ્રી પંચાશકજી વગેરે શાસ્ત્રોથી સિદ્ધ જ હોવાથી હિતોપદેશરૂપ જ છે અને તેથી એવો ઉપદેશ આપવો શાસ્ત્રસંમત જ છે. એટલે જ, અબાધ્ય ફળાપેક્ષાવાળા જીવને લક્ષમાં રાખીને અમે જે કહીએ છીએ કે 'અર્થકામની ઇચ્છાથી કરાતું ધર્માનુષ્ઠાન હિતકર બનતું નથી, માટે અકર્તવ્ય છે' એનો કોઇ વિરોધ થતો નથી." પણ તમે આવું સમાધાન કરી એ શાસ્ત્રવચનોને યથાર્થરૂપમાં સ્વીકારતા નથી. માટે જણાય છે કે તમારે તો બાધ્ય કે અબાધ્ય કોઇ પણ ફળાપેક્ષાવાળા અનુષ્ઠાનને અકર્તવ્ય કહેવું છે, જે શાસ્ત્રવિરુદ્ધ હોવાથી અમે એનો વિરોધ કરીએ છીએ. હવે અમારાં પ્રતિપાદનોની વાત. 'અર્થકામની ઇચ્છાથી પણ ધર્મ જ કરવો જોઇએ' આવા પ્રતિપાદનની સામે આમ જોવા જઇએ તો 'આલોક સંબંધી ઇચ્છાથી કરાયેલું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન છે અને પરલોક સંબંધી ઇચ્છાથી કરાયેલું અનુષ્ઠાન ગરાનુષ્ઠાન છે, અને આ બન્ને અનુષ્ઠાનો અકર્તવ્ય છે' ઇત્યાદિ જણાવનાર શાસ્ત્રવચનોનો વિરોધ ભાસે છે; પણ એટલા માત્રથી અમે નથી આવાં શાસ્ત્રવચનોનો અપલાપ કરતા કે નથી એનો અર્થ કરવામાં ગલ્લાંતલ્લાં કરતા. કિન્તુ શાસ્ત્રાનુસારી સમાધાન આપીએ છીએ કે પાંચ અનુષ્ઠાનની પ્રરૂપણા પરથી જણાય છે કે બાધ્ય ફળાપેક્ષા અનુષ્ઠાનને તદ્ધેતુ અનુષ્ઠાન બનતું રોકી શકતી નથી. એટલે જણાય છે કે અપેક્ષા હોવામાત્રથી અનુષ્ઠાન વિષ કે ગર બનતું નથી કે અકર્તવ્ય બની જતું નથી. તેથી 'અર્થ કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઇએ' ઇત્યાદિ જે ઉપદેશ છે, તે બાધ્ય કક્ષાની ઇચ્છાવાળા જીવને ઉદ્દેશીને હોવાથી એ ધર્મ કે એવો ઉપદેશ અકર્તવ્ય ઠરતાં નથી.

એમ 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઇએ' ઇત્યાદિ વચનો સાથે જે ઉપલકિયો વિરોધ ભાસે છે, એનું પણ અન્યત્ર આપ્યું છે એ પ્રમાણે સમાધાન આપીએ છીએ; પણ એનો અપલાપ નથી કરતા.

એમ જ્યારે આશયશુદ્ધિ પર ભાર આપવાનો હોય, ત્યારે 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ', 'એમાં બીજી કોઈ આશંસા રાખવી ન જોઈએ', 'અર્થકામની આશંસા ધર્મને નિષ્પ્રાણ બનાવી દે છે...' ઈત્યાદિનું સબળ નિરૂપણ પણ અમે કરીએ જ છીએ. 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરો' એવું પ્રતિપાદન કરનારા અમારે, આવું પ્રતિપાદન કેમ કરાય ? એવું પ્રતિપાદન કરવાથી અમારી વાત નબળી પડી જશે ! સામા પક્ષની વાત સાચી હોવાથી જ અમે પણ એ પક્ષની વાત કરીએ છીએ, એવું લોકો માનશે ! ... ઈત્યાદિ વિચારો કરી, આશયશુદ્ધિ માટે 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ' ઈત્યાદિ પ્રતિપાદન કરવાનું ટાળી દેતા નથી; પણ અનેક યુક્તિઓસહ એનું પ્રતિપાદન કરીએ જ છીએ.

'આશયશુદ્ધિ પર ભાર આપવા માટે જ અમે પણ ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ, આદિ પ્રતિપાદન જોરશોરથી કરીએ છીએ' એમ કહીને તમે પણ એકાન્તવાદના ક્રૂર પંજામાંથી છૂટી શકો છો; પણ તો પછી અનેકાન્ત-વાદને જાળવી રાખવા માટે, જ્યારે શ્રોતાને ધર્મમાં જોડવાનો અને વધુ દૃઢ કરવાનો અભિપ્રાય હોય, ત્યારે 'અર્થ-કામના ઈચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ' ઈત્યાદિ ઉપદેશ આપવો શાસ્ત્રમાન્ય છે એમ તમારે સ્વીકારવું પડશે.

**ઉપસંહાર :** આ બધી વિચારણા પરથી છેવટે મારે લોકોને પણ એ જ કહેવું છે કે 'જો તમને કોઈ પણ ભૌતિક ચીજની આવશ્યકતા કે ઈચ્છા ઊભી થઈ હોય (જો ઈચ્છા ઊભી થઈ હોય તો એને જ શાંત કરી દેવાનો પ્રથમ ઉપાય કરવો એ વધુ હિતાવહ છે, અત્યંત અભ્યુદય સાધી આપનાર છે) અને તેથી તમે એ આવશ્યકતા કે ઈચ્છાની પૂર્તિ માટે જો અન્યાન્ય ભૌતિક ઉપાયો અજમાવવાના જ છો, તો મારી સલાહ છે કે 'એ બીજાત્રીજા ઉપાયો અજમાવવા કરતાં ધર્મ પર દૃઢ શ્રદ્ધા રાખી ધર્મને જ આચરજો. ધર્મને આચરતાં આચરતાં મોહનીયનો ક્ષયોપશમ જઈ જશે તો ઈચ્છા ખસી જશે. કદાચ નહિ ખસે તોપણ ધર્મના પડેલા અભ્યાસના કારણે અને ઈષ્ટની પ્રાપ્તિ થવાથી, પછી ધર્મ પર વધેલ રુચિ-આદર-બહુમાન-શ્રદ્ધાના કારણે તમે જીવનમાં ધર્મ જ ઉત્તરોત્તર વધારતા જવાની શક્યતા ઊભી થશે અને તમે ધર્મને વધારતા જશો, તો તમારો મોહનીયાદિનો ક્ષયોપશમ થઈ આત્માનો અભ્યુદય અલ્પકાળમાં થઈ જશે. બાકી ધર્મને છોડીને જો બીજા-ત્રીજા ભૌતિક

ઉપાયો અજમાવવા ગયા, તો એમાં મોહનીયાદિનો ક્ષયોપશમ વગેરે થવાની શક્યતા લગભગ નથી જ. ઉપરથી આરંભ-સમારંભ વગેરે હોવાના કારણે દુર્ગતિ-ગમનાદિની જ ઘણી શક્યતા છે, એવું મને લાગે છે.'

વળી, આ તત્ત્વાલોકન સમીક્ષાના સુજ્ઞ વાચકોને હું એ જરૂર કહીશ કે 'અર્થ-કામના ઈચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ' એવો ઉપદેશ અપાય જ નહીં, 'અર્થકામના અભિલાષીએ કરેલો ધર્મ સંસારવર્ધક જ બને' ઈત્યાદિ જે શાસ્ત્રવિપરીત પ્રરૂપણાઓ થાય છે, એના નિવારણ માટે અને યથાર્થ શાસ્ત્રસંમત અર્થ દર્શાવવા માટે આ સમીક્ષા કરવાનો પ્રયાસ કર્યો છે. પણ એના પરથી કોઈ રખે એવો અર્થ પકડીને પ્રમાદમાં પડતા કે 'ચાલો, અર્થકામની ઈચ્છા હોય તોપણ કોઈ વાંધો નથી, આત્મહિત થઈ જ જવાનું છે.' ઈત્યાદિ.

અર્થકામનું આકર્ષણ અનાદિકાળથી જીવને વળગેલું છે. એના કારણે જ જીવ એની પાછળ પાગલ બનીને અનેક પાપો કરતો આવ્યો છે તેમજ એ પાપોના કારણે દુર્ગતિઓમાં ભટકતો આવ્યો છે. અર્થકામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવાનું જે કહેવાય છે, એ આ પાપ-પ્રવૃત્તિઓનો રસ ઘટાડી ધર્મનો રસ પેદા કરવા માટે કહેવાય છે. એ રીતે રસ પેદા થયે છેવટે તો અર્થકામની ઈચ્છા પણ ખસેડવાની જ છે, તો સુજ્ઞ પુરુષોએ એ ઈચ્છાને નામશેષ કરવામાં શા માટે પ્રવૃત્ત ન થવું ?

વળી, મોક્ષનો આશય પણ આત્મહિત માટેની એક, એકદમ મહત્ત્વની ચીજ છે. પ્રાથમિક આત્મહિત, મુક્તિનો આશય ન હોય, તોપણ મુક્તિ-અદ્વેષથી થઈ શકે છે; પણ આગળ તો મોક્ષનો આશય અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે જ છે. 'દ્રવ્યલિંગી નવમા ગ્રૈવેયક સુધી જે જાય છે, તે માત્ર તેની અખંડ ચારિત્રપાલનની ક્રિયાના બળે જ નહીં, પણ મુક્તિઅદ્વેષ તેમાં કારણ બને છે.' એ જણાવવા દ્વારા શાસ્ત્રકારોએ મુક્તિઅદ્વેષની પણ જ્યારે આટલી મહત્તા દર્શાવી છે, ત્યારે અનુરાગની મહત્તા તો કેટલી બધી છે એ કલ્પી શકાય છે. મોક્ષનો આશય પ્રગટાવવો અને પ્રગટાવ્યા બાદ ટકાવી રાખવો એ એક દુર્લભ સાધના છે. પ્રાજ્ઞ પુરુષોએ તો એ માટે જ અત્યંત પ્રયત્નશીલ બનવું જોઈએ. વળી, અર્થ-કામનું આકર્ષણ અનાદિકાળથી વળગેલું હોવાથી, એનાથી છૂટવું એ પણ દુષ્કર સાધના છે. અર્થકામની ઈચ્છા ઊભી રહેવા છતાં

ઠેઠ મોક્ષપ્રાપ્તિ સુધીનું આત્મહિત સાધી શકાશે એવી કલ્પનામાં રાચવું, એ નરી આત્મવંચના જ છે. એટલે ખરેખર તો અર્થકામ પ્રત્યે જરાય કૂણી લાગણી ન રહી જાય, એ માટે સાધકોએ જાગ્રત રહેવું અત્યાવશ્યક છે.

હું સાધકોને પુનઃ પુનઃ ચેતવવા માગું છું કે આ આખી સમીક્ષાનું નિરૂપણ અન્યત્ર દર્શાવેલ વિશેષ પ્રયોજન ઊભું થવાથી કરવામાં આવ્યું છે; પણ એના પરથી અર્થકામ પ્રત્યે જે વૈરાગ્ય કેળવ્યો હોય, તે જરા પણ મોળો પડી જાય કે અર્થકામ પ્રત્યેની લાગણી પુનઃ કુણાશવાળી બનતી જાય, એવું ન થવું જોઈએ. કારણ કે આ પ્રરૂપણા એ માટે છે નહીં કે એના યથાર્થ ભાવને પકડવામાં આવે તો આ સમીક્ષામાંથી એવું કાંઈ ધ્વનિત પણ થતું નથી. દિલના ખૂણેખાંચરે પણ આવી કુણાશ રહી ન જાય અને રહી હોય, તો એ દૂર થઈ જાય એ માટે પરમ કારુણિક શાસ્ત્રકારોએ ઠેર ઠેર અર્થકામની અનર્થકારકતા વર્ણવી છે અને મોક્ષના આશયની – નિરાશંસભાવની મહત્તા સ્થાપી છે.

એટલે જ સાધનામાર્ગમાં આગળ ને આગળ વધી, છેવટે મોક્ષનું અંતિમ લક્ષ્ય હાંસલ કરવા માટે હું સાધકોને પુનઃ પુનઃ નમ્ર સૂચના કરું છું કે તેઓએ... **'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ'... 'ધર્મ નિરાશંસભાવે જ કરવો જોઈએ.'.. 'ધર્મસાધનામાં કર્મનિર્જરા સિવાય અન્ય કોઈ પ્રયોજન ન રાખવું જોઈએ.' ...'ધર્મસાધનામાં ઘૂસી ગયેલું અન્ય પ્રયોજન બધી સાધના પર પાણી ફેરવી દેશે'**... આ અને આવાં વાક્યો દિલમાં કોતરી લેવાં જોઈએ.

•

બાકી છેવટે મુનિવર ! પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની અનેક ગ્રન્થોમાં જોવા મળેલી આવી ગાથા અહીં ટાંકવાનું મને પણ મન થઈ જાય છે.

**ण हु अत्थि अभिणिवेसो लेसेण वि अम्हमेत्थ विसयंमि ।**
**तहवि भणिमो ण तीरइ जं जिणमयमन्नहा काउं ॥१२४॥** (उपदेशरहस्य)

**અર્થ :** આ બાબતમાં અમારે લેશ પણ કદાગ્રહ નથી. તેમ છતાં, અમે આ બાબત કહીએ છીએ; કારણ કે શ્રીજિનવચનને અન્યથા કરી શકાતાં નથી.

'ભૌતિક ચીજો માટે બીજા-ત્રીજા ઉપાયો કરવા કરતાં તો ધર્મ જ કરવો વધુ સારો છે' એ રીતે ધર્મ કરવાનો ઉપદેશ આપી શકાય છે. એ રીતે ધર્મ

કરવાથી એ વિષાનુષ્ઠાન થતો નથી કે એનાથી દુર્ગતિ મળે છે એવું પણ નથી.' આવી બધી બાબતો માનવામાં અમારે લેશમાત્ર પણ અભિનિવેશ (કદાગ્રહ) નથી; તોપણ અમે આ બાબતો કહીએ છીએ, કારણ કે શ્રી જિનવચનને અન્યથા કરી શકાતું નથી. અર્થાત્ (૧) શાસ્ત્રોમાં જે ઠેર ઠેર 'જો તું ધનઋદ્ધિને ઇચ્છે છે તો શ્રીજિનેશ્વર દેવની ગંધપૂજા કર' ઇત્યાદિ ઉપદેશશ્લોકો મળે છે તેને, અને (૨) શ્રીપાલ કુંવર, શ્રીકૃષ્ણ વગેરેએ ભૌતિક ચીજોની ઇચ્છાપૂર્તિ માટે પણ શ્રી નવપદનું ધ્યાન, અટ્ઠમ વગેરે કર્યા છે તે જણાવનાર શાસ્ત્રોને, તેમજ (૩) મહાત્માઓએ પણ પોતાને પૂછવા આવનાર ભવ્ય આત્માઓને બીજાત્રીજા ઉપાય ન કહેતાં ધર્મને જ ભૌતિક ચીજોની પ્રાપ્તિના પણ અમોઘ સાધન તરીકે જે ઉપદેશ્યો છે તેને જણાવનાર શ્રી જિનવચનને અન્યથા કરવા તમે કે અમે કોઈ સમર્થ નથી. અર્થાત્ ધન વગેરે મેળવવા માટે પણ ધર્મ જ કરવાનું વિધાન કરનારાં તે વચનોને 'તે વચનો તેવું વિધાન કરનારાં નથી' એ રીતે ઉથલાવવા અમે કે તમે કોઈ સમર્થ નથી.

તમે પણ પૃ. ૨૪૨ પર લખ્યું છે કે ××× એકાદ ગ્રંથમાં દર્શાવેલ વિધાન પ્રત્યે પણ ઉપેક્ષા કે અનાદરનો ભાવ વ્યક્ત કરવો તે શ્રી જિનશાસનની પ્રણાલિકા સાથે અસંગત છે. ×××

શ્રીજિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય, તો તેનું –

**મિચ્છામિ દુક્કડમ્...**

■

# પરિશિષ્ટ

સ્થળ.
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય,
૧૨, જમનાદાસ મહેતા માર્ગ,
વાલકેશ્વર
મુંબઈ - ૪૦૦૦૦૬

૨૦૪૩ના શ્રાવણ સુદ ૧૫ ને રવિવાર

પરમશાસનપ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તરફથી :

વિનયાદિ ગુણગણાલંકૃત આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરિજી / ~~[illegible] શ્રી ——— વિજયજી આદિ / પંન્યાસજી શ્રી ——— વિજયજી આદિ / મુનિરાજ શ્રી ——— વિજયજી આદિ / મુનિરાજ શ્રી~~ ——— વિજયજી આદિ યોગ

અનુવન્દના સુખશાતા સાથે જણાવવાનું કે આપણા સમુદાયમાં છેલ્લા કેટલાક વખતથી, દેશના પદ્ધતિ તથા 'ઈષ્ટ ફલસિદ્ધિ' પદના પરમાર્થ સંબંધમાં પ્રવર્તતા મતભેદોનું નિરાકરણ લાવવાના પ્રયત્નોના અંતે નિર્ણયરૂપે થયેલા લખાણની નકલ આ સાથે તમારી જાણ માટે મોકલેલ છે. તે મળ્યેથી પહોંચ જણાવવા ભલામણ છે. રત્નત્રયીની ઉજ્જવળ આરાધનામાં અવિરત ઉજમાળ બની અને નિશ્રાવર્તી સૌને બનાવી સ્વ-પરની મુક્તિને ખૂબ નજીક બનાવો એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.

દ. મહોદયસૂરિના
વંદના/અનુવંદના.

: 'ઈષ્ટફલસિદ્ધિ' તથા 'દેશના પદ્ધતિ' વિષે
ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન :

" અનંતજ્ઞાની ત્રિલોકનાથ શ્રી તીર્થંકર ભગવંતો ફરમાવે છે કે - જીવ અનાદિકાળથી આ સંસારમાં જન્મ-મરણાદિ દુઃખોથી રીબાય છે. એનો અંત તો જ આવે કે જીવ જે સંસારબંધનથી છૂટી મોક્ષ પામે. સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે શ્રી જિનેશ્વરદેવોએ શુદ્ધ ધર્મતીર્થની સ્થાપના કરી છે. આલોક-પર લોકના સુખ માટે પણ ઉપાયભૂત આ શુદ્ધધર્મ છે. શાસ્ત્રકારો વાસ્તવમાં આ સુખોને આનુષંગિક ગણે છે, મુખ્ય નહિ, કારણ કે ધર્મનું મુખ્ય ફળ તો મોક્ષ છે માટે તે પ્રાર્થનીય છે અને તેની પ્રાર્થના મોક્ષાંગ છે. તેવી રીતે 'જયવીયરાય' સૂત્ર વગેરેમાં પ્રાર્થિત " ભવનિર્વેદ = સંસારનો વિરાગ, માર્ગાનુસારિતા = મોક્ષ માર્ગનું અનુસરણ, ઈષ્ટફલસિદ્ધિ = આ લોક સંબંધી અભિમત અર્થની નિષ્પત્તિ - જેના દ્વારા ઉપકૃત બનેલા આત્માને ચિત્તની સ્વસ્થતા થાય છે અને એ થવાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે, તથા લોકવિરુદ્ધ ત્યાગ = સર્વજન-નિંદા વગેરે લોકમાં વિરુદ્ધ ગણાતાં કાર્યોનો ત્યાગ, ગુરુજન પૂજા = માતા પિતા-ધર્માચાર્યાદિની પૂજા, પરાર્થકરણ = બીજાના કાર્યોનું કરવું, શુભગુરુ યોગ = ઉત્તમ ધર્માચાર્યનો સંબંધ, તદ્‌વચન સેવા = આ સંસારમાં જ્યાં સુધી રહેવાનું થાય ત્યાં સુધી તેવા શુભ ગુરુના વચનની અખંડ સેવા - સંપૂર્ણ સેવા થાઓ;" વગેરે તથા તેની પ્રાર્થનાઓ પણ મોક્ષાંગ છે. રાજમાર્ગ તો એકમાત્ર સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે આરાધના કરવાનો છે.

તે છતાં પણ જૈન શાસ્ત્રકારો મુગ્ધ તથા બાળકક્ષાના (બાધ્યફલા-પેક્ષાવાળા) જીવોને નીચેનાં કારણોસર ઐહિક સુખ માટે પણ આ જિનોક્ત ધર્મ કરવાનો નિષેધ કરતા નથી.

એ જીવો એ રીતે ધર્મપ્રવૃત્તિ કરવાથી પાપપ્રવૃત્તિથી હટે છે. અને જીવનમાં શ્રી અરિહંતને મુખ્ય કરે છે. તેમજ સાંસારિક પ્રયોજનના લૌકિક આશયવાળું પણ તે જીવોનું એ ધર્મ અનુષ્ઠાન મુક્તિ અદ્વેષ જન્ય સદનુષ્ઠાનના રાગવાળું હોવાથી ક્રમશઃ સમજણ મળતાં એ જીવોનો સાંસારિક આશય બાધિત થઈ જઈ શુદ્ધ મોક્ષના આશયને પમાડનારું બને છે.

આ પ્રયોજન જીવનનિર્વાહ વગેરે ઈહલૌકિક આશયવાળું હોય તોય એના માટે ધર્મ જ ઉપાદેય છે, આમ કહેવામાં જ્ઞાનીઓનો આશય તે જીવોને પાપમાંથી છોડાવી શુદ્ધધર્મમાં પ્રવૃત્તિ કરાવવાનો છે. એમાં ઐહિક પ્રયોજન સિદ્ધ થવાથી તે જીવ આર્તધ્યાન - અસમાધિના પાપથી બચે અને સ્વસ્થચિત્તે ધર્મપ્રવૃત્તિ કરી શકે જેથી આગળ વધતાં એ શુદ્ધ મોક્ષના આશયવાળો ધર્મ આરાધી અંતે મુક્તિસુખ પામી શકે.

સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારસુખને સર્વથા હેય માનનારા હોવાથી ચિત્તની અસમાધિ દૂર કરવા પ્રસંગવશ સાંસારિક પ્રયોજનની સિદ્ધિ માટે પણ ધર્મ કરે તો તે અહિતકર બનતો નથી. કારણ કે તેનો અંતિમ આશય તો મોક્ષ પામવાનો જ છે.

ઉપરોક્ત કારણના અભાવે, અબાધ્યફલાપેક્ષાવાળા, મુક્તિ પ્રત્યે દ્વેષવાળા કે કદાગ્રહી જીવો દ્વારા ભૌતિક સુખો માટે કરાતાં ધર્માનુષ્ઠાન વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કોટિનાં હોઈ જૈન શાસ્ત્રકારો તેને હેય તરીકે ગણાવે છે.

ચરમાવર્તમાં અપુનર્બંધક વગેરે જીવોનું યત્કિંચિત્ મુક્તિના અનુરાગજન્ય અથવા મુક્તિના અદ્વેષજન્ય શુભભાવલેશથી થતું અનુષ્ઠાન તે તદ્હેતુ નામનું સદ્ અનુષ્ઠાન બને છે.

આ રીતે મુક્તિસુખ પમાડવાનો પવિત્ર આશય હૈયામાં રાખીને ધર્મોપદેશકોએ જીવોના હૃદયમાં સંસારસુખનો રાગ સર્વથા નષ્ટ થઈ મુક્તિનો ઉત્કૃષ્ટ રાગ પ્રગટે તે રીતે કેવલિભાષિતધર્મની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ કરવાનો છે."

૨૦૪૩ ના અષાઢ વદ ૧૨ ને બુધવાર.
વિજય રામચંદ્રસૂરિ
શ્રીપાલનગર - મુંબઈ.

વિજય ભુવનભાનુસૂરિ
[illegible] પુરા, સિદ્ધપુર.
અષાઢ વદ ૧૨, વિ.સં. ૨૦૪૩

'જિનવાણી' અને 'દિવ્યદર્શન'માં મૂકવાની નોંધ:
'ઈષ્ટફલસિદ્ધિ' તથા 'દેશના પદ્ધતિ' વિષે ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન :

[શ્રી જિનશાસનની દેશના પદ્ધતિ અંગે તથા શ્રી પ્રાર્થના ('જયવીયરાય')સૂત્રમાંનાં 'ઈષ્ટ ફલ સિદ્ધિ' પદના પરમાર્થ સંબંધમાં, ઉપદેશક મહાત્માઓને તથા તત્ત્વજિજ્ઞાસુ શ્રદ્ધાલુઓને શાસ્ત્રીય માર્ગદર્શન આપતો એક નિર્ણય. નિર્ણયની નીચે સહી કરનાર બંને પૂજ્યવરોનાં સૂચનાનુસાર પ્રગટ કરીએ છીએ. સં.]

પર્યુષણા બાદ
તા. ૨૦/૯/૮૭ - રવિવાર
'જિનવાણી' અંક પ્રગટ
થશે.
તે પહેલાના શનિવારમાં
પ્રગટ થાય તો સારું

હેમાંગ પ્રિન્ટર્સ, પરેલ, મુંબઈ-૧૨. ફોન : ૪૧૨ ૦૪૬૭.